કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય વિરચિત

શ્રી સિદ્ધહેમ શબ્દાનુશાસનમ્

(લઘુવૃતિ વિવરણ)

ભાગ–૧૧

(અધ્યાય–૫ : પાદ–૩,૪)

કૃત્ પ્રકરણમ્

: સંપાદિકા :
પૂ.સા. પરમયશાશ્રીજી

: પ્રકાશક :
આ. શ્રી વિજયનીતિસૂરિ જૈન
તત્ત્વજ્ઞાન પાઠશાળા –અમદાવાદ

ચિત્રકૂટ-રૈવતાદિ તીર્થોદ્ધારક
પ. પૂ. આચાર્ય ભગવંત
શ્રી નીતિસૂરીશ્વરજી મ.સા.

ગચ્છાધિપતિ શાસનપ્રભાવક
પ. પૂ. આચાર્ય ભગવંત
શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મ.સા.

પૂ.સા. શ્રી મહિમાશ્રીજી મ.સા.

પૂ.સા. શ્રી નિરુપમાશ્રીજી મ.સા.

પૂ.સા. શ્રી કલ્પલતાશ્રીજી મ.સા.

॥ ॐ ह्रीं अर्हं श्री सीमंधरस्वामिने नमः ॥
॥ शासनपति श्री महावीराय नमः ॥ ॥ श्री गौतमस्वामीने नमः ॥
॥ कलिकालसर्वज्ञ श्री हेमचन्द्राचार्याय नमः ॥ ॥ नमो नमो गुरु श्रीनीतिसूरये ॥
॥ श्री नीति-हर्ष-महेन्द्र-मंगलप्रभ-अरिहंतसिद्ध-हेमप्रभसूरिगुरुभ्यो नमः ॥

हेमश्रेणी-१३

कलिकालसर्वज्ञ-श्रीहेमचंद्राचार्य-विरचित

श्री सिद्धहेमशब्दानुशासन लघुवृत्ति विवरण

भाग-११

अध्याय-५, पाद-३ अने ४
कृत् प्रकरण

: दिव्यकृपाधारा :
गिरनारादि तीर्थोद्धारक प.पू.आ.भ.
श्रीमद्विजय **नीतिसूरीश्वरजी महाराजा**

: आशीर्वादधारा :
जीरावला तीर्थ प्रतिष्ठाचार्य-रायणवृक्ष क्षीराभिषिक्त
गच्छाधिपति प.पू.आ.भ. **श्रीमद्विजय हेमप्रभसूरीश्वरजी महाराजा**

: प्रेरक :
प.पू.आ.भ. श्रीमद्विजय मुक्तिनिलयसूरीश्वरजी म.सा.
प.पू.पं.श्री हेमनिलयविजयजी म.सा.

: संपादिका :
पू.सा.श्री परमयशाश्रीजी

: प्रकाशक :
आ.श्री विजय नीतिसूरि जैन तत्त्वज्ञान पाठशाळा
अमदावाद

● પ્રકાશન : વિ.સં. ૨૦૭૯ ● ઈ.સ. 2023

પ્રાપ્તિસ્થાન

સુરત

આ. શ્રી વિજય નીતિસૂરિ આરાધના ભવન
C/o. જીતુભાઈ ઝવેરી, કતારગામ, સુરત (M) 93745 14860

રાજુભાઈ બી. શેઠ
કલ્પવૃક્ષ જ્વેલર્સ, 176, કુબેરનગર-1, કતારગામ દરવાજા, સુરત
ફોન : 0261-2534863/64 (M) 94268 54714

અમદાવાદ

આ. શ્રી વિજય નીતિસૂરિ આરાધના ભવન
લુહારની પોળ, માણેકચોક, અમદાવાદ
(M) 93740 51080, પેઢી : 079-2214 0494

ઉપેન્દ્રભાઈ એચ. શાહ
ઈ-19, આયોજનનગર સોસાયટી, શ્રેયસ રેલ્વે ક્રોસીંગ પાસે,
નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-7 (M) 93270 13814

દીપકભાઈ જીતમલજી બાગરેચા
ડી-104, મલ્લિનાથ એપાર્ટમેન્ટ, જૈન કોલોની સામે, શાહીબાગ, અમદાવાદ
(M) 93740 51080 (રહે.) 079-3042 3313

પાટણ

આ. શ્રી વિજય નીતિસૂરિ તત્ત્વજ્ઞાન પાઠશાળા
સાગર ઉપાશ્રય બહાર, ઘીવટો, પાટણ (ઉ.ગુ.) (M) 94270 60603 - વિક્રમભાઈ

મુંબઈ

સંજયભાઈ શાહ (એસ.આર. ક્રિએશન)
227/G, ઝવેરબાગ, પહેલે માળ, ઓફિસ નં. 16, નરનારાયણ વાડી,
કાલબાદેવી રોડ, મુંબઈ-400002 (M) 98202 29419

મુદ્રક : જય જિનેન્દ્ર ગ્રાફિક્સ (નીતિનભાઈ-જય જિનેન્દ્ર)
30, સ્વાતિ સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ
જય જિનેન્દ્ર : 98250 24204 ● કુશ : 99256 17992

સાદર
સમર્પણ...

જેના શાસનનાં કારણે જ્ઞાનનું મહત્ત્વ મળ્યું
તેવા **શ્રી મહાવીરપ્રભુ**

જેના વડે જ્ઞાનને પામી શકાય તેવી ભાષાની પ્રાપ્તિ થઈ
તેવા કલિકાલસર્વજ્ઞ
શ્રી હેમચંદ્રાચાર્યજી ભગવંત

જેમની કૃપાના કારણે ભાષાને યત્કિંચિત્ સમજી શક્યા
તેવા ગચ્છાધિપતિ
શ્રીમદ્વિજય હેમપ્રભસૂરીશ્વરજી મહારાજા

વાત્સલ્ય દ્વારા વૈરાગ્યનું સિંચન કરીને રત્નત્રયીને
વૃદ્ધિંગત બનાવનાર
પૂ.સા. શ્રી નિરૂપમાશ્રીજી મ.સા.

જ્ઞાનગંગાનું અમૃતપાન કરાવનાર
પૂ.સા. શ્રી કલ્પલત્તાશ્રીજી મ.સા.નાં
ચરણકમલમાં
સાદર સમર્પણ

"युष्मदीयं युष्मभ्यं समर्पयामि"

ગ્રંથ લાભાર્થી

ગિરનાર, ચિત્તોડ, તારંગા જેવા અનેક પ્રાચીન તીર્થોદ્ધારક
પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્વિજય
નીતિસૂરીશ્વરજી મહારાજ દ્વારા
ગિરનાર તીર્થોદ્ધારક શતાબ્દી વર્ષ અનુમોદનાર્થે
નિકટભવ મોક્ષગામી ગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્વિજય
હેમપ્રભસૂરીશ્વરજી મહારાજના સદુપદેશથી

શ્રી આદિનાથ તપાગચ્છ શ્વેતામ્બર જૈન સંઘ

આચાર્ય શ્રી વિજય નીતિસૂરિ આરાધના ભવન

કતારગામ, સુરત

પ.પૂ.સા.શ્રી **નિરૂપમાશ્રીજી** મ.સા.ના
સદુપદેશથી

શ્રી હરીપાર્ક શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ

નારણપુરા, અમદાવાદ

ગિરનાર તીર્થોદ્ધારક પરમ પૂજ્ય આચાર્ય ભગવંત
શ્રીમદ્વિજય નીતિસૂરીશ્વરજી મહારાજાનું

જીવનદર્શન

સામાન્ય વ્યક્તિત્ત્વનું સર્જન સમય કરે છે. વિરલ વ્યક્તિત્ત્વ તો સમયનું સર્જન કરે છે. અખંડ વહેતો કાળખંડ હવે એમના નામથી ઓળખાણ પામે છે. એવા જ એક મહાપુરૂષ ગિરનાર તીર્થોદ્ધારક પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્વિજય **નીતિસૂરીશ્વરજી મહારાજા.**

વિદ્વાન, ગીતાર્થ, શાસનસમર્પિત અને પુણ્યપ્રભાવક આ મહાપુરુષના જીવન-કવનને ત્રણ શબ્દોમાં વર્ણવવું હોય તો તે છે - **પોથી, પંડિત અને પ્રતિમા.**

પોથી : પૂજ્યશ્રીને જ્ઞાન સાથે અનહદ લગાવ હતો. પોતાના સાધુઓને સાત-સાત કલાક વાચના આપવી, પ્રાચીન જ્ઞાનભંડારોનાં જીર્ણોદ્ધાર કરવા, પોતે પણ સતત અધ્યયન-અધ્યાપનમાં વ્યસ્ત રહેવું એ પૂજ્યશ્રીનાં પોથી (જ્ઞાન) પ્રેમનું ઉદાહરણ છે.

પંડિત : દીર્ઘદૃષ્ટા પૂજ્યશ્રી સમજતા હતા કે માત્ર સાધુ સંસ્થા જ જૈનશાસનનાં બધાં અંશો સુધી નહિ પહોંચી શકે. શાસનસમર્પિત પંડિતોની એના માટે અનિવાર્ય જરૂરત રહેશે. એટલે એમને તેજસ્વી બાળકો અને આશાસ્પદ યુવા પંડિતોને તૈયાર કરવામાં ખંતપૂર્વક પ્રયત્ન આદર્યો. એની ફળશ્રુતિ પણ બહુ જ ભવ્ય પ્રાપ્ત થઈ. પંન્યાસપ્રવર શ્રી ચંદ્રશેખરવિજયજી

મ.સા.નાં વિદ્યાગુરુ પંડિતવર્ય શ્રી પ્રભુદાસ બેચરદાસ, પંડિતવર્ય શ્રી ભગવાનદાસ હરખચંદ એવા મૂર્ધન્ય પંડિતો પ્રભુશાસનને પૂજ્યશ્રીની કૃપાથી પ્રાપ્ત થયા.

પ્રતિમા : આ મહાપુરૂષે નવનિર્માણ કરવા જીર્ણોદ્ધાર ઉપર વધુ લક્ષ્ય આપ્યું. શ્રી ગિરનારજી, ચિત્તોડ, તારંગા જેવા પ્રાચીન તીર્થોનાં સ્થાપત્યનો એવી રીતે જીર્ણોદ્ધાર કરાવ્યો કે તે તીર્થોની ઊર્જાને પૂજ્યશ્રીએ જીવંત રાખી આપણા ઉપર ઉપકાર વરસાવ્યો છે.

જન્મ : સં. ૧૯૩૦, પોષ સુદ-૧૧, વાંકાનેર
દીક્ષા : સં. ૧૯૪૯, અષાઢ સુદ-૧૧, મહેરવાડા
વડીદીક્ષા : સં. ૧૯૫૦, મહા સુદ-૪, સીમોર
ગણિપદ : સં. ૧૯૬૧, માગસર સુદ-૫, સુરત
પંન્યાસપદ : સં. ૧૯૬૨, કારતક વદ-૧૧, પાલીતાણા
આચાર્યપદ : સં. ૧૯૭૬, માગસર સુદ-૧૧, અમદાવાદ
કાળધર્મ : ૧૯૯૮, પોષ વદ-૩, એકલિંગજી (ઉદેપુર)

- સ્વહસ્તે દીક્ષા ગ્રહણ કરી જગતના જવાહીર બન્યા.
- બ્રહ્મનિષ્ઠ ગુરુદેવે અનેકને બ્રહ્મચારી-વ્રતધારી બનાવ્યા.
- અનેક રાજા-મહારાજા-નવાબને પ્રતિબોધ કર્યા.
- ૧ કરોડ સૂરિમંત્ર સાધના દ્વારા જિનશાસનની અદ્‌ભુત સેવા કરી.
- જૂનાગઢ-રાધનપુર-ચિત્તોડ જેવા અનેક સ્થળે ગુરુકુળ સ્થાપ્યા.
- સ્વસમુદાય-પરસમુદાયના અનેક મહાત્માઓને યોગોદ્વહન કરાવ્યા. પદવી પ્રદાન કરી.
- વચનસિદ્ધપુરુષનાં વચનથી સિદ્ધિ મળતી.
- ૯ સ્થાનકવાસી સંપ્રદાયનાં ૩૫ વર્ષ જેવા પર્યાયી સાધુને સંવેગીદીક્ષા આપી સત્યમાર્ગે લાવ્યા.



સદ્‌ગુરુ વચનામૃત

અધ્યાત્મ માર્ગની આધારશિલા છે : સ્વાનુભૂતિની અનન્ય ઝંખના. 'હું કોણ છું'નો જવાબ જ્યાં સુધી મુમુક્ષુને નથી મળતો, ત્યાં સુધી એ જંપીને બેસી નથી શકતો. પણ અધ્યાત્મની કેડીઓ અદીઠ છે, ગુહ્ય છે. સદ્‌ગુરુનાં ઈશારા વિના એમને જાણવી અશક્યપ્રાયઃ છે.

આપણા સદ્‌ભાગ્યે આપણે ત્યાં એવા બહુ બધા અનુભૂતિવાન મહાપુરૂષો થયા છે. જેમણે 'भव्यजनहिताय' અનુભવરસને શબ્દોમાં કંડારવાનો પ્રયત્ન કર્યો છે. પણ એ ગ્રંથો, જેમાં આ અનુભવ માર્ગનાં સંકેતો છે, મહદંશે સંસ્કૃત અને પ્રાકૃતમાં નિબદ્ધ છે.

એટલે મુમુક્ષુએ સંસ્કૃતમાં સજ્જતા કેળવવી અત્યંત આવશ્યક બની જાય છે. સંસ્કૃતમાં પારંગત થવા માટે વ્યાકરણનું અધ્યયન અનિવાર્ય છે. **કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય** ભગવંતે એના માટે જ **"શ્રી સિદ્ધહેમ વ્યાકરણ"** જેવા સાંગોપાંગ સંપૂર્ણ વ્યાકરણની રચના કરી છે.

પણ એ વ્યાકરણમાં સેંકડો નહીં પરંતુ હજારો સૂત્રોમાં મંદગતિ છાત્ર ક્યારેક અટવાઈ પણ જાય છે. અને થાકીને વ્યાકરણ ભણવાનું જ મૂકી દે. એવું ન થાય એ માટે પૂ.સા.શ્રી નિરૂપમાશ્રીજી મ.સા.નાં શિષ્યા પૂ. સા.શ્રી આર્યયશા મ.સા.એ ભણતી વખતે નોટ્સ બનાવી હતી. તેને છપાવવાનું આ કાર્ય વ્યાકરણ પઠન-પાઠન પરંપરાની સેવા છે. પૂર્વે પણ આવી પુસ્તકો છપાઈ છે. જેમાં નિયમો, સાધનિકાઓને ગુજરાતીમાં સરળ રીતે બતાવ્યા છે, તો'ય ભિન્ન-ભિન્ન કક્ષાનાં વિદ્યાર્થીઓ માટે ભિન્ન-ભિન્ન આયામ, ભિન્ન દૃષ્ટિથી આલેખાયેલ પુસ્તકો વધુ સહાયક બની શકે છે. પ્રભુની અનહદ કૃપાને ઝીલવા અને એમનાં શબ્દ સામ્રાજ્યમાં પ્રવેશવા માટેની ઝંખના ધરાવતા મુમુક્ષુઓ, જિજ્ઞાસુઓને આ પુસ્તક યત્કિંચિત્ પણ મદદરૂપ થાય તો પ્રકાશન સફળ છે.

સાધ્વીજી મ.સા.ની સરસ મહેનત બદલ અનુમોદના. પંડિતવર્ય શ્રી ચંદ્રકાંતભાઈ, ચિરાગભાઈ આદિને સાથ-સહકાર માટે ધન્યવાદ.

- હેમપ્રભસૂરિનાં ધર્મલાભ.

પ્રસ્તાવના...

શબ્દો મૂલાધાર બની શાસનની સ્થાપના ને દ્વાદશાંગીનું સર્જન કરે... તો

શબ્દો કર્ણયુગલમાં પહોંચી ચંડકૌશિકના વેરનું વિસર્જન કરી અંતઃકરણને શુદ્ધ કરે...

શબ્દ આગમ બની સ્વાધ્યાયી આત્માનું શુદ્ધિકરણ કરે...

શબ્દ સમકિતનું-સમજવાનું લેશ્યાનું-દુષ્ટવિકલ્પોનું શુદ્ધિકરણ કરે... સવાલ એ ઉઠે કે શબ્દને શુદ્ધ કોણ કરે ? એનું શુદ્ધિકરણ કોણ કરી શકે ?

એક કથા... ઉગમતે સૂરજે નદી ઉતરી રહેલા સંતે... અચાનક શું સુઝ્યું ? તે નદીને જ પૂછી લીધું કે, ગંગા ! આટલા લાંબા કાળથી તું લોકોના પાપ ધોઈ રહી છે આ મેલા મનના માણસોના પાપ ધોતા ધોતા... તું'ય તો મેલી થઈ જાય તો તને કોણ ધૂએ ? તું કઈ રીતે ચોખ્ખી ને નિર્મળ બને !

તે વખતે ગૌરવ જાળવીને ગંગા બોલી... આપ જેવા સંતો જ્યારે પોતાના ચરણો-પગલા પાડતા સામે પહોંચે એ સમયે એમની ચરણરજથી-પગની ધૂળના પ્રભાવે હું નિર્મલ થઈ જાઉં છું.

મને સંતની ચરણધૂળ ફરી ચોખ્ખી કરી દે છે. સમજાય ઈશારો તો આગે ચલો...

શબ્દનું શુદ્ધિકરણ કરે છે વ્યાકરણ... શબ્દને વ્યાકરણનું મળવું, બસ શબ્દનું શુદ્ધ બનવું. બીજવાણીના ઉદ્‌ગાતા તીર્થંકર પરમાત્માએ આપેલા ત્રણ શબ્દો-ત્રિપદી... એમાંથી રચાયેલી દ્વાદશાંગી, આગમો, પૂર્વો આદિ ગ્રંથો; એ મહદ્‌અંશે પ્રાકૃત અને સંસ્કૃતભાષામાં પ્રાપ્ત છે. એમા લખાયેલા તત્ત્વો-પદાર્થો શબ્દરૂપે સચવાયેલા મળ્યા, એ શ્રમણ પરંપરાનો ઉપકાર છે. આ બધા શબ્દ ગ્રંથસ્થ છે એ બધાના રહસ્યને-સાચા ઈંગિતોને સમજવા અનિવાર્ય છે વ્યાકરણ.

એક પ્રાચીન શ્લોક છે...

व्याकरणात् पदसिद्धिः, पदसिद्धेरर्थनिर्णयो भवति ।
अर्थात् तत्त्वज्ञानम्, तत्त्वज्ञानात् परं श्रेयः ॥

વ્યાકરણ વગર પદસિદ્ધિ, એના વગર અર્થનિર્ણય ને અર્થનિર્ણય વગર તત્ત્વપ્રાપ્તિ ને તત્ત્વજ્ઞાન વગર આત્મજ્ઞાન, આત્મજ્ઞાન વગર શ્રેયની-કલ્યાણની ભૂમિકા રચાવી કે આગળ મંઝીલ સુધી ક્યાંથી પહોંચી શકાય, માટે જ વ્યાકરણની અનિવાર્યતાને-ઉપયોગિતાને નજરમાં રાખી આપણા પૂર્વના મહાપુરૂષોએ સમયે સમયે-કાલાન્તરે વ્યાકરણો રચ્યા... ને પ્રભુવીરના શ્રીમુખે નિયમોથી નીપજેલું જૈનેન્દ્રવ્યાકરણ એ વ્યાકરણોની ઉપાદેયતાના પૂરાવા છે... પ્રસ્તુત શ્રી સિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસન વ્યાકરણ લગભગ ૮૫૦ વર્ષોથી આપણા સકલ સંઘમાં વ્યાપકસ્તરે ભણાય રહ્યું છે. એ પૂર્વે પાણિનિ-કાતન્ત્ર-ચાન્દ્ર આદિ વ્યાકરણોનું પઠન-પાઠન પૂરજોશમાં ચાલતું હતું. કલિકાલસર્વજ્ઞજીને સ્વપ્નેય ખ્યાલ નો'તો કે, 'વ્યાકરણોની વર્તમાનકાલીન દુનિયામાં સીમાચિહ્ન જેવી રચના અદ્વિતીય કહી શકાય એવું સર્જન એમના હાથે લખાવાનું છે' તે કુદરતના ચોપડે ક્યારનું'ય લખાયેલું છે.

ગ્રંથરચના : વાત યુદ્ધવિજય પછીની !...

સિદ્ધરાજ જયસિંહને ખબર પડી કે, પરાયા વ્યાકરણ પર આપણું ગુજરાત ને આપણે જીવીએ છીએ. ને એ ખિન્ન થયા, થોડા ખિજવાયા ને એમણે પોતાના શ્રદ્ધાકેન્દ્ર ગુરુદેવને વિનંતી કરી, ને રચાયું

આ સિદ્ધહેમવ્યાકરણ.

જે વ્યાકરણોની દુનિયામાં અજોડ બની ગયું ! કેમકે, આ રચના એમના કલિકાલસર્વજ્ઞપણાને આભારી રહી...

પાણિની વ્યાકરણ ઊંચુ છે પણ અધૂરું છે. એ વ્યાકરણની સૂત્રરચના રહી. પાછળથી એની પૂર્તિ માટે વાર્તિક બન્યા. એની વ્યાખ્યા, ધાતુપાઠ, લિંગાનુશાસન આદિ ઘણુ બધુ પાછળથી ઉમેરાતુ રહ્યું.

જ્યારે કલિકાલસર્વજ્ઞજીએ પ્રાચીન ૧૮-૧૮ થી વધુ વ્યાકરણોમાંથી સાર-સાર તારવી સંસારની એટલે વ્યાકરણ વિશ્વની સૌ પ્રથમ સાંગોપાંગ રચના કરી, જે વિશ્વની અદ્વિતીય ને અનુપમ તરીકે નવાજાઈ... વધાવાઈ ને સ્વીકારાઈ...

માનેલા ને માણેલાનું સ્મરણ...

જો કે ઘણાને વ્યાકરણ વ્યાધિકરણ લાગે, કેમકે, એમાં શબ્દોની આસપાસ જ વિચરવાનું ને વિચારવાનું રહેતું હોય છે. ખગોળ, ભૂગોળ, ઈતિહાસ ઈન્ટ્રસ્ટેટ સબ્જેક્ટ છે. આ શુષ્ક ને નિરસ લાગે.

હા, આ ઘણામાંનો હું એક હતો. પણ મારા વત્સલ પૂજ્યપાદ ગુરુદેવશ્રી વિક્રમસૂરીશ્વરજી મ.સા. જે મને તોફાની બચપનમાં જ સાયણા, વાયણા, ચોયણા ને પડિચોયણાના ગુરુ અધિકાર દ્વારા કંટ્રોલ કરી જકડીને પકડીને... પોતે જ

ભણાવ્યો... ને તોફાની સ્ટુડન્ટને નજર સામે જ બેસાડી પાઠ ગોખાવ્યા. પછી તો શેરડીના સાઠાં જેવું થયું ને રસમધુર સ્વાદે... રાતોની રાતો બાર-બાર વાગ્યા સુધી અધ્યયન ને સ્વાધ્યાય ચાલ્યો... જો કે એક વાત ખુલ્લી કબૂલ કરૂં... કે પરમયશાશ્રીજી સાધ્વીજી મહારાજ મોડા જન્મ્યા કે જાગ્યા નહીં તો વ્યાકરણ સામેથી ભણવાનું મન થાત. રસપૂર્વક ને ધગશપૂર્વક. આ પ્રબળ ક્ષયોપશમી ને સખતશ્રમી શ્રમણીવર્યાએ... જે કુશાગ્રમેધાથી ને કુશળતાથી ક્લિષ્ટ લાગતા સ્થળોને, સૂત્રોને, નિયમોને એટલી સરળતાથી રમતા કર્યા છે કે, એમ કહેવું જ પડે કે આવતી શ્રમણ-શ્રમણીની પરંપરાને અભ્યાસુઓ કદાચ આજ બુકોની ડીમાન્ડ રાખશે. હજુ લખુ તો અનિવાર્ય બની જશે. એમનું આ સંપાદન-સર્જન શ્રમણવર્ગ માટે ખીલપાઠ ને નાના કોષ્ટકોનુ આલેખન સમયને બચાવશે, રસ જાળવશે, કંટાળો નહીં આવવા દે... ચલો ખૂબ લખાઈ ગયું છતાં ઓછું લાગે છે. છેલ્લે ગિરનારતીર્થોદ્ધારક સમર્થ મહાપુરૂષ પૂજ્યપાદ આ.ભ.શ્રી નીતિસૂરીશ્વરજી મ.સા.ને પરમવંદનીય શુદ્ધાત્મસ્વરૂપે વર્તતા શા.પ્ર.પૂ.આ. હેમપ્રભસૂરીશ્વરજી મ.સા.ની પરંપરામા તેજસ્વી શ્રમણી પરંપરાની ઝલક સમા સાધ્વીવર્યા નિરૂપમ-કલ્પ-આર્યશિશુ સાધ્વીજીશ્રી પરમયશાશ્રીજી મ.સા.ના તમારાથી અમારી અપેક્ષાઓ ખૂબ વધી ગઈ છે. હજુ વધુ-ખૂબ વધુ તમારા દ્વારા જિનશાસનને ચરણે ધરાય ફરીથી... નતમસ્તકે અનુવંદના-અનુમોદના...

- પ.પૂ.આ.યશોવર્મસૂરિ મ.સા.

• • •

પ્રકાશકીય નિવેદન...

શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસન સમુદ્ર જેવો છે. મરજીવા બનીને ડુબકી લગાવો તો મોતી હાથમાં આવે જ. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય ભગવંતની આ અનુપમ કૃતિ ઉપર આજ સુધી અનેક ટીકાઓ, વિવેચન પ્રકાશિત થયા છે અને થતાં રહેશે. આ જ આ મહાગ્રંથની શોભા પણ છે.

એ જ પાવન પરંપરામાં એક મણકો આ પ્રકાશનથી ઉમેરાઈ રહ્યો છે. ગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય શ્રી વિજય હેમપ્રભસૂરીશ્વરજી મહારાજાનાં આજ્ઞાનુવર્ત્તિની પૂ.સા.શ્રી નિરૂપમાશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા પૂ.સા.શ્રી આર્યયશાશ્રીજી મ.સા.નાં પ્રશિષ્યા પૂ.સા.શ્રી પરમયશાશ્રીજી મ.સા.એ ખૂબ જહેમત અને ખંતપૂર્વક આ બાલભોગ્ય છતાંય વિદ્વત્માન્ય વિવેચન તૈયાર કર્યું છે.

આ વિવેચન શ્રી સિદ્ધહેમના પ્રેમીજનોને અંતઃસંતોષ આપનાર બનશે. અમારી સંસ્થા આ ગ્રંથનું પ્રકાશન કરતાં ગૌરવ અનુભવે છે.

આ ગ્રંથના પ્રકાશનમાં **શ્રી આદિનાથ તપાગચ્છ શ્વેતામ્બર જૈન સંઘ** આચાર્ય **શ્રી વિજય નીતિસૂરિ આરાધના ભવન કતારગામ-સુરત**નાં જ્ઞાનનિધિમાંથી તથા **શ્રી નિકોલ શ્વે.મૂ. જૈન સંઘ-અમદાવાદ**નાં જ્ઞાનનિધિમાંથી લાભ લીધો છે. તેઓના અમે ઋણી છીએ.

લિ.
આ.શ્રી વિજય નીતિસૂરિ
જૈન તત્ત્વજ્ઞાન પાઠશાળા
અમદાવાદ

વિ.સં.૨૦૭૮
ચૈત્ર સુદ-૫

સંપાદકીય નિવેદન...

કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્ય ભગવંતે શ્રી સિદ્ધરાજ જયસિંહની વિનંતીથી માત્ર એક વર્ષમાં જ સવા લાખ શ્લોક પ્રમાણ જે શ્રીસિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનની રચના કરી તે ખરેખર અદ્વિતીય છે. આ સમુદ્ર એવો છે કે, જેનાં પેટાળમાં અઢળક રત્નો ભર્યા છે. મરજીવા બનીને તે રત્નોને પામવાનો જે યત્કિંચિત્ પ્રયાસ થયો છે. તેનાં પરિણામ સ્વરૂપે નવમો ભાગ પ્રકાશિત થઈ રહ્યો છે. જે ખરેખર તત્ત્વત્રયીની કૃપા વિના શક્ય નથી.

આ ગ્રંથની વિવેચનયાત્રા, વિવરણની સામાન્ય વિશેષતાઓ, ધન્યવાદ, ઋણસ્વીકાર, સંદર્ભગ્રંથ સૂચિ વગેરે પ્રથમ ભાગમાં જણાવેલ છે. જેની નૂતન વાચક વર્ગે ખાસ મુલાકાત લેવી.

તથા આ ભાગનાં પરિશિષ્ટ-૧માં વિવેચન અંતર્ગત ન્યાયનાં અર્થ, પરિશિષ્ટ-૨માં વિવેચન અંતર્ગત વિશેષતા અને જિજ્ઞાસાનાં સંદર્ભસ્થાનો દર્શાવેલ છે. પરિશિષ્ટ-૩ અને ૪ માં અનુક્રમે અકારાદિક્રમે વિવેચન અંતર્ગત સૂત્રાવલિ અને ઉદાહરણાવલિ દર્શાવેલ છે.

અત્યંત સહકાર આપનાર પંડિતવર્ય શ્રી ચિરાગભાઈ, તથા પંડિતવર્ય શ્રી અક્ષયભાઈ અને શીઘ્રાતિશીઘ્ર સુંદર રીતે મુદ્રણ કરી આપનાર જય જિનેન્દ્ર ગ્રાફિક્સ (નિતીનભાઈ-જય જિનેન્દ્ર)ને ખૂબ ખૂબ ધન્યવાદ.
જિનાજ્ઞા વિરુદ્ધ કંઈપણ લખાયું હોય તો

"મિચ્છા મિ દુક્કડમ્"

દ. નિરૂપમ-કલ્પ-આર્ય-સૌરભ શિશુ
સા. પરમયશાશ્રી

વિષયાનુક્રમ

ક્રમ	વિષય	પૃષ્ઠ ક્ર.
૧.	ભવિષ્યકાળમાં गामी વગેરે નિપાતન (૫.૩.૧)	૧
૨.	ભવિષ્યકાળમાં क्तृનું વિધાન (૫.૩.૨, ૩)	૨
૩.	ભવિષ્યકાળમાં ભવિષ્યન્તીનું વિધાન (૫.૩.૧૮ થી ૧૧,૧૩)	૨૧
૪.	ભવિષ્યકાળમાં શ્વસ્તનીનું વિધાન (૫.૩.૫,૬,૮ થી ૧૧)	૫
૫.	ભવિષ્યકાળમાં વર્ત્તમાનાનું વિધાન (૫.૩.૭ થી ૧૧,૧૨)	૭
૬.	ભવિષ્યકાળમાં સપ્તમીનું વિધાન (૫.૩.૧૨)	૧૨
૭.	ભવિષ્યકાળમાં વિવિધ પ્રત્યયનું વિધાન (૫.૩.૧૩,૧૪,૧૫)	૧૪
૮.	કર્ત્તામાં घञ्નું વિધાન (૫.૩.૧૬,૧૭)	૧૯
૯.	ભાવ-અકર્તૃમાં घञ्નું વિધાન (૫.૩.૧૮ થી ૨૨,૫૪ થી ૮૧)	૨૧
૧૦.	ભાવ-અકર્તૃમાં अल्નું વિધાન (૫.૩.૨૩,૨૫ થી ૨૮,૩૦ થી ૩૨,૪૧ થી ૪૪,૪૭ થી ૫૩)	૨૭
૧૧.	ભાવ-અકર્તૃમાં अल् પ્રત્યયાન્ત વિવિધ નિપાતન (૫.૨.૨૪,૨૯,૩૩ થી ૪૭)	૨૮
૧૨.	ભાવમાં अल् પ્રત્યયનું વિધાન (૫.૩.૪૫,૪૬)	૪૮
૧૩.	ભાવ-અકર્તૃમાં વિવિધ પ્રત્યયનું વિધાન (૫.૩.૮૨ થી ૮૯)	૭૫
૧૪.	ભાવમાં अन्, त्रिन् નું વિધાન (૫.૩.૯૦)	૮૧
૧૫.	ભાવ-અકર્તૃ સ્ત્રીલિંગમાં क्ति વગેરેનું વિધાન (૫.૩.૯૧ થી ૯૪, ૯૯ થી ૧૧૫, ૧૧૭ થી ૧૨૨)	૮૨
૧૬.	ભાવ સ્ત્રીલિંગમાં क्ति, क्यप् અને ञ्નું વિધાન (૫.૩.૯૫ થી ૯૮,૧૧૬)	૮૬
૧૭.	ભાવ નપુંસકલિંગમાં क्त, अनट्નું વિધાન (૫.૩.૧૨૪-૧૨૫)	૧૧૫
૧૮.	કર્ત્તામાં अनट्નું વિધાન (૫.૩.૧૨૬,૧૨૭)	૧૧૭
૧૯.	કર્મ-અપાદાનમાં अनट्નું વિધાન (૫.૩.૧૨૮)	૧૧૯
૨૦.	કરણ-આધારમાં વિવિધ પ્રત્યયનું વિધાન (૫.૩.૧૨૯ થી ૧૩૭)	૧૨૦
૨૧.	ધાતુનાં સ્વરૂપ-અર્થમાં इ વગેરેનું વિધાન (૫.૩.૧૩૮)	૧૨૯
૨૨.	ભાવ-કર્મમાં खल्નું વિધાન (૫.૩.૧૩૯)	૧૩૦

anukramnika

૨૩. અર્થમાં खल्નું વિધાન (૫.૩.૧૪૦) ૧૩૨
૨૪. ભાવ-કર્મમાં अनનું વિધાન (૫.૩.૧૪૧) ૧૩૪
• અભ્યાસ-૧ ૧૩૬
૫.૪.૧
૨૫. વર્ત્તમાનની સમીપકાળમાં વર્ત્તમાનવત્નું વિધાન (૫.૪.૧) ૧૩૭
૨૬. આંશસ્ય અર્થમાં વર્ત્તમાન-ભૂતવત્નું વિધાન (૫.૪.૨) ૧૩૮
૨૭. આંશસ્ય+ક્ષિપ્રાર્થ ઉપપદમાં ભવિષ્યન્તીનું વિધાન (૫.૪.૩) ૧૪૦
૨૮. આંશસ્ય+આશંસાર્થ ઉપપદમાં સપ્તમીનું વિધાન (૫.૪.૩) ૧૪૦
૨૯. સંભાવનામાં ભૂતવત્નું વિધાન (૫.૪.૪) ૧૪૨
૩૦. અનદ્યતનમાં કહેવાયેલાં પ્રત્યયનો અભાવ (૫.૪.૫ થી ૮) ૧૪૩
૩૧. ભવિષ્યકાળ+સપ્તમી અર્થમાં ક્રિયાતિપતિ (૫.૪.૯) ૧૪૯
૩૨. ભૂતકાળ+સપ્તમી અર્થમાં ક્રિયાતિપતિ (૫.૪.૧૦,૧૧) ૧૪૯
૩૩. ક્ષેપ અર્થમાં વર્ત્તમાનાનું વિધાન (૫.૪.૧૨) ૧૫૧
૩૪. ક્ષેપ અર્થમાં વર્ત્તમાના-સપ્તમીનું વિધાન (૫.૪.૧૩) ૧૫૩
૩૫. ક્ષેપ અર્થમાં સપ્તમી-ભવિષ્યન્તીનું વિધાન (૫.૪.૧૪) ૧૫૪
૩૬. અશ્રદ્ધા-અમર્ષ અર્થમાં સપ્તમી ભવિષ્યન્તીનું વિધાન (૫.૪.૧૫) ૧૫૫
૩૭. અશ્રદ્ધા-અમર્ષ અર્થમાં ભવિષ્યન્તીનું વિધાન (૫.૪.૧૬) ૧૫૭
૩૮. અશ્રદ્ધા-અમર્ષ અર્થમાં સપ્તમીનું વિધાન (૫.૪.૧૭) ૧૫૮
૩૯. ક્ષેપ+અશ્રદ્ધા-અમર્ષમાં સપ્તમીનું વિધાન (૫.૪.૧૮) ૧૫૯
૪૦. ચિત્રમાં સપ્તમી-ભવિષ્યન્તીનું વિધાન (૫.૪.૧૯,૨૦) ૧૬૦
૪૧. બાઢ અર્થમાં સપ્તમીનું વિધાન (૫.૪.૨૧) ૧૬૨
૪૨. સંભાવન+અલમર્થમાં સપ્તમી-ભવિષ્યન્ત્યાદિનું વિધાન (૫.૪.૨૨,૨૩) ૧૬૩
૪૩. વર્ત્તમાનકાળમાં સપ્તમી અને વર્ત્તમાનાનું વિધાન (૫.૪.૨૩) ૧૬૫
૪૪. ભવિષ્યમાં થનારાં હેતુ-ફલ અર્થમાં સપ્તમી-ભવિષ્યન્તીનું વિધાન (૫.૪.૨૫) ૧૬૭
૪૫. કામોક્તિમાં સપ્તમી-પંચમીનું વિધાન (૫.૪.૨૬,૨૭) ૧૬૯
૪૬. વિધિ આદિ વિશિષ્ટ અર્થમાં સપ્તમી-પંચમીનું વિધાન (૫.૪.૨૮) ૧૭૨
૪૭. પ્રૈષ આદિ વિશિષ્ટ અર્થમાં કૃત્ય-પંચમીનું વિધાન (૫.૪.૨૯) ૧૭૩
૪૮. ઉર્ધ્વમૌહૂર્તિક અર્થ+પ્રૈષાદિ વિશિષ્ટમાં સપ્તમી-કૃત્ય-પંચમીનું વિધાન (૫.૪.૩૦,૩૧) ૧૭૪

૪૯. અધ્યેષણમાં પંચમીનું વિધાન (૫.૪.૩૨) ૧૭૬
૫૦. અવસરમાં तुम् અને तव्यનું વિધાન (૫.૪.૩૩) ૧૭૭
૫૧. શકૃત-અર્હ ઉપપદમાં સપ્તમીનું વિધાન (૫.૪.૩૪) ૧૭૮
૫૨. શકૃત-અર્હ અર્થમાં કૃત્ય-સપ્તમીનું વિધાન (૫.૪.૩૫) ૧૭૯
૫૩. આવશ્યક અને આધમર્ણ્યમાં णिन् અને કૃત્યનું વિધાન (૫.૪.૩૬) ૧૮૦
૫૪. અર્હમાં तृच्નું વિધાન (૫.૪.૩૭) ૧૮૨
૫૫. આશીર્વાદમાં આશીઃ-પંચમીનું વિધાન (૫.૪.૩૮) ૧૮૨
૫૬. माङ् ઉપપદમાં અદ્યતનીનું વિધાન (૫.૪.૩૯) ૧૮૩
૫૭. माङ्+स्म ઉપપદમાં અદ્યતની-હ્યસ્તનીનું વિધાન (૫.૪.૪૦) ૧૮૩
૫૮. ધાતુનાં સંબંધમાં અયથાકાલ પ્રત્યયનું વિધાન (૫.૪.૪૧) ૧૮૪
૫૯. સર્વકાળમાં ભૃશા-આભીક્ષ્ણ્ય અર્થમાં
હિ-स्व આદિનું વિધાન (૫.૪.૪૨) ૧૮૫
૬૦. સમુચ્ચયવાળાં સામાન્યાર્થ ધાતુનાં સંબંધમાં હિ-स्व
આદિનું વિધાન (૫.૪.૪૩) ૧૮૮
૬૧. નિષેધ આદિ અર્થમાં क्त्वાનું વિધાન
(૫.૪.૪૪ થી ૪૮, ૮૪ થી ૮૮) ૧૯૦
૬૨. આભીક્ષ્ણ્ય આદિ અર્થમાં ख्णम्નું વિધાન (૫.૪.૪૮ થી ૫૩) ૧૯૪
૬૩. णम्નું વિધાન (૫.૪.૫૪ થી ૮૮) ૨૦૨
૬૪. ઈચ્છાર્થ ધાતુ ઉપપદમાં + તુલ્યકર્તૃકમાં સપ્તમીનું વિધાન
(૫.૪.૮૯) ૨૩૫
૬૫. શક્ય આદિ અર્થ આદિ નિમિત્તમાં तुम् પ્રત્યયનું વિધાન
(૫.૪.૯૦) ૨૩૬
• અભ્યાસ-૧ ૨૪૦
• અભ્યાસ-૨ ૨૪૧
• પરિશિષ્ટ-૧ : ન્યાયસંગ્રહના અર્થ ૨૪૩
• પરિશિષ્ટ-૨ : સંદર્ભસ્થાન ૨૪૬
• પરિશિષ્ટ-૩ : અકારાદિક્રમે સૂત્રાવલિ ૨૫૭
• પરિશિષ્ટ-૪ : અકારાદિક્રમે ઉદાહરણાવલિ ૨૬૨
• પરિશિષ્ટ-૫ : અકારાદિક્રમે વાક્યાવલિ ૨૭૧

• • •

સંકેતસૂચિ

અ.અ.સૂ.	:	અન્વય અનુવૃત્તિ સૂત્ર
સ.	:	સમાસ
ઉદા.	:	ઉદાહરણ
પ્ર.ઉદા.	:	પ્રતિ ઉદાહરણ
વિ.	:	વિશેષતા
જિ.	:	જિજ્ઞાસા
સમા.	:	સમાધાન
શ્લો.	:	શ્લોક
પ્ર.	:	પ્રથમા વિભક્તિ
દ્વિ.	:	દ્વિતીયા વિભક્તિ
તૃ.	:	તૃતીયા વિભક્તિ
ચ.	:	ચતુર્થી વિભક્તિ
પં.	:	પંચમી વિભક્તિ
ષ.	:	ષષ્ઠી વિભક્તિ
સ.	:	સપ્તમી વિભક્તિ
સં.	:	સંબોધન
એ.વ.	:	એકવચન
દ્વિ.વ.	:	દ્વિવચન
બ.વ.	:	બહુવચન
પરસ્મૈ.	:	પરસ્મૈપદ
આત્મને.	:	આત્મનેપદ
ન્યાય.	:	ન્યાય
સં.સૌ.	:	સંગ્રહ સૌરભ. (પરિશિષ્ટ પુસ્તિકા)
મ.વૃ.	:	મધ્યમવૃત્તિ
બૃ.વૃ.	:	બૃહદ્વૃત્તિ
બૃ.ન્યા.	:	બૃહન્ન્યાસ
લ.ન્યા.	:	લઘુન્યાસ

॥ ॐ ह्रीं श्रीं अर्हं नमः ॥
॥ श्री पंचासरा पार्श्वनाथाय नमः ॥

पञ्चमेऽध्याये तृतीयः पादः

कृत् प्रकरणम्

वर्त्स्यति गम्यादिः ५.३.१

अ.अ.सू. : वर्त्स्यति गम्यादिः कर्त्तरि ।

अर्थ : गमिन् वगेरे प्रयोगो भविष्यकाळ अर्थ होते छते इन् वगेरे अन्तवाळां कर्त्ता अर्थमां निपातन पामे छे.

स. : गम्यादिः = गमिन् आदिर्यस्य स इति।

उदा. (१) गमी ग्रामम् = भविष्यमां गाम जनार.
गमिष्यतीति। (गम्लृं गतौ-३९६)
गमेरिन्-९१९ (उणादि)थी इन्→गम्+**इन्**
आ सूत्रथी भविष्य अर्थमां अने कर्त्ता अर्थमां **विधान**.
प्रथमा सि→गम्+इन्+**स्**

- ✣ [1]इन्-हन्०१.४.८७थी दीर्घ→**गमीन्**+स्
- ✣ दीर्घङ्याब्०१.४.४५थी सि नो लोप→गमीन्
- ✣ **प्रत्ययलोपेऽपि[2]प्रत्ययलक्षणं कार्यं विज्ञायते ३/९** न्यायानुसारे,

---

१. अहीं उदा.गत साधनिकामां '✣' निशानवाळां सूत्रो जेवां सूत्रो वारंवार पुनरावर्त्तित थतां होवाथी, तेमज प्रसिद्ध अने सामान्य होवाथी आ विवेचननी आगामी साधनिकामां दर्शाववामां आवशे नहीं.

२. विवेचन अंतर्गत न्यायोनां अर्थ माटे परिशिष्ट-१ मां जोवुं.

- ∴ तदन्तं०१.१.२०थी गमीन् ने **पदसंज्ञा.**
- ∴ नाम्नो नो०२.१.९१थी न्नो लोप→गमी।

(२) **आगामी** = ભવિષ્યમાં આવનાર. आगमिष्यतीति। આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(१) **गम्यादि ગણ દ્વારા સિદ્ધ થતાં પ્રયોગો :** गमी, आगामी, भावी, प्रस्थायी, प्रयायी, प्रतियायी, प्रबोधी, प्रतिबोधी, प्रतिरोधी।

(२) સૂત્ર નિર્દિષ્ટ गम्यादि ગણમાં રહેલાં गमी થી प्रस्थायी સુધીનાં પ્રયોગોમાં ઉણાદિ સૂત્રોથી णिन्नी પ્રાપ્તિ છે. તેથી उणादयः ५.२.९૩થી વર્તમાનકાળ અર્થમાં આ પ્રયોગોની પ્રાપ્તિ હતી. તેમજ, प्रयायी થી प्रतिरोधी સુધીનાં પ્રયોગોમાં अजातेः शीले ५.१.१५४थी અથવા णिन् चाऽऽवश्यका-ऽऽधमर्ण्ये ५.४.३६ સૂત્રથી णिन् પ્રાપ્તિ છે. તેથી તે પ્રયોગો પણ વર્તમાનકાળ અર્થમાં જ થવાની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી ભવિષ્યકાળમાં કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

वा हेतुसिद्धौ क्तः ५.३.२

અ.અ.સૂ. : वर्त्स्यति धातोः हेतुसिद्धौ कर्त्तरि क्तः वा।

અર્થ : ભવિષ્યકાળ અર્થમાં વર્ત્તતાં ધાતુઓથી ધાતુનાં અર્થમાં હેતુની સિદ્ધિ જણાતે છતે કર્તા અર્થમાં क्त પ્રત્યય વિકલ્પે થાય છે.

સ. : हेतुसिद्धौ = हेतोः सिद्धिरिति हेतुसिद्धिः, तस्यामिति।

ઉદા. (૧) **मेघश्चेद् वृष्टः सम्पन्नाः/सम्पत्स्यन्ते शालयः** =
જો મેઘ વરસ્યો. હવે ધાન્યની નિષ્પત્તિ થશે.
(पदिंच् गतौ-૧૨૫૭)
આ સૂત્રથી क्त→सम्+पद्+**त**
रदादमूर्च्छ०૪.૨.૬૯થી द् અને त्નો न→सम्+**पन्न**
પ્રથમા जस् વગેરે→**सम्पन्नाः**।
વિકલ્પે : જ્યારે क्त न થાય ત્યારે,
ભવિષ્યન્તી ૫.૩.૪ વગેરેથી स्यन्ते→सम्+पद्+**स्यन्ते**
અઘોષે પ્રથમો૦૧.૩.૫૦થી द्નો त्→सम्पत्स्यन्ते।

★ અહીં વૃષ્ ધાતુ ભૂતકાળઅર્થક છે અને ધાત્વર્થ सम्+पद्ની નિષ્પત્તિમાં વૃષ્ ધાત્વર્થ હેતુ તરીકે સિદ્ધ થયો છે. અર્થાત્ વરસાદ વરસવા રૂપ હેતુની પરિપૂર્ણતા દર્શાવી છે. માટે આ સૂત્રથી વિકલ્પે क्त પ્રત્યય થયો.

વિશેષતા :

સૂત્ર નિર્દિષ્ટ क्तની પ્રાપ્તિ ભૂતકાળમાં અથવા ત્રણેય કાળમાં થઈ શકે છે. પરંતુ ભવિષ્યકાળ અર્થમાં વિકલ્પે क्त કરવા માટે આ સૂત્રનો નિર્દેશ કરેલ છે.

कषोऽनिटः ૫.૩.૩

અ.અ.સૂ. : वर्त्स्यति अनिटः कषः धातोः कर्त्तरि क्तः।

અર્થ : ભવિષ્યકાળ અર્થમાં વર્ત્તતાં અનિટ્ कष् ધાતુથી કર્ત્તા અર્થમાં क्त પ્રત્યય થાય છે.

સ. : अनिटः = न इट् विद्यते यस्य स इति अनिट्, तस्मादिति।

ઉદા. (૧) **कष्टम्** = ભવિષ્યમાં દુઃખ પામનાર. कषिष्यतीति।
(कष हिंसायाम्-૫૦૭)

कषः कृच्छ्रा०४.४.६७थी इट्नो **निषेध** थतां
आ सूत्रथी क्त→कष्+**त**
तवर्गस्य०१.३.६०थी त्नो ट्→**कष्ट**
प्रथमा सि वगेरे→**कष्टम्**।

(२) **कष्टा दिशस्तमसा** =
भविष्यमां अंधकारथी गहन थनारी दिशाओ.
आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी.

प्र.उदा. **अनिट इति किम् ? कषिताः शत्रवः** = हणायेलां शत्रुओ.
क्त-क्तवतू ५.१.१७४थी क्त→कष्+**त**
स्ताद्यशितो०४.४.३२थी इट्→**कषित**
प्रथमा जस् वगेरे→कषिताः।

★ आ सूत्रनी प्रवृत्ति अनिट् कष् धातुथी थाय छे. ज्यारे अहीं हिंसार्थक कष् धातु होवाथी सेट् छे. माटे आ सूत्रथी क्त प्रत्यय थयो नहीं.

विशेषता :

यद्यपि कष् धातुनो धातुपाठमां हिंसा अर्थ दर्शावेल छे. परंतु ते अर्थमां कष् धातु सेट् छे. अने कषः कृच्छ्र-गहने ४.४.६७थी कृच्छ्र अने गहन अर्थमां अनिट् दर्शावेल छे. माटे अहीं उदा. मां दुःखी थनार अने गहन थनारी ए प्रमाणे अर्थनुं ग्रहण करेल छे.

अन्य मत :

केटलांक व्याकरणकारो वर्तमानकाळ अर्थमां वर्त्ततां पण अनिट् कष् धातुथी आ सूत्रनी प्रवृत्ति ईच्छे छे. तेथी तेओनां मते कषतीति कष्टम् जेवां प्रयोगो पण थाय छे.

भविष्यन्ती ५.३.४

अ.अ.सू. : वर्त्स्यति धातोः भविष्यन्ती।

अर्थ : ભવિષ્યકાળ અર્થમાં વર્ત્તતાં ધાતુઓથી ભવિષ્યન્તી સંજ્ઞક વિભક્તિ થાય છે.

ઉદા. **भोक्ष्यते** = તે ખાશે. (भुजंप् पालना-ऽभ्यवहारयोः-१४८७)

- ∴ આ સૂત્રથી **भविष्यन्ती** વિભક્તિની **પ્રાપ્તિ.**
- ∴ ભવિષ્યન્તી-स्यति०३.३.१२થી स्यति વગેરેને **भविष्यन्ती** સંજ્ઞા.
- ∴ भुनजोऽत्राणे ३.३.३७થી આત્મને.ની પ્રાપ્તિ→भुज्+**स्यते**
  लघोरुपा०४.३.४થી ગુણ→**भोज्**+स्यते
  च-जः क-गम् २.१.८६થી ज्નો ग्→**भोग्**+स्यते
  अघोषे प्रथमो०१.३.५०થી ग्નો क्→**भोक्**+स्यते
  नाम्यन्तस्था०२.३.१५થી स्નો ष्→**भोक्ष्यते**।

अनद्यतने श्वस्तनी ५.३.५

अ.अ.सू. : अनद्यतने वर्त्स्यति धातोः श्वस्तनी।

અર્થ : અદ્યતન સિવાયનાં ભવિષ્યકાળ અર્થમાં વર્ત્તતાં ધાતુઓથી શ્વસ્તની વિભક્તિ થાય છે.

સ. : अनद्यतने = न अद्यतनमिति अनद्यतनम्, तस्मिन्निति।

ઉદા. **कर्त्ता** = આવતીકાલે કરશે. (डुकृंग् करणे-८८८)
આ સૂત્રથી શ્વસ્તનીની પ્રાપ્તિ થતાં ता→कृ+**ता**
एकस्वरादनु०४.४.५६થી **इट् નો નિષેધ.**
नामिनो गुणो०४.३.१થી ગુણ→**कर्ता**
र्हादर्ह०१.३.३१થી દ્વિત્વ→**कर्त्ता**।

પ્ર.ઉદા. **अनद्यतन इति किम् ? अद्य श्वो वा गमिष्यति** = આજે અથવા કાલે જશે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ અદ્યતનની અવિદ્યમાનતાવાળાં ભવિષ્યકાળ અર્થમાં થાય છે. જ્યારે અહીં અદ્યતનની પણ વિવક્ષા જણાય છે. માટે આ સૂત્રથી શ્વસ્તની વિભક્તિ ન થતાં પૂર્વસૂત્રથી ભવિષ્યન્તી થઈ છે.

વિશેષતા :

સૂત્રમાં અનદ્યતન એ પ્રમાણે नास्ति अद्यतन यस्मिन् स इति। એ પ્રમાણે બહુવ્રીહિ સમાસનો આશ્રય જાણવો. તેથી વ્યામિશ્ર કાળમાં આ સૂત્ર દ્વારા શ્વસ્તની થશે નહીં. અહીં આશય એ છે કે, વ્યામિશ્ર કાળમાં અદ્યતન અને અનદ્યતન એમ બંને કાળમાં નિર્ણયનો અભાવ હોય છે. તેથી બંને કાળનો નિર્દેશ કરવામાં આવે છે અને તેમ કરતાં તેમાં અદ્યતન કાળ પણ હોવાથી બહુવ્રીહિ સમાસનાં કારણે આ સૂત્રમાં નિર્દિષ્ટ અનદ્યતન ધાત્વર્થમાં તેનો સમાવેશ થતો નથી. પણ જો અહીં ન अद्यतनः એ પ્રમાણે नञ् तत्पुरुष સમાસ કરવામાં આવે તો વ્યામિશ્રકાળ એ પોતે અનદ્યતન પક્ષનાં કારણે અનદ્યતન સ્વરૂપે થતાં આ સૂત્રથી શ્વસ્તની વિભક્તિ થવાની આપત્તિ આવે. તેનું અહીં વારણ જાણવું.

परिदेवने ૫.૩.૬

અ.અ.સૂ. : परिदेवने वर्त्स्यति धातोः श्वस्तनी ।

અર્થ : વિચારણા અર્થ ગમ્યમાન હોતે છતે ભવિષ્યકાળ અર્થમાં વર્ત્તતા ધાતુઓથી શ્વસ્તની વિભક્તિ થાય છે.

ઉદા. इयं नु कदा गन्ता यैवं पादौ निधत्ते = આ સ્ત્રી ક્યારે (પ્રાપ્તવ્ય સ્થાને) જશે. જે આ પ્રમાણે (ધીમે-ધીમે) પગ મૂકે છે.

અહીં પ્રયોક્તાની ચિંતા જણાય છે કે, 'આ પ્રમાણે ધીમે-ધીમે ચાલનાર ગન્તવ્ય સ્થાને પહોંચશે ?' માટે આ સૂત્રથી શ્વસ્તની વિભક્તિ થઈ છે.

વિશેષતા :

અહીં સામાન્યભવિષ્યકાળની વિવક્ષા હોવાથી અનદ્યતન કાળ જણાતો નથી. માટે પૂર્વસૂત્રથી भविष्यन्ती ५.३.४થી ભવિષ્યન્તીની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી શ્વસ્તની કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

पुरा-यावतोर्वर्त्तमाना ५.३.७

અ.અ.સૂ. : पुरा-यावतोः वर्त्स्यति धातोः वर्त्तमाना।

અર્થ : પુરા અને યાવત્ અવ્યય ઉપપદમાં હોતે છતે ભવિષ્યકાળ અર્થમાં વર્ત્તતાં ધાતુઓથી વર્તમાના વિભક્તિ થાય છે.

સ. : पुरा-यावतोः = पुराश्च यावत् चेति पुरा-यावत्, तयोरिति।

ઉદા. (૧) पुरा भुङ्क्ते = પહેલાં ખાશે.
(भुजंप् पालना-ऽभ्यवहारयोः-१४८७)
આ સૂત્રથી **वर्त्तमाना**ની પ્રાપ્તિ થતાં તે→भुज्+**ते**
रुधां स्वराच्छ्नो०३.४.८२થી श्न→**भुन**ज्+ते
श्नास्त्यो०४.२.९०થી अ નો લોપ→**भुन**ज्+ते
च-जः०२.१.८६થી ज્ નો ग्→भुन**ग्**+ते
अघोषो प्रथमो०१.३.५०થી ग્ નો क्→भुन**क्**+ते
म्नां धुड्वर्गे०१.३.३९થી न્ નો ङ्→**भुङ्क्ते**।

(૨) **यावद् भुङ्क्ते** = જ્યાં સુધી ખાશે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ અહીં पुरा અને यावत् અવ્યયનો યોગ હોવાથી વર્ત્તમાના વિભક્તિ થઈ છે.

વિશેષતા :

(૧) આ સૂત્રની પ્રવૃત્તિ સામાન્ય ભવિષ્યકાળ અર્થમાં દર્શાવેલી છે. તેથી જેમ, पुरा અને यावत्નાં યોગમાં भविष्यन्ती ૫.૩.૪ સૂત્રથી થતી ભવિષ્યન્તીનો બાધ થાય છે. તેમ અનદ્યતન ભવિષ્યકાળ અર્થમાં પણ पुरा અને यावत्નાં યોગમાં સ્પર્ધે ૭.૪.૧૧૯ પરિભાષાનુસારે અનદ્યતને શ્વસ્તની ૫.૩.૫થી થતી શ્વસ્તનીનો બાધ કરી આ સૂત્રથી વર્ત્તમાના જ થશે. જેમકે, पुरा श्वो भुङ्क्ते, यावच्छ्वो भुङ्क्ते।

(૨) સૂત્ર નિર્દિષ્ટ पुरा અને यावत् અવ્યય चादि ગણ અંતર્ગત જાણવા. તે બંને અનુક્રમે चिरंतन ભૂતકાળ અર્થમાં અને મર્યાદા પરિમાણ અર્થમાં વર્ત્તે છે. તેથી महत्या पुरा जेष्यति ग्रामम् એ પ્રમાણે નગરીવાચી पुर् નામનાં યોગમાં અને यावद् दास्यते तावद् भोक्ष्यते એ પ્રમાણે 'જેટલું' અર્થમાં વર્ત્તતાં यावत्નાં યોગમાં આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં.

कदा-कर्ह्योर्नवा ૫.૩.૮

અ.અ.સૂ. : कदा-कर्ह्योः वर्त्स्यति धातोः वर्त्तमाना नवा।

અર્થ : કદા અને કર્હિ ઉપપદમાં હોતે છતે ભવિષ્યકાળ અર્થમાં વર્ત્તતાં ધાતુઓથી વર્ત્તમાના વિભક્તિ વિકલ્પે થાય છે.

સ. : कदा-कर्ह्योः = कदा च कर्हिश्चेति कदाकर्ही, तयोरिति।

ઉદા. (૧) कदा भुङ्क्ते/कदा भोक्ष्यते/कदा भोक्ता =
ક્યારે ખાશે ? (भुजंप् पालना-ऽभ्यवहारयोः-૧૪૮૭)

(૨) **कर्हि भुङ्क्ते/कर्हि भोक्ष्यते/कर्हि भोक्ता** = ક્યારે ખાશે?

★ અહીં कदा અને कर्हिનો યોગ હોવાથી વિકલ્પે વર્ત્તમાના વિભક્તિ થાય છે અને વિકલ્પપક્ષમાં યથાયોગ્ય કાળ પ્રમાણે ભવિષ્યન્તી અને શ્વસ્તની વિભક્તિ થાય છે.

વિશેષતા :

જિ. : આ સૂત્રની પ્રવૃત્તિ कदा અને कर्हिનાં યોગમાં થાય છે. તો પૂર્વે परिदेवने ૫.૩.૬ સૂત્રમાં દર્શાવેલ इयं तु कदा गन्ता, यैवं पादौ निधत्ते પ્રયોગમાં પરતયા આ સૂત્રથી વિકલ્પે વર્ત્તમાનાનું વિધાન કેમ ન થયું ?

સમા. : તમારી વાત સાચી છે કે, પરિવેદન = વિચારણા અર્થ જો જણાતો હોય અને कदा-कर्हिનો યોગ હોય તો આ સૂત્રથી વિકલ્પે વર્ત્તમાના અને परिदेवने ૫.૩.૬ સૂત્રથી શ્વસ્તનીની પ્રાપ્તિ હતી. અને પરતયા આ સૂત્ર વડે શ્વસ્તનીનો બાધ થઈ શકે. પરંતુ તે સૂત્ર વિશેષ વિહિત હોવાથી આ સૂત્રથી વર્તમાના ન થતાં તે સૂત્રથી માત્ર શ્વસ્તની જ થાય છે. જેમકે, इयं तु कदा गन्ता, यैवं पादौ निदधाति।

किंवृत्ते लिप्सायाम् ૫.૩.૯

અ.અ.સૂ. : किंवृत्ते लिप्सायां वर्त्स्यति धातोः वर्त्तमाना नवा।

અર્થ : વિભક્ત્યન્ત किम् સર્વનામ અને डतर-डतम પ્રત્યયાન્ત किम् સર્વનામને किंवृत्त કહેવાય છે. તે ઉપપદમાં હોતે છતે પૂછનાર વ્યક્તિની પ્રાપ્ત કરવાની ઇચ્છા = લિપ્સા જણાતી હોય તો ભવિષ્યકાળ અર્થમાં વર્ત્તતાં ધાતુઓથી વર્ત્તમાના વિભક્તિ વિકલ્પે થાય છે.

સ. : किंवृत्ते = किंशब्देन वृत्तमिति किंवृत्तम्, तस्मिन्निति।

ઉદા. (૧) **को भवतां भिक्षां ददाति/दास्यति/दाता ?** = તમારામાંથી કોણ ભિક્ષા આપશે ?

(૨) **कतरो भवतोर्भिक्षां ददाति/दास्यति/दाता ?** = તમારા બેમાંથી કોણ ભિક્ષા આપશે ?

(૩) **कतमो भवतां भिक्षां ददाति/दास्यति/दाता ?** = તમારામાંથી કોણ ભિક્ષા આપશે ?

અહીં किम् સર્વનામથી નિષ્પન્ન શબ્દનો યોગ છે અને પૂછનાર વ્યક્તિની ભિક્ષાને મેળવવાની ઇચ્છા જણાઈ આવે છે. માટે આ સૂત્રથી વિકલ્પે વર્ત્તમાના વિભક્તિ થઈ છે. તથા, વિકલ્પ પક્ષમાં યથાયોગ્ય ભવિષ્યન્તી અને શ્વસ્તની વિભક્તિ થઈ છે.

પ્ર.ઉદા.(૧) **किंवृत्त इति किम् ? भिक्षां दास्यति** = તે ભિક્ષાને આપશે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ किंवृत्त ઉપપદમાં હોય તો થાય છે. જ્યારે અહીં किंवृत्त ઉપપદમાં નથી. માટે આ સૂત્રથી વિકલ્પે વર્ત્તમાના વિભક્તિ ન થતાં भविष्यन्ती પ.૩.૪થી ભવિષ્યન્તી થઈ છે.

(૨) **लिप्सायामिति किम् ? कः पुरं यास्यति** = કોણ ગામ જશે ?

★ આ સૂત્રની પ્રવૃત્તિ પૂછનારની લિપ્સા જણાતે છતે થાય છે. જ્યારે અહીં લિપ્સા અર્થ જણાતો નથી. માટે આ સૂત્રથી વિકલ્પે વર્ત્તમાના વિભક્તિ ન થતાં ભવિષ્યન્તી પ.૩.૪થી ભવિષ્યન્તી થઈ છે.

વિશેષતા :

અહીં પૂર્વે જણાવ્યા મુજબ डतर-डतम પ્રત્યયાન્ત किम् સર્વનામ જ किंवृत्त કહેવાય છે. તેથી, तरप्-तमप् પ્રત્યયાન્ત किम्

સર્વનામમાં किंत्याद्यै०७.३.८ સૂત્ર દ્વારા आम् આદેશ થતાં જે किंतराम्, किंतमाम् પ્રયોગ થાય છે. તે किंवृत्त કહેવાતાં નથી. માટે તેઓનાં યોગમાં જો પૂછનારની લિપ્સા હોય તો ભવિષ્યકાળમાં પણ આ સૂત્રથી વિકલ્પે વર્ત્તમાના થતી નથી.

लिप्स्यसिद्धौ ५.३.१०

અ.અ.સૂ. : लिप्स्यसिद्धौ वर्त्स्यति धातोः वर्त्तमाना नवा ।

અર્થ : મેળવવાને માટે ઇચ્છતાં ભોજન વગેરે વડે સિદ્ધિ જણાતે છતે ભવિષ્યકાળ અર્થમાં વર્ત્તતાં ધાતુઓથી વર્ત્તમાના વિભક્તિ વિકલ્પે થાય છે.

સ. : लिप्स्यसिद्धौ = लिप्स्यात् सिद्धिरिति लिप्स्यसिद्धिः, तस्मादिति।

ઉદા. (૧) यो भिक्षां ददाति/दास्यति/दाता, स स्वर्गलोकं याति/यास्यति/याता = જે ભિક્ષા આપશે, તે સ્વર્ગમાં જશે.

★ અહીં ભિક્ષુક (પ્રયોક્તા)ને ભોજન મેળવવાની ઇચ્છા હોવાથી ભોજન लिप्स्य છે અને પ્રયોક્તા ભિક્ષા (ભોજન) થી સ્વર્ગની પ્રાપ્તિ રૂપ સિદ્ધિ દર્શાવે છે. અને બંને ધાતુ ભવિષ્યકાળ અર્થમાં વર્ત્તતાં હોવાથી બંને ધાતુથી આ સૂત્ર દ્વારા વિકલ્પે વર્ત્તમાના વિભક્તિ થઈ છે. તથા, વિકલ્પ પક્ષમાં યથાયોગ્ય ભવિષ્યન્તી અને શ્વસ્તની વિભક્તિ થઈ છે.

વિશેષતા :

જિ. : આ સૂત્રમાં लिप्स्यથી સિદ્ધિને નિમિત્ત સ્વરૂપે ગ્રહણ કરેલ છે અને लिप्स्य પદાર્થની વિવક્ષા લિપ્સા વિના સંભવતી જ નથી. તેથી લિપ્સા જણાતાં પૂર્વસૂત્રથી જ વિકલ્પે વર્ત્તમાનાની પ્રાપ્તિ હતી. તો પણ આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : પૂર્વસૂત્રની પ્રવૃત્તિ કિંવૃત્ત નામ ઉપપદમાં હોતે છતે થતી હતી. જ્યારે આ સૂત્રની પ્રવૃત્તિ કિંવૃત્ત ઉપપદમાં ન હોય તો પણ કરવી ગ્રંથકારશ્રીને ઈષ્ટ છે. માટે આ સૂત્રનો નિર્દેશ કર્યો છે.

पञ्चम्यर्थहेतौ ५.३.११

અ.અ.સૂ. : पञ्चम्यर्थहेतौ वर्त्स्यति धातोः वर्त्तमाना नवा ।

અર્થ : પંચમી વિભક્તિનાં અર્થ (પ્રૈષ, અનુજ્ઞા, અવસર, વિધિ, નિમંત્રણ, આમંત્રણ, અધીષ્ટ, સંપ્રશ્ન અને પ્રાર્થના અર્થ)નાં હેતુભૂત ઉપાધ્યાયનું આગમન વગેરે જણાતે છતે ભવિષ્યકાળ અર્થમાં વર્ત્તતાં ધાતુઓથી વર્ત્તમાના વિભક્તિ વિકલ્પે થાય છે.

સ. : पञ्चम्यर्थहेतौ = पञ्चमीविधाने निमित्तभूतो योऽर्थ इति पञ्चम्यर्थः, पञ्चम्यर्थस्य हेतुरिति पञ्चम्यर्थहेतुः, तस्मिन्निति।

ઉદા. उपाध्यायश्चेद् आगच्छति/आगमिष्यति/आगन्ता, अथ त्वं सूत्रमधीष्व = જો ઉપાધ્યાય આવશે, તો તું તર્કને ભણજે.
અહીં તર્કનાં અધ્યયન રૂપ પ્રેરણા પંચમીનો અર્થ છે. અને તેનાં હેતુભૂત ઉપાધ્યાયનાં આગમનની ક્રિયા હોવાથી આ સૂત્રથી તેને વિકલ્પે વર્ત્તમાના વિભક્તિ થઈ છે. તથા વિકલ્પપક્ષે યથાયોગ્ય ભવિષ્યન્તી અને શ્વસ્તની વિભક્તિ થાય છે.

सप्तमी चोर्ध्वमौहूर्त्तिके ५.३.१२

અ.અ.સૂ. : ऊर्ध्वमौहूर्त्तिके पञ्चम्यर्थहेतौ वर्त्स्यति धातोः सप्तमी च (वर्त्तमाना) नवा ।

અર્થ : મૂહૂર્ત્ત પછી થનારી ક્રિયા તે ઉર્ધ્વમૌહૂર્ત્તિક. તેનાં વિષયમાં પંચમીનાં અર્થનો હેતુ જણાતે છતે ભવિષ્યકાળ અર્થમાં

વર્ત્તતાં ધાતુઓથી વર્ત્તમાના અને સપ્તમી વિભક્તિ વિકલ્પે થાય છે.

ઉદા. **ऊर्ध्वं मुहूर्त्तादुपाध्यायश्चेदागच्छेत्/आगच्छति/आगमिष्यति/आगन्ता, अथ त्वं तर्कमधीष्व** = મૂહૂર્ત્ત પછી ઉપાધ્યાય આવશે, તો તું તર્ક ભણજે.

★ અહીં તર્કનાં અધ્યયનની પ્રેરણારૂપ પંચમીનો અર્થ છે અને તેનાં હેતુભૂત ઉપાધ્યાયનાં આગમનની ક્રિયા ઉર્ધ્વ મુહૂર્ત્ત પછી થનારી હોવાથી અહીં આ સૂત્રથી સપ્તમી અને પંચમી વિભક્તિ વિકલ્પે થઈ છે. તથા, વિકલ્પપક્ષે યથાયોગ્ય ભવિષ્યન્તી અને શ્વસ્તની વિભક્તિ થઈ છે.

વિશેષતા :

(૧) સૂત્રનિર્દિષ્ટ ઊર્ધ્વમૌહૂર્ત્તિકે પદમાં ऊर्ध्वमुहूर्त्तात् भवः વિગ્રહ પ્રમાણે नाम नाम्नै०૩.૧.૧૮થી સમાસ સિદ્ધ થાય છે. તેમજ, ઉત્તરપદમાં આદિસ્વરની વૃદ્ધિ આ સૂત્રમાં કરેલાં નિર્દેશનાં સામર્થ્યથી જ જાણવી.

(૨) યદ્યપિ સૂત્રમાં સપ્તમી નું ગ્રહણ કર્યું હોવાથી પૂર્વ સૂત્રથી આવતો વર્ત્તમાના નો અધિકાર અટકી જવો જોઈએ. પરંતુ સૂત્રગત ચ કાર દ્વારા **चकारो यस्मात्परस्तत्स-जातीयमेव समुच्चिनोति ૨/૬૧** ન્યાયાનુસારે વર્ત્તમાના ને કાર્યતયા સજાતીય પૂર્વસૂત્રથી કાર્યદર્શક એવા સપ્તમી પદનું ગ્રહણ થાય છે.

क्रियायां क्रियार्थायां तुम्-णकच्-भविष्यन्ती ५.३.१३

अ.अ.सू. : क्रियार्थायां क्रियायां वर्त्स्यति धातोः तुम्-णकच्-भविष्यन्ती।

અર્થ : જે ધાતુથી તુમ્ વગેરે વિધિ થાય તે ધાતુથી વાચ્ય ક્રિયાને ક્રિયાર્થ કહેવાય છે. તે પ્રયોજન છે જેનું તેવી ક્રિયા ઉપપદમાં હોતે છતે ભવિષ્યકાળ અર્થમાં વર્ત્તતાં ધાતુઓથી તુમ્, णकच् અને ભવિષ્યન્તી વિભક્તિનાં પ્રત્યયો થાય છે.

स. : तुम्-णकच्-भविष्यन्ती = तुम् च णकच् च भविष्यन्ती चेति।

ઉદા. (૧) कर्तुमिति याति = કરશે તેથી જાય છે.
(डुकृंग् करणे-८८८)
આ સૂત્રથી તુમ્→कृ+**तुम्**
નામિનો गुणो०४.३.१थी ગુણ→**कर्तुम्**।

(૨) कारक इति याति = કરશે તેથી જાય છે.
આ સૂત્રથી णकच्→कृ+**अक**
નામિનોऽ०४.३.५१थी वृद्धि→**कार्**+अक
પ્રથમા સિ વગેરે→कारकः।

(૩) करिष्यतीति याति = કરશે તેથી જાય છે.
આ સૂત્રથી स्यति→कृ+**स्यति**
स्ताद्यशितो०४.४.३२थी इट्→कृ+**इ**+स्यति
નામિનો गुणो०४.३.१थी ગુણ→**करि**+स्यति
नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→करिष्यति।

પ્ર.ઉદા.(૧) क्रियायामिति किम्? भिक्षिष्ये इत्यस्य जटाः =
ભિક્ષા માટે આની જટા છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ક્રિયાને પ્રયોજન ક્રિયા હોય તો થાય છે. જ્યારે અહીં ક્રિયાનું પ્રયોજન જટા છે. પણ

ક્રિયાવાચી શબ્દ નથી. માટે આ સૂત્રથી તુમ્ વગેરે પ્રત્યયો થયાં નહીં. પરંતુ ભવિષ્યન્તી ૫.૩.૪થી માત્ર ભવિષ્યન્તી વિભક્તિ થઈ છે.

(૨) **क्रियार्थायामिति किम्? धावतस्ते पतिष्यति वासः** = દોડતાં એવા તારું વસ્ત્ર પડી જશે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ધાત્વર્થ રૂપ ક્રિયા જો ક્રિયાનાં પ્રયોજનવાળી હોય તો થાય છે. જ્યારે અહીં વસ્ત્રનાં પડવાની ક્રિયાનું દોડવું તે પ્રયોજન નથી. માટે આ સૂત્રથી તુમ્ વગેરે પ્રત્યયો થયાં નહીં.

વિશેષતા :

(૧) પૂર્વસૂત્રથી આવતો નવા નો અધિકાર આ સૂત્રમાં વિરામ પામે છે.

જિ. : અહીં ભવિષ્યકાળમાં ણક પ્રત્યયનું વિધાન કર્યું છે. અને ણક-તૃચૌ ૫.૧.૪૮ સૂત્રથી થતો ણક પ્રત્યય સર્વકાળમાં થતો હોવાથી ભવિષ્યકાળમાં પણ સિદ્ધ જ હતો, તો પણ આ સૂત્રમાં ણકચ્નું પુનઃ ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : વસ્તુતઃ ણક-તૃચૌ ૫.૧.૪૮થી થતો ણક પ્રત્યય સામાન્યવિધિ છે. અને આ સૂત્રથી ભવિષ્યકાળમાં ક્રિયાર્થ એવી ક્રિયા ઉપપદમાં હોતે છતે થતી ભવિષ્યન્તી વિભક્તિ વિશેષ વિધાન છે. માટે જો આ સૂત્રમાં ણકચ્નું ગ્રહણ કરવામાં ન આવે તો વિશેષ એવી ભવિષ્યન્તી વડે સામાન્યવિધિથી પ્રાપ્ત ણક પ્રત્યયનો બાધ થવાની આપત્તિ આવે. જે ઈષ્ટ નથી.

યદ્યપિ ણક-તૃચૌ ૫.૧.૪૮થી થતો ણક પ્રત્યય ઉત્સર્ગવિધિ હોવાથી અસરુપો૦૫.૧.૧૬ સૂત્ર દ્વારા ભવિષ્યન્તીનાં

વિકલ્પમાં થવાનો જ હતો. પરંતુ તેમ કરવામાં णकની સાથે-સાથે तृच् વગેરે પ્રત્યય પણ અસરૂપતયા ગૃહીત થાય છે. તેથી તે સ્થાને असरुपोऽ० ५.१.१६ સૂત્રપ્રવૃત્તિનો બાધ કરીને तृच् આદિનો નિષેધ કરેલ છે. આમ, ફલિત થાય છે કે, હવે ક્રિયાર્થ એવી ક્રિયા ઉપપદમાં હોય ત્યારે ओदनस्य पाचको/पक्ता/पचा व्रजति એ પ્રમાણે णक, तृच् અને अच् વગેરે પ્રત્યયાન્ત પ્રયોગો થશે નહીં.

कर्मणोऽण् ५.३.१४

અ.અ.સૂ. : क्रियार्थायां क्रियायां कर्मणः वर्त्स्यति धातोः कर्त्तरि अण्।

અર્થ : ક્રિયાર્થનાં પ્રયોજનવાળી ક્રિયા ઉપપદમાં હોતે છતે કર્મથી પર રહેલ ભવિષ્યકાળ અર્થમાં વર્ત્તતાં ધાતુથી કર્ત્તા અર્થમાં अण् પ્રત્યય થાય છે.

ઉદા. **कुम्भकारो याति** = (ભવિષ્યમાં) કુંભ કરનાર (કુંભ કરવા માટે) જાય છે.

कुम्भं करिष्यतीति याति। (डुकृंग् करणे-८८८)

આ સૂત્રથી अण्→कुम्भ+अम्+कृ+**अ**

नामिनोऽ०४.३.५१थी वृद्धि→कुम्भम्+**कार**

∴ ङस्युक्तं०३.१.४९थी સમાસ વગેરે→कुम्भ+कार

प्रथमा सि વગેરે→कुम्भकारः।

વિશેષતા :

જિ. : આ સૂત્રમાં ભવિષ્યકાળમાં કર્મથી પર अण् પ્રત્યયનું વિધાન કર્યું છે. અને कर्मणोऽण् ५.१.७२ સૂત્રથી થતો अण् પ્રત્યય

સર્વકાળમાં થતો હોવાથી ભવિષ્યકાળમાં પણ સિદ્ધ જ હતો. તો પણ આ સૂત્ર દ્વારા પુનઃ अण्નું વિધાન શા માટે કર્યું ?

સમા. : વસ્તુતઃ कर्मणोऽण् ૫.૧.૭૨થી થતો अण् પ્રત્યય સામાન્યવિધિ છે. અને પૂર્વસૂત્રથી ભવિષ્યકાળમાં ક્રિયાર્થ એવી ક્રિયા ઉપપદમાં હોતે છતે થતું णकच्નું વિધાન વિશેષ વિધિ છે. માટે જો આ સૂત્ર દ્વારા अण्નું વિધાન ન કરવામાં આવે તો વિશેષ એવા णकच् વડે સામાન્ય-વિધિથી પ્રાપ્ત अण्નો બાધ થવાની આપત્તિ આવે. જે ઈષ્ટ નથી.

યદ્યપિ णकच् પ્રત્યય લાગ્યા બાદ અસરૂપવિધિતયા ઉત્સર્ગવિધિ રૂપ कर्मणोऽण् ૫.૧.૭૨થી अण्ની પ્રાપ્તિ થઈ શકત. પરંતુ પૂર્વસૂત્રમાં અસરૂપવિધિનો બાધ કરીને तृच् આદિનો નિષેધ કરવા માટે જ णकच् આદિનું ગ્રહણ કર્યું હોવાથી અહીં પણ તે णकच् લાગ્યા બાદ અસરૂપ વિધિનું ગ્રહણ થઈ શકે નહીં. તેથી કર્મથી પર ક્રિયાર્થ એવી ક્રિયા ઉપપદમાં હોતે છતે अण् કરવા માટે તેમજ, गायोऽनुपस०૫.૧.૭૪થી થતાં टक् આદિનું અસરૂપતયા ગ્રહણ ન થાય તે માટે अण्નું પુનઃ વિધાન છે. તેમ કરવાથી, वक्रगायो/सुरपायो/गोदायो व्रजति। જેવા પ્રયોગો થશે નહીં. તેમજ, આ સૂત્ર કર્મથી પર પ્રવૃત્તિ કરતું હોવાથી વિશેષવિધિ થતાં પૂર્વસૂત્રથી થતાં णकच्નો પણ બાધ કરે છે.

જો કે बहुलम् ૫.૧.૨થી આવતાં बहुलम्નાં કારણે ક્યારેક णकच् અને ભવિષ્યન્તી વિભક્તિ પણ થાય છે. જેમકે, कटं कारको व्रजति।

भाववचनाः ५.३.१५

अ.अ.सू. : क्रियार्थायां क्रियायां वर्त्स्यति धातोः कर्त्तरि भाववचनाः।

અર્થ : ભાવવચન = घञ्, क्ति વગેરે. ક્રિયાર્થનાં પ્રયોજનવાળી ક્રિયા ઉપપદમાં હોતે છતે ભવિષ્યકાળ અર્થમાં વર્ત્તતાં ધાતુઓથી કર્ત્તા અર્થમાં ભાવવચનવાળાં પ્રત્યયો થાય છે.

स. : भाववचनाः = भावं वचन्ति इति।

ઉદા. (૧) **पाकाय याति** = રાંધશે એ માટે જાય છે.
(डुपचींष् पाके-८८८)
આ સૂત્રથી ભાવમાં થતો घञ्→पच्+**अ**
ञ्णिति ४.३.५०થી વૃદ્ધિ→**पाच्**+अ
क्तेऽनिटश्च०४.१.१११થી च्નો क्→**पाक**
तुमोऽर्थे०२.२.६१થી ચતુર્થી ङे વગેરે→पाक**ाय**।

(૨) **पक्तये याति** = રાંધશે એ માટે જાય છે.
આ સૂત્રથી ભાવમાં થતો क्ति→पच्+**ति**
च-जः०२.१.८६થી च्નો क्→**पक्ति**
तुमोऽर्थे०२.२.६१થી ચતુર્થી ङे વગેરે→**पक्तये**।

(૩) **पचनाय याति** = રાંધશે માટે જાય છે.
આ સૂત્રથી ભાવમાં થતો अनट्→पच्+**अन**
तुमोऽर्थे०२.२.६६થી ચતુર્થી ङे વગેરે→**पचनाय**।

અહીં રાંધવા રૂપ ક્રિયાર્થનાં પ્રયોજનવાળી જવાની ક્રિયા હોવાથી ભવિષ્યકાળ અર્થમાં વર્ત્તતાં पच् ધાતુથી ભાવવચનવાળાં घञ् વગેરે પ્રત્યયો થાય છે.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં વચન પદનું ગ્રહણ ન કરતાં માત્ર ભાવ પદ દ્વારા પણ ભાવ અર્થમાં થયેલાં જ પ્રત્યયો થવાનાં હતાં. તો પણ વચન પદનું ગ્રહણ કર્યું છે. તે દ્વારા અહીં એ જણાવાય છે કે, જે પ્રત્યયોથી જે પ્રકૃતિથી પર ભાવવાચક પ્રત્યયો કહેવાયાં છે. તે પ્રત્યયો તે જ પ્રકૃતિથી પર આ સૂત્રનો વિષય થાઓ. અન્યથા નહીં.

(૨) અહીં પણ પૂર્વસૂત્રની જેમ જ ક્રિયાર્થ એવી ક્રિયા ઉપપદમાં હોય તો ભાવે પ્રયોગ થતાં ઘઞ્ વગેરે પ્રત્યયો તે-તે સૂત્રથી થવાનાં જ હતાં. પરંતુ સામાન્યવિધિ એવા ઘઞ્ વગેરેનો ક્રિયાયાં૦૫.૩.૧૩માં નિર્દિષ્ટ વિશેષ એવા તુમ્ પ્રત્યય વડે બાધ ન થઈ જાય તે માટે આ સૂત્રથી ઘઞ્ આદિનું વિધાન કરેલ છે. તેમજ, પૂર્વ જણાવ્યા મુજબ આ પ્રત્યયોમાં ક્રિયાર્થ એવી ક્રિયા ઉપપદવાળાં પ્રયોગમાં અસરુપો૦૫.૧.૧૬ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી. તેથી, પણ તુમ્નાં વિકલ્પમાં ઘઞ્ વગેરેની પ્રાપ્તિ ન હતી. માટે આ સૂત્રનો નિર્દેશ જાણવો.

પદ-રુજ-વિશ-સ્પૃશો ઘઞ્ ૫.૩.૧૬

અ.અ.સૂ. : પદ-રુજ-વિશ-સ્પૃશઃ ધાતોઃ કર્ત્તરિ ઘઞ્।

અર્થ : પદ્, રુજ્, વિશ્ અને સ્પૃશ્ ધાતુથી કર્ત્તા અર્થમાં ઘઞ્ પ્રત્યય થાય છે.

સ. : પદ-રુજ-વિશ-સ્પૃશઃ = પદશ્ચ રુજશ્ચ વિશશ્ચ સ્પૃશ્ ચેતિ પદ-રુજ-વિશ-સ્પૃશ્, તસ્માદિતિ।

ઉદા. (૧) **पादः** = પગ. (ગતિ કરનાર)
पद्यते/पत्स्यते/अपादि/पेदे इति। (पदिंच् गतौ-१२५७)
આ સૂત્રથી घञ्→पद्+**अ**
ञ्णिति ४.३.५०થી अ ની वृद्धि→**पाद**
પ્રથમા સિ વગેરે→**पादः**।

(૨) **रोगः** = રોગ. (પીડનાર)
रुजति/रोक्ष्यति/अरौक्षीत्/रुरोज इति। (रुजोंत् भङ्गे-१३५०)
આ સૂત્રથી घञ्→रुज्+**अ**
लघोरुपा०४.३.४થી ગુણ→**रोज्**+अ
क्ङिटश्च०४.१.१११થી ज् નો ग्→**रोग**
પ્રથમા સિ વગેરે→**रोगः**।

(૩) **वेशः** = પ્રવેશ કરનાર.
विशति/वेक्ष्यति/अविक्षत्/विवेश इति। (विशंत् प्रवेशने-१४१५)

(૪) **स्पर्शः** = રોગ. (પીડનાર)
स्पृशति/स्पृक्ष्यति/अस्प्राक्षीत्/पस्पर्श इति।
(स्पृशंत् संस्पर्शे-१४१२)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) આ સૂત્રથી થતો घञ् પ્રત્યય કૃત્ છે. તેમજ સૂત્રમાં અર્થ વિષયક નિમિત્તનો નિર્દેશ કર્યો નથી. તેથી कर्त्तरि ૫.૧.૩ સૂત્રથી આવતાં कर्त्तरि નાં અધિકારનું ગ્રહણ થતાં घञ્નું વિધાન કર્ત્તા અર્થમાં થાય છે.

(૨) આ સૂત્રની પ્રવૃત્તિ સામાન્ય કાળમાં ઈષ્ટ હોવાથી પૂર્વસૂત્રથી આવતો वर्त्स्यति નો અધિકાર અટકી જાય છે.

(૩) સૂત્રનિર્દિષ્ટ घञ् પ્રત્યયમાં घ् ઇત્ ક્તેઽનિટ०૪.૧.૧૧૧ સૂત્રથી क्નો ग् આદિ કરવા માટે અને ञ् ઇત્નો નિર્દેશ વૃદ્ધિ કરવા માટે છે.

सर्त्तेः स्थिर-व्याधि-बल-मस्त्ये ५.३.१७

અ.અ.સૂ. : सर्त्तेः धातोः स्थिर-व्याधि-बल-मत्स्ये कर्त्तरि घञ्।

અર્થ : સૃ ધાતુથી સ્થિર, વ્યાધિ, બલ અને મત્સ્ય સ્વરૂપ કર્ત્તા અર્થમાં घञ् પ્રત્યય થાય છે.

સ. : स्थिर-व्याधि-बल-मत्स्ये = स्थिरश्च व्याधिश्च बलश्च मत्स्यश्चेति स्थिर-व्याधि-बल-मस्त्यम्, तस्मिन्निति।

ઉદા. (૧) **सारः स्थिरः** = સ્થિર (પદાર્થ).
सरति कालान्तरमिति। (सृं गतौ-२५)
આ સૂત્રથી घञ्→सृ+**अ**
नामिनोऽ०४.३.५१थी વૃદ્ધિ→**सार**
પ્રથમા સિ વગેરે→**सारः**।

(૨) **अतीसारो व्याधिः** = અતીસાર નામનો રોગ.
अतिक्रमेण सरति वृद्धिमचिकित्स्यमान इति।

(૩) **सारो बलम्** = બલ (સેના). सरतीति।

(૪) **विसारो मत्स्यः** = માછલી. विशेषेण सरति जले इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ ઉ.દા.૨માં घञुपसर्गस्य०३.२.८६થી अति નો इ દીર્ઘ કરવો.

भावा-ऽकर्त्रोः ५.३.१८

અ.અ.સૂ. : धातोः भावा-ऽकर्त्रोः घञ्।

અર્થ : ધાતુથી ભાવ અને કર્ત્તા ભિન્ન કારકમાં घञ् પ્રત્યય થાય છે.

સ. : भावा-ऽकर्त्रोः = न कर्त्ता इति अकर्त्ता भावश्च अकर्त्ता चेति भावा-ऽकर्त्तारौ, तयोरिति।

ઉદા. (૧) **पाकः** = રાંધેલું. पचनमिति। (डुपचींष् पाके-८८८)
આ સૂત્રથી घञ्→पच्+**अ**
ञ्णिति ४.३.५०થી વૃદ્ધિ→**पाच्**+अ
क्तेऽनिटश्चजो०४.१.१११થી च्नो क्→**पाक**
પ્રથમા સિ વગેરે→पाकः।

(૨) **प्राकारः** = કિલ્લો. प्रकुर्वन्ति तमिति। (डुकृंग् करणे-८८८)
આ સૂત્રથી घञ्→प्र+कृ+**अ**
नामिनोऽ०४.३.५१થી વૃદ્ધિ→प्र+**कार**
घञुपसर्गस्य०३.२.८६થી अ દીર્ઘ→**प्रा**कार
પ્રથમા સિ વગેરે→प्राकारः।

(૩) **दायो दत्तः** = આપેલી વસ્તુ. दीयते इति।
(डुदांगक् दाने-११३८)
આ સૂત્રથી घञ्→दा+**अ**
आत ऐः०४.३.५૩થી आનો ऐ→**दै**+अ
एदैतोऽ०१.२.२૩થી अय्→**दाय्**+अ
પ્રથમા સિ વગેરે→दायः।

વિશેષતા :

(૧) સૂત્રમાં બહુલમ્ ૫.૧.૨થી આવતાં બહુલતાનાં કારણે कृतः कटः, हृतः भारः જેવાં સ્થાને આ સૂત્રથી घञ् થયો નહીં.

(૨) સૂત્રમાં અકર્ત્તૃ એ પ્રમાણે પર્યુદાસ નञ્ દ્વારા કર્તા અર્થમાં સૂત્રની પ્રવૃત્તિનું વર્જન કર્યું છે. તેથી **नञुक्तं तत्सदृशे १/२७** ન્યાયાનુસારે કર્તૃકારકને સદૃશ અન્યકારકનાં અર્થમાં જ घञ् પ્રત્યય થશે. પણ સંબંધમાં આ સૂત્રથી घञ् થશે નહીં. જેમકે, देवदत्तस्य पच्यते इति।

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો આ સૂત્રની પ્રવૃત્તિ સંજ્ઞાનાં વિષયમાં ઇચ્છે છે. તેથી તેઓનાં મતે दायो दत्तः જેવાં પ્રયોગો સિદ્ધ થશે નહીં.

इङोऽपादाने तु टिद् वा ५.३.१९

અ.અ.સૂ. : इङः धातोः भावा-ऽकर्त्रोः घञ्, अपादाने तु टित् वा ।

અર્થ : इ ધાતુથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં घञ् પ્રત્યય થાય છે. અને આ घञ् પ્રત્યય અપાદાન કારકમાં વિકલ્પે ट् ઇત્વાળો થાય છે.

સ. : टित् = ट् इत् यस्य स इति।

ઉદા. (૧) अध्यायः = ભણવું તે.
अधीयते इति। (इंङ्क् अध्ययने-११०४)
આ સૂત્રથી घञ्→अधि+इ+**अ**
नामिनोऽ०४.३.५१थी वृद्धि→अधि+**ऐ**+अ
एदैतोऽ०१.२.२३थी आय्→अधि+**आय**
इवर्णादेरस्वे०१.२.२१थी इ नो य्→अध्**याय**
प्रथमा सि वगेरे→अध्यायः।

(૨) **उपाध्यायी/उपाध्याया** = ભણાવનારી સ્ત્રી.
उपेत्य अधीयतेऽस्मादिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ આ સૂત્રથી વિકલ્પે टित् થતાં अणञ्येये०२.४.२०થી ङी પ્રત્યયનું વિકલ્પે વિધાન કરવું.

વિશેષતા :

અહીં અપાદાન કારકમાં घञ् પ્રત્યયની टित् સંજ્ઞા જણાવી છે. તેથી अणञ्येयेकण्०२.४.२० સૂત્રમાં ङी પ્રત્યય રૂપ ફળની

પ્રાપ્તિ થાય છે. અને આ વિધાન સામર્થ્યથી જ સ્ત્રિયાં ક્તિઃ ૫.૩.૯૧ સૂત્રથી થતાં ક્તિ પ્રત્યયનો અપાદાનકારકમાં બાધ થાય છે. કારણકે જો તે રીતે ક્તિ પ્રત્યય કરવામાં આવે તો ङी પ્રત્યયનો બાધ થતાં टित् વિધાન વ્યર્થ જવાની આપત્તિ આવે.

યદ્યપિ આ પ્રકરણમાં પૂર્વ અસરૂપવિધિનો અભાવ જણાવ્યો હોવાથી ઘઞ્ દ્વારા જ ક્તિનો બાધ થતાં જ टित् વિધાનની આવશ્યકતા નથી. પરંતુ તે અસરૂપવિધિનો બાધ પૂર્વે દર્શાવેલ णकच्, अण् વગેરે સજાતીય પ્રકૃતિને આશ્રયીને નિર્દિષ્ટ કરાયેલો છે. જ્યારે સ્ત્રિયાં૦૫.૩.૯૧થી થતો ક્તિ પ્રત્યય સ્ત્રીલિંગમાં થતો હોવાથી સ્ત્રીલિંગ નિમિત્તક ક્તિનાં વિષયમાં અસરૂપવિધિનો પ્રયોગ થાય છે. તેથી અસમાનરૂપતયા વિકલ્પપક્ષે ક્તિ પ્રત્યય થવાની આપત્તિ આવે તે ઈષ્ટ નથી.

श्रो वायु-वर्ण-निवृत्ते ५.३.२०

અ.અ.સૂ. : श्रः धातोः वायु-वर्ण-निवृत्ते भावा-ऽकर्त्रोः घञ्।

અર્થ : શૃ ધાતુથી વાયુ, વર્ણ અને વસ્ત્ર અર્થ જણાતે છતે ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં ઘઞ્ પ્રત્યય થાય છે.

સ. : वायु-वर्ण-निवृत्ते = वायुश्च वर्णश्च निवृत्तश्चेति वायु-वर्ण-निवृत्तम्, तस्मिन्निति।

ઉદા. (૧) **शारो वायुः** = વાયુ. शीर्यते औषधादिभिरिति।
(शृश् हिंसायाम्-૧૫૩૧)

(૨) **शारो वर्णः** = સફેદ વગેરે વર્ણ. मालिन्येन शीर्यत इति।

(૩) **नीशारो प्रावरणम्** = વસ્ત્ર.
निशीर्यते शीताद्युपद्रवो येन तदिति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ घञ् પ્રત્યયનું વિધાન આ સૂત્રથી કરવું.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો નિવૃત્ત પદનો નિયમેન વૃતા એ પ્રમાણે વિગ્રહ કરીને જુગારનાં ઉપકરણ તરીકે शार શબ્દનો પ્રયોગ કરે છે.

निरभेः पू-ल्वः ५.३.२१

અ.અ.સૂ. : निरभेः पू-ल्वः धातोः भावा-ऽकर्त्रोः घञ्।

અર્થ : નિર્ અને અભિ ઉપસર્ગથી અનુક્રમે પર રહેલ પૂ અને લૂ ધાતુથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં घञ् પ્રત્યય થાય છે.

સ. : (૧) **निरभेः** = निर् च अभिश्चेति निरभि, तस्मादिति।

(૨) **पू-ल्वः** = पूश्च लूश्चेति पूलू, तस्मादिति।

ઉદા. (૧) **निष्पावः** = તુષાદિ રહિત અનાજ. निष्पूयते इति।
(पूङ् पवने-૬૦૦)

(૨) **अभिलावः** = છેદવાનું સાધન. अभिलूयतेऽनेनेति।
(लूग्श् छेदने-૧૫૧૯)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) સૂત્રમાં પૂ એ પ્રમાણે નિરનુબંધ પૂ ધાતુનો નિર્દેશ હોવાથી **निरनुबन्धग्रहणे सामान्येन ૨/૫** ન્યાયાનુસારે पूगश्-૧૫૧૮ અને पूङ्-૬૦૦ એ પ્રમાણે બંને ધાતુઓનું ગ્રહણ થાય છે.

(૨) સૂત્રમાં ઉપસર્ગદર્શક निर-भेः પદ અને ધાતુદર્શક पू-ल्वः પદની સંખ્યા અને વચન સમાન હોવાથી **यथासङ्ख्यमनुदेशः समानाम् ૧/૧૦** ન્યાયાનુસારે તે બંને વચ્ચે અનુક્રમની પ્રાપ્તિ થાય છે.

रोरुपसर्गात् ૫.૩.૨૨

અ.અ.સૂ. : उपसर्गात् रोः धातोः भावा-ऽकर्त्रोः घञ्।

અર્થ : ઉપસર્ગપૂર્વક રુ ધાતુથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં घञ् પ્રત્યય થાય છે.

ઉદા. संरावः = સારી રીતે બોલવું. संरवणमिति। (रुं शब्दे-૧૦૮૫)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, ઉપસર્ગ સહિત રુ ધાતુથી સામાન્ય અર્થમાં આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે. તેથી અભિવ્યાપ્તિ અર્થમાં પણ આ સૂત્રથી घञ्‌ની પ્રાપ્તિ હતી. પરંતુ अभिव्याप्तौ०૫.૩.૯૦ સૂત્ર પર અને વિશેષ વિહિત હોવાથી તે ञिन् પ્રત્યય દ્વારા घञ्‌નો બાધ થાય છે. જેમકે, साराविणम्।

(૨) આ સૂત્રની પ્રવૃત્તિ ઉપસર્ગ સહિત રુ ધાતુથી કહી છે. તો પણ बहुलम् ૫.૧.૩થી આવતાં બહુલતાંના કારણે ઉપસર્ગ રહિત રુ ધાતુથી પણ घञ् થઈ रावः પ્રયોગ થાય છે.

(૩) સૂત્રનિર્દિષ્ટ રુ ધાતુ ઉવર્ણાન્ત હોવાથી युवर्ण-वृ० ૫.૩.૨૮થી अल्‌ની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી ઉપસર્ગપૂર્વક રુ ધાતુથી घञ् કર્યો છે. માટે આ પ્રત્યય अल्‌નાં અપવાદ સ્વરૂપ જાણવો.

भू-श्र्यदोऽल् ५.३.२३

अ.अ.सू. : उपसर्गात् भू-श्र्यदः धातोः भावा-ऽकर्त्रोः अल्।

अर्थ : ઉપસર્પપૂર્વક भू, श्रि અને अद् ધાતુથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં अल् પ્રત્યય થાય છે.

स. : भू-श्र्यदः = भूश्च श्रिश्च अद् चेति भू-श्र्यद्, तस्मादिति।

ઉદા. (૧) **प्रभवः** = ઉત્પત્તિનું સ્થાન.
प्रभवणं यस्मादिति। (भू सत्तायाम्-१)
આ સૂત્રથી अल्→प्र+भू+**अ**
नामिनो गुणो०४.३.१थी गुण→प्र+**भो**+अ
ओदौतोऽ०१.२.२४थी अव्→**प्रभव**
प्रथमा सि વગેરે→**प्रभवः**।

(૨) **संश्रयः** = આશ્રય સ્થાન.
संश्रयणं अस्मिन्निति। (श्रिग् सेवायाम्-८८३)

(૩) **विघसः** = ખાવાની વસ્તુ.
व्यदनं तमिति। (अदंक् भक्षणे-१०५९)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ ઉદા. ૩માં घस्लृ सनद्य०४.४.१७थी अद् ધાતુનો घस् આદેશ કરવો.

વિશેષતા :

(૧) આ સૂત્રમાં बहुलम् ५.१.२ સૂત્રથી આવતાં बहुलम्નાં કારણે ઉપસર્ગપૂર્વક भू ધાતુથી પણ घञ् થઈને **प्रभावः**, अनुभावः જેવા પ્રયોગો થાય છે.

(૨) સૂત્રનિર્દિષ્ટ अल् પ્રત્યયમાં ल् ઇત્નું ગ્રહણ मिग्-मीगो० ४.२.८ સૂત્રમાં अल्નું વર્જન કરવા માટે જાણવું.

જિ. : भू અને श्रि ધાતુ उ-इ વર્ણાન્ત હોવાથી युवर्ण-वृ०५.३.२८થી अल् પ્રત્યય સિદ્ધ જ હતો. તો પણ આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : આ સૂત્રનાં નિર્દેશ દ્વારા અહીં **सिद्धे सत्यारम्भो नियमार्थः १/२५** ન્યાયની પ્રવૃત્તિ થઈ છે. તેથી નિયમ થયો કે, भू અને श्रि ધાતુ ઉપસર્ગપૂર્વક હશે તો જ अल् થશે. અન્યથા युवर्ण-वृ०५.३.२८થી પણ अल् થશે નહીં.

न्यादो नवा ५.३.२४

અ.અ.સૂ. : **न्यादः भावा-ऽकर्त्रोः नवा।**

અર્થ : अल् પ્રત્યય પર છતાં नि+अद् ધાતુથી अद् નાં अ નું દીર્ઘત્વ અને घस् આદેશનો અભાવ વિકલ્પે નિપાતન પામે છે.

ઉદા. **न्यादः/निघसः** = નાસ્તો. न्यदनमिति। (अदंक् भक्षणे-१०५९)
भू-श्नु०५.३.२३થી अल्→नि+अद्+**अ**
આ સૂત્રથી દીર્ઘ અને घस् નો અભાવ→नि+**आद**
પ્રથમા सि વગેરે→न्यादः।
વિકલ્પે : જ્યારે નિપાતન ન થાય ત્યારે,
પૂર્વપ્રમાણે निघसः ની સાધનિકા જાણવી.

सं-नि-व्युपाद् यमः ५.३.२५

અ.અ.સૂ. : **सं-नि-व्युपात् उपसर्गात् यमः धातोः भावा-ऽकर्त्रोः अल् नवा।**

અર્થ : सम्, नि, वि અને उप ઉપસર્ગથી પર રહેલ यम् ધાતુથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં अल् પ્રત્યય વિકલ્પે થાય છે.

સ. : **सं-नि-व्युपात्** = सम् च निश्च विश्च उपश्चेति सं-नि-व्युपम्, तस्मादिति।

ઉદા. (૧) **संयमः/संयामः** = સંયમ કરવો.
संयमनमिति। (यमूं उपरमे-३८६)
આ સૂત્રથી अल्→सम्+यम्+**अ**
પ્રથમા સિ વગેરે→**संयमः**।
વિકલ્પે : જ્યારે अल् ન થાય ત્યારે,
ભાવા-ऽકર્ત્રોઃ ૫.૩.૧૮થી घञ्→सम्+यम्+**अ**
ञ्णिति ४.३.५०થી વૃદ્ધિ→सम्+**याम**
પ્રથમા સિ વગેરે→**संयामः**।

(૨) **नियमः/नियामः** = નિયમ કરવો. नियमनमिति।

(૨) **वियमः/वियामः** = નિગ્રહ કરવો. वियमनमिति।

(૩) **उपयमः/उपयामः** = પરણવું. उपयमनमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

नेर्नद-गद-पठ-स्वन-क्वणः ५.३.२६

અ.અ.સૂ. : **नेः उपसर्गात् नद-गद-पठ-स्वन-क्वणः धातोः भावा-ऽकर्त्रोः अल् नवा।**

અર્થ : નિ ઉપસર્ગથી પર રહેલાં नद्, गद्, पठ्, स्वन् અને क्वण् ધાતુથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં अल् પ્રત્યય વિકલ્પે થાય છે.

સ. : **नद-गद-पठ-स्वन-क्वणः** = नदश्च गदश्च पठश्च स्वनश्च क्वण् चेति नद-गद-पठ-स्वन-क्वण्, तस्मादिति।

ઉદા. (૧) **निनदः/निनादः** = અવાજ કરવો.
निनदनमिति। (णद अव्यक्ते शब्दे-३९९)

(૨) **निगदः/निगादः** = બોલવું તે.
निगदनमिति। (गद व्यक्तायां वाचि-२९७)

(૩) **निपठः/निपाठः** = ભણવું.
निपठनमिति। (पठ व्यक्तायां वाचि-२१३)

(૪) **निस्वनः/निस्वानः** = અવાજ.
निस्वनमिति। (स्वन शब्दे-३२७)

(૫) **निक्वणः/निक्वाणः** = ખણખણ અવાજ.
निक्वणमिति। (क्वण शब्दे-२७१)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ अल् પ્રત્યયનું વિધાન આ સૂત્રથી કરવું.

वैणे क्वणः ५.३.२७

અ.અ.સૂ. : वैणे उपसर्गात् क्वणः धातोः भावा-ऽकर्त्रोः अल् नवा।

અર્થ : વીણામાં થતો અવાજ = **वैण.** તે અર્થમાં વર્ત્તતાં ઉપસર્ગ-પૂર્વક क्वण् ધાતુથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં अल् પ્રત્યય વિકલ્પે થાય છે.

ઉદા. **प्रक्वणः/प्रक्वाणो वीणायाः** = વીણાનો અવાજ.
प्रक्वणनमिति। (क्वण शब्दे-२७१)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ अल् પ્રત્યયનું વિધાન આ સૂત્રથી કરવું.

પ્ર.ઉદા. **वैण इति किम्? प्रक्वाणाः शृङ्खलस्य** =
સાંકળનો અવાજ. प्रक्वणनमिति।
भावा-ऽकर्त्रोः ५.३.१८થી घञ्→प्र+क्वण्+**अ**
ञ्णिति ४.३.५०થી વૃદ્ધિ→**प्रक्वाण**
પ્રથમા સિ વગેરે→प्रक्वाणः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ વીણામાં થતાં અવાજ અર્થમાં વર્ત્તતાં क्वण् ધાતુથી થાય છે. જ્યારે અહીં क्वण् ધાતુ સાંકળનાં અવાજ અર્થમાં વર્ત્તે છે. માટે આ સૂત્રથી अल् થયો નહીં.

युवर्ण-वृ-दृ-वश-रण-गमृद्-ग्रहः ५.३.२८

અ.અ.સૂ. : युवर्ण-वृ-दृ-वश-रण-गमृद्-ग्रहः धातोः भावा-ऽकर्त्रोः अल्।

અર્થ : इ વર્ણાન્ત, उ વર્ણાન્ત ધાતુઓ તેમજ वृ, दृ, वश्, रण्, गम्, ग्रह् અને દીર્ઘ ऋकારાન્ત ધાતુઓથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં अल् પ્રત્યય થાય છે.

સ. : युवर्ण-वृ-दु-वश-रण-गमृद्-ग्रहः = इश्च उश्चेति यु, युतो वर्ण इति युवर्णः, युवर्णश्च वृश्च दृश्च वशश्च रणश्च गम् च ऋच्च ग्रह् चेति युवर्ण-वृ-दृ-वश-रण-गम्-ऋद्-ग्रह, तस्मादिति।

ઉદા. (૧) **चयः** = સમુદાય. चयनमिति। (चिंग्ट् चयने-१२९०)
આ સૂત્રથી अल्→चि+**अ**
નામિનો गुणो०४.३.१थી गुण→**चे**+अ
एदैतो०१.२.२उथी अय्→**चय**
પ્રથમા सि વગેરે→चयः।

(૨) **क्रयः** = ખરીદવું.
क्रयणमिति। (डुक्रींग्श् द्रव्यविनिमये-१५०८)

(૩) **रवः** = અવાજ. रवणमिति। (रुं शब्दे-१०८५)

(૪) **लवः** = કાપવું. लवनमिति। (लूग्श् छेदने-१५१९)

(૫) **वरः** = સ્વામી. वरणमिति। (वृग्ट् वरणे-१२९४)

(૬) **आदरः** = આદર. आदरणमिति। (दृङ्त् अनादरे-१४६६)

(૭) **वशः** = ઇચ્છા. वशनमिति। (वशक् कान्तौ-११०१)

(૮) **रणः** = સંગ્રામ. રણનમિતિ। (रण शब्दे-२६०)

(૯) **गमः** = માર્ગ. ગમનમિતિ। (गम्लृं गतौ-३९६)

(૧૦) **करः** = વિખેરવું. કરણમિતિ। (कृश् हिंसायाम्-१५२९)

(૧૧) **ग्रहः** = ગ્રહણ કરવું. ગ્રહણમિતિ। (ग्रहीश् उपादाने-१५१७)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, આગામી આડો रु-प्लोः ५.૩.૪૯ સૂત્રમાં ઉપસર્ગપૂર્વક ઉ વર્ણાન્ત रु અને प्लु ધાતુથી વિકલ્પે अल् પ્રત્યયનું વિધાન કર્યું છે. તેથી અહીં પૂર્વસૂત્રથી આવતો उपसर्गात् અને नवा નો અધિકાર ગ્રહણ કરાતો નથી.

(૨) बहुलम् ૫.૧.૨ સૂત્રથી આવતાં બહુલતાનાં અધિકારનાં કારણે સમૂહ-અર્થક, અવસર અર્થક અને ક્રિયાનાં અભ્યાસ-અર્થક वृ ધાતુથી घञ् પ્રત્યય થઈને वारः પ્રયોગ થાય છે.

(૩) આ સૂત્રની પ્રવૃત્તિ સૂત્રોક્ત ધાતુથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં થાય છે. તેથી આ સૂત્રથી થતો अल् પ્રત્યય भावा-ऽकर्त्रोः ૫.૩.૧૮થી થતાં घञ્ નાં અપવાદ રૂપ જાણવો.

(૪) સૂત્રગત યુવર્ણ રૂપ સમાસમાં વર્ણ પદનો અન્વય **द्वन्द्वात्परः प्रत्येकमभिसम्बध्यते ૩/૧૫** ન્યાયાનુસારે દ્વન્દ્વ સમાસનાં ઘટકીભૂત इ અને उ એ પ્રમાણે બંને પદ સાથે કરવો.

वर्षादयः क्लीबे ५.३.२९

અ.અ.સૂ. : वर्षादयः क्लीबे भावा-ऽकर्त्रोः।

અર્થ : અલ્ પ્રત્યયાન્ત વર્ષ વગેરે પ્રયોગો નપુંસક લિંગમાં જે પ્રમાણે શાસ્ત્રમાં દર્શાવ્યા હોય તે પ્રમાણે ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં નિપાતન પામે છે.

સ. : **वर्षादयः** = वर्ष आदिर्येषां ते इति।

ઉદા. (૧) **वर्षम्** = રાષ્ટ્ર/વર્ષાઋતુનો કાળ.
વૃષ્ટિરિતિ। (वृषू सेचने-५२७)
આ સૂત્રથી अल्→वृष्+**अ**
નામિનો गुणो०४.३.१થી ગુણ→**वर्ष**
પ્રથમા સિ વગેરે→**वर्षम्**।

(૨) **भयम्** = ઽર. भीतिरिति। (ञिभींक् भये-११३२)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) **वर्षादि ગણ દ્વારા સિદ્ધ થતાં પ્રયોગો :** वर्षं, भयं, धनं, वनं, खलं, पदं, युगं, युग्मं વગેરે.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, નપુંસકલિંગમાં क्लीबे क्तः ५.३.१२३ અને अनट् ५.३.१२४ જેવાં સૂત્રોનું વિશેષવિધાન છે. તેથી નપુંસકલિંગમાં अल् પ્રત્યયની પ્રાપ્તિ ન હતી. તેની પ્રાપ્તિ માટે તેમજ, क्त અને अनट्ની નિવૃત્તિ માટે વિશેષસૂત્રતયા અહીં નિપાતન કરેલ છે.

समुदोऽजः पशौ ५.३.३०

અ.અ.સૂ. : **समुदः पशौ अजः धातोः भावा-ऽकर्त्रोः अल्।**

અર્થ : सम् અને उद् ઉપસર્ગથી પર રહેલાં પશુનાં વિષયમાં વર્ત્તતાં अज् ધાતુથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં अल् પ્રત્યય થાય છે.

સ. : **समुदः** = सम् च उद् चेति समुद्, तस्मादिति।

ઉદા. (૧) **समजः पशूनाम्** = પશુઓનો સમુદાય.
समजनमिति। (अज क्षेपणे-૧૩૯)

(૨) **उदजः पशूनाम्** = પશુઓને પ્રેરણા. उदजनमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ अल्નું વિધાન આ સૂત્રથી કરવું.

પ્ર.ઉદા. **पशाविति किम्? समाजो नृणाम्** = મનુષ્યોનો સમુદાય.
समजनमिति।
આ ઉદા.ની સાધનિકા ૫.૩.૨૭ નિર્દિષ્ટ **प्रक्वाणः** પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ પશુનાં વિષયમાં વર્ત્તતાં अज् ધાતુથી થાય છે. જ્યારે અહીં अज् ધાતુ પશુનાં વિષયમાં વર્ત્તતો નથી. માટે આ સૂત્રથી अल् પ્રત્યય થયો નહીં.

सृ-ग्लहः प्रजना-ऽक्षे ૫.૩.૩૧

અ.અ.સૂ. : प्रजना-ऽक्षे सृ-ग्लहः धातोः भावा-ऽकर्त्रोः अल्।

અર્થ : પ્રજન અને અક્ષનાં વિષયનાં અર્થમાં વર્ત્તતાં અનુક્રમે સૃ અને ગ્લહ્ ધાતુથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં अल् પ્રત્યય થાય છે.

સ. : (૧) **सृ-ग्लहः** = सृश्च ग्लह् चेति सृ-ग्लह्, तस्मादिति।
(૨) **प्रजना-ऽक्षे** = प्रजनश्च अक्षश्चेति प्रजना-ऽक्षम्, तस्मिन्निति।

ઉદા. (૧) **गवामुपसरः** = ગાયોનું ગર્ભાધાન.
उपसरणमिति। (सृं गतौ-૨૫)

(૨) **अक्षाणां ग्लहः** = પાસાનું ગ્રહણ.
ग्लहणमिति। (ग्लहौङ् ग्रहणे-૮૭૨)

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ अल्નું વિધાન આ સૂત્રથી કરવું.

પ્ર.ઉદા. **प्रजनाक्ष इति किम् ? उपसारो भृत्यै राज्ञाम्** =
વેતન માટે રાજાની પાસે જવું.
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ **समाजः** પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ પ્રજન અને અક્ષનો વિષયનાં અર્થમાં વર્ત્તતાં सृ અને ग्लह् ધાતુથી થાય છે. જ્યારે અહીં सृ ધાતુ પ્રજનનાં વિષયવાળો નથી. માટે આ સૂત્રથી अल् થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, સૂત્રનિર્દિષ્ટ **ग्लहः** પદ દ્વારા ग्रह् ધાતુનું ગ્રહણ કરી તેમાં સૂત્ર નિર્દેશનાં સામર્થ્યથી र्નો ल् થયેલો જાણવો. અથવા ग्लहौङ् એ પ્રમાણે બીજા ધાતુનું પણ ગ્રહણ થઈ શકે છે.

(૨) સૂત્રગત નિમિત્તદર્શક પ્રજના-ऽક્ષે અને કાર્યાદર્શક सृ-ग्लहः પદની સંખ્યા અને વચન સમાન હોવાથી **यथासङ्ख्यमनुदेशः समानाम् ૧/૧૦** ન્યાયાનુસારે તે બંને વચ્ચે અનુક્રમની પ્રાપ્તિ થાય છે.

पणेर्माने ૫.૩.૩૨

અ.અ.સૂ. : माने पणेः धातोः भावा-ऽकर्त्रोः अल्।

અર્થ : માન અર્થમાં વર્ત્તતાં पण् ધાતુથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં अल् પ્રત્યય થાય છે.

ઉદા. (૧) **मूलकपणः** = મૂલકની પરિમિત મુઠ્ઠી વગેરેની કિંમત.
पण्यते इति। (पणि व्यवहार०-७१०)
આ સૂત્રથી अल्→मूलक+पण्+**अ**
પ્રથમા સિ વગેરે→मूलकपणः।

પ્ર.ઉદા. **मान इति किम् ? पाणः** = व्यवहार. पण्यते इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ **समाजः** પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ માન અર્થમાં વર્ત્તતાં पण् ધાતુથી થાય છે. જ્યારે અહીં पण् ધાતુ व्यवहार અર્થમાં વર્ત્તે છે. માટે આ સૂત્રથી अल् પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

(૧) આ સૂત્રની પ્રવૃત્તિ ભાવ અને કર્તૃ ભિન્નકારકમાં થતી હોવાથી અહીં **भावा-ऽकर्त्रोः** ૫.૩.૧૮થી घञ્ની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી अल् કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે. તેમજ, યુવર્ણ-વૃ૦૫.૩.૨૮ સૂત્રમાં જ पण्નો નિર્દેશ ન કરતાં પૃથક્ યોગ માન અર્થમાં વર્ત્તતાં જ पण् ધાતુથી अल् કરવા માટે છે. તેથી અન્ય અર્થમાં વર્ત્તતાં पण् ધાતુથી તો घञ् પ્રત્યય જ થશે.

संमद-प्रमदौ हर्षे ૫.૩.૩૩

અ.અ.સૂ. : संमद-प्रमदौ भावा-ऽकर्त्रोः हर्षे।

અર્થ : अल् પ્રત્યયાન્ત संमद અને प्रमद પ્રયોગ હર્ષ અર્થ જણાતે છતે ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં નિપાતન પામે છે.

સ. : संमद-प्रमदौ = संमदश्च प्रमदश्चेति।

ઉદા. (૧) **संमदः स्त्रीणाम्** = સ્ત્રીઓનો હર્ષ.
संमदनमिति। (मदैच् हर्षे-१२३६)

(૨) **प्रमदः स्त्रीणाम्** = સ્ત્રીઓનો હર્ષ. પ્રમદનમિતિ।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ અલ્ પ્રત્યયનું નિપાતન આ સૂત્રથી કરવું.

પ્ર.ઉદા. हर्ष इति किम् ?

(૧) **संमादः** = મૂર્ખપણું. સંમદનમિતિ।

(૨) **प्रमादः** = આળસ. પ્રમદનમિતિ।
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ **पाणः** પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ હર્ષ અર્થ જણાતે છતે થાય છે. જ્યારે અહીં હર્ષ અર્થ જણાતો નથી. માટે આ સૂત્રથી અલ્ થયો નહીં.

વિશેષતા :

જિ. : અહીં સૂત્રમાં **संप्रान्मदः हर्षे** એ પ્રમાણે સૂત્ર નહીં કહીને **संमदः प्रमदः** એ પ્રમાણે ભિન્ન-ભિન્ન પ્રયોગ શા માટે કર્યો ?

સમા. : સામાન્યતયા નિપાતન પ્રયોગનાં રૂપો સૂત્રમાં જ જણાવવામાં આવતાં હોય છે. તેથી જો **संप्रान्मदः** એ પ્રમાણે પ્રયોગ જણાવવામાં આવે તો તે નિપાતન પ્રયોગ કહેવાય નહીં. અને નિપાતન કાર્ય અન્ય રૂપોનો નિગ્રહ કરવા માટે છે, તેથી **संमदः, प्रमदः** સિવાયનાં અન્ય કોઈ પણ રૂપનાં વિષયમાં અલ્ પ્રત્યય નહીં થાય. જેમકે, **प्रसंमादः, संप्रमादः**।

हनोऽन्तर्घन-ऽन्तर्घणौ देशे ५.३.३४

અ.અ.સૂ. : हनः धातोः देशे भावा-ऽकर्त्रोः अन्तर्घना-ऽन्तर्घणौ।

અર્થ : અન્તર્ પૂર્વક હન્ ધાતુથી દેશ અર્થ જણાતે છતે ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં અલ્ પ્રત્યય તેમજ હન્ ધાતુનો

ઘન અને ઘણ આદેશ થઈને અન્તર્ઘન અને અન્તર્ઘણ નિપાતન પામે છે.

સ. : **अन्तर्घना-ऽन्तर्घणौ** = अन्तर्घनश्च अन्तर्घणश्चेति।

ઉદા. (૧) **अन्तर्घनो/अन्तर्घणो देशः** = દેશવિશેષ.
अन्तर्हन्यतेऽस्मिन्निति। (हनंक् हिंसा-गत्योः-११००)
આ સૂત્રથી अल्→अन्तर्+हन्+**अ**
તથા ઘન અને ઘણ આદેશ→अन्त**र्घन**/अन्त**र्घण**
પ્રથમા સિ વગેરે→अन्तर्घनः/अन्तर्घणः।

પ્ર.ઉદા. **अन्तर्घातोऽन्यः** = જેને અંદર હણ્યો છે તે.
अन्तर्हन्यते इति।
भावा-ऽकर्त्रोः ૫.૩.૧૮થી घञ्→अन्तर्+हन्+**अ**
ञ्णिति घात् ૪.૩.૧૦૦થી घात् આદેશ→अन्त**र्घात**
પ્રથમા સિ વગેરે→अन्तर्घातः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ દેશ અર્થ જણાતે છતે થાય છે. જ્યારે અહીં દેશ અર્થ જણાતો નથી. માટે આ સૂત્રથી अल् પ્રત્યયાન્ત નિપાતન થયું નહીં.

અન્ય મત :

(૧) કેટલાંક વ્યાકરણકારો ઘન શબ્દને નિરંતર અર્થમાં વર્ત્તતું અન્ય નામ માને છે. પણ हन् ધાતુનો આદેશ માનતાં નથી.

(૨) કેટલાંક વ્યાકરણકારો અભ્યંતર દેશ અર્થમાં આ પ્રયોગો ઇચ્છે છે. જેમકે, तस्मिनन्तर्घणेऽपश्यत्।

(૩) કેટલાંક વ્યાકરણકારો ઘણ શબ્દને અન્ય નામ તરીકે સ્વીકારે છે. પણ हन् ધાતુનો આદેશ માનતાં નથી.

(૪) પાણિનિ જેવાં કેટલાંક વ્યાકરણકારો માત્ર अन्तर्घनः પ્રયોગનાં જ નિપાતનને ઇચ્છે છે. પણ अन्तर्घणः પ્રયોગને તો પાઠાંતર સ્વરૂપે સ્વીકારે છે.

प्रघण-प्रघाणौ गृहांशे ५.३.३५

અ.અ.સૂ. : हनः धातोः गृहांशे भावा-ऽकर्त्रोः प्रघण-प्रघाणौ ।

અર્થ : પ્ર પૂર્વક હન્ ધાતુથી ગૃહનો અંશ જણાતે છતે ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં अल् પ્રત્યય તેમજ હન્ ધાતુનો घन અને घाण આદેશ થઈને प्रघण, प्रघाणः પ્રયોગ નિપાતન પામે છે.

સ. : (૧) **प्रघण-प्रघाणौ** = प्रघणश्च प्रघाणश्चेति।
(૨) **गृहांशे** = गृहस्य अंश इति गृहांशः, तस्मिन्निति।

ઉદા. प्रघणः/प्रघाण द्वारालिन्दकः = દરવાજાની બાજુનો ભાગ.
प्रहण्यतेऽसाविति। (हनंक् हिंसा-गत्योः-११००)
આ સૂત્રથી अल्→प्र+हन्+**अ**
અને घन અને घाण આદેશ→**प्रघन/प्रघाण**
પ્રથમા સિ વગેરે→**प्रघनः/प्रघाणः**।

પ્ર.ઉદા. प्रघातोऽन्यः = મારવું તે. प्रहण्यते इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ગૃહનો અંશ અર્થ જણાતે છતે થાય છે. જ્યારે અહીં ગૃહનો અંશ અર્થ જણાતો નથી. માટે આ સૂત્રથી अल् પ્રત્યયાન્ત નિપાતન પ્રયોગો થયાં નહીં.

निघोद्घ-सङ्घोद्घना-ऽपघनोपघ्नं निमित्त-प्रशस्त-गणा-ऽत्याधाना-ऽङ्गा-ऽऽसन्नम् ५.३.३६

अ.अ.सू. : हनः धातोः निमित्त-प्रशस्त-गणा-ऽत्याधाना-ऽङ्गा-ऽऽसन्नं निघोद्घ-सङ्घोद्घना-ऽपघनोपघ्नम् ।

अर्थ : हन् धातुथी निमित्त, प्रशस्त, गण अत्याधान, अंग अने आसन्न अर्थवाळां अनुक्रमे निघ, उद्घ, सङ्घ, उद्घन, अपघन अने उपघ्न प्रयोग निपातन पामे छे.

स. : (१) **निघोद्घ-सङ्घोउद्घना-ऽपघनोपघ्नम्** = निघश्च उद्घश्च सङ्घश्च उद्घनश्च अपघनश्च उपघ्नश्चेति।

(२) **निमित्त-प्रशस्त-गणा-ऽत्याधाना-ऽङ्गा-ऽऽसन्नम्** = निमित्तं च प्रशस्तश्च गणश्च अत्याधानश्च अङ्गं च आसन्नं चेति।

ઉદા. (१) **निमितम्** = **समन्ततो मितमिति** = चारे बाजुथी मपायेल.
निघा वृक्षाः = वृक्ष.
निर्विशेषे/निश्चयेन हन्यते इति। (हनंक् हिंसा-गत्योः-११००)
आ सूत्रथी अल्→नि+हन्+**अ**
अने हन्नो घ→**निघ**
प्रथमा जस् वगेरे→निघाः।

(२) **उद्घः प्रशस्तः** = प्रशंसापात्र. उत्कर्षेण हन्यते इति।

(३) **सङ्घः प्राणिसमूहः** = प्राणीओनो समुदाय. संहननमिति।
आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी.

(४) **अत्याधानम्** = अत्याधीयन्तेच्छेदनार्थं कुट्टनार्थं वा काष्ठादीति यत्र तदिति।
જ્યાં અન્યને છેદવા કે કુટવા માટે લાકડું સ્થાપવામાં આવે તે.

उद्घनः = કાષ્ઠાદિને હણવાનું સાધન.
उत्(प्राबल्येन) हन्यते इति।

(૫) **अपघनः शरीरावयवः** = હાથ, પગ વગેરે શરીરનાં અંગો.
अपहन्यतेऽनेनेति।

(૬) **उपघ्नः आसन्नः** = નજીક. उप हन्यते इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ અહીં આ સૂત્રથી घन અને घ्न આદેશ કરવો.

વિશેષતા :

સૂત્ર નિર્દિષ્ટ નિપાતનનાં સામર્થ્યથી બે લાભ થાય છે :
(૧) અહીં કહેવાયેલાં हन् ધાતુથી સિદ્ધ થતાં निघा વગેરે પ્રયોગો નિમિત્ત વગેરે અર્થમાં જ થશે. પણ અન્ય અર્થમાં નહીં. તેમજ (૨) નિમિત્ત વગેરે અર્થમાં हन् ધાતુથી निघा વગેરે પ્રયોગો જ થશે. પણ અન્ય નહીં.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો હાથ અને પગ આ બે અવયવને જ अपघन કહે છે.

मूर्त्ति-निचित्ता-ऽभ्रे घनः ૫.૩.૩૭

અ.અ.સૂ. : हन् धातोः मूर्त्ति-निचिता-ऽभ्रे अल्, घनः।

અર્થ : हन् ધાતુથી મૂર્ત્તિ, નિચિત અને અભ્ર અર્થ જણાતે છતે अल् પ્રત્યયાન્ત घन પ્રયોગ નિપાતન પામે છે.

સ. : मूर्त्ति-निचिता-ऽभ्रे = मूर्त्तिश्च निचिताश्च अभ्रं चेति। मूर्त्ति-निचिता-ऽभ्रम्, तस्मिन्निति।

ઉદા. (૧) **मूर्त्तिः काठिन्यम्** = કઠિનપણું.
अभ्रस्य घनः = મેઘની કઠિનતા.
हन्यते इति। (हनंक् हिंसा-गत्यो-૧૧००)
આ સૂત્રથી अल् અને घन આદેશ→**घन**
પ્રથમા સિ વગેરે→घनः।

(૨) **निचितम् निरन्तरम्** = ગીચપણું.
घनाः केशाः = ગીચ વાળ. हन्यते निषितया इति।

(૩) **अभ्रं मेघः** = વાદળ.
घनः = વાદળ. हन्यते वायुना इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

व्ययो-द्रोः करणे ૫.૩.૩૮

અ.અ.સૂ. : व्ययो-द्रोः हनः धातोः करणे अल् घनः।

અર્થ : વિ, અયસ્ અને દ્રુ નામથી પર રહેલ हन् ધાતુથી કરણ અર્થમાં अल् પ્રત્યય અને घन આદેશ નિપાતન પામે છે.

સ. : व्ययो-द्रोः = विश्च अयश्च द्रुश्चेति व्ययो-द्रु, तस्मादिति।

ઉદા. (૧) **विघनः** = અંધકાર.
विहन्यतेऽनेनेति। (हनंक् हिंसा-गत्योः-૧૧००)

(૨) **अयोघनः** = ઘણ. अयो हन्यतेऽनेनेति।

(૩) **द्रुघनः** = કુહાડી. द्रुर्हन्यतेऽनेनेति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ अल् પ્રત્યયાન્ત નિપાતન આ સૂત્રથી કરવું.

વિશેષતા :

(૧) અહીં પૂર્વસૂત્રથી भावा-ऽकर्त्रोः નો અધિકાર આવી રહ્યો છે. જેમાં કરણ અર્થનો સમાવેશ થઈ જ જાય છે. તો

પણ करणेનું પૃથક્ ગ્રહણ કર્યું છે. તેથી આ સૂત્રની પ્રવૃત્તિ ભાવમાં અને કરણ સિવાયનાં અન્ય કારકમાં થશે નહીં.

स्तम्बाद् घञश्च ५.३.३९

અ.અ.સૂ. : स्तम्बात् हनः धातोः करणे अल् घञः च(घनः)।

અર્થ : સ્તમ્બથી પર રહેલ हन् ધાતુથી કરણ અર્થમાં अल् પ્રત્યયાન્ત घञ અને घन આદેશ નિપાતન પામે છે.

ઉદા. (૧) **स्तम्बघ्नो दण्डः** = દંડ.
स्तम्बो हन्यतेऽनेनेति। (हनंक् हिंसा-गत्योः-११००)

(૨) **स्तम्बघनो यष्टिः** = લાકડી.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ हन् ધાતુનો घञ અને घन આદેશ કરવો.

વિશેષતા :

(૧) આ સૂત્રમાં નિપાતન કર્યું હોવાથી **स्तम्बघ्नः** એ પ્રમાણે अल् પ્રત્યયાન્ત પ્રયોગ પુંલિંગમાં થાય છે. જ્યારે સ્ત્રીલિંગમાં પરસૂત્રતયા करणा-ऽऽधारे ५.३.१२९થી अनट् થઈ ङी પ્રત્યય લાગે છે. અને स्तम्बहननी यष्टिः પ્રયોગ થાય છે.

(૨) યદ્યપિ આ સૂત્રમાં घञः પદનું ગ્રહણ કર્યું તેથી પૂર્વસૂત્રથી આવતો घनः નો અધિકાર અટકી જવો જોઈએ પરંતુ સૂત્રગત चકાર દ્વારા **चकारो यस्मात्परस्तत्सजातीयमेव समुच्चिनोति ૨/૬૧** ન્યાયાનુસારે घञः ને આદેશતયા સજાતીય પૂર્વસૂત્રથી આદેશ घनः નું અનુકર્ષણ કરાય છે.

અન્ય મત :

(૧) કેટલાંક વ્યાકરણકારો ક પ્રત્યય પર છતાં નિપાતન કરીને સ્ત્રીલિંગમાં પણ સ્તમ્બઘ્ના એ પ્રમાણે પ્રયોગ ઇચ્છે છે.

(૨) અન્ય કેટલાંક વ્યાકરણકારો स्तम्ब પૂર્વક પણ हन् ધાતુથી साति-हेति०५.३.९४ સૂત્રથી જ નિપાતન કરીને स्तम्बहेतिः પ્રયોગ ઇચ્છે છે.

परेर्घः ५.३.४०

અ.અ.સૂ. : परेः हनः धातोः करणे अल् घः ।

અર્થ : પરિ ઉપસર્ગપૂર્વક હન્ ધાતુથી કરણ અર્થમાં અલ્ પ્રત્યય થઈને ઘ આદેશ નિપાતન પામે છે.

ઉદા. परिघोऽर्गला = આગળીયો-કડી. (हनंक् हिंसा-गत्योः-११००) આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ આ સૂત્રથી હન્ ધાતુનો ઘ આદેશ કરવો.

ह्वः समाह्वया-ऽऽह्वयौ द्यूत-नाम्नोः ५.३.४१

અ.અ.સૂ. : द्यूत-नाम्नोः ह्वः धातोः भावा-ऽकर्त्रोः समाह्वया-ऽऽह्वयौ ।

અર્થ : જુગાર અને સંજ્ઞા અર્થમાં અનુક્રમે सम्+आङ् પૂર્વક અને आङ् પૂર્વક ह्वे ધાતુથી अल् પ્રત્યય થઈને ह्वय આદેશ નિપાતન પામે છે.

સ. : (૧) **समाह्वया-ऽऽह्वयौ** = समाह्वयश्च आह्वयश्चेति।
(૨) **द्यूत-नाम्नोः** = द्यूतश्च नाम चेति द्यूतनाम्नी, तयोरिति।

ઉદા. (૧) **समाह्वयः प्राणिद्यूतम्** = પ્રાણીઓનો જુગાર.
समाहूयन्ते द्यूतकाराऽत्रेति। (ह्वेंग् स्पर्धा०-९९४)

આ સૂત્રથી અલ્→सम्+आ+**ह्वा**
અને હ્વય આદેશ નિપાતન→**समाह्वय**
પ્રથમા સિ વગેરે→समाह्वयः।

(૨) **आह्वयः संज्ञा** = નામ. आहूयतेऽनेनेति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં द्यूत અને નામ એ પ્રમાણે અર્થ વિશેષનું ઉપાદાન હોવાથી પૂર્વસૂત્રથી આવતો करणे નો અધિકાર અટકી જાય છે.

(૨) સૂત્રગત समाह्वया-ऽह्वयौ એ પ્રમાણે કાર્યદર્શક પદ અને द्यूत-नाम्नोः એ પ્રમાણે નિમિત્ત દર્શક પદની સંખ્યા અને વચન સમાન હોવાથી **यथासङ्ख्यमनुदेशः समानाम् १/१०** ન્યાયાનુસારે તે બંને વચ્ચે અનુક્રમની પ્રાપ્તિ થાય છે.

न्यभ्युप-वेर्वाश्चोत् ५.३.४२

અ.અ.સૂ. : न्यभ्युप-वेः ह्वेः धातोः भावा-ऽकर्त्रोः अल् वाः च उत्।

અર્થ : નિ, અભિ, ઉપ અને વિ ઉપસર્ગથી પર રહેલ હ્વે ધાતુથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં અલ્ પ્રત્યય થાય છે. અને તેનાં યોગમાં વા તે उ રૂપે થાય છે.

સ. : न्यभ्युप-वेः = निश्च अभिश्च उपश्च विश्चेति न्यभ्युपवि, तस्मादिति।

ઉદા. (૧) **निहवः** = લડવા માટે બોલાવવું.
निह्वानमिति। (ह्वेंग् स्पर्धा०-૯૯૪)

आत् सन्ध्य०४.२.१थी ए नो आ→नि+**ह्वा**
आ सूत्रथी अल् अने वा नो उ→नि+**हु**+**अ**
नामिनो गुणो०४.३.१थी गुण→नि+**हो**+अ
ओदौतोऽ०१.२.२३थी अव्→नि**हव**
प्रथमा सि वगेरे→निहवः।

(२) **अभिहवः** = બોલાવવું. अभिह्वानमिति।

(૩) **उपहवः** = પાસે બોલાવવું. उपह्वानमिति।

(४) **विहवः** = બોલાવવું. विह्वानमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(१) સૂત્રમાં 'वा ते उ રૂપે થાય છે.' એ પ્રમાણે અભેદ નિર્દેશ સંપૂર્ણ वा નો उ કરવા માટે છે. અન્યથા षष्ठ्यान्त्यस्य ७.४.१०६ પરિભાષાનુસારે અન્ત્ય आ નો જ उ થવાની આપત્તિ આવે.

(२) અહીં न्यभ्युपवे ह्वो हवः એ પ્રમાણે નિપાતન સૂત્રનો જ નિર્દેશ કર્યો હોત તો अल् પ્રત્યય અને તેનાં સંનિયોગમાં वा નો उ એમ બે કાર્યનો નિર્દેશ કરવાની આવશ્યકતા રહેતી નથી. પરંતુ જો તેમ કરવામાં આવે તો **प्रकृतिग्रहणे यङ्लुबन्तस्यापि ग्रहणम् १/१७** ન્યાયાનુસારે यङ्लुबन्त પ્રકૃતિનું પણ નિપાતન થતાં यङ्लुबन्त માં विहवः એવું અનિષ્ટ રૂપ થવાની આપત્તિ આવે. તેનું વારણ કરવા માટે અહીં અનિપાતન પ્રયોગ દર્શાવેલ છે. यद्यपि यङ्लुबन्त માં પણ **प्रकृतिग्रहणे० १/१७** ન્યાયાનુસારે આ સૂત્રથી अल् પ્રત્યય તો થશે જ. પરંતુ ण्वृत् આદિ કાર્ય થયા બાદ विजोहु+अल् અવસ્થામાં वा ઉપસ્થિત ન

હોવાથી उ કાર્ય થશે નહીં. અને विजोहवः એવો ઇષ્ટ પ્રયોગ પ્રાપ્ત થાય છે.

જિ. : આ સૂત્રમાં હ્વે ધાતુનાં વાનો उ કરી हु ધાતુ બનાવી निहवः જેવા પ્રયોગોની સિદ્ધિ દર્શાવી છે. જે हुंक्-११३० ધાતુથી જ સિદ્ધ હતો. તો આ સૂત્રમાં વાનાં उનું વિધાન શા માટે કર્યું ?

સમા. : જો આ સૂત્રમાં વાનાં उનો નિર્દેશ ન કરવામાં આવે તો अल् પ્રત્યય પર છતાં હ્વા ધાતુનું વાનાં ऊ વિનાનો અનિષ્ટ પ્રયોગ થવાની આપત્તિ આવે. તેનું વારણ કરવા માટે આ સૂત્રમાં વાનાં उનું વિધાન કરેલ છે.

आङो युद्धे ५.३.४३

અ.અ.સૂ. : **आङः ह्वः धातोः युद्धे भावा-ऽकर्त्रोः अल्, वाः च उत्।**

અર્થ : आङ् ઉપસર્ગથી પર રહેલાં હ્વે ધાતુથી યુદ્ધ અર્થ હોતે છતે ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં अल् પ્રત્યય થાય છે. અને તેનાં યોગમાં વાનો उ થાય છે.

ઉદા. आह्वो युद्धम् = યુદ્ધ.
आहूयते योद्धारोऽस्मिन्निति। (ह्वेंग् स्पर्धा०९९४)
भावा-ऽकर्त्रोः ५.३.१८થી घञ्→आ+ह्वे+**अ**
आत् सन्ध्य०४.२.१થી એનો आ→आ+**ह्वा**+अ
आत ऐः कृञ्औ ४.३.५३થી આનો ऐ→आ+**ह्वै**+अ
एदैतोऽ०१.२.२३થી आय्→**आह्वाय**
પ્રથમા સિ વગેરે→आह्वायः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ યુદ્ધ અર્થ હોતે છતે થાય છે. જ્યારે અહીં યુદ્ધ અર્થ નથી. માટે આ સૂત્રથી अल् પ્રત્યય થયો નહીં.

आहावो निपानम् ५.३.४४

અ.અ.સૂ. : निपानम् आहावः ।

અર્થ : પશુ વગેરેને પાણી પીવા માટે બનાવેલ જલાધાર = **निपान**. તે અર્થમાં आङ् ઉપસર્ગ પૂર્વક હ્વે ધાતુથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં अल् પ્રત્યય અને आहाव् આદેશ નિપાતન પામે છે.

ઉદા. आहावो वीनाम् = પક્ષીઓનું પાણી પીવાનું સ્થાન.
आहूयन्ते पशवः पानायास्मिन्निति। (ह्वेंग् स्पर्धा०-९९४)
આ સૂત્રથી अल् અને आहाव् આદેશ→**आहाव्+अ**
પ્રથમા सि વગેરે→आहावः।

भावेऽनुपसर्गात् ५.३.४५

અ.અ.સૂ. : अनुपसर्गात् ह्वः धातोः भावे अल्, वाः च उः ।

અર્થ : ઉપસર્ગ રહિત હ્વે ધાતુથી ભાવ અર્થમાં अल् પ્રત્યય થાય છે. અને તેનાં યોગમાં वा તે उ રૂપે થાય છે.

સ. : अनुपसर्गात् = न विद्यते उपसर्गो यस्य स इति अनुपसर्गः, तस्मादिति।

ઉદા. ह्वः = બોલાવવું. ह्वानमिति। (ह्वेंग् स्पर्धा०९९४)
આ ઉદા.ની સાધનિકા ૫.૩.૪૨ પ્રમાણે જાણવી. પરંતુ अल् પ્રત્યય આદિ કાર્યો આ સૂત્રથી કરવા.

પ્ર.ઉદા.(૧) भाव इति किम् ? व्याप्ये ह्वायः = બોલાવેલો.
हूयते इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ભાવ અર્થમાં થાય છે. જ્યારે અહીં કર્મ અર્થ હોવાથી આ સૂત્રથી अल् થયો નહીં.

(૨) **अनुपसर्गादिति किम् ? आह्वायः** = બોલાવવું.
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉપસર્ગ રહિત હ્વે ધાતુથી થાય છે. જ્યારે અહીં ઉપસર્ગ સહિત હ્વે ધાતુ છે. માટે આ સૂત્રથી अल् પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

યદ્યપિ પૂર્વસૂત્રથી भावा-ऽकर्त्रोः નો અધિકાર આવતો હોવાથી આ સૂત્રની પ્રવૃત્તિ ભાવમાં થવાની જ હતી. પરંતુ **सन्नियोगशिष्टानामेकापायेऽन्यतरयाप्यऽपायः १/३०** ન્યાયાનુસારે अकर्त्रोः પણ અનુવૃત્તિ આવતી હતી. તેનો અધિકાર અટકાવવા માટે સૂત્રમાં भावे પદનું પુનઃ ગ્રહણ કર્યું છે.

हनो वा वध् च ५.३.४६

અ.અ.સૂ. : अनुपसर्गात् हनः धातोः भावे अल् वा, हनः च वध्।

અર્થ : ઉપસર્ગ રહિત એવા हन् ધાતુથી ભાવ અર્થમાં अल् પ્રત્યય વિકલ્પે થાય છે અને તેનાં યોગમાં हन् ધાતુનો वध् આદેશ થાય છે.

ઉદા. वधः/घातः = હણવું. हननमिति। (हनंक् हिंसा०-११००)
આ સૂત્રથી अल्→हन्+**अ**
અને वध् આદેશ→**वध**
પ્રથમા सि વગેરે→वधः।
વિકલ્પે : જ્યારે अल् ન થાય ત્યારે,
भावा-ऽकर्त्रोः ૫.૩.૧૮થી घञ्→हन्+**अ**
ञ्णिति घात् ૪.૩.૧૦૦થી घात्→**घात**
પ્રથમા सि વગેરે→घातः।

व्यध-जप-मद्भ्यः ५.३.४७

અ.અ.સૂ. : अनुपसर्गोभ्यः व्यध-जप-मद्भ्यः धातुभ्यः भावा-ऽकर्त्रोः अल्।

અર્થ : ઉપસર્ગ રહિત એવા व्यध्, जप् અને मद् ધાતુઓથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં अल् પ્રત્યય થાય છે.

સ. : व्यध-जप-मद्भ्यः = व्यधश्च जपश्च मद् चेति व्यध-जप-मदः, तेभ्य इति।

ઉદા. (૧) **व्यधः** = તાડન કરવું. व्यधनमिति। (व्यधंच् ताडने-११५७)
આ સૂત્રથી अल्→व्यध्+**अ**
પ્રથમા सि વગેરે→व्यधः।

(૨) **जपः** = જાપ કરવો. जपनमिति। (जप मानसे च-३३८)

(૩) **मदः** = અહંકાર. मदनमिति। (मदैच् हर्षे-१२३६)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

સૂત્રમાં **मद्भ्यः** એ પ્રમાણે બ.વ.નો નિર્દેશ કર્યો હોવાથી પૂર્વસૂત્રથી આવતો भावे નો અધિકાર અટકી જાય છે. અને તેની પૂર્વેથી આવતા भावा-ऽकर्त्रोः નાં અધિકારને **अपेक्षातोऽधिकारः १/१२** ન્યાયાનુસારે ગ્રહણ કરવામાં આવે છે. તેથી આ સૂત્રની પ્રવૃત્તિ માત્ર ભાવમાં ન થતાં કર્તૃ સિવાયનાં કારકમાં પણ થશે.

नवा क्वण-यम-हस-स्वनः ५.३.४८

અ.અ.સૂ. : अनुपसर्गात् क्वण-यम-हस-स्वनः धातोः भावा-ऽकर्त्रोः अल् नवा।

અર્થ : ઉપસર્ગ રહિત એવા क्वण्, यम्, हस् અને स्वन् ધાતુથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં अल् પ્રત્યય વિકલ્પે થાય છે.

સ. : **क्वण-यम-हस-स्वनः** = क्वणश्च यमश्च हसश्च स्वन् चेति क्वण-यम-हस-स्वन्, तस्मादिति।

ઉદા. (૧) **क्वणः/क्वाणः** = કણકણ અવાજ. (क्वण શબ્દે-૨૭૧)
આ સૂત્રથી અલ્→क्वण्+**अ**
પ્રથમા સિ વગેરે→**क्वणः**।
વિકલ્પે : જ્યારે અલ્ ન થાય ત્યારે,
भावा-ऽकर्त्रोः ૫.૩.૧૮થી घञ्→क्वण्+**अ**
ञ्णिति ૪.૩.૫૦થી વૃદ્ધિ→**क्वाण**
પ્રથમા સિ વગેરે→**क्वाणः**।

(૨) **यमः/यामः** = નિગ્રહ. यमनमिति। (यमूं उपरमे-૩૮૬)

(૩) **हसः/हासः** = હસવું. हसनमिति। (हसे हसने-૫૪૫)

(૪) **स्वनः/स्वानः** = અવાજ. स्वननमिति। (स्वन शब्दे-૩૨૭)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

ઉપસર્ગ રહિત એવા क्वण् વગેરે ધાતુથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં अल्ની પ્રાપ્તિ ન હતી. તેની વિકલ્પે પ્રાપ્તિ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

आङो रु-प्लोः ૫.૩.૪૯

અ.અ.સૂ. : आङः रु-प्लोः धातोः भावा-कर्त्रोः अल् नवा।

અર્થ : આङ् ઉપસર્ગથી પર રહેલ રુ અને પ્લુ ધાતુથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં अल् પ્રત્યય વિકલ્પે થાય છે.

સ. : **रु-प्लोः** = रुश्च प्लुश्चेति रुप्लु, तस्मादिति।

ઉદા. (૧) **आरवः/आरावः** = અવાજ.
आरवणमिति। (रुं शब्दे-૧૦૮૫)

(૨) **आप्लवः/आप्लावः** = ઊછળવું.
आप्लवनमिति। (प्लुङ् गतौ-५९८)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ अल्નું વિધાન આ સૂત્રથી કરવું.

વિશેષતા :

આ સૂત્ર નિર્દિષ્ટ રુ ધાતુથી रोरुपसर्गात्०५.३.२२ સૂત્ર દ્વારા घञ्ની પ્રાપ્તિ હતી અને प्लु ધાતુથી उ वर्णान्ततया युवर्ण-वृ०५.३.२८ સૂત્ર દ્વારા નિત્ય अल्ની પ્રાપ્તિ હતી. તે બંનેનો બાધ કરીને વિકલ્પે अल् કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

वर्षविघ्नेऽवाद् ग्रहः ५.३.५०

અ.અ.સૂ. : अवात् ग्रहः धातोः वर्षविघ्ने भावा-ऽकर्त्रोः अल् नवा।

અર્થ : अव ઉપસર્ગપૂર્વક ગ્રહ્ ધાતુથી વર્ષાનો વિઘ્ન અર્થ હોતે છતે ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં अल् પ્રત્યય વિકલ્પે થાય છે.

સ. : वर्षविघ्ने = वर्षस्य विघ्नमिति वर्षविघ्नम्, तस्मिन्निति।

ઉદા. अवग्रहः/अवग्राहः = વરસાદનું વિઘ્ન.
अवग्रहणमिति। (ग्रहीश् उपादाने-१५१७)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ अल्નું વિધાન આ સૂત્રથી કરવું.

પ્ર.ઉદા. वर्षविघ्ने इति किम् ? अवग्रहोऽर्थस्य = અર્થાવગ્રહ સ્વરૂપ મતિજ્ઞાન.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ अल्નું વિધાન આ સૂત્રથી કરવું.

★ આ સૂત્રની પ્રવૃત્તિ વર્ષાનો વિઘ્ન અર્થ જણાતે છતે થાય છે. પરંતુ અહીં વર્ષાનો વિઘ્ન અર્થ જણાતો નથી. માટે આ સૂત્રથી અલ્ પ્રત્યય વિકલ્પે થયો નહીં.

વિશેષતા :

સૂત્ર નિર્દિષ્ટ ગ્રહ્ ધાતુથી યુવર્ણ-વૃ૦૫.૩.૨૮ સૂત્ર દ્વારા નિત્ય અલ્ની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી વિકલ્પ પક્ષે ઘઞ્ કરવા આ સૂત્રનો નિર્દેશ છે.

प्राद् रश्मि-तुलासूत्रे ५.३.५१

અ.અ.સૂ. : प्रात् ग्रहः धातोः रश्मि-तुलासूत्रे भावा-ऽकर्त्रोः अल् नवा।

અર્થ : પ્ર ઉપસર્ગપૂર્વક ગ્રહ્ ધાતુથી કિરણ અને તરાજુની દોરી અર્થ જણાતે છતે ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં અલ્ પ્રત્યય વિકલ્પે થાય છે.

સ. : रश्मि-तुलासूत्रे = रश्मिश्च तुलासूत्रं चेति रश्मि-तुलासूत्रम्, तस्मिन्निति।

ઉદા. (૧) **प्रग्रहः/प्रग्राहः** = કિરણ અને તરાજુની દોરી.
प्रगृह्यते इति। (ग्रहीश् उपादाने-१५१७)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ અલ્નું વિધાન આ સૂત્રથી કરવું.

वृगो वस्त्रे ५.३.५२

અ.અ.સૂ. : प्रात् वृगः धातोः वस्त्रे भावा-ऽकर्त्रोः अल् नवा।

અર્થ : પ્ર ઉપસર્ગ પૂર્વક વૃ ધાતુથી વસ્ત્ર વિશેષ અર્થ જણાતે છતે ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં અલ્ પ્રત્યય વિકલ્પે થાય છે.

ઉદા. **प्रवरः/प्रावारः** = વસ્ત્રવિશેષ.

प्रवृण्वन्ति तमिति। (वृगृट् वरणे-१२९४)

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ अल् પ્રત્યયનું વિધાન આ સૂત્રથી કરવું.

પ્ર.ઉદા. **वस्त्र इति किम्? प्रवरो यतिः** = શ્રેષ્ઠ સાધુ. प्रवरणमिति। આ ઉદા.ની સાધનિકા ૫.૩.૨૮ નિર્દિષ્ટ **वरः** પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ વસ્ત્ર વિશેષ અર્થ જણાતે છતે થાય છે. જ્યારે અહીં વસ્ત્ર વિશેષ અર્થ નથી. માટે આ સૂત્રથી अल् વિકલ્પે થયો નહીં.

વિશેષતા :

(૧) સૂત્રમાં **वृगः** એ પ્રમાણે ગ્ અનુબંધ સહિત વૃ ધાતુનો નિર્દેશ હોવાથી वृङ्श्-१५६७ ધાતુથી આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી. પણ वृगट्-१२९४ ધાતુથી જ થાય છે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો પ્ર+આઙ્ પૂર્વક જ વૃ ધાતુને વસ્ત્ર વિશેષ અર્થમાં માને છે. તેથી તેઓનાં મતે **प्रावरः/प्रावारः** જેવાં પ્રયોગો થાય છે.

उदः श्रेः ५.३.५३

અ.અ.સૂ. : उदः श्रेः धातोः भावा-ऽकर्त्रोः अल् नवा।

અર્થ : उद् ઉપસર્ગથી પર રહેલ શ્રિ ધાતુથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં अल् પ્રત્યય વિકલ્પે થાય છે.

ઉદા. **उच्छ्रयः/उच्छ्रायः** = ઊંચાઈ.

उच्छ्रयणमिति। (श्रिग् सेवायाम्-८८३)

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ અલ્ પ્રત્યયનું વિધાન આ સૂત્રથી કરવું.

વિશેષતા :

સૂત્રનિર્દિષ્ટ શ્રિ ધાતુથી ઇ વર્ણાન્તતયા યુવર્ણ-વૃ૦૫.૩.૨૮ સૂત્ર દ્વારા નિત્ય અલ્ની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી વિકલ્પે અલ્ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

યુ-પૂ-દ્રોર્ઘઞ્ ૫.૩.૫૪

અ.અ.સૂ. : યુ-પૂ-દ્રોઃ ધાતોઃ ભાવા-ઽકર્ત્રોઃ ઘઞ્।

અર્થ : ઉદ્ ઉપસર્ગથી પર રહેલાં યુ, પૂ અને દ્રુ ધાતુથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં ઘઞ્ પ્રત્યય થાય છે.

સ. : યુ-પૂ-દ્રોઃ = युश्च पूश्च द्रुश्चेति युपूद्रु, तस्मादिति।

ઉદા. (૧) ઉદ્યાવઃ = ઊંચે જવું. उद्यवनमिति। (युक् मिश्रणे-१०८०)
આ સૂત્રથી ઘઞ્→उद्+यु+**अ**
नामिनोऽ०४.३.५१थी वृद्धि→उद्+**यौ**+अ
ओदौतोऽ०१.२.२४थी आव्→**उद्याव**
प्रथमा सि वगेरे→उद्यावः।

(૨) **ઉત્પાવઃ** = ઊડાડવું. उत्पवनमिति। (पूग्श् पवने-१५१८)

(૩) **ઉદ્દ્રાવઃ** = ઊંચે જવું. उद्द्रवणमिति। (द्रुं गतौ-१३)

વિશેષતા :

(૧) પૂર્વસૂત્રથી આ સૂત્રનો પૃથક્ નિર્દેશ કર્યો, તેથી નવા નો અધિકાર અહીં વિરામ પામે છે.

(૨) અહીં સૂત્રનિર્દિષ્ટ યુ વગેરે ધાતુઓ ઉવર્ણાન્ત હોવાથી યુવર્ણ-વૃ૦૫.૩.૨૮ સૂત્રથી અલ્ પ્રત્યયની પ્રાપ્તિ હતી.

તેનો બાધ કરી આ સૂત્રથી ઘञ્નો નિર્દેશ છે, માટે આ ઘञ્નું વિધાન अल्નાં અપવાદ સ્વરૂપ જાણવું.

ग्रहः ૫.૩.૫૫

અ.અ.સૂ. : उदः ग्रहः धातोः भावा-ऽकर्त्रोः घञ्।

અર્થ : उद् ઉપસર્ગથી પર રહેલાં ग्रह् ધાતુથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં घञ् પ્રત્યય થાય છે.

ઉદા. **उद्ग्राहः** = વિશ્વાસ રાખવો. उद्ग्रहणमिति।
(ग्रहीश् उपादाने-૧૫૧૭)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ ઘञ્નું વિધાન આ સૂત્રથી કરવું.

વિશેષતા :

પૂર્વની જેમ આ સૂત્ર પણ युवर्ण-वृ०૫.૩.૨૮થી થતાં अल्નાં અપવાદ રૂપ જાણવું.

न्यवाच्छापे ૫.૩.૫૬

અ.અ.સૂ. : न्यवात् ग्रहः धातोः शापे भावा-ऽकर्त्रोः घञ्।

અર્થ : नि અને अव ઉપસર્ગથી પર રહેલાં ग्रह् ધાતુથી શાપ અર્થ જણાતે છતે ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં घञ् પ્રત્યય થાય છે.

સ. : न्यवात् = निश्च अवश्चेति न्यवम्, तस्मादिति।

ઉદા. (૧) **निग्राहः/अवग्राहो वा ते जाल्म ! भूयात्** = હે જાલ્મ ! તારો નિગ્રહ થાય/તારો પરાભવ થાય.
निग्रहणम्/अवग्रहणम् इति। (ग्रहीश् उपादाने-૧૫૧૭)

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ घञ्નું વિધાન આ સૂત્રથી કરવું.

પ્ર.ઉદા. **शाप इति किम्? निग्रहश्चौरस्य** = ચોરની શિક્ષા.
આ ઉદા.ની સાધનિકા ૫.૩.૫૧ પ્રમાણે જાણવી. પરંતુ અહીં યુવર્ણ-વૃ०૫.૩.૨૮થી अल्નું વિધાન કરવું.

★ આ સૂત્રની પ્રવૃત્તિ શાપ અર્થ જણાતે છતે થાય છે. જ્યારે અહીં શાપ અર્થ જણાતો નથી. માટે આ સૂત્રથી घञ् પ્રત્યય થયો નહીં.

प्राल्लिप्सायाम् ૫.૩.૫૭

અ.અ.સૂ. : **लिप्सायां प्रात् ग्रहः धातोः भावा-ऽकर्त्रोः घञ्।**

અર્થ : પ્ર ઉપસર્ગપૂર્વક ગ્રહ્ ધાતુથી લિપ્સા અર્થ જણાતે છતે ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં घञ् પ્રત્યય થાય છે.

ઉદા. **पात्रप्रग्राहेण चरति पिण्डपातार्थी भिक्षुः** = આહાર મેળવવા માટે ઇચ્છતો સંન્યાસી પાત્રને ગ્રહણ કરવા વડે ફરે છે. प्रग्रहणमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ घञ्નું વિધાન આ સૂત્રથી કરવું.

પ્ર.ઉદા. **लिप्सायामिति किम्? स्रुवः प्रग्राहः** =
શિષ્યનાં યજ્ઞપાત્રનું ગ્રહણ કરવું.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ યુ-વર્ણ-વૃ०૫.૩.૨૮થી अल्નું વિધાન કરવું.

★ આ સૂત્રની પ્રવૃત્તિ લિપ્સા અર્થ જણાતે છતે થાય છે. જ્યારે અહીં લિપ્સા અર્થ જણાતો નથી. માટે આ સૂત્રથી घञ् થયો નહીં.

समो मुष्टौ ५.३.५८

अ.अ.सू. : समः ग्रहः धातोः मुष्टौ भावा-ऽकर्त्रोः घञ्।

अर्थ : सम् ઉપસર્ગથી પર રહેલાં ગ્રહ્ ધાતુથી મુષ્ટિ વિષયવાળો ધાત્વર્થ હોતે છતે ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં ઘઞ્ પ્રત્યય થાય છે.

ઉદા. **संग्राहो मल्लस्य** = મલ્લની મુષ્ટિની દૃઢતા.
संग्रहणमिति। (ग्रहीश् उपादाने-१५१७)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ ઘઞ્નું વિધાન આ સૂત્રથી કરવું.

પ્ર.ઉદા. **मुष्टाविति किम्? संग्रहः शिष्यस्य** = શિષ્યને ગ્રહણ કરવા.
આ ઉદા.ની સાધનિકા પૂર્વનિર્દિષ્ટ **प्रग्रहः** પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ મુષ્ટિવિષયવાળાં ધાત્વર્થમાં થાય છે. જ્યારે અહીં ધાત્વર્થ સ્વીકાર છે. મુષ્ટિ વિષયવાળો નથી. માટે આ સૂત્રથી ઘઞ્ થયો નહીં.

વિશેષતા :

અહીં સૂત્રમાં મુષ્ટૌ એ પ્રમાણે જે નિર્દેશ છે. તેનાથી માત્ર અંગુલિ સંનિવેશ રૂપ અર્થાત્ આંગળીઓનું ભેગા થવું એ રૂપ મુઠ્ઠીની દૃઢતા અભિપ્રેત છે. પણ એક મુઠ્ઠી, બે મુઠ્ઠી એ પ્રમાણે પરિમાણ નહીં. કારણકે પરિમાણ અર્થમાં તો આગામી માને ૫.૩.૮૧ સૂત્રથી જ ઘઞ્ પ્રત્યય સિદ્ધ છે.

यु-दु-द्रोः ५.३.५९

અ.અ.સૂ. : समः यु-दु-द्रोः धातोः भावा-ऽकर्त्रोः घञ्।

અર્થ : સમ્ ઉપસર્ગથી પર રહેલાં યુ, દુ અને દ્રુ ધાતુઓથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં ઘઞ્ પ્રત્યય થાય છે.

સ. : **यु-दु-द्रोः** = युश्च दुश्च द्रुश्चेति यु-दु-द्रु, तस्मादिति।

ઉદા. (૧) **संयावः** = સારી રીતે મેળવવું. संयवनमिति। (युक् मिश्रणे-१०८०)

(૨) **संदावः** = સારી રીતે પીગળવું. संदवनमिति। (दुं गतौ-१२)

(૩) **संद्रावः** = સારી રીતે પીગળવું. संद्रवणमिति। (द्रुं गतौ-१३)

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ घञ्નું વિધાન આ સૂત્રથી કરવું.

नियश्चाऽनुपसर्गाद् वा ५.३.६०

અ.અ.સૂ. : **अनुपसर्गात् नियः च (यु-दु-द्रोः) धातोः भावा-ऽकर्त्रोः घञ् वा।**

અર્થ : અનુપસર્ગ એવા ની, યુ, દુ અને દ્રુ ધાતુથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં घञ् પ્રત્યય વિકલ્પે થાય છે.

સ. : **अनुपसर्गात्** = न विद्यते उपसर्गो यस्य स इति अनुपसर्गम्, तस्मादिति।

ઉદા. (૧) **नायः/नयः** = લઈ જવું. नयनमिति। (णींग् प्रापणे-८८४)

આ સૂત્રથી घञ्→नी+**अ**

પૂર્વપ્રમાણે વૃદ્ધિ વગેરે→**नायः**।

વિકલ્પે : જ્યારે घञ् ન થાય ત્યારે,

युवर्ण-वृ० ५.३.२८थी अल्→नी+**अ**

ગુણ વગેરે થતાં→**नयः**।

(૨) **यावः/यवः** = મેળવવું. यवनमिति। (युक् मिश्रणे-१०८०)

(૩) **दावः/दवः** = પીગળવું. दवनमिति। (दुं गतौ-१२)

(૪) **द्रावः/द्रवः** = પીગળવું. द्रवणमिति। (द्रुं गतौ-१३)

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **अनुपसर्गादिति किम् ? प्रणयः** = પ્રેમ. પ્રનયનમિતિ।
આ ઉદા.ની સાધનિકા नयः પ્રમાણે જાણવી. પરંતુ અદુરુપસર્ગા૦ ૨.૩.૭૭થી ન્નો ણ્ કરવો.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉપસર્ગરહિત ની ધાતુથી થાય છે. જ્યારે અહીં પ્ર ઉપસર્ગપૂર્વક ની ધાતુ છે. માટે આ સૂત્રથી ઘઞ્ પ્રત્યય વિકલ્પે થયો નહીં.

વિશેષતા :

યદ્યપિ સૂત્રમાં नियः પદનું ગ્રહણ કર્યું હોવાથી પૂર્વસૂત્રથી આવતો યુ-દુ-દ્રોઃ નો અધિકાર અટકી જવો જોઈએ. પરંતુ સૂત્રગત ચકાર દ્વારા **चकारो यस्मात्पर० ૨/૬૧** ન્યાયાનુસારે नियः ને ધાતુતયા સજાતીય પૂર્વસૂત્રથી ધાતુદર્શક એવા યુ-દુ-દ્રોઃ પદનું ગ્રહણ કરવામાં આવે છે.

वोदः ૫.૩.૬૧

અ.અ.સૂ. : उदः नियः धातोः भावा-ऽकर्त्रोः घञ् वा।

અર્થ : ઉદ્ ઉપસર્ગપૂર્વક ની ધાતુથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં ઘઞ્ પ્રત્યય વિકલ્પે થાય છે.

ઉદા. **उन्नायः/उन्नयः** = ઊંચું કરવું. उन्नयनमिति। (णींग् प्रापणे-૮૮૪)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ ઘઞ્નું વિધાન આ સૂત્રથી કરવું.

अवात् ૫.૩.૬૨

અ.અ.સૂ. : अवात् नियः धातोः भावा-ऽकर्त्रोः घञ्।

અર્થ : અવ ઉપસર્ગથી પર રહેલ ની ધાતુથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં ઘઞ્ પ્રત્યય થાય છે.

ઉદા. **अवनायः** = નીચે લઈ જવું. अवनयनमिति। (णींग् प्रापणे-८८४)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ घञ્નું વિધાન આ સૂત્રથી કરવું.

परेर्द्यूते ५.३.६३

અ.અ.સૂ. : **परेः द्यूते नियः धातोः भावा-ऽकर्त्रोः घञ्।**

અર્થ : દ્યૂતનાં વિષયમાં વર્ત્તતાં પરિ ઉપસર્ગપૂર્વક ની ધાતુથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં घञ् પ્રત્યય થાય છે.

ઉદા. **परिणायेन शारीन् हन्ति** = બધે પાસા પડે એ રીતે ફેંકે છે. (णींग् प्रापणे-८८४)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ घञ્નું વિધાન આ સૂત્રથી કરવું.

પ્ર.ઉદા. **द्यूत इति किम् ? परिणयोऽस्याः** = આનો પતિ.

★ આ સૂત્રની પ્રવૃત્તિ દ્યૂત વિષયમાં વર્ત્તતાં ધાતુથી થાય છે. જ્યારે અહીં દ્યૂતનો વિષય નથી. માટે આ સૂત્રથી घञ् ન થતાં युवर्ण-वृ०५.३.२८થી अल् થયેલ છે.

भुवोऽवज्ञाने वा ५.३.६४

અ.અ.સૂ. : **अवज्ञाने परेः भुवः धातोः भावा-ऽकर्त्रोः घञ् वा।**

અર્થ : અવજ્ઞાન (તિરસ્કાર) અર્થમાં વર્ત્તતાં પરિ ઉપસર્ગપૂર્વક भू ધાતુથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં घञ् પ્રત્યય વિકલ્પે થાય છે.

ઉદા. **परिभावः/परिभवः** = તિરસ્કાર. (भू सत्तायाम्-१)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ घञ् પ્રત્યયનું આ સૂત્રથી વિકલ્પે વિધાન કરવું.

પ્ર.ઉદા. **अवज्ञान इति किम् ? समन्ताद् भूतिरिति परिभवः** =
ચારે બાજુથી આબાદી.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ અવજ્ઞાન અર્થમાં વર્ત્તતાં भू ધાતુથી થાય છે. જ્યારે અહીં અવજ્ઞાન અર્થ જણાતો નથી. માટે આ સૂત્રથી घञ् પ્રત્યય વિકલ્પે થયો નહીં.

यज्ञे ग्रहः ५.३.६५

અ.અ.સૂ. : परेः ग्रहः धातोः यज्ञे भावा-ऽकर्त्रोः घञ्।

અર્થ : પરિ ઉપસર્ગપૂર્વક ગ્રહ્ ધાતુથી યજ્ઞનો વિષય હોતે છતે ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં घञ् પ્રત્યય થાય છે.

ઉદા. पूर्वपरिग्राहः = યજ્ઞવિશેષ.
परिग्रहणमिति। (ग्रहीश् उपादाने-१५१७)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ घञ्નું વિધાન આ સૂત્રથી કરવું.

પ્ર.ઉદા. **यज्ञ इति किम् ? परिग्रहोऽर्थस्य** = ધનનો સ્વીકાર.
આ ઉદા.ની સાધનિકા પૂર્વનિર્દિષ્ટ प्रग्रहः પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ યજ્ઞનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં યજ્ઞનો વિષય નથી. માટે આ સૂત્રથી घञ् થયો નહીં.

संस्तोः ५.३.६६

અ.અ.સૂ. : संस्तोः धातोः यज्ञे भावा-ऽकर्त्रोः घञ्।

અર્થ : सम् પૂર્વક स्तु ધાતુથી યજ્ઞનો વિષય હોતે છતે ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં घञ् પ્રત્યય થાય છે.

સ. : संस्तोः = सम्पूर्वः स्तुरिति संस्तु, तस्मादिति।

ઉદા. **संस्तावः छन्दोगानम्** = યજ્ઞ માટે મંત્રોચ્ચાર કરનારાઓનું સ્થાન. संस्तवनमिति। (ष्टुंग्क् स्तुतौ-११२४)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ घञ्નું વિધાન આ સૂત્રથી કરવું.

प्रात् स्तु-द्रु-स्तोः ५.३.६७

અ.અ.સૂ. : प्रात् स्तु-द्रु-स्तोः धातोः भावा-ऽकर्त्रोः घञ्।

અર્થ : પ્ર ઉપસર્ગથી પર રહેલાં સ્તુ, દ્રુ અને સ્તુ ધાતુથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં घञ् પ્રત્યય થાય છે.

સ. : स्तु-द्रु-स्तोः = स्तुश्च द्रुश्च स्तुश्चेति स्तु-द्रु-स्तु, तस्मादिति।

ઉદા. (૧) **प्रस्तावः** = ઝરવું. प्रस्रवणमिति। (स्रुं गतौ-१५)

(૨) **प्रद्रावः** = ભાગી જવું. प्रद्रवणमिति। (द्रुं गतौ-१३)

(૩) **प्रस्तावः** = પ્રસંગ. प्रस्तवनमिति। (ष्टुंग्क् स्तुतौ-११२४)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ घञ् પ્રત્યયનું વિધાન આ સૂત્રથી કરવું.

વિશેષતા :

અહીં ધ્યાનમાં લેવું કે, પ્ર ઉપસર્ગ રહિત સ્તુ વગેરે ધાતુઓને उ वर्णान्ततया युवर्ण-वृ०५.३.२८थी अल् પ્રત્યય થાય છે. પરંતુ बहुलम् ५.१.२थी આવતાં બહુલતાનાં કારણે स्तावः એ પ્રમાણે ઉપસર્ગ રહિત સ્તુ ધાતુથી घञ् પ્રત્યય પણ થાય છે.

अयज्ञे स्त्रः ५.३.६८

અ.અ.સૂ. : प्रात् स्त्रः धातोः भावा-ऽकर्त्रोः घञ्, अयज्ञे।

અર્થ : પ્ર ઉપસર્ગપૂર્વક સ્તૃ ધાતુથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં घञ् પ્રત્યય થાય છે. જો યજ્ઞનો વિષય ન હોય તો.

સ. : **अयज्ञे** = न यज्ञमिति अयज्ञम्, तस्मिन्निति।

ઉદા. **प्रस्तारः** = રચના વિશેષ.
प्रस्तीर्यते इति। (स्तृग्श् आच्छादने-१५२१)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ घञ् પ્રત્યય આ સૂત્રથી કરવો.

પ્ર.ઉદા. **अयज्ञ इति किम् ? बर्हिष्प्रस्तरः** =
યજ્ઞ સંબંધી દર્ભની શય્યા.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ યુ-વર્ણ-વૃ૦૫.૩.૨૮થી अल् પ્રત્યયનું વિધાન કરવું.
★ આ સૂત્રની પ્રવૃત્તિ યજ્ઞ સિવાયનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં યજ્ઞનો વિષય છે. માટે આ સૂત્રથી घञ् થયો નહીં.

वेरशब्दे प्रथने ૫.૩.૬૯

અ.અ.સૂ. : **वेः स्त्रः धातोः अशब्दे प्रथने भावा-ऽकर्त्रोः घञ्।**

અર્થ : વિ ઉપસર્ગપૂર્વક स्तृ ધાતુથી શબ્દ સિવાયનાં વિષયવાળો વિસ્તાર અર્થ જણાતે છતે ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં घञ् પ્રત્યય થાય છે.

સ. : **अशब्दे** = न शब्द इति अशब्दम्, तस्मिन्निति।

ઉદા. **विस्तारः पटस्य** = પટનો વિસ્તાર.
विस्तरणमिति। (स्तृग्श् आच्छा०-१५२१)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ घञ्નું વિધાન આ સૂત્રથી કરવું.

પ્ર.ઉદા.(૧) **प्रथन इति किम् ? तृणस्य विस्तरः** =
ઘાસનું આચ્છાદન. विस्तरणमिति।
આ ઉદા.ની સાધનિકા प्रस्तरः પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ પ્રથન અર્થ (વિસ્તાર) જણાતે છતે થાય છે. જ્યારે અહીં વિસ્તાર અર્થ નથી. માટે આ સૂત્રથી ઘઞ્ પ્રત્યય થયો નહીં.

(૨) **अशब्द इति किम् ? वाक्यविस्तरः** = વાક્યનો વિસ્તાર.

★ આ સૂત્રમાં શબ્દનાં વિસ્તારનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી ઘઞ્ થયો નહીં.

छन्दोनाम्नि ૫.૩.૭૦

અ.અ.સૂ. : वेः स्त्रः धातोः छन्दोनाम्नि घञ्।

અર્થ : વિ ઉપસર્ગપૂર્વક સ્તૃ ધાતુથી ગાયત્રી વગેરે છંદોનાં પદોની સંજ્ઞાનો વિષય હોતે છતે ઘઞ્ પ્રત્યય થાય છે.

સ. : छन्दोनाम्नि = छन्दसां नाम इति छन्दोनाम, तस्मिन्निति।

ઉદા. विष्टारपङ्क्तिः = છંદ વિશેષ. વિસ્તરણમિતિ।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ ઘઞ્નું વિધાન આ સૂત્રથી કરવું.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો વિ ઉપસર્ગ સિવાયનાં અન્ય ઉપસર્ગથી પર રહેલાં સ્તૃ ધાતુથી પણ આ સૂત્રની પ્રવૃત્તિ ઇચ્છે છે. તેથી તેઓનાં મતે आस्तारपङ्क्तिः, प्रस्तारपङ्क्तिः જેવાં પ્રયોગો પણ થાય છે.

क्षु-श्रोः ૫.૩.૭૧

અ.અ.સૂ. : वेः क्षु-श्रोः धातोः भावा-ऽकर्त्रोः घञ्।

અર્થ : વિ ઉપસર્ગપૂર્વક ક્ષુ અને શ્રુ ધાતુથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં ઘઞ્ પ્રત્યય થાય છે.

સ. : क्षु-श्रोः = क्षुश्च श्रुश्चेति क्षु-श्रु, तस्मादिति।

ઉદા. (૧) **विक्षावः** = અવાજ કરવો. विक्षवणमिति।
(टुक्षुक् शब्दे-१०८४)

(૨) **विश्रावः** = સાંભળવું. विश्रवणमिति। (श्रुंट् श्रवणे-१२९६)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ घञ्નું વિધાન આ સૂત્રથી કરવું.

न्युदो ग्रः ५.३.७२

અ.અ.સૂ. : न्युदः ग्रः धातोः भावा-ऽकर्त्रोः घञ्।

અર્થ : નિ અને उद् ઉપસર્ગથી પર રહેલાં गृ ધાતુથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં घञ् પ્રત્યય થાય છે.

સ. : न्युदः = निश्च उद् चेति न्युद्, तस्मादिति।

ઉદા. (૧) **निगारः** = ગળવું. निगरणमिति। (गॄत् निगरणे-१३३५)

(૨) **उद्गारः** = ઊલ્ટી કરવી. उद्गरणमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ घञ्નું વિધાન આ સૂત્રથી કરવું.

વિશેષતા :

સૂત્રમાં ग्रः એ પ્રમાણે અનુબંધ રહિત गृ ધાતુનો નિર્દેશ હોવાથી **निरनुबन्धग्रहणे सामान्येन** ૨/૫ ન્યાયાનુસારે गॄत्-१३३५ અને गॄश्-१५३८ એ બંને ધાતુને વિશે સૂત્રપ્રવૃત્તિ થાય છે.

किरो धान्ये ५.३.७३

અ.અ.સૂ. : न्युदः धान्ये किरः धातोः भावा-ऽकर्त्रोः घञ्।

અર્થ : ધાન્યનાં વિષયમાં વર્ત્તતાં નિ અને उद् ઉપસર્ગથી પર રહેલ कॄ ધાતુથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં घञ् પ્રત્યય થાય છે.

ઉદા. **निकारो/उत्कारो धान्यस्य** = અનાજનો ઢગલો.
निकीर्यत/उत्कीर्यत इति। (कृत् विक्षेपे-१३३४)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ घञ્નું વિધાન આ સૂત્રથી કરવું.

પ્ર.ઉદા. **धान्य इति किम् ? फलनिकरः** = ફળોનો ઢગલો.
આ ઉદા.ની સાધનિકા प्रग्रहः પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ધાન્યનાં વિષય વર્ત્તતો ધાતુ હોય તો થાય છે. જ્યારે અહીં ફળનાં વિષયમાં વર્ત્તતો ધાતુ છે. માટે આ સૂત્રથી घञ् થયો નહીં.

नेर्वुः ૫.૩.૭૪

અ.અ.સૂ. : धान्ये नेः वुः धातोः भावा-ऽकर्त्रोः घञ्।

અર્થ : ધાન્ય વિષયક અર્થમાં વર્ત્તતાં નિ ઉપસર્ગપૂર્વક વૃ ધાતુથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં घञ् પ્રત્યય થાય છે.

ઉદા. **नीवारा व्रीहयः** = પ્રાણીઓને ખાવા ધાન્ય વિશેષ. निवरणमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ घञ્નું વિધાન આ સૂત્રથી કરવું.

इणोऽभ्रेषे ૫.૩.૭૫

અ.અ.સૂ. : अभ्रेषे नेः इणः धातोः भावा-ऽकर्त्रोः घञ्।

અર્થ : સ્થિતિથી નહીં ચાલવું = **अभ्रेष.** તે અર્થમાં વર્ત્તતાં નિ+ઇ ધાતુથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં घञ् પ્રત્યય થાય છે.

ઉદા. **न्यायः** = મર્યાદાનું પાલન કરવું. अयनमिति। (इंण्क् गतौ-१०७५)
આ સૂત્રથી घञ्→नि+इ+**अ**

नामिनोऽ०४.३.५१थी वृद्धि→नि+**ऐ**+अ
एदैतोऽ०१.२.२३थी आय्→नि+**आय**
इवर्णादे०१.२.२१थी इ नो य्→**न्याय**
प्रथमा सि वगेरे→न्यायः।

प्र.उदा. **अभ्रेष इति किम्? न्ययं गतश्चौरः** = चोर नाश पाम्यो.
न्ययनमिति।
यु-वर्ण-वृ०५.३.२८थी अल्→नि+इ+**अ**
गुण वगेरे पूर्वप्रमाणे थतां→**न्यायः**।

★ आ सूत्रनी प्रवृत्ति अभ्रेषअर्थक धातुथी थाय छे. ज्यारे अहीं अभ्रेषअर्थक धातु नथी. माटे आ सूत्रथी घञ् थयो नहीं.

परेः क्रमे ५.३.७६

अ.अ.सू. : क्रमे परेः इणः धातोः भावा-ऽकर्त्रोः घञ्।

अर्थ : **क्रम** = परिपाटी. ते अर्थमां वर्त्ततां परि+इ धातुथी भाव अने कर्तृ सिवायनां कारकमां घञ् प्रत्यय थाय छे.

उदा. तव पर्यायो भोक्तुम् = तारो खावानो वारो.
पर्ययणमिति। (इंण्क् गतौ-१०७५)
आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी. परंतु घञ्नुं विधान आ सूत्रथी करवुं.

प्र.उदा. **क्रम इति किम्? पर्ययो गुरोः** = गुरुने ओळंगवुं.
आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी.

★ आ सूत्रनी प्रवृत्ति वार अर्थमां वर्त्ततां धातुथी थाय छे. ज्यारे अहीं वारअर्थक इ धातु नथी. माटे आ सूत्रथी घञ् थयो नहीं.

व्युपात् शीङः ५.३.७७

अ.अ.सू. : क्रमे व्युपात् शीङः धातोः भावा-ऽकर्त्रोः घञ्।

અર્થ : ક્રમનાં વિષયમાં વર્ત્તતાં વિ અને उप ઉપસર્ગથી પર રહેલા शी ધાતુથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં घञ् પ્રત્યય થાય છે.

સ. : व्युपात् = विश्च उपश्चेति व्युपम्, तस्मादिति।

ઉદા. (૧) **तव राजविशायः** = તારો રાજાની પાસે સુવાનો વારો. विशयितुं पर्याय इति। (शीङ्क् स्वप्ने-११०५)

(૨) **मम राजोपशायः** = મારો રાજાની પાસે સુવાનો વારો. उपशयितुं पर्याय इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ घञ्નું વિધાન આ સૂત્રથી કરવું.

પ્ર.ઉદા. क्रम इत्येव→विशयः = શંકા કરવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ક્રમનાં વિષયમાં વર્ત્તતો ધાતુ હોય તો થાય છે. જ્યારે અહીં ક્રમનાં વિષયમાં વર્ત્તતો ધાતુ નથી. માટે આ સૂત્રથી घञ् થયો નહીં.

हस्तप्राप्ये चेरस्तेये ५.३.७८

અ.અ.સૂ. : हस्तप्राप्ये चेः धातोः भावा-ऽकर्त्रोः घञ्, अस्तेये।

અર્થ : હાથ વડે પ્રાપ્ત કરવા યોગ્ય તે **हस्तप्राप्य.** તે વિષયમાં વર્ત્તતાં चि ધાતુથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં घञ् પ્રત્યય થાય છે. જો ચોરીનો વિષય ન હોય તો.

સ. : (૧) **हस्तप्राप्ये** = हस्तेन प्राप्तुं शक्यमिति हस्तप्राप्यम्, तस्मिन्निति।

(૨) **अस्तेये** = न स्तेयमिति अस्तेयम्, तस्मिन्निति।

ઉદા. (૧) **पुष्पप्रचायः** = પુષ્પનું તોડવું.
प्रचयनमिति। (चिंगट् चयने-१२९०)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ घञ્નું વિધાન આ સૂત્રથી કરવું.

પ્ર.ઉદા.(૧) **हस्तप्राप्य इति किम्? पुष्पप्रचयं करोति वृक्षाऽग्रे** = વૃક્ષનાં અગ્રભાગ ઉપર પુષ્પો ભેગા કરે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ હાથથી પ્રાપ્ય અર્થમાં વર્ત્તતાં ધાતુથી થાય છે. જ્યારે વૃક્ષનાં અગ્રભાગમાં રહેલ પુષ્પો હસ્ત-પ્રાપ્ય ન હોવાથી આ સૂત્રથી घञ् પ્રત્યય થયો નહીં.

(૨) **अस्तेय इति किम्? स्तेयेन पुष्पप्रचयं करोति** =
તે ચોરી વડે પુષ્પો એકઠાં કરે છે.

★ આ સૂત્રમાં સ્તેય અર્થવાળાં પ્રયોગનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી घञ् થયો નહીં.

વિશેષતા :

જિ. : સૂત્રગત હસ્તપ્રાપ્ય શબ્દ વડે 'જેટલું હાથમાં સમાય તેટલું' એ પ્રમાણે પ્રમાણ અર્થની પણ વિવક્ષા થાય છે. તેથી માને ૫.૩.૮૧ સૂત્રથી જ घञ् સિદ્ધ હતો. તો પણ આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : આ સૂત્રનાં નિર્દેશ દ્વારા અહીં **सिद्धे सत्यारम्भो नियमार्थः** ૧/૨૫ ન્યાયની પ્રવૃત્તિ થઈ છે. તેથી નિયમ થયો કે, હસ્તપ્રાપ્ય વિષયમાં પણ અસ્તેય અર્થ જણાતો હોય તો જ घञ् પ્રત્યય થશે. અન્યથા માને ૫.૩.૮૧ સૂત્રથી પણ घञ् થશે નહીં.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો उद् ઉપસર્ગપૂર્વક चि ધાતુથી આ સૂત્રની પ્રવૃત્તિ ઇચ્છતાં નથી, તેથી તેઓનાં મતે **फलोच्चयः** જેવાં પ્રયોગો થાય છે.

चिति-देहा-ऽऽवासोपसमाधाने कश्चाऽऽदेः ५.३.७९

અ.અ.સૂ. : चिति-देहा-ऽऽवासोपसमाधाने चेः धातोः भावा-ऽकर्त्रोः घञ्, चेः च आदेः कः।

અર્થ : ચિતિ, શરીર, ઘર અને ઉપસમાધાન અર્થ જણાતે છતે चि ધાતુથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં घञ् પ્રત્યય થાય છે. અને चि ધાતુનાં આદિ च્નો क् થાય છે.

સ. : चिति-देहा-ऽऽवासोपसमाधाने = चितिश्च देहं च आवासश्च उपसमाधानं चेति चिति-देहा-ऽऽवासोपसमाधानम्, तस्मिन्निति।

ઉદા. (૧) **चिति** = यज्ञेऽग्निविशेषः/तदाधारः =
અગ્નિ વિશેષ/તેનો આધાર.
आकायमग्निं चिन्वीतः = યજ્ઞ સંબંધી અગ્નિ વિશેષ.
આ સૂત્રથી घञ्→आ+चि+**अ**
અને च्નો क्→आ+**कि**+अ
પૂર્વપ્રમાણે વૃદ્ધિ વગેરે થતાં→**आकायम्**।

(૨) **कायो देहः** = શરીર. धीयतेऽऽहारेणेति।

(૩) **ऋषिनिकायः** = ઋષિઓનું નિવાસ સ્થાન.
धीयतेऽऽहारेणेति।

(૪) **उपसमाधानम्** = उपर्युपरि राशिकरणम् =
ઉપરા ઉપરી ઢગલો કરવો.

गोमयनिकायः = છાણાઓનો ઢગલો. नितरां चीयते इति। આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

જિ. : कायः વગેરે ઉદા.માં चि+घञ् અવસ્થામાં માત્ર એક જ चકાર મળે છે. અને તેનો જ क् આદેશ અભિપ્રેત છે. તો कः चः એટલો નિર્દેશ પણ પર્યાપ્ત છે. તો कश्चादेः એ પ્રમાણે आदेः પદનું ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : જો चः कः એટલો જ નિર્દેશ કર્યો હોય તો પણ **प्रकृतिग्रहणे० १/१७** ન્યાયાનુસારે यङ्लुबन्त चि ધાતુથી જ્યારે घञ्નો પ્રયોગ થાય ત્યારે દ્વિત્વાદિ પ્રક્રિયા થતાં निचेचि+अ આવી અવસ્થામાં બંને च्કારનો क् થવાની આપત્તિ આવે જે ઇષ્ટ નથી. તેથી તેનું વારણ કરવા માટે અહીં कश्चादेः એ પ્રમાણે આદિ પદનું ગ્રહણ કર્યું છે. તદનુસારે હવે માત્ર આદિ च्નો જ क् થતાં વૃદ્ધ્યાદિ કાર્ય થયા બાદ निकेचाय ઇષ્ટ પ્રયોગની પ્રાપ્તિ થશે.

सङ्ज्ञेऽनूर्ध्वे ५.३.८०

અ.અ.સૂ. : अनूर्ध्वे सङ्घे चेः धातोः भावा-ऽकर्त्रोः घञ् चेः च आदेः कः।

અર્થ : જેમાં કોઈની ઉપર કોઈ નથી તે સમુદાય अनूर्ध्व કહેવાય છે. તેવો પ્રાણીનો સમુદાય અર્થ જણાતે છતે चि ધાતુથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં घञ् પ્રત્યય થાય છે. અને તેનાં યોગમાં चि ધાતુનાં આદિ च्નો क् થાય છે.

સ. : अनूर्ध्वे = न ऊर्ध्वमिति अनूर्ध्वम्, तस्मिन्निति।

ઉદા. (૧) **तार्किकनिकायः** = તાર્કિકોનો સમુદાય. नितरां चीयते इति। तार्किकाणां निकाय इति। (चिंगट् चयने-१२९०)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ घञ् પ્રત્યયનું વિધાન આ સૂત્રથી કરવું.

પ્ર.ઉદા.(૧) **सङ्घ इति किम् ? सारसमुच्चयः** = શક્તિનો સમુદાય.

★ આ સૂત્રની પ્રવૃત્તિ પ્રાણીઓનાં સમુદાય અર્થમાં થાય છે. જ્યારે અહીં પ્રાણીનો સમુદાય અર્થ નથી. માટે આ સૂત્રથી घञ् ન થતાં युवर्ण-वृ०५.३.२८थी अल् થયેલ છે.

(૨) **अनूर्ध्व इति किम् ? शूकरनिचयः** = ભૂંડોનું ટોળું.

★ આ સૂત્રમાં ઉર્ધ્વ સંઘનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી घञ् ન થતાં युवर्ण-वृ०५.३.२८थी अल् થયેલ છે.
(ભૂંડો જ્યારે ભેગા થાય ત્યારે તેઓ ઉપરોપરી જ બેસે છે. માટે તેમનાં સમુદાયને ઉર્ધ્વસંઘ કહેવાય છે.)

વિશેષતા :

જિ. : અહીં પ્રતિ ઉદાહરણમાં નિર્દિષ્ટ **शूकरनिचयः** પ્રયોગમાં ભુંડનું ટોળું અભિપ્રેત છે, ત્યાં ભલે અનૂર્ધ્વ પ્રાણી સમુદાય નથી. પણ ભુંડ પણ એકબીજા ઉપર સુએ છે. એ પ્રમાણે ઉપસમાધાન અર્થ તો છે જ. તો ભલે આ સૂત્રથી નહીં. પણ પૂર્વસૂત્રથી તો घञ् પ્રત્યય થઈ જ શકે ને ?

સમા. : ના, નહીં થાય. કારણકે પૂર્વસૂત્રથી આ સૂત્રની જુદી રચના કરી એ વ્યાવૃત્તિ સામર્થ્યથી જ ઉર્ધ્વ પ્રાણી સમુહનાં વિષયમાં ઉપરા-ઉપરી રહેવાં સ્વરૂપ ઉપસમાધાન અર્થ વિદ્યમાન હશે તો પણ આ સૂત્રમાં જણાવેલાં નિષેધનાં બળથી પૂર્વસૂત્રથી પણ घञ् પ્રત્યય થશે નહીં.

યદ્યપિ ઉપરોક્ત મત લઘુન્યાસકાર ભગવંતનો છે. અહીં શબ્દ મહાર્ણવ ન્યાસાનુસન્ધાનકાર જણાવે છે કે, 'પૂર્વસૂત્રમાં નિર્દિષ્ટ ઉપસમાધાન એટલે કોઈ પણ વસ્તુનો ઉપરા-ઉપરી ઢગલો કરવો. અર્થાત્ કોઈક વ્યક્તિની પ્રેરણાથી ઢગલારૂપે થવું અથવા કોઈ વ્યક્તિ દ્વારા મૂકવા આદિ વડે ઢગલો કરવો' એ પ્રમાણે તાત્પર્ય ઈષ્ટ છે. જ્યારે અહીં ભૂંડ જાતે જ એકબીજા ઉપર રહેતાં હોવાથી તેઓનાં જાતિગત સ્વભાવતયા જ કાર્ય થઈ રહ્યું છે. તેથી તેને ઉપસમાધાન કહેવાશે નહીં.

આમ, ન્યાસાનુસંધાનકારનાં મતે અહીં વ્યાવૃત્તિ સામર્થ્યનો આશ્રય આવશ્યક નથી.

माने ५.३.८१

અ.અ.સૂ. : माने धातोः भावा-ऽकर्त्रोः घञ्।

અર્થ : માન અર્થ જણાતે છતે ધાતુથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં ઘઞ્ પ્રત્યય થાય છે.

ઉદા. (૧) **एको निष्पावः** = એક પાવ ધાન્ય વગેરે.
પવનમિતિ। (પૂઙ્ પવને-૬૦૦)

(૨) **समित्संग्राहः** = લાકડાંઓની મૂઠી.
संग्रहणमिति। (ग्रहीश् उपादाने-१५१७)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ ઘઞ્નું વિધાન આ સૂત્રથી કરવું.

પ્ર.ઉદા. **मान इति किम् ? निश्चयः** = અવધારણ. नितरां चयनमिति।

★ આ સૂત્રની પ્રવૃત્તિ માન અર્થ જણાતે છતે થાય છે. જ્યારે અહીં માન અર્થ નથી. માટે આ સૂત્રથી ઘઞ્ ન થતાં યુવર્ણ-વૃ૦૫.૩.૨૮થી અલ્ થયેલ છે.

વિશેષતા :

વસ્તુતઃ આ સૂત્રથી વિહિત घञ् પ્રત્યય ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં થતાં હોવાથી अल्, क्ति આદિ અનેક પ્રત્યયનાં અપવાદ સ્વરૂપે થવો જોઈએ. પરંતુ **मध्येऽपवादा अनन्तरान् विधीन् बाधन्ते नोत्तरान् १/३७** ન્યાયાનુસારે મધ્ય અપવાદ રૂપ આ સૂત્ર વડે માત્ર પૂર્વવિહિત अल् પ્રત્યયનો જ બાધ થશે. પણ આગામી સૂત્રથી કહેવાતાં क्ति વગેરેનો નહીં. જેમકે, एका तिलोच्छितिः, द्वे प्रसृती।

स्थादिभ्यः कः ५.३.८२

અ.અ.સૂ. : स्थादिभ्यः धातुभ्यः भावा-ऽकर्त्रोः कः।

અર્થ : સ્થા વગેરે ધાતુઓથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં क પ્રત્યય થાય છે.

સ. : स्थादिभ्यः = स्था आदिर्येषां ते इति स्थादयः, तेभ्य इति।

ઉદા. (૧) **आखूत्थो वर्त्तते** = ઉંદરોનું ઉત્થાન.
उत्थीयते इति। (ष्ठां गतिनिवृत्तौ-५)
આ સૂત્રથી क→उद्+स्था+**अ**
इडेत्पुसि चा०४.३.९४થી आ નો લોપ→उद्+स्थ
उदःस्था०१.३.४४થી स् નો લોપ→उद्+थ
प्रथमा सि વગેરે→उत्थः।

(૨) **प्रस्थः** = પર્વતનાં શિખર પરનો સમાન પ્રદેશ.
प्रतिष्ठन्तेऽस्मिन्निति।

(૩) **प्रपा** = પાણીની પરબ. प्रपिबन्त्यस्यामिति। (पां पाने-३)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) **स्थादि ગણ દ્વારા સિદ્ધ થતાં પ્રયોગો :** આખુત્થ, પ્રસ્થ, સંસ્થા, વ્યવસ્થા, પ્રસ્ન, પ્રપા, વિધ, આવિધ, વિઘ્ન, આયુધ, આદ્ય વગેરે.

સૂત્રગત બ.વ. દ્વારા અહીં નહીં દર્શાવેલાં પણ શાસ્ત્રમાં જણાતાં અન્ય પ્રયોગોનો પણ આ સૂત્રમાં સમાવેશ થઈ શકે છે.

(૨) આ સૂત્રથી થતો क પ્રત્યય ભાવ અને અકર્તૃ સિવાયનાં કારકમાં થતો હોવાથી તેમાં થતાં અન્ય घञ्, अल्, क्ति, अनट् આદિ સર્વનાં અપવાદ સ્વરૂપે જાણવો.

(૩) આ સૂત્રથી થતો क પ્રત્યય घञ् આદિનાં અપવાદ સ્વરૂપે થાય છે. તો પણ घञ् પ્રત્યયાન્ત घातः, विघातः જેવાં પ્રયોગો बहुलम् ૫.૧.૨ સૂત્રથી આવતાં બહુલતાનાં કારણે સિદ્ધ થઈ શકે છે.

ट्वितोऽथुः ૫.૩.૮૩

અ.અ.સૂ. : ट्वितः धातोः भावा-ऽकर्त्रोः अथुः ।

અર્થ : टु ઈત્વાળાં ધાતુઓથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં अथु પ્રત્યય થાય છે.

સ. : ट्वितः = टु इत् यस्य स इति ट्वित्, तस्मादिति।

ઉદા. (૧) **वेपथुः** = કંપવું. वेपनमिति। (टुवेपृङ् चलने-૭૫૪)
આ સૂત્રથી अथु→वेप्+**अथु**
પ્રથમા સિ વગેરે→वेपथुः।

વિશેષતા :

(૧) યુવર્ણ-વૃ૦૫.૩.૨૮ અને ભાવા-ઽકર્ત્રોઃ૫.૩.૧૮થી થતાં અલ્ અને ઘ�ञ્ પ્રત્યય ઉત્સર્ગવિધિ છે. અને આ સૂત્રથી થતો અથુ પ્રત્યય ટ્ ઇત્વાળાં ધાતુથી જ થતો હોવાથી અપવાદવિધિ છે. અને અલ્ અને ઘ�ञ્ પ્રત્યય અથુ પ્રત્યયથી સમાન રૂપવાળાં નથી. અર્થાત્ અસરૂપ છે. માટે અસરુપોઽપવાદે૦૫.૧.૧૬થી ઘઞ્ અને અલ્ પ્રત્યય પણ વિકલ્પે થાય છે. જેમકે, **વેપઃ, ક્ષવઃ**।

(૨) **ટુ ઇત્વાળાં ધાતુઓ :** ટ્વોસ્ફૂર્જા-૧૪૯, ટુનદુ-૩૧૨, ટુવેપૃङ્-૭૫૪, ટુભ્રાજિ-૮૯૪, ટુવપીં-૯૯૫, ટ્વોશ્વિ-૯૯૭, ટુદુંટ્-૧૨૯૭, ટુમસ્જોંત્-૧૩૫૨.

ડ્વિતસ્ત્રિમક્ તત્કૃતમ્ ૫.૩.૮૪

અ.અ.સૂ. : ડ્વિતઃ ધાતોઃ ભાવા-ઽકર્ત્રોઃ ત્રિમક્, તત્કૃતમ્।

અર્થ : ડુ ઇત્વાળાં ધાતુઓથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં ત્રિમક્ પ્રત્યય થાય છે. અને જો તે ધાત્વર્થથી કરાયેલું એવો અર્થ હોય તો.

સ. : (૧) **ડ્વિતઃ** = ડુ इत् यस्य स इति ડ્વિત્, तस्मादिति।

(૨) **તત્કૃતમ્** = तेन कृतमिति।

ઉદા. પક્ત્રિમમ્ = રાંધવા વડે કરાયેલી વસ્તુ.
पाकेन निर्वृत्तमिति। (डुपचींष् पाके-૮૯૨)
આ સૂત્રથી ત્રિમક્→પચ્+**ત્રિમ**
ચ-જઃ૦૨.૧.૮૬થી ચ્નો ક્→**પક્ત્રિમ**
પ્રથમા સિ વગેરે→પક્ત્રિ**મમ્**।

વિશેષતા :

(૧) સૂત્રનિર્દિષ્ટ ત્રિમક્ પ્રત્યયમાં ક્ ઇત્નું ગ્રહણ ગુણનો નિષેધ, વ્યૂત્ રૂપ કિત્કાર્ય કરવા માટે છે.

(૨) **ડુઇત્વાળાં ધાતુઓ :** ડુલર્ભિષ્-૭૮૬, ડુકૃંગ્-૮૮૮, ડુયાચૃગ્-૮૯૧, ડુપચીંષ્-૮૯૨, ડુમિંગ્ટ્-૧૨૮૯, ડુક્રીંગ્શ્-૧૫૦૮.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો આ ધાતુઓને પણ ટ્ ઇત્વાળાં માને છે. માટે તેઓનાં મતે તો અથુ પ્રત્યયાન્ત યાચથુઃ પ્રયોગ જ થાય છે.

यजि-स्वपि-रक्षि-यति-प्रच्छो नः ५.३.८५

અ.અ.સૂ. : यजि-स्वपि-रक्षि-यति-प्रच्छः धातोः भावा-ऽकर्त्रोः नः ।

અર્થ : યજ્, સ્વપ્, રક્ષ્, યત્ અને પ્રચ્છ્ ધાતુઓથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં ન પ્રત્યય થાય છે.

સ. : यजि-स्वपि-रक्षि-यति-प्रच्छः = यजिश्च स्वपिश्च रक्षिश्च यतिश्च प्रच्छ् चेति यजि-स्वपि-रक्षि-यति-प्रच्छ्, तस्मादिति।

ઉદા. (૧) **यज्ञः** = यज्ञ. यजनमिति। (यजीं देवपूजा०-९९१)
આ સૂત્રથી न→यज्+**न**
तवर्गस्य०१.३.६०થી न્નો ઞ્→**यज्ञ**
પ્રથમા સિ વગેરે→यज्ञः।

(૨) **स्वप्नः** = નિદ્રા વિશેષ. स्वपनमिति। (ञिष्वपंक् शये-१०८८)

(૩) **रक्षणः** = રક્ષણ કરવો. रक्षणमिति। (रक्ष पालने-५६७)

(૪) **यत्नः** = પ્રયત્ન કરવો. यतनमिति। (यतैङ् प्रयत्ने-७११)

(૫) **प्रश्नः** = પૂછવું. प्रच्छनमिति। (प्रछंत् ज्ञीप्सा०-१३४७)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ ઉદા.૫માં अनुनासिके०४.१.१०८થી च्छ्નો શ્ કરવો.

विच्छो नङ् ५.३.८६

अ.अ.सू. : विच्छः धातोः भावा-ऽकर्त्रोः नङ्।

अर्थ : विच्छ् धातुथी भाव अने कर्तृ सिवायनां कारकमां नङ् प्रत्यय थाय छे.

उदा. विश्नः = જવું. विच्छनमिति। (विछंत् गतौ-१३४३)
आ सूत्रथी नङ्→विच्छ्+**न**
अनुनासिके च्छ्०४.१.१०८थी च्छ्नो श्→**विश्न**
प्रथमा सि वगेरे→विश्नः।

विशेषता :

सूत्रगत नङ् प्रत्ययमां ङ् कार गुणनां निषेध स्वरूप ङित् कार्य माटे जाणवो.

उपसर्गाद् दः किः ५.३.८७

अ.अ.सू. : उपसर्गात् दः धातोः भावा-ऽकर्त्रोः किः।

अर्थ : उपसर्गपूर्वक दासंज्ञक धातुओथी भाव अने कर्तृ सिवायनां कारकमां कि प्रत्यय थाय छे.

उदा. (१) आदिः = प्रारंभ. आदानमिति। (डुदांग्क् दाने-११३८)
आ सूत्रथी कि→आ+दा+**इ**
इडेत्पुसि०४.३.९४थी आ नो लोप→**आदि**
प्रथमा सि वगेरे→आदिः।

(२) **निधिः** = भंडार. निधीयते तदिति। (डुधांग्क् धारणे-११३९)
आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी.

विशेषता :

(१) सूत्रनिर्दिष्ट कि प्रत्ययमां क् ईत्नुं ग्रहण इडेत्पुसि० ४.३.९४ सूत्रथी थतां आ कारनां लोप माटे जाणवुं.

(૨) અહીં સૂત્રમાં दः પદનું ગ્રહણ કર્યું છે. તેથી दा સ્વરૂપવાળાં ધાતુનું ગ્રહણ થવું જોઈએ. પરંતુ **स्वं रुपं शब्दस्याऽशब्दसंज्ञा १/१** ન્યાયાનુસારે માત્ર दासंज्ञક ધાતુનું જ ગ્રહણ થશે.

व्याप्यादाधारे ५.३.८८

અ.અ.સૂ. : व्याप्यात् दः धातोः आधारे किः।

અર્થ : કર્મવાચી નામથી પર રહેલાં दा સંજ્ઞક ધાતુઓથી આધાર અર્થમાં कि પ્રત્યય થાય છે.

ઉદા. जलधिः = સમુદ્ર. जलं धीयतेऽस्मिन्निति। (डुधांग्क् धारणे-११३९)
આ સૂત્રથી कि→जल+धा+**इ**
इडेत्पुसि०४.३.९४થી आ નો લોપ→जलधि
પ્રથમા सि વગેરે→जलधिः।

વિશેષતા :

યદ્યપિ પૂર્વસૂત્રથી भावा-ऽकर्त्रोः નો અધિકાર આવે છે. જેમાં અધિકરણ અર્થનો સમાવેશ થતાં આ સૂત્રની પ્રવૃત્તિ સિદ્ધ હતી. તો પણ આધારે પદનું ગ્રહણ અન્ય કર્માદિ કારકમાં સૂત્રની પ્રવૃત્તિ ન થઈ જાય. તે માટે જાણવું.

अन्तर्द्धिः ५.३.८९

અ.અ.સૂ. : अन्तर्द्धिः भावा-ऽकर्त्रोः।

અર્થ : अन्तर्+धा ધાતુથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં कि પ્રત્યય થાય છે.

ઉદા. अन्तर्द्धिः = છૂપાઈ જવું. अन्तर्धानमिति। (डुधांग्क् धारणे-११३९)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ किનું વિધાન આ સૂત્રથી કરવું.

વિશેષતા :

પૂર્વસૂત્રથી ઉપસર્ગપૂર્વક દા સંજ્ઞક ધાતુઓથી કિની પ્રાપ્તિ ન હતી. તેની પ્રાપ્તિ માટે આ સૂત્રનો નિર્દેશ જાણવો.

अभिव्याप्तौ भावेऽन-ञिन् ५.३.९०

અ.અ.સૂ. : अभिव्याप्तौ धातोः भावे अन-ञिन्।

અર્થ : અભિવ્યાપ્તિ અર્થ જણાતે છતે ધાતુથી ભાવ અર્થમાં અન અને ञિન્ પ્રત્યય થાય છે.

સ. : अन-ञिन् = अनश्च ञिन् चेति।

ઉદા. सरंवणम्/सांराविणम् = સેનાનો ઘોંઘાટ.
समन्तात् राव इति। (रुङ् शब्दे-१०८५)
આ સૂત્રથી अन→सम्+रु+**अन**
ગુણ વગેરે થતાં→**संरवणम्।**
જ્યારે ञિન્ થાય ત્યારે, सम्+रु+**इन्**
વૃદ્ધિ વગેરે થતાં→**संराविन्**
संराविणि वर्त्तते इति
नित्यं ञ०७.३.५८થી अण्→संराविन्+**अ**
वृद्धिः स्वरेष्वा०७.४.१થી આદિ સ્વરની વૃદ્ધિ→**सां**राविन
र-षृवर्णान्नो०२.३.६३થી ન નો ण्→सांराविणम्।

પ્ર.ઉદા. अभिव्याप्ताविति किम्? संरावः = અવાજ કરવો.
संरवणमिति।
रोरुपसर्गात् ५.३.२२થી घञ्→सम्+रु+**अ**
વૃદ્ધિ વગેરે થતાં→**संरावः।**

★ આ સૂત્રની પ્રવૃત્તિ અભિવ્યાપ્તિ અર્થ જણાતે છતે થાય છે. જ્યારે અહીં અભિવ્યાપ્તિ અર્થ જણાતો નથી. માટે આ સૂત્રથી અન અને ञિન્ પ્રત્યય થયાં નહીં.

વિશેષતા :

(૧) અહીં પણ પૂર્વસૂત્રથી भावा-ऽकर्त्रोः અધિકાર આવતો હોવા છતાં પણ ભાવે પદનું ગ્રહણ કર્યું, તેથી કર્માદિ અન્ય કારકમાં આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં.

(૨) આ સૂત્રમાં માત્ર ञिन्નું વિધાન કર્યું હોત તો પણ असરૂપતયા अनट्પ.૩.૧૨૪થી अन પ્રત્યયાન્ત પ્રયોગ થવાનો જ હતો. તો પણ આ સૂત્રમાં अनનું વિધાન કર્યું તે અન્ય ભાવમાં થતાં क्त અને घञ् વગેરે પ્રત્યયનો બાધ કરવા માટે છે. તેથી અભિવ્યાપ્તિ અર્થમાં માત્ર अन અને ञिन् પ્રત્યય જ થશે. પણ क्त આદિ ભાવમાં થતાં પ્રત્યયો થશે નહીં.

स्त्रियां क्तिः ૫.૩.૯૧

અ.અ.સૂ. : धातोः भावा-ऽकर्त्रोः स्त्रियां क्तिः ।

અર્થ : ધાતુઓથી સ્ત્રીલિંગમાં ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં क्ति પ્રત્યય થાય છે.

ઉદા. **कृतिः** = કરવું તે. करणमिति। (डुकृंग् करणे-૮૮૮)
આ સૂત્રથી क्ति→कृ+**ति**
પ્રથમા सि વગેરે→कृतिः।

પ્ર.ઉદા. **स्त्रियामिति किम् ? कारः** = કરવું તે. करणमिति।

★ આ સૂત્રની પ્રવૃત્તિ સ્ત્રીલિંગમાં થાય છે. જ્યારે અહીં સ્ત્રીલિંગ ન હોવાથી આ સૂત્રથી क्ति ન થતાં भावा-ऽकर्त्रोः ૫.૩.૧૮થી घञ् કરવો.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં સ્ત્રિયામ્ એ પ્રમાણે જે નિર્દેશ કર્યો છે તે પ્રત્યયનાં અર્થનું વિશેષણ જાણવું. પણ ક્તિ પ્રત્યયાન્ત પ્રયોગનું નહીં. અર્થાત્ 'ક્તિ પ્રત્યયાન્ત પ્રયોગ સ્ત્રીલિંગમાં થાય છે.' એવો અર્થ કરવો નહીં. પણ 'સ્ત્રીલિંગ વિશિષ્ટ ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં ક્તિ પ્રત્યય થાય છે.' એવો અર્થ કરવો.

(૨) આ સૂત્રથી થતો ક્તિ પ્રત્યય ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં થાય છે. અને ઘઞ્ વગેરે પ્રત્યયો પણ તેમાં જ વિહિત હોવાથી આ સૂત્રથી થતાં ક્તિ પ્રત્યય વડે ઘઞ્ વગેરેનો બાધ થાય છે.

श्वादिभ्यः ५.३.९२

અ.અ.સૂ. : श्वादिभ्यः धातुभ्यः भावा-ऽकर्त्रोः स्त्रियां क्तिः।

અર્થ : શ્રુ વગેરે ધાતુઓથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં સ્ત્રીલિંગમાં ક્તિ પ્રત્યય થાય છે.

સ. : श्वादिभ्यः = श्रु आदिर्येषां ते इति श्वादयः, तेभ्य इति।

ઉદા. (૧) श्रुतिः/प्रतिश्रुत् = સાંભળવું.

श्रवणमिति। (श्रुंट् श्रवणे-१२९६)

આ સૂત્રથી ક્તિ→श्रु+**ति**

પ્રથમા સિ વગેરે→**श्रुतिः**।

તેમજ, कृत्-संपदा०५.३.११४થી क्विप्→प्रति+श्रु+**०**

ह्रस्वस्य तः०४.४.११३થી त् આગમ→**प्रतिश्रुत्**

પ્રથમા સિ વગેરે→प्रतिश्रुत्।

(૨) **संपत्तिः/संपत्** = संपत्ति. संपदनमिति। (पदिंच् गतौ-१२५७)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

અહીં શ્વાદિ ગણ અંતર્ગત स्तु વગેરે કેટલાંક ધાતુમાં स्तूयतेऽनया इति स्तुतिः વગેરે નામોમાં કરણમાં क्ति થયેલ છે. ત્યાં વાસ્તવમાં તો करणा-ऽऽधारे ५.३.१२४थी अनट्नी જ પ્રાપ્તિ છે. પરંતુ તે શબ્દો સંજ્ઞામાં રૂઢ હોવાથી રૂઢિ પ્રયોગતયા સિદ્ધ જાણવા. પરંતુ અસંજ્ઞામાં પણ स्पर्द्धे ७.४.११९ પરિભાષાનુસારે પરસૂત્રતયા अनट् પ્રત્યયની પ્રાપ્તિ થશે. અને આ જ વ્યવસ્થાને જણાવવા માટે ન્યાયસંગ્રહમાં **स्त्रीखलना अलो बाधकाः, स्त्रियाः खलनौ** ૨/૫૫ ન્યાય દર્શાવેલ છે.

समिणासुगः ५.३.९३

અ.અ.સૂ. : समिणासुगः धातोः भावा-ऽकर्त्रोः स्त्रियां क्तिः।

અર્થ : सम् ઉપસર્ગપૂર્વક इ, આ ઉપસર્ગપૂર્વક सु ધાતુથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં સ્ત્રીલિંગમાં क्ति પ્રત્યય થાય છે.

સ. : समिणासुगः = सम्पूर्वक इण इति समिण्, आङ्पूर्वकः सुग् इति आसुग्, समिण् च आसुग् चेति समिणासुग्, तस्मादिति।

ઉદા. (૧) **समितिः** = સભા. समयनमिति। (इण्क् गतौ-१०७५)
(૨) **आसुतिः** = પૂરો રસ કાઢવો.
आसवनमिति। (षुंगट् अभिषवे-१२८६)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ क्तिનું વિધાન આ સૂત્રથી કરવું.

વિશેષતા :

આ સૂત્રમાં सम+इ અને आ+सु ધાતુથી દર્શાવેલ क्ति પ્રત્યય स्त्रियां क्तिः ૫.૩.૯૧ થી સિદ્ધ જ હતો, પરંતુ આગામી समज०૫.૩.૯૯ સૂત્રથી क्यप्‌ની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી क्ति કરવા આ સૂત્રનો નિર્દેશ છે. માટે આ સૂત્રથી થતો क्ति પ્રત્યય क्यप्‌નાં અપવાદ રૂપ જાણવો.

साति-हेति-यूति-जूति-ज्ञप्ति-कीर्त्तिः ૫.૩.૯૪

અ.અ.સૂ. : साति-हेति-यूति-जूति-ज्ञप्ति-कीर्त्तिः भावा-ऽकर्त्रोः।

અર્થ : क्ति પ્રત્યયાન્ત साति, हेति, यूति, जूति, ज्ञप्ति અને कीर्त्ति પ્રયોગ સ્ત્રીલિંગમાં ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં નિપાતન પામે છે.

સ. : साति-हेति-यूति-जूति-ज्ञप्ति-कीर्त्तिः = सातिश्च हेतिश्च यूतिश्च जूतिश्च ज्ञप्तिश्च कीर्त्तिश्चेति।

ઉદા. (૧) **सातिः** = નાશ કરવો. सयनमिति/सवनमिति/सानमिति।
(षिंगृट् बन्धने-૧૨૮૭) (षुंगृट् अभिषवे-૧૨૮૬)
(षोंच् अन्तकर्मणि-૧૧૫૦)
આ સૂત્રથી क्ति→सि/सु/सो+**ति**
અને અન્ત્ય સ્વરનો आ→**सा**ति
પ્રથમા સિ વગેરે→सातिः।

(૨) **हेतिः** = શસ્ત્ર/મારી નાંખવું. हीयते/हन्यते इति।
(हिंट् गति०-૧૨૯૫) (हनंक् हिंसा०-૧૧૦૦)
આ સૂત્રથી क्ति→हि/हन्+**ति**
આ સૂત્રથી इનો ગુણ અને अन्‌નો લોપ અને ए→**हे**ति
પ્રથમા સિ વગેરે→हेतिः।

(૩) **यूतिः** = જોડવું. यवनमिति। (युक् मिश्रणे-१०८०)
આ સૂત્રથી क्ति→यु+**ति**
અને उ दीर्घ→**यू**ति
પ્રથમા सि વગેરે→यूतिः।

(૪) **जूतिः** = વેગ. जवनमिति। (जुं गतौ-१९९०)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

(૫) **ज्ञप्तिः** = જ્ઞાન. ज्ञपनमिति। (ज्ञांश् अवबोधने-१५४०)
जानन्तं प्रयुङ्क्ते इति।
प्रयोक्तृ०३.४.२० વગેરેથી णिग् વગેરે→**ज्ञपि**
આ સૂત્રથી क्ति→ज्ञपि+**ति**
णेरनिटि ४.३.८३થી णिग्નો લોપ→ज्ञप्ति
પ્રથમા सि વગેરે→ज्ञप्तिः।

(૬) **कीर्त्तिः** = યશ. कीर्त्तनमिति। (कृतण् संशब्दने-१६४९)
चुरादिभ्यो०३.४.१७થી णिच्→कृत्+**इ**
कृतः कीर्त्तिः ४.४.१२२થી कीर्त्→**कीर्त्**+इ
णेरनिटि ४.३.८३થી णिग्નો લોપ→**कीर्त्**
આ સૂત્રથી क्ति→कीर्त्+**ति**
પ્રથમા सि વગેરે→कीर्त्तिः।

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો ण्यन्त એવા कृत् ધાતુથી अन પ્રત્યય કરીને कीर्त्तना એ પ્રમાણે પણ નિપાતન પ્રયોગ ઇચ્છે છે.

गा-पा-पचो भावे ५.३.९५

અ.અ.સૂ. : गा-पा-पचः धातोः भावे स्त्रियां क्तिः।

અર્થ : ગા, પા અને પચ્ ધાતુથી ભાવમાં સ્ત્રીલિંગમાં क्ति પ્રત્યય થાય છે.

સ. : गा-पा-पचः = गाश्च पाश्च पच् चेति गा-पा-पच्, तस्मादिति।

ઉદા. (૧) **संगीतिः** = ગાવું તે. संगानमिति। (गैं शब्दे-३७)
આ સૂત્રથી ક્તિ→सम्+गा+**ति**
ई व्यञ्जने०४.३.९७थी आ નો ई→सम्+**गी**ति
પ્રથમા સિ વગેરે→**संगी**तिः।

(૨) **प्रपीतिः** = પીવું તે. प्रपानमिति। (पां पाने-३)

(૩) **पक्तिः** = રાંધવું તે. पचनमिति। (डुपचींष् पाके-८९२)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) સૂત્રમાં गा એ પ્રમાણે ધાતુનો નિર્દેશ છે અને **गा-मा-दा ग्रहणेष्वविशेषः ૨/૨૦** ન્યાયાનુસારે गैं-३७ અને गाङ्-५८६ આ બંને गा રૂપવાળાં ધાતુનું ગ્રહણ થાય છે.

(૨) યદ્યપિ સૂત્રનિર્દિષ્ટ पा ધાતુથી અદાદિ ગણ સંબંધી पांक्-१०६७ અને भ्वादि ગણીય पां-३ આ બંને ધાતુનું ગ્રહણ થવાની સંભાવના છે. પરંતુ गा અને पच् ધાતુનાં સાહચર્યથી **साहचर्यात् सदृशस्यैव ૨/૬** ન્યાયાનુસારે સહચરિત भ्वादि ગણીય पां-३ ધાતુનું જ ગ્રહણ થાય છે.

(૩) વસ્તુતઃ પૂર્વસૂત્રથી આવતી भावा-ऽकर्त्रोः અનુવૃત્તિમાં भावे અર્થનું ગ્રહણ થઈ જ જવાનું હતું. તો પણ સૂત્રમાં भावे પદનું ગ્રહણ કર્માદિ કારકમાં સૂત્રકાર્યની નિવૃત્તિ કરવા માટે જાણવું.

(૪) અહીં ધ્યાનમાં લેવું કે, असरुपोऽपवादे०५.१.१६ સૂત્રાનુસારે ક્તિ પછીનાં પ્રત્યયોમાં બાધ્ય-બાધકભાવ વર્ત્તે છે. તેથી गा વગેરે ધાતુઓથી સ્ત્રિયાં क्तिः ५.३.९१थी

પ્રાપ્ત ક્તિનો આગામી उपसर्गादातः ५.३.११०थी પ્રાપ્ત અङ્ દ્વારા બાધ થવાનો હતો. તેનો બાધ કરવા માટે આ સૂત્રથી પુનઃ ક્તિ કરેલ છે.

स्थो वा ५.३.९६

અ.અ.સૂ. : स्थः धातोः भावे स्त्रियां क्तिः वा।

અર્થ : સ્થા ધાતુથી ભાવમાં સ્ત્રીલિંગમાં ક્તિ પ્રત્યય વિકલ્પે થાય છે.

ઉદા. (૧) **प्रस्थितिः** = પ્રયાણ. प्रस्थानमिति। (ष्ठां गतिनिवृत्तौ-५)
આ ઉદા.ની સાધનિકા **संगीतिः** પ્રમાણે જાણવી. પરંતુ ક્તિનું આ સૂત્રથી વિકલ્પે વિધાન કરવું.

(૨) **आस्था** = શ્રદ્ધા. आस्थानमिति।
આ સૂત્રથી ક્તિ ન થાય ત્યારે,
उपसर्गादात०५.३.११०थी अङ्→आ+स्था+**अ**
इडेत्पुसि०४.३.९४थी आ નો લોપ→आस्थ
आप् વગેરે થતાં→**आस्था**।

વિશેષતા :

પૂર્વની જેમ જ स्त्रियां क्तिः ५.३.९१थी પ્રાપ્ત ક્તિનો उपसर्गादातः ५.३.११०थी થતાં अङ् દ્વારા બાધ થવાનો હતો. તેનો બાધ કરી પુનઃ ક્તિ કરવા આ સૂત્રનો નિર્દેશ છે.

आस्यटि-व्रज-यजः क्यप् ५.३.९७

અ.અ.સૂ. : आस्यटि-व्रज-यजः धातोः स्त्रियां भावे क्यप्।

અર્થ : आस्, अट्, व्रज् અને यज् ધાતુથી સ્ત્રીલિંગમાં ભાવમાં क्यप् પ્રત્યય થાય છે.

સ. : **आस्यटि-व्रज-यजः** = आसिश्च अटिश्च व्रजश्च यज् चेति आस्यटि-व्रज-यज्, तस्मादिति।

ઉદા. (૧) **आस्या** = બેસવું. आसनमिति। (आसिक् उपवेशने-१११९)
આ સૂત્રથી क्यप्→आस्+**य**
आप् વગેરે થતાં→आस्**या**।

(૨) **अट्या** = ભટકવું. अटनमिति। (अट गतौ-१९४)

(૩) **व्रज्या** = જવું. व्रजनमिति। (व्रज गतौ-१३७)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

(૪) **इज्या** = યજ્ઞ કરવો. यजनमिति। (यजीं देवपूजा० ९९१)
આ સૂત્રથી क्यप्→यज्+**य**
यजादि-वचेः०४.१.७९થી य्નો इ→**इज्य**
आप् વગેરે→इज्**या**।

વિશેષતા :

(૧) સૂત્રનિર્દિષ્ટ क्यप् પ્રત્યયમાં क्ङिति गुणनां निषेध રૂપ કિત્કાર્ય કરવા માટે છે. અને प्ङिति ह्रस्वस्य तः०४.४.११३થી त् આગમ કરવા માટે છે.
यद्यपि આ સૂત્રમાં એક પણ ધાતુ હ્રસ્વ સ્વરાન્ત નથી. પરંતુ ઉત્તર સૂત્રમાં भृ ધાતુથી त् આગમ થઈ શકે. માટે અહીં प् ઙિત્નું ગ્રહણ છે.

भृगो नाम्नि ५.३.९८

અ.અ.સૂ. : **भृगः धातोः स्त्रियां भावे नाम्नि क्यप्।**

અર્થ : भृ ધાતુથી સ્ત્રીલિંગમાં ભાવમાં સંજ્ઞા જણાતે છતે क्यप् પ્રત્યય થાય છે.

ઉદા. **भृत्या** = દાસી. भरणमिति। (टुडुभृंग्क् भरण-११४०)
આ સૂત્રથી क्यप्→भृ+**य**
ह्रस्वस्य तः०४.४.११३થી त् આગમ→भृत्य
आप વગેરે→भृत्या।

પ્ર.ઉદા. **नाम्नीति किम्? भृतिः** = પોષણ કરવું. भ्रियते इति।

★ આ સૂત્રની પ્રવૃત્તિ સંજ્ઞાનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં સંજ્ઞા ન જણાતી હોવાથી આ સૂત્રથી क्यप् ન થતાં स्त्रियां०५.३.९१थी क्ति થયેલ છે.

समज-निपन्निषद्-शीङ्-सुग्-विदि-चरि-मनीणः ५.३.९९

અ.અ.સૂ. : **समज-निपन्निषद्-शीङ्-सुग्-विदि-चरि-मनीणः धातोः स्त्रियां भावा-ऽकर्त्रोः नाम्नि क्यप्।**

અર્થ : सम्+अज्, नि+पद्, नि+षद्, शी, सु, विद्, चर्, मन् અને इ ધાતુથી સ્ત્રીલિંગમાં ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં સંજ્ઞા જણાતે છતે क्यप् પ્રત્યય થાય છે.

સ. : **समज-निपन्निषद्-शीङ्-सुग्-विदि-चरि-मनीणः** = समजश्च निपद् च निषद् च शीङ् च सुग् च विदिश्च चरिश्च मनिश्च इण् चेति समज-निपन्निषद्-शीङ्-सुग्-विदि-चरि-मनीण्, तस्मादिति।

ઉદા. (૧) **समज्या** = સભા.
समजत्यस्यामिति। (अज क्षेपणे च-१३९)

(૨) **निपत्या** = કાદવવાળી જમીન.
निपतन्त्यस्यामिति। (पत्लृं गतौ-९६२)

(૩) **निषद्या** = નાની ખાટલી.
निषदनमिति। (षद्लृं विशरण०-९६६)

(૪) **शय्या** = शय्या. शयनमिति। (शीङ्क् स्वप्ने-११०५)

(૫) **सुत्या** = સોમરસ કાઢવાનું પાત્ર.
सुन्वन्त्यस्यामिति। (षुंगृट् अभिषवे-१२८६)

(૬) **विद्या** = વિદ્યા. विदन्ति तया इति। (विदंक् ज्ञाने-१०९९)

(૭) **चर्या** = આચાર. चरन्त्यनया इति। (चर भक्षणे च-४१०)

(૮) **मन्या** = ડોકની પાછળની નસ.
मन्यतेऽनयेति। (मनिंच् ज्ञाने-१२६३)

(૯) **इत्या** = शिબિકા. एति अनयेति। (इंण्क् गतौ-१०७५)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ क्यप्નું વિધાન આ સૂત્રથી કરવું.

પ્ર.ઉદા. **नाम्नीत्येव→संवीतिः** = દોડવું. समजनमिति।
स्त्रियां क्तिः ५.३.९१थी क्ति→सम्+अज्+**ति**
अघञ्क्य०४.४.२थी वीं આદેશ→सम्+**वी**ति
प्रथमा सि વગેરે→संवीतिः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ સંજ્ઞા જણાતે છતે થાય છે. જ્યારે અહીં સંજ્ઞા જણાતી નથી. માટે આ સૂત્રથી क्यप् પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

પૂર્વસૂત્રથી આ સૂત્રનો પૃથક્ નિર્દેશ દ્વારા ગ્રંથકારશ્રી પૂર્વસૂત્રથી આવતાં भावेનાં અધિકારને અટકાવે છે. તેથી આ સૂત્રની પ્રવૃત્તિ भाव-ऽकर्त्रोः અર્થમાં જ થશે.

कृगः श च वा ५.३.१००

અ.અ.સૂ. : कृगः धातोः स्त्रियां भावा-ऽकर्त्रोः शः च (क्यप्) वा।

અર્થ : कृ ધાતુથી સ્ત્રીલિંગમાં ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં श અને क्यप् પ્રત્યય વિકલ્પે થાય છે.

ઉદા. **क्रिया/कृत्या/कृतिः** = કરવું. करणमिति। (डुकृंग् करणे-८८८)

આ સૂત્રથી શ્→कृ+**अ**

क्यः शिति ૩.૪.૭૦થી क्य→कृ+**य**+अ

रिः शक्या०४.૩.૧૧૦થી ऋનો रि→**क्रिय**

आप् વગેરે→**क्रिया**

આ સૂત્રથી क्यप्→कृ+**य**

ह्रस्वस्य तः०४.४.૧૧૩થી त् આગમ→कृत्य

आप् વગેરે→**कृत्या**।

વિકલ્પે : જ્યારે શ્ અને क्यप् ન થાય ત્યારે,

स्त्रियां क्तिः ૫.૩.૯૧થી क्ति→**कृति**

પ્રથમા સિ વગેરે→कृतिः।

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, સૂત્રમાં શ પ્રત્યયનું વિધાન કર્યું છે. તેમાં શ્ ઇત્ હોવાથી ભાવ અને અકર્તૃ અર્થમાં क्यः शिति ૩.૪.૭૦ સૂત્ર દ્વારા કૃ અને શ પ્રત્યયની વચ્ચે क्य થવાની પ્રાપ્તિ છે. અને અપાદાન વગેરેમાં क्य પ્રત્યય થવાની પ્રાપ્તિ નથી. પરંતુ ભાવ-કર્મમાં કૃ+क्य+શ અવસ્થામાં रिः शक्या०४.૩.૧૦૦ સૂત્રથી ऋનો रि થતાં અને આ સૂત્રથી आप् વગેરે પ્રત્યય લાગતાં क्रिया પ્રયોગ થાય છે. તથા, અપાદાન વગેરે અર્થમાં કૃ+શ અવસ્થામાં પરમાં સ્વરાદિ પ્રાપ્ત થતાં धातोरिवर्णो०૨.૧.૫૦ સૂત્રથી ઇનો इय् આદેશ થાય છે. અને आत् ૨.૪.૧૮થી आप् પ્રત્યય પણ થતાં क्रिया રૂપ થાય છે. આમ, બંને સ્થાને પ્રક્રિયાભેદ હોવા છતાં પણ બંનેમાં क्रिया એ પ્રમાણે સમાન રૂપ જ થાય છે.

(૨) यद्यपि सूत्रमां श प्रत्ययनुं ग्रहण कर्युं होवाथी पूर्वसूत्रथी आवतो क्यप्नो अधिकार अटकी जवो जोईओ. परंतु सूत्रगत चकार द्वारा **चकारो यस्मात्पर० २/६१** न्यायानुसारे शः ने प्रत्ययतया सजातीय प्रत्यय एवा क्यप्नो समुच्चय थाय छे.

मृगयेच्छा-याच्ञा-तृष्णा-कृपा-भा-श्रद्धा-ऽन्तर्द्धा ५.३.१०१

अ.अ.सू. : मृगयेच्छा-याच्ञा-तृष्णा-कृपा-भा-श्रद्धा-ऽन्तर्द्धा स्त्रियाम्।

अर्थ : मृगया, इच्छा, याच्ञा, तृष्णा, कृपा, भा, श्रद्धा अने अन्तर्द्धा प्रयोगो स्त्रीलिंगमां निपातन पामे छे.

स. : मृगयेच्छा-याच्ञा-तृष्णा-कृपा-भा-श्रद्धा-ऽन्तर्द्धा = मृगया च इच्छा च याच्ञा च तृष्णा च कृपा च भा च श्रद्धा च अन्तर्द्धा चेति।

उदा. (१) **मृगया** = शिकार. मृगणमिति। (मृगणि अन्वेषणे-१९३०)
आ सूत्रथी श प्रत्यय निपातन→मृग्+**अ**
क्य वगेरे पूर्वप्रमाणे थतां→**मृगया**।

(२) **इच्छा** = ईच्छा. एषणमिति। (इषत् इच्छायाम्-१४१९)
आ सूत्रथी श→इष्+**अ**
अने क्यनो अभाव निपातन→इष्+अ
गमिषद्य०४.२.१०६थी ष्नो छ् वगेरे थतां→**इच्छा**।

(३) **याच्ञा** = मांगवुं. याचनमिति। (डुयाचृंग् याच्ञायाम्-८९१)
आ सूत्रथी न निपातन→याच्+**न**
तवर्गस्यश्च०१.३.६०थी न्नो ञ्→याच्ञ
आप् वगेरे→**याच्ञा**।

(૪) **तृष्णा** = पिपासा. तर्षणमिति। (ञितृषच् पिपासायाम्-१२१२)
आ સૂત્રથી नङ् निपातन→तृष्+**न**
र-षृवर्णान्नो०२.३.६७थी न्नो ण्→**तृष्ण**
आप् વગેરે થતાં→**तृष्णा**।

(૫) **कृपा** = दया. कृपणमिति। (क्रपि कृपायाम्-१००९)
આ સૂત્રથી अङ् અને र्नो ऋ→**कृप्+अ**
आप् વગેરે→**कृपा**।

(૬) **भा** = प्रभा. भानमिति। (भांक् दीप्तौ-१०६१)

(૭) **श्रद्धा** = विश्वास. श्रद्धानमिति। (डुधांग्क् धारणे-११३९)

(૮) **अन्तर्द्धा** = अन्तर्धान.
अन्तर्धानमिति। (डुधांग्क् धारणे-११३९)
આ ઉદા.ની साधनिका પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) આ સૂત્રનિર્દિષ્ટ मृगया, इच्छा વગેરે પ્રયોગો ભાવ અને કર્તૃ સિવાયનાં અન્ય કારકનાં અર્થમાં નિપાતન પામે છે. પરંતુ इच्छा પ્રયોગ માત્ર ભાવ અર્થમાં જ નિપાતિત થાય છે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો સૂત્રોક્ત સર્વ પ્રયોગોને ભાવ અર્થમાં જ નિપાતિત માને છે.

परेः सृ-चरेर्यः ५.३.१०२

અ.અ.સૂ. : परेः सृ-चरेः धातोः स्त्रियां भावा-ऽकर्त्रोः यः।

અર્થ : परि ઉપસર્ગથી પર રહેલાં सृ અને चर् ધાતુથી સ્ત્રીલિંગમાં ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં य પ્રત્યય થાય છે.

સ. : सृ-चरेः = सृश्च चरिश्चेति सृ-चरि, तस्मादिति।

ઉદા. (૧) **परिसर्या** = ચારે તરફ જવું. परिसरणमिति। (सृं गतौ-२५)
આ સૂત્રથી य→परि+सृ+**य**
પ્રથમા સિ વગેરે→परि**सर्या**।

(૨) **परिचर्या** = સેવા. परिचरणमिति। (चर भक्षणे च-४१०)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો આ સૂત્રથી પ્રવૃત્તિ માત્ર ભાવ અર્થમાં માને છે.

वाऽटाट्यात् ५.३.१०३

અ.અ.સૂ. : अटाट्यात् धातोः भावा-ऽकर्त्रोः स्त्रियां यः वा।

અર્થ : યઙ્ પ્રત્યયાન્ત અટ્ ધાતુથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં સ્ત્રીલિંગમાં य પ્રત્યય વિકલ્પે થાય છે.

ઉદા. **अटाट्या/अटाटा** = કુટિલ રીતે ભટકવું. (अट गतौ-१९४)
अट्यर्त्ति०૩.૪.૧૦થી યઙ્→अट्+**य**
स्वरादे०૪.૧.૩થી દ્વિત્વ→**अट**ट्+य
आ गुणा०૪.૧.૪૮થી टનાં अનો आ→**अटाट्य**
આ સૂત્રથી य→अटाट्य+**य**
योऽशिति ૪.૩.૮૦થી य્નો અને
अतः ૪.૩.૮૨થી अનો લોપ→अटाट्य
आप् વગેરે→अटाट्या।
વિકલ્પે : જ્યારે य ન થાય ત્યારે,
शंसि-प्रत्ययात् ૫.૩.૧૦૫થી अ→अटाट्य+**अ**
પૂર્વપ્રમાણે નો લોપ વગેરે થતાં→अटाटा।

અન્ય મત :

(૧) કેટલાંક વ્યાકરણકારો માત્ર ભાવ અર્થમાં જ આ સૂત્રની પ્રવૃત્તિ માને છે.

(૨) કેટલાંક વ્યાકરણકારો યઙ પ્રત્યયાન્ત અટ્ ધાતુથી ભાવ-અકર્તૃમાં થતાં ક્તિ પ્રત્યયનાં બાધ માટે આ સૂત્રથી નિપાતન માને છે.

जागुरश्च ५.३.१०४

અ.અ.સૂ. : जागुः धातोः भावा-ऽकर्त्रोः स्त्रियाम् अः च(यः)।

અર્થ : જાગૃ ધાતુથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં સ્ત્રીલિંગમાં અ અને ય પ્રત્યય થાય છે.

ઉદા. जागरा/जागर्या = જાગવું તે.

जागरणमिति। (जागृक् निद्राक्षये-१०९३)

આ સૂત્રથી અ→जागृ+**अ**

ગુણ વગેરે થતાં→**जागरा**।

આ સૂત્રથી ય→जागृ+**य**

પૂર્વપ્રમાણે ગુણ વગેરે→**जागर्या**।

વિશેષતા :

(૧) આ સૂત્રથી સ્ત્રીલિંગ એવા ભાવ-અકર્તૃ કારકમાં અ પ્રત્યયનું વિધાન હોવાથી તે स्त्रियां क्तिः ૫.૩.૯૧થી થતાં ક્તિનાં અપવાદ રૂપ થાય છે. તો પણ ક્યારેક કોષમાં जागर्ति એ પ્રમાણે જે પ્રયોગ જોવા મળે છે. તે बहुलम् ૫.૧.૨થી આવતાં બહુલતાનાં કારણે જાણવું.

(૨) યદ્યપિ સૂત્રમાં અ પ્રત્યયનું ગ્રહણ કર્યું હોવાથી પૂર્વસૂત્રથી આવતો ય પ્રત્યયનો અધિકાર અટકી જાય છે. પરંતુ

સૂત્રગત ચકાર દ્વારા **चकारो यस्मात्पर०२/६१** ન્યાયાનુસારે પ્રત્યયતયા अः ને સજાતીય પૂર્વસૂત્રથી પ્રત્યય એવા यનું ગ્રહણ થાય છે. તેમજ, **चानुकृष्टं०२/६२** ન્યાયાનુસારે તે અધિકાર ઉત્તરસૂત્રમાં જતો નથી.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો આ સૂત્રની પ્રવૃત્તિ માત્ર ભાવ અર્થમાં જ કરે છે.

शंसि-प्रत्ययात् ५.३.१०५

અ.અ.સૂ. : शंसि-प्रत्ययात् धातोः भावा-ऽकर्त्रोः स्त्रियां अः ।

અર્થ : શંસ્ ધાતુ તેમજ પ્રત્યયાન્ત ધાતુ (સ્વાર્થિક, નામધાતુ)થી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં સ્ત્રીલિંગમાં અ પ્રત્યય થાય છે.

સ. : शंसि-प्रत्ययात् = शंसिश्च प्रत्ययश्चेति शंसि-प्रत्ययम्, तस्मादिति।

ઉદા. (૧) **प्रशंसा** = प्रशंसा. प्रशंसनमिति। (शंसू स्तुतौ च-५५०)
આ સૂત્રથી અ→प्र+शंस्+**अ**
આપ્ વગેરે થતાં→**प्रशंसा**।

(૨) **गोपाया** = रक्षा. गोपायनमिति।
गुपौ-धूप०३.४.१थी आय→गुप्+**आय**
ગુણ વગેરે થતાં→**गो**पाय
આ સૂત્રથી અ→गोपाय+**अ**
अतः ४.३.८२થી अનો લોપ→गोपाय
આપ્ વગેરે થતાં→गोपा**या**।

વિશેષતા :

અહીં ધ્યાનમાં લેવું કે, શંસ્ ધાતુ ऊ ઇત્વાળો હોવાથી ઊદિતો વા ४.४.४२ સૂત્રથી વિકલ્પે इट् લે છે. તેમજ, વેટોઽપતઃ

૪.૪.૬૨ સૂત્ર દ્વારા ક્તની પૂર્વે ઇટ્નો નિષેધ થાય છે. તેથી આગામી ક્તેટો ગુરો૦૫.૩.૧૦૬થી અની પ્રાપ્તિ ન હતી. તેની પ્રાપ્તિ માટે અહીં શંસ્ ધાતુનું ગ્રહણ કરેલ છે.

क्तेटो गुरोर्व्यञ्जनात् ५.३.१०६

અ.અ.સૂ. : क्तेटः गुरोः व्यञ्जनात् धातोः भावा-ऽकर्त्रोः स्त्रियां अः ।

અર્થ : ક્તની પૂર્વે ઇટ્ વાળાં, ગુરુ સ્વરવાળાં એવા વ્યંજનાન્ત ધાતુઓથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં સ્ત્રીલિંગમાં અ પ્રત્યય થાય છે.

સ. : (૧) **क्तेटः** = क्तस्य इट् यस्मात् इति क्तेट्, तस्मादिति।

ઉદા. (૧) **ईहा** = चेष्टा. ईहनमिति। (ईहि चेष्टा०८५७)
આ સૂત્રથી અ→ईह्+**अ**
આપ્ વગેરે→**ईहा**।

★ અહીં ईह् ધાતુ અનુસ્વાર ઇત્વાળો ન હોવાથી ક્તની પૂર્વે स्ताद्यशितो०४.४.३२ સૂત્ર દ્વારા ઇટ્ આગમ થાય છે. તેમજ ઈ ગુરુસ્વર હોવાથી આ સૂત્રની પ્રવૃત્તિ થઈ છે.

પ્ર.ઉદા.(૧) **क्तेट इति किम्? स्रस्तिः** = સરકવું તે. स्रसनमिति। (स्रंसूङ् अवस्रंसने-९५३)
આ સૂત્રની પ્રવૃત્તિ ક્તની પૂર્વે ઇટ્ આગમ વાળાં ધાતુથી થાય છે. જ્યારે અહીં દર્શાવેલ स्रंस् ધાતુથી ક્તની પૂર્વે वेटोऽपतः ૪.૪.૬૨થી ઇટ્નો નિષેધ થાય છે. માટે આ સૂત્રથી અ પ્રત્યય ન થતાં क्ति પ્રત્યય થાય છે.

(૨) **गुरोरिति किम्? स्फूर्त्तिः** = प्रतिभा. स्फूर्च्छनमिति। (स्फुर्छा विस्मृतौ-१२७)

આ સૂત્રની પ્રવૃત્તિ ગુરુસ્વરવાળાં ધાતુથી થાય છે. જ્યારે અહીં મૂળધાતુ હ્રસ્વ સ્વરવાળો છે. તેને भ्वादेर्नामिनो०२.१.६૩થી દીર્ઘ કરેલ છે. માટે આ સૂત્રથી અ ન થતાં સ્ત્રિયાં क्तिः ૫.૩.૯૧થી क्ति થયેલ છે.

(૩) **व्यञ्जनादिति किम् ? संशीतिः** = સંશય.
संशयनमिति। (शीङ्क् स्वप्ने-११०५)
આ સૂત્રની પ્રવૃત્તિ વ્યંજનાન્ત ધાતુથી થાય છે. જ્યારે અહીં ईકારાન્ત ધાતુ છે. માટે આ સૂત્રથી અ ન થતાં સ્ત્રિયાં क्तिः ૫.૩.૯૧થી क्ति થયેલ છે.

षितोऽङ् ૫.૩.૧૦૭

અ.અ.સૂ. : षितः धातोः भावा-ऽकर्त्रोः स्त्रियां अङ् ।

અર્થ : ष् ઇત્વાળાં ધાતુઓથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં સ્ત્રીલિંગમાં अङ् પ્રત્યય થાય છે.

સ. : षितः = ष् इत् यस्य स इति षित्, तस्मादिति।

ઉદા. (૧) **पचा** = રાંધવું. पचनमिति। (डुपचींष् पाके-८९२)
આ સૂત્રથી अङ्→पच्+**अ**
आप् વગેરે→**पचा**।

(૨) **जरा** = વૃદ્ધાવસ્થા. जरणमिति। (जृषच् जरसि-११४५)
આ સૂત્રથી अङ्→जृ+**अ**
ऋवर्ण-दृशो०४.३.७થી ગુણ→**जर**
आप् વગેરે→**जरा**।

વિશેષતા :

(૧) **ष્ઇત્વાળાં ધાતુઓ :** डुपचींष्-८९२, क्षमौषि-७८८, घटिष्-१०००, त्रित्वरिष्-१०१०, प्रथिष्-१००३, व्यथिष्-१००२, जृष्च्-११४५।

(૨) સૂત્રનિર્દિષ્ટ અङ્ પ્રત્યયમાં ङ્ ઇત્ ગુણનો નિષેધ રૂપ ङિત્ કાર્ય માટે છે.

भिदादयः ૫.૩.૧૦૮

અ.અ.સૂ. : भिदादयः भावा-ऽकर्त्रोः स्त्रियाम्।

અર્થ : ભિદા વગેરે પ્રયોગો ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં સ્ત્રીલિંગમાં અङ્ પ્રત્યયાન્ત નિપાતન પામે છે.

સ. : भिदादयः = भिद् आदिर्येषां ते इति।

ઉદા. (૧) भिदा = ભેદન કરવું.
भेदनमिति। (भिदृंपी विदारणे-૧૪૭૭)

(૨) **छिदा** = છેદન કરવું.
छेदनमिति। (छिदृंपी द्वैधीकरणे-૧૪૭૮)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ अङ्નું વિધાન આ સૂત્રથી કરવું.

વિશેષતા :

(૧) **भिदादि ગણ દ્વારા સિદ્ધ થતાં પ્રયોગો :** ભિદા, છિદા, વિદા, મૃજા, ક્ષિપા, દયા, રુજા, ચુરા, આરા, કારા, હારા, ધારા, તારા, ગુહા, કુહા, વશા, વપા, તુલા, ક્ષપા, ક્ષિપા, રેખા, લેખા, શોભા, સેધા, મેધા, ગોધા વગેરે.
સૂત્રમાં બ.વ. આકૃતિગણ માટે છે. તેથી ચૂડા એ પ્રમાણે પ્રયોગ પણ સિદ્ધ થાય છે.

भीषि-भूषि-चिन्ति-पूजि-कथि-कुम्बि-चर्चि-स्पृहि-तोलि-दोलिभ्यः ५.३.१०९

અ.અ.સૂ. : भीषि-भूषि-चिन्ति-पूजि-कथि-कुम्बि-चर्चि-स्पृहि-तोलि-दोलिभ्यः धातुभ्यः भावा-ऽकर्त्रोः स्त्रियां अङ् ।

અર્થ : णि प्रत्ययान्त એવા भी, भूष्, चिन्त्, पूज्, कथ्, कुम्ब्, चर्च्, स्पृह्, तुल् અને दुल् धातुओथी ભાव અને कर्तृ સિવાયનાં कारકમાં स्त्रीलिंगમાં अङ् प्रत्यय थाय छे.

સ. : भीषि-भूषि-चिन्ति-पूजि-कथि-कुम्बि-चर्चि-स्पृहि-तोलि-दोलिभ्यः = भीषिश्च भूषिश्च चिन्तिश्च पूजिश्च कथिश्च कुम्बिश्च चर्चिश्च स्पृहिश्च तोलिश्च दोलिश्चेति भीषि-भूषि-चिन्ति-पूजि-कथि-कुम्बि-चर्चि-स्पृहि-तोलि-दोलयः, तेभ्य इति।

ઉદા. (१) **भीषा** = ડરાવવું. भीषणमिति। (त्रिभींक् भये-११३२)
प्रयोक्तृ०३.४.२०थी णिग्→भी+**इ**
बिभेते०३.३.९२थी भीष्→**भीष्**+इ
આ સૂત્રથી अ→भीष्+इ+**अ**
णेरनिटि ४.३.८३थी णिग्नो लोप→**भीष**
आप् વગેરे→भी**षा**।

(२) **भूषा** = शणगारवुं. भूषणमिति। (भूष अलङ्कारे-१७५६)

(३) **चिन्ता** = विचारवुं. चिन्तनमिति। (चितुण् स्मृत्याम्-१६४५)

(४) **पूजा** = पूજા કरवी. पूजनमिति। (पूजण् पूजायाम्-१५८६)

(५) **कथा** = કहेवुं. कथनमिति। (कथण् वाक्यप्रबन्धे-१८८०)

(६) **कुम्बा** = ढांકवुं. कुम्बनमिति। (कुबुण् आच्छादने-१६७७)

(७) **चर्चा** = चर्चा કरवी. चर्चनमिति। (चर्चण् अध्ययने-१७२९)

(૮) **स्पृहा** = ઇચ્છા. स्पृहणमिति। (स्पृहण् ईप्सायाम्-૧૯૨૮)

(૯) **तोला** = તોલવું. तोलनमिति। (तुलण् उन्माने-૧૬૯૨)

(૧૦) **दोला** = ફેંકવું. दोलनमिति। (दुलण् उत्क्षेपे-૧૬૯૩)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ णिग્નાં બદલે चुरादिभ्यो०૩.૪.૧૭થી णिच् કરવો.

વિશેષતા :

(૧) આ સૂત્રનિર્દિષ્ટ भी વગેરે ધાતુઓ ण्यन्त હોવાથી આગામી णि-वेत्त्यास०૫.૩.૧૧૧થી તેમનાં વિશે अनની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી अङ् કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

(૨) સૂત્રમાં दोलिभ्यः એ પ્રમાણે બ.વ.નો નિર્દેશ હોવાથી શાસ્ત્રમાં જણાતાં એવા પીડા, ઊના જેવા પ્રયોગો પણ આ સૂત્ર દ્વારા સિદ્ધ થાય છે.

उपसर्गादातः ૫.૩.૧૧૦

અ.અ.સૂ. : उपसर्गात् आतः धातोः भावा-ऽकर्त्रोः स्त्रियां अङ् ।

અર્થ : ઉપસર્ગપૂર્વક આકારાન્ત ધાતુઓથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં સ્ત્રીલિંગમાં अङ् પ્રત્યય થાય છે.

ઉદા. उपदा = માન વિશેષ. उपदानमिति। (डुदांग्क् दाने-૧૧૩૮)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ अङ्નું વિધાન આ સૂત્રથી કરવું.

પ્ર.ઉદા. उपसर्गादिति किम् ? दत्तिः = દાન.
આ સૂત્રની પ્રવૃત્તિ ઉપસર્ગપૂર્વકનાં ધાતુઓથી થાય છે. જ્યારે અહીં दा ધાતુ ઉપસર્ગપૂર્વક નથી. માટે આ સૂત્રથી अङ् ન થતાં स्त्रियां क्तिः ૫.૧.૯૩થી क्ति થયેલ છે.

णि-वेत्त्यास-श्रन्थ-घट्ट-वन्देरनः ५.३.१११

अ.अ.सू. : णि-वेत्त्यास-श्रन्थ-घट्ट-वन्देः धातोः भावा-ऽकर्त्रोः स्त्रियां अनः।

अर्थ : णि प्रत्ययान्त, विद्, आस्, श्रन्थ्, घट्ट अने वन्द् धातुथी भाव अने कर्तृ सिवायनां कारकमां स्त्रीलिंगमां अन प्रत्यय थाय छे.

स. : णि-वेत्त्यास-श्रन्थ-घट्ट-वन्देः = णिश्च वेत्तिश्च आसश्च श्रन्थश्च घट्टश्च वन्दिश्चेति णि-वेत्त्यास-श्रन्थ-घट्ट-वन्दिः, तस्मादिति।

उदा. (१) **कारणा** = करावvुं. कारणमिति। (डुकृंग् करणे-८८८)
प्रयोक्तृ०३.४.२०थी णिग्→कृ+**इ**
नामिनोऽ०४.३.५१थी वृद्धि→**कारि**
आ सूत्रथी अन→कारि+**अन**
णेरनिटि ४.३.८३थी णिग्नो लोप→कारन
र-षृवर्णान्नो०२.३.६३थी न्नो ण्→कार**ण**
आप वगेरे→कार**णा**।

(२) **वेदना** = जाणvुं. वेदनमिति। (विदंक् ज्ञाने-१०९९)

(३) **आसना** = बेसvुं. आसनमिति। (आसिक् उपवेशने-१११९)

(४) **श्रन्थना** = खोलvुं. श्रन्थनमिति। (श्रन्थश् मोचने-१५४६)

(५) **घट्टना** = संघर्ष. घट्टनमिति। (घट्टि चलने-६६८)

(६) **वन्दना** = वंदना. वन्दनमिति। (वदुङ् स्तुत्य०७२१)
आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी. परंतु णिग् प्रत्ययनुं विधान न करvुं.

विशेषता :

(१) सूत्रमां वेत्ति એ प्रमाणे तिव् प्रत्यय सहित विद् धातुनो निर्देश होवाथी आ सूत्रनो विषय मात्र विदंक्-

ज्ञाने-१०९९ धातु જ બને છે. પણ અન્ય दिवादि ગણીય विदिंच्-१२५८, तुदादि ગણીય विद्लृंती-१३२२ અને रुधादि ગણીય विदिंप्-१४९७ ધાતુ નહીં.

इषोऽनिच्छायाम् ५.३.११२

અ.અ.સૂ. : अनिच्छायाम् इषः धातोः भावा-ऽकर्त्रोः स्त्रियां अनः।

અર્થ : ઇચ્છા સિવાયનાં અર્થમાં વર્ત્તતાં इष् ધાતુથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં સ્ત્રીલિંગમાં अन પ્રત્યય થાય છે.

સ. : अनिच्छायाम् = न इच्छा इति अनिच्छा, तस्मादिति।

ઉદા. (૧) अन्वेषणा = शोधवुं. अन्वेषणमिति। (इषच् गतौ-११६८)
આ સૂત્રથી अन→अनु+इष्+**अन**
ગુણ વગેરે થતાં→**अन्वेषण**
आप् વગેરે→**अन्वेषणा**।

પ્ર.ઉદા. अनिच्छायामिति किम् ? इष्टिः = ઇચ્છા. एषणमिति।

★ આ સૂત્રમાં ઇચ્છા અર્થનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી अन न થતાં स्त्रियां क्तिः ५.३.९१थी क्ति થયેલ છે.

વિશેષતા :

આ સૂત્રની પ્રવૃત્તિ અનિચ્છા અર્થમાં વર્ત્તતાં ધાતુથી થાય છે. તો પણ बहुलम् ५.१.२થી આવતાં બહુલતાનાં કારણે ઇચ્છા અર્થમાં વર્ત્તતાં ધાતુથી प्राणैषणा, वित्तैषणा જેવાં પ્રયોગો થાય છે.

पर्यधेर्वा ५.३.११३

अ.अ.सू. : अनिच्छायां पर्यधेः इषेः धातोः भावा-ऽकर्त्रोः स्त्रियाम् अनः वा।

अर्थ : परि अने अधि उपसर्गथी पर रहेलां ईच्छा सिवायनां अर्थमां वर्त्तता इष् धातुथी भाव अने कर्तृ सिवायनां कारकमां स्त्रीलिंगमां अन प्रत्यय विकल्पे थाय छे.

स. : पर्यधेः = परिश्च अधिश्चेति पर्यधि, तस्मादिति।

उदा. (१) **पर्येषणा/परीष्टिः** = એકाग्र चित्ते देખरेખ राખवी. पर्येषणमिति। (इषच् गतौ-११६८)

(२) **अध्येषणा/अधीष्टिः**=सत्कारपूर्वકनी प्रेरणा. अध्येषणमिति। आ उदा.नी साधनिका पूर्वप्रमाणे જાણवी. परंतु आ सूत्रथी अनનું विકल्पे विधान કरवुं. अने विકल्पे स्त्रियां० ५.३.९१थी क्ति કरवुं.

अन्य मत :

કेटलांક व्याકरणકारो अधि उपसर्गपूर्वक आ सूत्रनी प्रवृत् ईच्छतां नथी.

क्रुत्-संपदादिभ्यः क्विप् ५.३.११४

अ.अ.सू. : क्रुत् संपदादिभ्यः धातुभ्यः स्त्रियां भावा-ऽकर्त्रोः क्विप्।

अर्थ : उपसर्गरहित क्रुध् वगेरे अने सम् वगेरे उपसर्गपूर्वक पद् वगेरे धातुओथी स्त्रीलिंगमां भाव अने कर्तृ सिवायनां कारकमां क्विप् प्रत्यय थाय छे.

स. : क्रुत्-संपदादिभ्यः = क्रुच्च संपद् चेति क्रुत्संपतौ, क्रुत्-संपतौ आदि येषां ते इति क्रुत्-संपदादयः, तेभ्य इति।

ઉદા. (૧) **क्रुत्** = ક્રોધ. क्रोधनमिति। (क्रुधंच् कोपे-११८४)
આ સૂત્રથી क्विप्→क्रुध्+०
પ્રથમા સિ વગેરે→**क्रुत्**।

(૨) **युत्** = યુદ્ધ. योधनमिति। (युधिंच् सम्प्रहारे-१२६०)

(૩) **संपत्** = સંપત્તિ. संपदनमिति। (पदिंच् गतौ-१२५७)

(૪) **विपत्** = આપત્તિ. विपदनमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) સૂત્રનિર્દિષ્ટ क्रुत्-संपदादिभ्यः પદમાં **द्वन्द्वात्परः प्रत्येकमभिसम्बध्यते ૩/૧૫** ન્યાયાનુસારે આદિ પદનો અન્વય દ્વન્દ્વ સમાસનાં અવયવભૂત क्रुत् અને संपत् બંને પદ સાથે કરવો.

(૨) **क्रुधादि ગણ દ્વારા સિદ્ધ થતાં પ્રયોગો :** क्रुत्, युत्, क्षुत्, तृट्, त्विट्, रुट्, रुक्, शुक्, मुत्, मृत्, गीः, त्राः, दिक् વગેરે.

(૩) **संपदादि ગણ દ્વારા સિદ્ધ થતાં પ્રયોગો :** संपद्, विपद्, आपद्, व्यापद्, प्रनिपद्, संसत्, परिषत्, उपसत्, उपनिषत्, प्रशीः, आशीः, प्रतिश्रुत्, उपश्रुत्, परिस्रुत्, उपानत्, प्रावृट्, विपृट्, नीवृत्, उपावृत्, संयत्, समित्, उपभृत्, समित् વગેરે.

(૪) સૂત્રમાં क्रुत्-संपदादिभ्यः એ પ્રમાણે બ.વ. આકૃતિગણ માટે છે. તેથી અહીં નહીં દર્શાવેલાં પણ શાસ્ત્રોમાં દેખાતાં અન્ય પ્રયોગો પણ આના દ્વારા સિદ્ધ થઈ શકે છે.

भ्यादिभ्यो वा ५.३.११५

અ.અ.સૂ. : भ्यादिभ्यः धातुभ्यः स्त्रियां भावा-ऽकर्त्रोः क्विप् वा।

અર્થ : भी વગેરે ધાતુઓથી સ્ત્રીલિંગમાં ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં क्विप् પ્રત્યય વિકલ્પે થાય છે.

સ. : भ्यादिभ्यः = भी आदिर्येषां ते इति भ्यादयः, तेभ्य इति।

ઉદા. (૧) **भीः/भीतिः** = भय. भीयते इति। (ञिभींक् भये-११३२)

(૨) **ह्रीः/ह्रीतिः** = लज्जा. ह्रयणमिति। (ह्रींक् लज्जायाम्-११३३)

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ આ સૂત્રથી क्विप्નું વિધાન વિકલ્પે કરવું. અને વિકલ્પપક્ષે स्त्रियां क्तिः ૫.૩.૯૧થી क्ति કરવો.

વિશેષતા :

(૧) **भ्यादि ગણ દ્વારા સિદ્ધ થતાં પ્રયોગો :** भीः, भीतिः, ह्रीः, ह्रीतिः, लूः, लूनिः, भूः, भूतिः, कण्डूः, कण्डूया, कृत्, कृतिः, भित्, भित्तिः, छित्, छित्तिः, तुत्, तुत्तिः, दृक्, दृष्टिः, नक्, नष्टिः, युक्, युक्तिः, जूः, जूतिः, तूः, तूतिः, ऊः, ऊतिः, श्रूः, श्रूतिः, मूः, मूतिः, नुत्, नुतिः, शक्, शक्तिः વગેરે.

व्यतिहारेऽनीहादिभ्यो ञः ५.३.११६

અ.અ.સૂ. : व्यतिहारे अनीहादिभ्यः धातुभ्यः स्त्रियां ञः, भावे बहुलम्।

અર્થ : વ્યતિહારનાં વિષયમાં વર્ત્તતાં ईह् વગેરે સિવાયનાં ધાતુઓથી સ્ત્રીલિંગમાં બહુલતાએ ભાવમાં ञ પ્રત્યય થાય છે.

સ. : अनीहादिभ्यः = ईह् आदिर्येषां ते इति ईहादयः, न ईहादय इति अनीहादयः, तेभ्य इति।

ઉદા. **व्यावक्रोशी** = પરસ્પર આક્રોશ કરવો.

परस्परस्याक्रोशनमिति। (क्रुशं आह्वान-रुदनयोः-९८६)

આ સૂત્રથી ञ→वि+अव+क्रुश्+**अ**

लघोरुपा०४.३.४थी गुण→व्यव**क्रो**श्+अ

व्यावक्रौशेव અર્થમાં नित्यं ञ०७.३.५८थी अण्→व्यवक्रोश्+ अ+**अ**

वृद्धिः स्वरेष्वा०७.४.१थी वृद्धि→**व्या**वक्रोश

अणञेयेकण्०२.४.२०थी ङी વગેરે→व्यावक्रो**शी**।

પ્ર.ઉદા. अनीहादिभ्य इति किम् ?

(१) **व्यतीहा** = પરસ્પર ઇચ્છા કરવી. (ईहि चेष्टायाम्-८५७)

(२) **व्यतीक्षा** = પરસ્પર જોવું. (ईक्षि दर्शने-८८२)

★ આ સૂત્રમાં ईह् વગેરે ધાતુઓનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી ञ ન થતાં क्तेटो गुरो० ५.३.१०६થી अ પ્રત્યય થયો છે.

વિશેષતા :

(१) **ईहादि ગણ દ્વારા વર્જિત થતાં પ્રયોગો :** व्यतीहा, व्यतीक्षा, व्यतिपृच्छा, व्यवहृतिः વગેરે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો व्यत्युक्षा પ્રયોગનું પણ વર્જન કરે છે.

नञोऽनिः शापे ५.३.११७

અ.અ.સૂ. : नञः धातोः शापे भावा-ऽकर्त्रोः स्त्रियाम् अनिः।

અર્થ : નञ્ અવ્યયથી પર રહેલાં ધાતુથી શાપ અર્થ જણાતે છતે ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં સ્ત્રીલિંગમાં अनि પ્રત્યય થાય છે.

ઉદા. **अजननिस्तेभूयात्** = તારો જન્મ નિરર્થક થાય.
न जननमिति। (जनैचि प्रादुर्भावे-१२६५)
આ સૂત્રથી અનિ→नञ्+जन्+**अनि**
नञत्०३.२.१२५થી नञ્નો अ→**अ**जननि
પ્રથમા સિ વગેરે→अजननिः।

પ્ર.ઉદા. **शाप इति किम् ? अकृतिः पटस्य** =
વસ્ત્રનું નહીં બનાવવું. (डुकृंग् करणे-८८८)

★ આ સૂત્રની પ્રવૃત્તિ શાપ અર્થ જણાતે છતે થાય છે. જ્યારે અહીં શાપ અર્થ જણાતો નથી. માટે આ સૂત્રથી અનિ ન થતાં સ્ત્રિયાં क्तिः ૫.૩.૯૧થી क्ति થયેલ છે.

ग्ला-हा-ज्यः ५.३.११८

અ.અ.સૂ. : ग्ला-हा-ज्यः धातोः भावा-ऽकर्त्रोः स्त्रियाम् अनिः।

અર્થ : ग्ला, हा અને ज्या ધાતુથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં સ્ત્રીલિંગમાં અનિ પ્રત્યય થાય છે.

સ. : ग्ला-हा-ज्यः = ग्लाश्च हाश्च ज्याश्चेति ग्ला-हा-ज्य्, तस्मादिति।

ઉદા. (૧) **ग्लानिः** = દુઃખ. ग्लानमिति। (ग्लैं हर्षक्षये-३१)

(૨) **हानिः** = ઇષ્ટવસ્તુનો ત્યાગ.
हानमिति। (ओहांक् त्यागे-११३१)

(૩) **ज्यानिः** = વૃદ્ધાવસ્થા. ज्यानमिति। (ज्यांश् हानौ-१५२४)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ અનિનું વિધાન આ સૂત્રથી કરવું.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો म्लानिः એ પ્રમાણે પણ પ્રયોગ ઇચ્છે છે.

प्रश्ना-ऽऽख्याने वेञ् ५.३.११९

अ.अ.सू. : प्रश्ना-ऽऽख्याने स्त्रियां भावा-ऽकर्त्रोः धातोः इञ् वा।

अर्थ : પ્રશ્ન અને ઉત્તર અર્થ જણાતે છતે સ્ત્રીલિંગમાં ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં ધાતુથી इञ् પ્રત્યય વિકલ્પે થાય છે.

स. : प्रश्ना-ऽऽख्याने = प्रश्नश्च आख्यानं चेति प्रश्ना-ऽऽख्यानम्, तस्मिन्निति।

ઉદા. (૧) **प्रश्न : कां कारिं/कारिकां/क्रियां/कृत्यां/कृतिं अकार्षीः?** = તે શું કાર્ય કર્યું ? करणमिति। (डुकृंग् करणे-८८८)
આ સૂત્રથી इञ्→कृ+**इ**
વૃદ્ધિ વગેરે થતાં→**कारिम्।**
વિકલ્પે : જ્યારે इञ् ન થાય ત્યારે,
पर्याया-ऽर्हणो०५.३.१२०थी णक→कृ+**अक**
વૃદ્ધિ વગેરે થતાં→**कार**क
आप् વગેરે→**कारिका**म्।
વિકલ્પે : જ્યારે इञ् ન થાય ત્યારે,
कृगः श च०५.३.१००थी श, य અને क्ति પ્રત્યય થતાં क्रियाम्/कृत्याम् અને कृतिम् પ્રયોગ થાય છે. જેની સાધનિકા ૫.૩.૧૦૦માંથી જાણવી.

(૨) **ઉત્તર : सर्वां कारिं/कारिकां/क्रियां/कृत्यां/कृतिं अकार्षीः** = મેં સર્વ કાર્ય કર્યું ?
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

पर्यायाऽर्हणोत्पत्तौ च णकः ५.३.१२०

અ.અ.સૂ. : पर्याया-ऽर्हणोत्पत्तौ च (प्रश्ना-ऽऽख्याने) धातोः भावा-ऽकर्त्रोः स्त्रियां णकः ।

અર્થ : ક્રમ, યોગ્યતા, ઋણ, ઉત્પત્તિ, પ્રશ્ન અને ઉત્તર અર્થ જણાતે છતે ધાતુથી ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં સ્ત્રીલિંગમાં णक પ્રત્યય થાય છે.

સ. : पर्याया-ऽर्हणोत्पत्तौ = पर्यायश्च अर्हश्च ऋणं च उत्पत्तिश्चेति पर्याया-र्हणोत्पत्तिः, तस्यामिति।

ઉદા. (૧) **પર્યાય : भवत आसिका** = તારો બેસવાનો વારો.
आसितुं भवतः क्रम इति। (आसिक् उपवेशने-१११९)

(૨) **भवतः शायिका** = તારો સૂવાનો વારો.
शयितुं पर्याय इति। (शीङ्क् स्वप्ने-११०५)

(૩) **અર્હ = अर्हसि त्वमिक्षुभक्षिकाम्** =
તું શેલડી ખાવા માટે યોગ્ય છે. (भक्षण् अदने-१७१७)

(૪) **ઋણ = धारयसि मे इक्षुभक्षिकाम्** =
શેલડી ખાવાનું મારે ઋણ છે.

(૫) **ઉત્પત્તિ = उदपादि मे इक्षुभक्षिका** =
મારે શેલડી ખાવાનું થયું.

(૬) **પ્રશ્ન = कां कारिकामकार्षीः ?** = તેં શું કાર્ય કર્યું ?

(૭) **ઉત્તર = सर्वां कारिकामकार्षीः** = મેં બધું કાર્ય કર્યું.
આ ઉદા.ની સાધનિકા કારિકા પ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) સૂત્રમાં बहुलम्નો અધિકાર આવતો હોવાથી પર્યાયાદિ અર્થ હોતે છતે પણ સૂત્રપ્રવૃત્તિ થતી નથી. જેમકે, चिकीर्षा बुभुक्षा मे उदपादि।

(૨) પૂર્વસૂત્રની પ્રવૃત્તિ પ્રશ્ન-આખ્યાન અર્થમાં થાય છે. જ્યારે આ સૂત્રની પ્રવૃત્તિ પર્યાયાદિ અર્થમાં થાય છે. પરંતુ જ્યાં પ્રશ્ન-આખ્યાન અને પર્યાયાદિ બંને અર્થ જણાતાં હોય તો સ્પર્ધે ૭.૪.૧૧૯ પરિભાષાનુસારે પરતયા આ સૂત્રથી ણક પ્રત્યય કરવો. પણ ઇઞ્ પ્રત્યય કરવો નહીં.

नाम्नि पुंसि च ५.३.१२१

અ.અ.સૂ. : धातोः भावा-ऽकर्त्रोः स्त्रियां नाम्नि णकः, पुंसि च ।

અર્થ : ધાતુથી સ્ત્રીલિંગમાં ભાવ અને કર્તૃ સિવાયનાં કારકમાં સંજ્ઞાનો વિષય હોતે છતે ણક થાય છે. અને પ્રયોગાનુસારે પુંલિંગમાં પણ થાય છે.

ઉદા. (૧) **प्रच्छर्दिका** = વમવું તે.
प्रच्छर्द्यतेऽनयेति। (छर्दण् वमने-१६५९)

(૨) **शालभञ्जिका** = ક્રીડા વિશેષ.
शाला भज्यन्ते यस्यामिति। (भञ्जौप् आमर्दने-१४८६)

(૩) **अरोचकः** = રોગ વિશેષ.
न रोचतेऽस्मिन्निति। (रुचि अभिप्रीत्याम्-९३८)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ ણકનું વિધાન આ સૂત્રથી કરવું. તેમજ, ઉદા.૩ પુંલિંગમાં હોવાથી ङी પ્રત્યય લગાડવો નહીં.

વિશેષતા :

(૧) પૂર્વસૂત્ર बहुलम् ૫.૧.૨થી આવતાં બહુલતાનાં અધિકારનાં કારણે સંજ્ઞાનાં વિષયમાં પણ આ સૂત્રથી ણક પ્રત્યય ન થતાં क्ति પ્રત્યય જ થાય છે. જેમકે, शिरोर्त्तिः, शीर्षार्त्तिः, शीर्षाभितप्तिः વગેરે.

भावे ५.३.१२२

अ.अ.सू. : धातोः स्त्रियां भावे णकः।

અર્થ : ધાતુથી સ્ત્રીલિંગમાં ધાત્વર્થ માત્રનાં નિર્દેશમાં णक પ્રત્યય થાય છે.

ઉદા. **शायिका** = સૂવું તે. शयनमिति। (शीङ्क् स्वप्ने-११०५)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ णकનું વિધાન આ સૂત્રથી કરવું.

વિશેષતા :

આ સૂત્રમાં પૂર્વસૂત્રથી આવતાં બહુલતાનાં અધિકારનાં કારણે ईक्षा, ऊहा, ईहा, स्मरणा જેવાં પ્રયોગોમાં क्तेटो-गुरो०५.३.१०६થી પ્રાપ્ત अ પ્રત્યય અને णि-वेत्त्यास०५.३.१११થી પ્રાપ્ત अन પ્રત્યય થયો છે. પણ આ સૂત્રથી णक થયો નહીં.

क्लीबे क्तः ५.३.१२३

अ.अ.सू. : धातोः क्लीबे भावे क्तः।

અર્થ : ધાતુથી નપુંસકલિંગ ભાવમાં क्त પ્રત્યય થાય છે.

ઉદા. **हसितं तव** = તારું હસવું. हसनमिति। (हसे हसने-५४५)
આ સૂત્રથી क्त→हस्+**त**
स्ताद्यशितो०४.४.३२થી इट्→**हसित**
પ્રથમા सि વગેરે→**हसितम्**।

પ્ર.ઉદા.(૧) **क्लीबे इति किम्? हासः** = હસવું.

★ આ સૂત્રની પ્રવૃત્તિ નપુંસકલિંગમાં થાય છે. જ્યારે અહીં પુંલિંગ પ્રયોગ હોવાથી આ સૂત્રથી क्त ન થતાં भावा-ऽकर्त्रोः ५.३.१८થી घञ् થયેલ છે.

વિશેષતા :

(૧) આ સૂત્રમાં क्लीबे પદનું ગ્રહણ કર્યું હોવાથી પૂર્વસૂત્રથી આવતો स्त्रियाम् અને भावा-ऽकर्त्रोः નો અધિકાર અટકી જાય છે.

(૨) આ સૂત્રની પ્રવૃત્તિ ભાવ અર્થમાં થતી હોવાથી भावा-ऽकर्त्रोः ૫.૩.૧૮ વગેરે સૂત્રથી ભાવમાં વિધાન કરાતાં ઘञાદિ પ્રત્યયોનો બાધ આ સૂત્રથી થાય છે.

જિ. : પૂર્વે तत्साप्या०૩.૩.૨૧ સૂત્રથી સામાન્યથી ભાવમાં क्त પ્રત્યય કર્યો હતો. અને તે क्त પ્રત્યયાન્ત નામને **कृत्याः क्तानाः-૨/૯** લિંગાનુશાસનનાં વચનથી નપુંસકલિંગ થાય છે. તેથી આ સૂત્રની પ્રવૃત્તિ સિદ્ધ જ હતી. તો આ સૂત્રથી પુનઃ ભાવે અર્થમાં અને નપુંસકલિંગમાં क्त પ્રત્યય કરવાનું પ્રયોજન શું છે ?

સમા. : તમારી વાત સાચી છે. યદ્યપિ આ સૂત્રનાં પ્રયોગો પણ तत् साप्या०૩.૩.૨૧ આદિ પ્રક્રિયા દ્વારા સિદ્ધ થઈ જ શકે છે. પરંતુ ત્યાં લિંગાનુશાસનમાં વચન વડે क्त પ્રત્યયાન્ત નામનું નપુંસકલિંગપણું થાય છે. અને અહીં क्त પ્રત્યય પોતે જ નપુંસકલિંગમાં થાય છે. જેની ફળશ્રુતિ રૂપે वा क्लीबे ૨.૨.૯૨ સૂત્રથી નપુંસકમાં કરાયેલ क्त પ્રત્યયાન્ત નામથી વિકલ્પે ષષ્ઠીની પ્રાપ્તિ થાય છે. **ઉદા.** मयूरस्य/मयूरेण नृत्तम् અને અન્ય क्त પ્રત્યયાન્ત નામથી અર્થાત્ લિંગાનુશાસનનાં વચનથી પ્રાપ્ત क्त પ્રત્યય નપુંસકલિંગ નામથી क्तयोरसदा० ૨.૨.૯૧ સૂત્રથી ષષ્ઠીનો નિષેધ થવાથી તૃતીયા વિભક્તિ જ થાય છે. **ઉદા.** वृष्टं मेघेन।

अनट् ५.३.१२४

अ.अ.सू. : धातोः क्लीबे भावे अनट्।

अर्थ : ધાતુથી નપુંસકલિંગમાં ભાવ અર્થમાં અનટ્ પ્રત્યય થાય છે.

ઉદા. गमनम् = જવું. गम्यते इति। (गम्लृं गतौ-३९६)
આ સૂત્રથી અનટ્→गम्+**अन**
પ્રથમા સિ વગેરે→**गमनम्**।

વિશેષતા :

(૧) સૂત્રનિર્દિષ્ટ અનટ્ પ્રત્યયમાં ટ્ ઈત્ સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય કરવા માટે છે. યદ્યપિ આ સૂત્રની પ્રવૃત્તિ નપુંસકલિંગમાં થતી હોવાથી અહીં ટ્ ઈત્નું કોઈ પ્રયોજન રહેતું નથી. પરંતુ અનટ્નો અધિકાર આગામી **रम्यादिभ्यः**०५.૩.૧૨૬માં જતો હોવાથી ત્યાં ङी કરવા માટે અહીં ટ્ ઈત્નો નિર્દેશ કરેલ છે.

(૨) પૂર્વસૂત્રથી આ સૂત્રનો પૃથક્ નિર્દેશ કર્યો, તેથી ઉત્તરસૂત્રમાં માત્ર અનટ્નો અધિકાર જાય છે. અન્યથા **सन्नियोगशिष्टानामेकाऽपायेऽन्यतरस्याऽप्यपायः** १/३०થી क्तનો પણ અધિકાર આવત.

यत्कर्मस्पर्शात् कर्त्रङ्गसुखं ततः ५.३.१२५

અ.અ.સૂ. : यत्कर्मस्पर्शात् कर्त्रङ्गसुखं ततः धातोः क्लीबे भावे अनट्।

અર્થ : જે કર્મ વડે સ્પર્શ કરતાં કર્તૃનાં અંગને સુખ થાય તે કર્મથી પર રહેલ ધાતુથી નપુંસકલિંગ ભાવમાં અનટ્ પ્રત્યય થાય છે.

સ. : (૧) **यत्कर्मस्पर्शात्** = यच्च तत् कर्म चेति यत्कर्म, तस्य स्पर्श इति यत्कर्मस्पर्शः, तस्मादिति।

(૨) **कर्त्रङ्गसुखम्** = कर्तुरङ्गसुखमिति।

ઉદા. (૧) **पयःपानं सुखम्** = દૂધ પીવું સુખકર છે.
पयसः पीतीति। (पां पाने-३)
આ સૂત્રથી અનટ્→पयस्+पा+**अन**
પ્રથમા સિ વગેરે→**पयःपानम्**।

પ્ર.ઉદા.(૧) **कर्मेति किम्? तुलिकाया उत्थानं सुखम्** =
ગાદી પરથી ઊઠવું સુખકર છે.
उत्थीयते इति। (ष्ठां गतिनिवृत्तौ-५)

★ આ સૂત્રની પ્રવૃત્તિ જે કર્મનાં સ્પર્શથી કર્ત્તાનાં અંગને સુખ થાય તે કર્મથી પર થાય છે. જ્યારે અહીં અપાદાનનાં સ્પર્શથી સુખ થયેલ છે. માટે આ સૂત્રથી અનટ્ ન થતાં અનટ્ ૫.૩.૧૨૪થી અનટ્ થયેલ છે.

(૨) **स्पर्शेति किम्? अग्निकुण्डस्योपासनं सुखम्** =
અગ્નિકુંડની ઉપાસના સુખકર છે.
उपास्ते इति। (आसिक् उपवेशने-१११९)

★ આ સૂત્રની પ્રવૃત્તિ જે કર્મનાં સ્પર્શથી કર્ત્તાનાં અંગને સુખ થાય તે કર્મથી પર થાય છે. જ્યારે અહીં કર્મનો સ્પર્શ ન હોવાથી આ સૂત્રથી અનટ્ ન થતાં પૂર્વસૂત્રથી અનટ્ થયેલ છે.

(૩) **कर्त्रिति किम्? शिष्येण गुरोः स्नापनं सुखम्** =
શિષ્ય દ્વારા ગુરુને કરાવાતું સ્નાન સુખકર છે.
(ष्णांक् शौचे-१०६४)

★ આ સૂત્રની પ્રવૃત્તિ કર્ત્તાનાં અંગને સુખ થતું હોય તો થાય છે. જ્યારે અહીં કર્ત્તાનાં અંગને સુખ નથી. માટે આ સૂત્રથી અનટ્ ન થતાં પૂર્વસૂત્રથી અનટ્ થયેલ છે.

(૪) **अङ्गेति किम्? पुत्रस्य परिष्वञ्जनं सुखम्** =
પુત્રનું આલિંગન સુખકર છે. (ष्वञ्जिट् सङ्गे-૧૪૭૧)

★ આ સૂત્રની પ્રવૃત્તિ કર્ત્તાનાં અંગને સુખ થતું હોય તો થાય છે. જ્યારે અહીં કર્ત્તાનાં મનને સુખ છે. પણ અંગને નહીં. માટે આ સૂત્રથી અનટ્ ન થતાં પૂર્વસૂત્રથી અનટ્ થાય છે.

(૫) **सुखमिति किम्? कण्टकानां मर्दनम्** =
કાંટાઓનું મર્દન. मृद्यते इति। (मृदृश् क्षोदे-૧૫૫૦)

★ આ સૂત્રની પ્રવૃત્તિ સુખની અનુભૂતિ હોય તો થાય છે. જ્યારે અહીં દુઃખની અનુભૂતિ છે. માટે આ સૂત્રથી અનટ્ ન થતાં પૂર્વસૂત્રથી અનટ્ થયેલ છે.

વિશેષતા :

અહીં સૂત્રમાં અનટ્ પ્રત્યયનો નિર્દેશ છે. જે પૂર્વસૂત્રથી પણ સિદ્ધ જ છે. તેથી આ સૂત્રનાં પ્રયોગો પૂર્વસૂત્રથી પણ સિદ્ધ થાય છે. પરંતુ અહીં સૂત્રમાં यत्कर्मस्पर्शात् એ પ્રમાણે પંચમીનો નિર્દેશ કર્યો છે. તેથી આ સૂત્રથી થતાં અનટ્ પ્રત્યયનાં વિષયમાં ङस्युक्तं०૩.૧.૪૯થી નિત્ય સમાસની પ્રાપ્તિ થાય છે. અને તે જ પૂર્વસૂત્રથી આ સૂત્રને ભિન્ન કરવાનું ફળ છે.

रम्यादिभ्यः कर्त्तरि ૫.૩.૧૨૬

અ.અ.સૂ. : रम्यादिभ्यः धातुभ्यः कर्त्तरि अनट्।

અર્થ : રમિ વગેરે ધાતુઓથી કર્ત્તા અર્થમાં અનટ્ પ્રત્યય થાય છે.

સ. : रम्यादिभ्यः = रमि आदिर्येषां ते इति रम्यादयः, तेभ्य इति।

ઉદા. (૧) **રમણી** = રમાડનારી. રમયતીતિ। (રમિં ક્રીડાયામ્-૯૮૯)
પ્રયોક્તૃ૦૩.૪.૨૦થી ણિગ્→રમ્+**ઇ**
આ સૂત્રથી અનટ્→રમ્+ઇ+**અન**
ણેરનિટિ ૪.૩.૮૩થી ણિગ્નો લોપ→**રમન**
ર-ષૃવર્ણાન્નો૦૨.૩.૬૩થી ન્નો ણ્→**રમણ**
પૂર્વપ્રમાણે ङી વગેરે→**રમણી**।

(૨) **કમની** = મનોહર (સ્ત્રી).
કામ્યતે ઇતિ। (કમૂङ્ કાન્તૌ-૭૮૯)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ ણિગ્નાં બદલે કમેર્ણિङ્ ૩.૪.૨થી ણિङ્નું વિધાન કરવું.

વિશેષતા :

(૧) **રમ્યાદિ ગણ દ્વારા સિદ્ધ થતાં પ્રયોગો :** રમણી, નન્દની, કમની, હ્લાદની, ઇધ્મવ્રશ્ચનઃ, પલાશશાતનઃ વગેરે.
સૂત્રમાં બ.વ. આ ગણમાં નહીં બતાવેલાં પણ શાસ્ત્રોક્ત પ્રયોગનાં અનુસરણ માટે જાણવું.

कारणम् ૫.૩.૧૨૭

અ.અ.સૂ. : कारणम् कर्त्तरि।

અર્થ : કૃ ધાતુથી કર્ત્તા અર્થમાં અનટ્ અને વૃદ્ધિ થઈ કારણ પ્રયોગ નિપાતન પામે છે.

ઉદા. **कारणम्** = કરનાર. करोतीति। (ડુકૃંગ્ करणे-૮૮૮)
આ સૂત્રથી અનટ્ અને વૃદ્ધિ→**कार्**+**अन**
ર-ષૃવર્ણાન્નો૦૨.૩.૬૩થી ન્નો ણ્→**कारण**
પ્રથમા સિ વગેરે→**कारणम्**।

भुजि-पत्यादिभ्यः कर्मा-ऽपादाने ५.३.१२८

अ.अ.सू. : भुजि-पत्यादिभ्यः धातुभ्यः कर्मा-ऽपादाने अनट्।

अर्थ : भुज् वगेरे धातुओथी कर्म अर्थमां अने पत् वगेरे धातुओथी अपादानमां अनट् थाय छे.

स. : (१) **भुजि-पत्यादिभ्यः** = भुजिश्च पतिश्चेति भुजिपती, भुजिपती आदिर्येषां ते इति भुजि-पत्यादयः, तेभ्य इति।

(२) **कर्मा-ऽपादाने** = कर्म च अपादानं चेति कर्मा-ऽपादानम्, तस्मिन्निति।

उदा. (१) **भोजनम्** = खावानो पदार्थ.
भुज्यते यदिति। (भुजंप् पालना-ऽभ्य०-१४८७)

(२) **निरदनम्** = न खावानो पदार्थ.
निरत्ति यदिति। (अदंक् भक्षणे-१०५९)

(३) **प्रपतनः** = पडवानुं स्थान.
प्रपतत्यस्मादिति। (पत्लृं गतौ-९६२)

(४) **अपादानम्** = ज्यांथी छुटां पडाय ते स्थान.
अपादीयते यस्मादिति। (डुदांग्क् दाने-११३८)
आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी. परंतु अनट्नुं विधान आ सूत्रथी करवुं.

विशेषता :

(१) सूत्रनिर्दिष्ट भुजि-पत्यादिभ्यः पदमां रहेल आदि पदनो अन्वय **द्वन्द्वात्परः० ३/१५** न्यायानुसारे भुजि अने पति ए प्रमाणे बंने पदो साथे करवो.

(२) **भुज्यादि गण द्वारा सिद्ध थतां प्रयोगो :** भोजनम्, निरदनम्, आच्छादनम्, अवस्रावणम्, अवसेचनम्, असनम्, वसनम्, आभरणम् वगेरे.

(૩) **पत्यादि ગણ દ્વારા સિદ્ધ થતાં પ્રયોગો :** प्रपतनः, प्रस्कन्दनः, प्रश्च्योतनः, निर्झरणाः, शङ्खोद्धरणः, अपादानम् વગેરે.

(૪) સૂત્રમાં भुजि-पत्यादिभ्यः એ પ્રમાણે બ.વ. આકૃતિગણ માટે છે. તેથી અહીં દર્શાવેલાં પણ શાસ્ત્રમાં જણાતાં એવા અન્ય પ્રયોગો પણ આ સૂત્ર દ્વારા સિદ્ધ થાય છે.

करणा-ऽऽधारे ૫.૩.૧૨૯

અ.અ.સૂ. : धातोः करणा-ऽऽधारे अनट्।

અર્થ : ધાતુથી કરણ અને આધાર અર્થમાં अनट् પ્રત્યય થાય છે.

સ. : करणा-ऽऽधारे = करणं च आधारश्चेति करण-ऽऽधारम्, तस्मिन्निति।

ઉદા. (૧) **एषणी** = ઇચ્છાનું સાધન. इष्यतेऽनयेति। (इषच् गतौ-૧૧૬૮)

(૨) **सक्तुधानी** = સકતુ રાખવાનું પાત્ર.
सक्तवो धीयन्तेऽस्मिन्निति। (डुधांग्क् धारणे च-૧૧૩૯)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ अनट्નું વિધાન આ સૂત્રથી કરવું.

વિશેષતા :

આ સૂત્રથી થતો अनट् કરણ અને આધાર અર્થમાં થાય છે. તેથી ભાવ અને અકર્તૃ કારકમાં થતાં घञ् વગેરે પ્રત્યયનાં અપવાદ સ્વરૂપે થાય છે.

पुन्नाम्नि घः ૫.૩.૧૩૦

અ.અ.સૂ. : पुन्नाम्नि धातोः करणा-ऽऽधारे घः।

અર્થ : પુંલિંગની સંજ્ઞા જણાતે છતે ધાતુથી કરણ અને આધાર અર્થમાં घ પ્રત્યય થાય છે.

સ. : पुन्नाम्नि = पुंसः नाम इति पुन्नाम, तस्मिन्निति।

ઉદા. (૧) **दन्तच्छदः** = હોઠ. छाद्यन्तेऽनेनेति। (छदण् संवरणे-१६५५)
चुरादिभ्यो०३.४.१७थी णिच्→दन्त+छद्+**इ**
ञ्णिति ४.३.५०थी द्वित्व→**छा**दि
एकोपसर्गस्य०४.२.३४थी ह्रस्व→**छ**दि
णेरनिटि ४.३.८३थी णिच्नो लोप→छद्
આ સૂત્રથી घ→दन्त+छद्+**अ**
પ્રથમા સિ વગેરે→दन्तच्छदः।

(૨) **आकरः** = ખીણ.
एत्य कुर्वन्त्यस्मिन्निति। (डुकृंग् करणे-८८८)

પ્ર.ઉદા.(૧) **पुमिति किम्? विचयनी** = ફૂલોની છાબડી.
विचीयतेऽनयेति। (चिंग्ट् चयने-१२९०)

★ આ સૂત્રની પ્રવૃત્તિ પુંલિંગની સંજ્ઞાનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં પુંલિંગની સંજ્ઞા નથી. માટે આ સૂત્રથી घ ન થતાં करणा-ऽऽधारे ५.१.१२८थी अनट् थयेल छे.

(૨) **नाम्नीति किम्? प्रहरणो दण्डः** =
જેનાં વડે હણાય તે લાકડી. (हृंग् हरणे-८८५)

★ આ સૂત્રની પ્રવૃત્તિ સંજ્ઞાનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં સંજ્ઞા નથી. માટે આ સૂત્રથી घ ન થતાં करणा-ऽऽधारे ५.३.१२८थी अनट् थयेल छे.

વિશેષતા :

(૧) સૂત્રમાં बहुलम्નો અધિકાર હોવાથી ક્યારેક નિમિત્ત હોવા છતાં પણ સૂત્રપ્રવૃત્તિ થતી નથી. જેમકે, प्रसाधनः, दोहनः।

(૨) સૂત્રનિર્દિષ્ટ घ પ્રત્યયમાં घ् ઇત્ एकोपसर्गस्य०४.२.३४ સૂત્રની પ્રવૃત્તિ થઈ શકે તે માટે અન્ય अ પ્રત્યયથી આ પ્રત્યયને વિશેષ કરવા માટે છે.

गोचर-संचर-वह-व्रज-व्यज-खला-ऽऽपण-निगम-बक-भग-कषा-ऽऽकष-निपानम् ५.३.१३१

અ.અ.સૂ. : **गोचर-संचर-वह-व्रज-व्यज-खला-ऽऽपण-निगम-बक-भग-कषा-ऽऽकष-निपानं करणा-ऽऽधारे पुन्नाम्नि।**

અર્થ : ઘ પ્રત્યયાન્ત गोचर, संचर, वह, व्रज, व्यज, खल, आपण, निगम, बक, भग, कष, आकष અને निपान પ્રયોગો કરણ અને આધાર અર્થમાં પુંલિંગનીં સંજ્ઞા જણાતે છતે નિપાતન પામે છે.

સ. : **गोचर-संचर-वह-व्रज-व्यज-खला-ऽऽपण-निगम-बक-भग-कषा-ऽऽकष-निपानम्** = गोचरश्च संचरश्च वहश्च व्रजश्च व्यजश्च खलश्च आपणश्च निगमश्च बकश्च भगश्च कषश्च आकषश्च निपानश्चेति।

ઉદા. (૧) **गोचरः** = દેશ. गावश्चरन्त्यस्मिन्निति। (चर भक्षणे च-४१०)
આ સૂત્રથી ઘ→गो+चर्+**अ**
પ્રથમા સિ વગેરે→**गोचरः**।

(૨) **संचरः** = માર્ગ. संचरन्तेऽनेनेति।

(૩) **वहः** = બળદનો સ્કંધ પ્રદેશ.
वहति भारं येनेति। (वहीं प्रापणे-९९६)

(૪) **व्रजः** = ગોકુળ. व्रजन्त्यस्मिन्निति। (व्रज गतौ-१३७)

(૫) **व्यजः** = પંખો. व्यजत्यनेनेति। (अज क्षेपणे च-१३९)

(૬) **खलः** = દુષ્ટ/ધાન્ય રાખવાનું સ્થાન.
खलति पापमिति/खलन्यते धान्यानि यत्र।
(खल संचये च-४४९)

(૭) **आपणः** = દુકાન.
आ पणायन्त्यस्मिन्निति। (पणि व्यवहार-स्तुत्योः-७१०)

(૮) **निगमः** = નગરી. निगच्छन्ति तत्रेति। (गम्लृं गतौ-३९६)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ ઉદા.૫માં અઘञ्क्य०४.४.२થી થતાં अञ्નાં वी આદેશનો અભાવ પણ નિપાતન કરવો.

(૯) **बकः** = બગલો. वक्तीति। (वचंक् भाषणे-१०९६)
આ સૂત્રથી બહુલતાનાં કારણે કર્ત્તરિમાં घ→वच्+**अ**
क्तेऽनिट०४.४.१११થી च्નો क्→**वक**
बवयोरैक्यम् અનુસારે વનો બ નિપાતન→**बक**
પ્રથમા સિ વગેરે→**बकः**।

(૧૦) **भगः** = સૂર્ય. भज्यतेऽनेन लोकैरिति। (भजीं सेवायाम्-८९५)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ બહુલતાનાં કારણે,
भगम् = સ્ત્રીચિહ્ન. भज्यतेऽनेनेति।
આવો પણ પ્રયોગ થાય છે.

(૧૧) **कषः** = સોનાની કસોટીનો પથ્થર.
कषत्यस्मिन्निति। (कष हिंसायाम्-५०७)

(૧૨) **आकषः** = સોનાની કસોટીનો પથ્થર. आकषत्यस्मिन्निति।

(૧૩) **निकषः** = સોનાની કસોટીનો પથ્થર. निकषत्यस्मिन्निति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

યદ્યપિ પૂર્વસૂત્રથી આ પ્રયોગો સિદ્ધ જ હતાં. પરંતુ તે સૂત્રનાં અપવાદ રૂપે व्यञ्जनाद् घञ् ५.३.१३२થી घञ्ની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી પુનઃ घ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

व्यञ्जनाद् घञ् ५.३.१३२

अ.अ.सू. : व्यञ्जनात् धातोः करणा-ऽऽधारे पुन्नाम्नि घञ्।

अर्थ : व्यंजनान्त धातुथी करण अने आधार अर्थमां पुंलिंगनी संज्ञा जणाते छते घञ् प्रत्यय थाय छे.

उदा. (१) वेदः = वेदपुराण. विदन्ति अनेनेति। (विदंक् ज्ञाने-१०९९)
आ सूत्रथी घञ्→विद्+**अ**
गुण वगेरे थतां→**वेदः**।

विशेषता :

(१) आ सूत्र पुनाम्नि घः ५.३.१३०थी थतां घनां अपवाद रूप छे.

(२) यद्यपि भाव अने कर्तृ सिवायनां कारकमां भावा-ऽकर्त्रोः ५.३.१८थी घञ्नी प्राप्ति हती. परंतु करणा-ऽऽधारे ५.३.१२९थी थतां अनट् द्वारा करण अने आधारमां घञ्नो बाध थतो हतो. तेनी व्यंजनान्त धातुथी प्राप्ति करवा माटे आ सूत्रनो निर्देश छे.

अवात् तॄ-स्तृभ्याम् ५.३.१३३

अ.अ.सू. : अवात् तॄ-स्तृभ्यां धातुभ्यां करणा-ऽऽधारे पुन्नाम्नि घञ्।

अर्थ : अव उपसर्ग पूर्वक तॄ अने स्तृ धातुथी करण अने आधार अर्थमां पुंलिंगनी संज्ञा जणाते छते घञ् प्रत्यय थाय छे.

स. : तॄ-स्तृभ्याम् = तॄश्च स्तृश्चेति तॄ-स्तृ, ताभ्यामिति।

उदा. (१) अवतारः = नदीनो घाट.
अवतरन्त्यनेनेति। (तॄ प्लवन-तरणयोः२७)

(૨) **अवस्तारः** = પડદો.

अवस्तृणन्त्यनेनेति। (स्तृगश् आच्छादने-१५२१)

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ घञ્‌નું વિધાન આ સૂત્રથી કરવું.

વિશેષતા :

(૧) પૂર્વસૂત્રથી આવતાં बहुलम्‌નાં અધિકારનાં કારણે અસંજ્ઞામાં પણ આ સૂત્રથી घञ્‌ થાય છે. જેમકે, अवतारो नद्याः, તેમજ उद् પૂર્વક तॄ ધાતુથી પણ પ્રવૃત્તિ થાય છે. ઉદા. नद्युत्तारः।

(૨) સૂત્રમાં પૂર્વસૂત્રથી करणा-ऽऽधारे નો અધિકાર આવી રહ્યો છે. અને તેની સાથે तॄ, स्तॄ ધાતુના અનુક્રમની પ્રાપ્તિ ન થઈ જાય, માટે સૂત્રમાં तॄ-स्तॄभ्याम् એ પ્રમાણે દ્વિવચન કરેલ છે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો સંજ્ઞા અને અસંજ્ઞામાં ભાવ-અકર્તૃ કારકમાં स्तॄ ધાતુથી નિત્ય અને तॄ ધાતુથી વિકલ્પે घञ્‌ ઇચ્છે છે.

न्याया-ऽऽवाया-ऽध्यायोद्याव-संहारा-ऽवहारा-ऽऽधार-दार-जारम् ५.३.१३४

અ.અ.સૂ. : न्याया-ऽऽवाया-ऽध्यायोद्याव-संहारा-ऽवहारा-ऽऽधार-दार-जारं करणा-ऽऽधारे पुन्नाम्नि।

અર્થ : घञ्‌ પ્રત્યયાન્ત न्याय, आवाय, अध्याय, उद्याव, संहार, अवहार, आधार, दार અને जार પ્રયોગ કરણ અને આધાર અર્થમાં પુંલિંગની સંજ્ઞા જણાતે છતે નિપાતન પામે છે.

સ. : **न्याया-ऽऽवाया-ऽध्यायोद्याव-संहारा-ऽवहारा-ऽऽधार-दार-जारम्** = न्यायश्च आवायश्च अध्यायश्च उद्यावश्च संहारश्च अवहारश्च आधारश्च दारश्च जारश्चेति।

ઉદા. (૧) **न्यायः** = પ્રતિજ્ઞા, હેતુ આદિ સ્વરૂપ પંચાવયવી વાક્ય.
नीयतेऽनेनेति। (इंण्क् गतौ-१०७५)
આ સૂત્રથી घञ्→नि+इ+**अ**
नामिनोऽ०४.३.५१थी वृद्धि→नि+**ऐ**+अ
एदैतोऽ०१.२.२३थी आय्→नि+**आय**
प्रथमा सि वगेरे→**न्यायः**।

(૨) **आवायः** = વણકરોની શાળા. वयन्ति/वायन्ति तत्रेति।
(वेंग् तन्तुसन्ताने-९९२) (ओवैं शोषणे-४८)
આ સૂત્રથી घञ्→वे/वै+**अ**
आत् सन्ध्य०४.२.१थी ए/ऐ નો आ→**वा**+अ
आत ऐः०४.३.५३थी आ નો ऐ→**वै**+अ
પૂર્વપ્રમાણે आय् વગેરે→आ**वायः**।

(૩) **अध्यायः** = અધ્યયન.
अधीयन्तेऽनेनेति। (इङ्क् अध्ययने-११०४)

(૪) **उद्यावः** = પાત્રવિશેષ.
उद्यवन्ति तेनेति। (युक् मिश्रणे-१०८०)

(૫) **संहारः** = યમરાજા. संहरन्ति येनेति। (हृंग् हरणे-८८५)

(૬) **अवहारः** = ચોર. अवहरन्ति तेनेति।

(૭) **आधारः** = અધિકરણ. आध्रियते तत्रेति। (धृंग् धारणे-८८७)

(૮) **दाराः** = સ્ત્રી. दीर्यन्ते पुरुषा एभिरिति। (दृश् विदारणे-१५३५)

(૯) **जारः** = ઉપપત્તિ. जीर्यतेऽनेनेति। (जॄश् वयोहानौ-१५३६)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) આ સૂત્રનિર્દિષ્ટ સર્વ ધાતુઓ સ્વરાન્ત છે. તેથી તેમને વ્યઞ્જનાદ્૦૫.૩.૧૩૨થી ઘઞ્ ન થતાં પુનામ્નિ ઘઃ ૫.૩.૧૩૦થી ઘની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી ઘઞ્ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો ણ્યન્ત જૃ ધાતુથી जरयतीति जारः એ પ્રમાણે કર્ત્તા અર્થમાં પ્રયોગ નિપાતન કરે છે.

उदङ्कोऽतोये ૫.૩.૧૩૫

અ.અ.સૂ. : उदङ्कः पुन्नाम्नि करणा-ऽऽधारे, अतोये ।

અર્થ : उद् પૂર્વક अञ्चु ધાતુથી પુંલિંગની સંજ્ઞા જણાતે છતે કરણ અને આધાર અર્થમાં ઘઞ્ પ્રત્યય થાય છે. જો ધાત્વર્થ પાણીનાં વિષયવાળો ન હોય તો.

સ. : अतोये = न तोयमिति अतोयम्, तस्मिन्निति।

ઉદા. (૧) तैलोदङ्कः = તેલ ઉલેચવાનું સાધન.
उदच्यतेऽनेनेति। (अञ्चू गतौ-१०५)
આ સૂત્રથી ઘઞ્→उद्+अञ्च्+**अ**
અને ન્નો અલોપ નિપાતન→उदञ्च्+**अ**
क्तेऽनिटश्च०४.१.१११થી च्નો क्→उदञ्**क**
म्નાં धुड्वर्गे०१.३.३९થી ञ्નો ङ्→उदङ्**क**
પ્રથમા સિ વગેરે→उदङ्कः।

પ્ર.ઉદા. अतोय इति किम् ? उदकोदञ्चनः =
પાણી ઉલેચવાનું સાધન.

★ આ સૂત્રમાં પાણીનાં વિષયવાળાં ધાત્વર્થનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી घञ् ન થતાં करणा-ऽऽधारे ૫.૩.૧૨૯થી अनट् થયેલ છે.

વિશેષતા :

જિ. : આ સૂત્રમાં अञ्च् ધાતુથી घञ્નું વિધાન કર્યું છે. જે વ્યંજનાન્ત હોવાથી व्यञ्जनाद् घञ् ૫.૩.૧૩૨થી घञ् થઈ उदङ्क પ્રયોગ સિદ્ધ જ હતો. તો પણ આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : वस्तुतः व्यञ्जनाद् घञ् ૫.૩.૧૩૨થી घञ् પ્રત્યય तोय નાં વિષયમાં પણ સિદ્ધ જ હતો. તેનો નિષેધ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે. તેમજ, अतोय નાં વિષયમાં માત્ર उदङ्क એ પ્રમાણે घञ् પ્રત્યયાન્ત પ્રયોગ થશે. કારણકે पुन्नाम्नि घः ૫.૩.૧૩૦થી થતાં घ પ્રત્યયાન્ત પ્રયોગમાં કોઈ ભેદ રહેતો નથી. માટે घ પ્રત્યય થશે નહીં.

आनायो जालम् ૫.૩.૧૩૬

અ.અ.સૂ. : आनायः जालं करणा-ऽऽधारे पुन्नाम्नि ।

અર્થ : આङ્ પૂર્વક नी ધાતુથી કરણ અર્થમાં પુંલિંગ સંજ્ઞા હોતે છતે જાળ અર્થક आनायः પ્રયોગ નિપાતન પામે છે.

ઉદા. आनायो मत्स्यानाम् = માછલીઓની જાળ.
आनयन्ति तेनेति। (णींग् प्रापणे-८८४)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ घञ્નું વિધાન આ સૂત્રથી કરવું.

खनो ड-डरेके-कवक-घं च ५.३.१३७

अ.अ.सू. : खनः धातोः करणा-ऽऽधारे पुन्नाम्नि ड-डरेके-कवक-घं च(घञ्)।

अर्थ : खन् धातुथी કરણ અને આધાર અર્થમાં પુંલિંગની સંજ્ઞા જણાતે છતે ड, डर, इक, इकवक, घ અને घञ् પ્રત્યય થાય છે.

स. : ड-डरेकेकवक-घम् = डश्च डरश्च इकश्च इकवकश्च घश्चेति।

ઉદા. आखः/आखरः/आखनिकः/आखनिकवकः/आखनः/आखानः = ખોદવાનું સાધન/સ્થાન વિશેષ.
(खनूग् अवदारणे-९१३)
આ ઉદા.ની સાધનિકા સુગમ છે.

વિશેષતા :

યદ્યપિ સૂત્રમાં ड... घम् એ પ્રમાણે પદનું ગ્રહણ કર્યું હોવાથી પૂર્વસૂત્રથી આવતો घञ्નો અધિકાર અટકી જવો જોઈએ પરંતુ સૂત્રગત चકાર દ્વારા **चकारो यस्मात्० २/६१** થી પ્રત્યયતયા ड-डरेके००० घम्ને સજાતીય પ્રત્યય એવા घञ् પૂર્વસૂત્રથીનો સમુચ્ચય થાય છે.

इ-कि-शितव् स्वरुपा-ऽर्थे ५.३.१३८

अ.अ.सू. : धातोः स्वरुपा-ऽर्थे इ-कि-शितव्।

અર્થ : ધાતુથી ધાતુનું સ્વરૂપ અને ધાતુનો અર્થ વાચ્ય હોતે છતે इ, कि અને शितव् પ્રત્યય થાય છે.

स. : (१) इ-कि-शितव् = इश्च किश्च शितव् चेति।
(२) **स्वरुपा-ऽर्थे** = स्वरुपं च अर्थश्चेति स्वरुपा-ऽर्थम्, तस्मिन्निति।

ઉદા. (૧) **भङ्गिः** = भञ्ज् ધાતુ. (भञ्जोंप् आमर्दने-१४८६)
આ સૂત્રથી इ→भञ्ज्+**इ**
પ્રથમા સિ વગેરે→**भङ्गिः**।

(૨) **क्रुधिः** = क्रुध् ધાતુ. (क्रुधंच् कोपे-११८४)
આ સૂત્રથી कि→क्रुध्+**इ**
પ્રથમા સિ વગેરે→**क्रुधिः**।

(૩) **वेत्तिः** = विद् ધાતુ. (विदंक् ज्ञाने-१०९९)
આ સૂત્રથી शितव्→विद्+**ति**
નામિનો गुणो०४.३.१થી गुण→**वेत्ति**
પ્રથમા સિ વગેરે→**वेत्तिः**।

(૪) **यजेरङ्गानि** = ધાત્વર્થ = યજ્ઞનાં અંગો.
(यजीं देवपूजा०-९९१)

(૫) **भुजिः क्रियते** = ધાત્વર્થ = ભોજન કરાય છે.
(भञ्जोंप् आमर्दने-१४८६)

(૬) **पचतिः परिवर्त्तते** = ધાત્વર્થ = રાંધવાની ક્રિયા થાય છે.
(डुपचींष् पाके-८९२)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

दुः-स्वीषतः कृच्छ्रा-ऽकृच्छ्रार्थे खल् ५.३.१३९

અ.અ.સૂ. : कृच्छ्रा-ऽकृच्छ्रार्थे दुःस्वीषतः धातोः खल्।

અર્થ : કૃચ્છ્ર અર્થમાં વર્ત્તતાં दुर् ઉપસર્ગથી અને અકૃચ્છ્ર અર્થમાં વર્ત્તતાં सु અને इषत् અવ્યયથી પર રહેલાં ધાતુથી खल् પ્રત્યય થાય છે.

સ. : (૧) दुःस्वीषतः = दुश्च सुश्च ईषच्चेति दुःस्वीषत्, तस्मादिति।

(૨) **कृच्छ्र-ऽकृच्छ्रार्थे** = कृच्छ्रं च अकृच्छ्रं चेति कृच्छ्राऽकृच्छ्रे, कृच्छ्रा-ऽकृच्छ्रे अर्थौ यस्य स इति कृच्छ्रा-ऽकृच्छ्रार्थम्, तस्मिन्निति।

ઉદા. (૧) **दुःशयम्** = દુઃખે સૂવું.
दुःखेन शय्यते इति। (शीङ्क् स्वप्ने-११०५)
આ સૂત્રથી खल्→दुर्+शी+**अ**
नामिनो गुणो०४.३.१थी गुण→दुर्+**शे**+अ
एदैतोऽ०१.२.२३थी अय्→दुर्+**शय**
પ્રથમા સિ વગેરે→**दुःशयम्**।

(૨) **दुष्करः** = દુઃખે કરીને કરવું.
दुःखेन क्रियते इति। (डुकृंग् करणे-८८८)

(૩) **सुशयम्** = સુખપૂર્વક સૂવું. सुखेन शय्यते इति।

(૪) **सुकरः** = સુખે કરીને કરવું. सुखेन क्रियते इति।

(૫) **ईषच्छयम्** = સુખપૂર્વક સૂવું. ईषत् शय्यते इति।

(૬) **ईषत्करः** = સુખપૂર્વક કરવું. ईषत् क्रियते इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **कृच्छ्र-ऽकृच्छ्रार्थ इति किम्? ईषल्लभ्यं धनम्** = થોડું મેળવવા યોગ્ય ધન.

★ આ સૂત્રની પ્રવૃત્તિ અકૃચ્છ્ર અર્થમાં વર્ત્તતાં इषत् અવ્યયથી ૫૨ થાય છે. જ્યારે અહીં અલ્પ અર્થમાં વર્ત્તતો इषत् અવ્યય હોવાથી આ સૂત્રથી खल् ન થતાં य एच्चाऽतः ૫.૧.૨૮થી य થયો છે.

વિશેષતા :

(૧) આ સૂત્રથી થતો खल् પ્રત્યય तत् साप्या०૩.૩.૨૧થી કર્મ અને ભાવમાં થાય છે. તેથી તે અર્થમાં થતાં અન્ય

ण्यण् વગેરે કૃત્ય પ્રત્યયોનાં તેમજ क्त વગેરે પ્રત્યયનાં અપવાદ રૂપ જાણવું.

(૨) સૂત્રનિર્દિષ્ટ खल् પ્રત્યયમાં ख् ઇત્ खित्यनव्ययाः ૩.૨.૧૧૧થી म् આગમ માટે છે.
યદ્યપિ આ સૂત્ર નિર્દિષ્ટ दुर् વગેરે ઉપપદ અવ્યય હોવાથી म् આગમ થવાની પ્રાપ્તિ નથી. પરંતુ ઉત્તરસૂત્રમાં કર્તૃ-કર્મવાચી નામથી પર म् આગમ કરવા માટે અહીં ख् ઇત્નો નિર્દેશ છે.

च्व्यर्थे कर्त्राप्याद् भू-कृगः ૫.૩.૧૪૦

અ.અ.સૂ. : कृच्छ्रा-ऽकृच्छ्रार्थे दुःस्वीषतः च्व्यर्थे कर्त्राप्यात् भू-कृगः धातोः खल्।

અર્થ : કૃચ્છ્ર અર્થમાં વર્ત્તતાં दुर् ઉપસર્ગથી અને અકૃચ્છ્ર અર્થમાં વર્ત્તતાં सु અને इषत् અવ્યયથી પર રહેલાં च्यवन्तમાં વર્ત્તતાં કર્તૃ અને કર્મવાચી નામથી પર અનુક્રમે भू અને कृ ધાતુથી खल् પ્રત્યય થાય છે.

સ. : (૧) **च्व्यर्थे** = च्वेरर्थ इति च्व्यर्थम्, तस्मिन्निति।

(૨) **कर्त्राप्यात्** = कर्त्ता च आप्यं चेति कर्त्राप्यम्, तस्मादिति।

(૩) **भू-कृगः** = भूश्च कृग् चेति भूकृग्, तस्मादिति।

ઉદા. (૧) **दुराढ्यंभवं भवता** = અનાઢ્ય એવા આપના વડે દુઃખે કરીને આઢ્ય થવાયું. दुःखेनाऽनाढ्येनऽऽढ्येन भूयते इति।
આ સૂત્રથી खल्→दुर्+आढ्य+भू+**अ**
ગુણ વગેરે થતાં→दुराढ्य**भव**

खित्यनव्यया०३.२.१११थी म् आगम→दुराढ्यम्+भव
प्रथमा सि वगेरे→दुराढ्यंभवम्।

(२) **स्वाढ्यंभवं भवता** = अनाढ्य એવા આપના વડે સુખે કરીને આઢ્ય થવાયું. सुखेनाऽऽनाढ्येनऽऽढ्येन भूयते इति।

(૩) **ईषदाढ्यंभवं भवता** = અનાઢ્ય એવા આપના વડે સુખે કરીને આઢ્ય થવાયું. ईषत् अनाढ्येनाऽऽढ्येन भूयते इति।

(४) **दुराढ्यंकरः चैत्रस्त्वया** = અનાઢ્ય એવો ચૈત્ર દુઃખે કરીને તારા વડે આઢ્ય કરાયો.
दुःखेनाऽऽनाढ्यः आढ्यः क्रियते इति।

(५) **स्वाढ्यंकरः चैत्रस्त्वया** = અનાઢ્ય એવો ચૈત્ર સુખે કરીને તારા વડે આઢ્ય કરાયો.
सुखेनाऽऽनाढ्यः आढ्यः क्रियते इति।

(६) **ईषदाढ्यंकरः चैत्रस्त्वया** = અનાઢ્ય એવો ચૈત્ર સુખે કરીને તારા વડે આઢ્ય કરાયો.
ईषत् अनाढ्यः आढ्यः क्रियते इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

અહીં खल् પ્રત્યયમાં ख અનુબન્ધનો નિર્દેશ કર્યો છે. તેથી खित्यनव्यया०३.२.१११ સૂત્રથી म् આગમની પ્રાપ્તિ થાય છે. અને તે म् આગમ પણ સ્વરાન્ત અવ્યય સિવાયનાં નામ અનન્તર પૂર્વમાં હોતે છતે જ થાય છે. તેથી તે ख અનુબન્ધનાં બળથી સૂત્ર નિર્દિષ્ટ કર્ત્તા અને કર્મને અનન્તર પૂર્વપણું જ પ્રાપ્ત થાય છે. માટે भू અને कृ ધાતુની પૂર્વે જો કોઈ વ્યવધાન હશે તો આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં.

शासू-युधि-दृशि-धृषि-मृषा-ऽऽतोऽनः ५.३.१४१

અ.અ.સૂ. : कृच्छ्र-ऽकृच्छ्रार्थात् दुःस्वीषतः शासू-युधि-दृशि-धृषि-मृषा-ऽऽतः धातोः अनः ।

અર્થ : કૃચ્છ્ર અર્થમાં વર્ત્તતો દુસ્ અને અકૃચ્છ્ર અર્થમાં વર્ત્તતો સુ અને ઈષત્ અવ્યયથી પર રહેલ શાસ્, યુધ્, દૃશ્, ધૃષ્, મૃષ્ અને આકારાન્ત ધાતુઓથી અન પ્રત્યય થાય છે.

સ. : शासू-युधि-दृशि-धृषि-मृषा-ऽऽतः = शासूश्च युधिश्च दृशिश्च धृषिश्च मृषश्च आच्चेति शासू-युधि-दृशि-धृषि-मृषा-ऽऽत्, तस्मादिति।

ઉદા. (૧) **दुःशासनः** = દુઃખે કરીને શાસન કરવા યોગ્ય.
दुःखेन शिष्यते इति। (शासूक् अनुशिष्टौ-१०९५)
આ સૂત્રથી અન→दुर्+शास्+**अन**
પ્રથમા સિ વગેરે→**दुःशासनः**।

(૨) **सुशासनः** = સુખે કરીને શાસન કરવા યોગ્ય.
सुखेन शिष्यते इति।

(૩) **ईषच्छासनः** = સુખે કરીને શાસન કરવા યોગ્ય.
ईषत् शिष्यते इति।

(૪) **दुर्योधनः** = દુઃખે કરીને યુદ્ધ કરવા યોગ્ય.
दुःखेन युध्यते इति। (युधिच् सम्प्रहारे-१२६०)

(૫) **दुदर्शनः** = દુઃખે કરીને જોવા યોગ્ય.
दुःखेन दृश्यते इति। (दृशृं प्रेक्षणे-४९५)

(૬) **दुर्धर्षणः** = દુઃખે કરીને લડવા યોગ્ય.
दुःखेन धृष्यते इति। (ञिधृषाट् प्रागल्भ्ये-१३१२)

(૭) **दुर्मर्षणः** = દુઃખે કરીને તિરસ્કાર કરવા યોગ્ય.
दुःखेन मृष्यते इति। (मृषीच् तितिक्षा०-१२८४)

(૮) **दुरुत्थानम्** = દુઃખે કરીને ઊઠવું.
दुःखेन उत्थीयते इति। (ष्ठां गतिनिवृत्तौ-५)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) આ સૂત્રથી થતો अन प्रत्यय ભાવ અને કર્મમાં થતો હોવાથી પૂર્વસૂત્રથી થતાં खल्‌નાં અપવાદ રૂપ થાય છે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો आકારાન્ત સિવાયનાં ધાતુઓથી આ સૂત્રની પ્રવૃત્તિ વિકલ્પે ઇચ્છે છે. તેથી તેઓનાં મતે **दुःशासः**, **दुर्योधः** જેવાં પ્રયોગો પણ થાય છે.

॥ इति श्री सिद्धहेमचन्द्रशब्दानुशासनलघुवृत्तिविवरणे पञ्चमे-ऽध्याये तृतीयः पादः समाप्तः ॥

श्लोक : मात्रयाप्यधिकं किञ्चिन्न सहन्ते जिगीषवः[१]।
इतीव त्वं धरानाथ ! धारानाथमपाकृथाः ॥

१. આ શ્લોકોને સ્વતંત્ર કાવ્ય તરીકે સં.સૌ.માં ગ્રહણ કરેલ છે. ત્યાંથી તેનાં અર્થ, સમાસાદિ જાણી લેવા.

• • •

અભ્યાસ-૧

૫૦ માર્ક્સ

પ્ર.૧. નીચેનાં સૂત્રો લખી અર્થ જણાવો. ૧૦

(૧) ૫.૩.૧૩ (૨) ૫.૩.૧૨ (૩) ૫.૩.૧૫
(૪) ૫.૩.૨૮ (૫) ૫.૩.૩૬ (૬) ૫.૩.૧૦૯
(૭) ૫.૩.૧૧૬ (૮) ૫.૩.૯૧ (૯) ૫.૩.૧૩૧
(૧૦) ૫.૩.૧૪૦

પ્ર.૨. નીચેનાં ન્યાયોનાં અર્થ, વિવેચન અંતર્ગત સમજૂતી પ્રમાણે ઉદા. સહિત સમજાવો. ૧૫

(૧) गामादा० (૨) द्वन्द्वात्० (૩) नञुक्तं०
(૪) निरनुबन्ध० (૫) स्त्रीखलना०

પ્ર.૩. નીચેનાં પ્રશ્નોનાં ઉત્તર આપો. ૧૦

(૧) ૫.૩.૧૦ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો ?
(૨) किंवृत्त નો અર્થ લખી તેનાં દ્વારા કોનું વર્જન કરવામાં આવે છે તે જણાવો ?
(૩) ૫.૩.૧૩ સૂત્રમાં **णकच्** નું पुनः ગ્રહણ શા માટે કર્યું ?
(૪) અનદ્યતન કાળ એટલે શું ? અને તેમાં બહુવ્રીહિ સમાસનો વિગ્રહ શા માટે કર્યો ?
(૫) ૫.૩.૧૪ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો ?

પ્ર.૪. નીચેનાં ઉદા.માં કયો પ્રત્યય, કયા અર્થમાં કયા સૂત્રથી થાય છે. તે જણાવો. ૧૫

(૧) प्रवाहिका (૨) परिष्वङ्गनम् (૩) पर्येषणा
(૪) अवस्तारः (૫) इच्छा (૬) प्रश्नः
(૭) विष्टारपङ्क्तिः (૮) प्रपा (૯) जलधिः
(૧૦) आनायः (૧૧) सांराविणम् (૧૨) उद्घः
(૧૩) अतीसारः (૧૪) अटाटा (૧૫) पचतिः वृत्तः

• • •

॥ अर्हँ ॥

पञ्चमेऽध्याये चतुर्थः पादः

सत्सामीप्ये सद्वद् वा ५.४.१

अ.अ.सू. : सत्सामीप्ये धातोः सद्वत् वा ।

अर्थ : वर्तमानकाળની સમીપમાં રહેલાં ભવિષ્યકાળ અને ભૂતકાળનાં અર્થમાં વર્ત્તતાં ધાતુથી વર્ત્તમાનકાળની જેમ પ્રત્યયો વિકલ્પે થાય છે.

ઉદા. (૧) **कदा चैत्र ! आगतोऽसि ? अयमागच्छामि/आगच्छन्तमेव मां विद्धि/अयमागमम्/एषोऽस्म्यागतः** = હે ચૈત્ર ! તું ક્યારે આવ્યો ? આ હું હમણાં જ આવ્યો./આવતાં જ એવા મને તું જાણ.

★ અહીં ભૂતકાળમાં પૂછાયેલ પ્રશ્નનો જવાબ વર્ત્તમાન કાળની નજીકમાં વર્ત્તતાં ભૂતકાળમાં અપાયો છે. તેથી आ+गम् ધાતુથી આ સૂત્ર દ્વારા વર્ત્તમાના જેવા પ્રત્યયો = मिव् પ્રત્યય અને शतृ પ્રત્યય થયો છે.

विकल्पपक्षे : અદ્યતની ૫.૨.૪થી અદ્યતનીનો अम् અને गत्यर्था-ऽकर्मक०૫.૧.૧૧થી क्त થયો છે.

(૨) **कदा चैत्र ! गमिष्यसि ? एष गच्छामि/गच्छन्तमेव मां विद्धि/गमिष्यामि/गन्ताऽस्मि/गमिष्यन्तमेव मां विद्धि** = હે ચૈત્ર ! તું ક્યારે જઈશ ? આ હું જઉં છું./જતાં એવા મને જાણ.

★ પૂર્વની જેમ અહીં પણ વર્ત્તમાન કાળની નજીકમાં વર્ત્તતાં ભવિષ્યકાળ અર્થ હોવાથી આ સૂત્ર દ્વારા गम् ધાતુથી વર્ત્તમાના જેવા = मिव्, शतृ પ્રત્યય થયો છે.
વિકલ્પપક્ષે : યથાયોગ્યકાળ પ્રમાણે **ભવિષ્યન્તી** ૫.૩.૪થી स्यामि અને અનદ્યતને શ્વ૦૫.૩.૫થી तास्मि પ્રત્યય થયો છે. તથા स्यतृश् कृत् પ્રત્યય પણ થાય છે.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં सद्वत્ એ પ્રમાણે वत् સહિતનો જે નિર્દેશ કર્યો છે. તે સાદૃશ્ય અર્થ જણાવવા માટે છે. તેથી જે પ્રકૃતિથી જે ઉપપદ આદિ વડે વર્ત્તમાનકાળમાં જે પ્રત્યયો કહેવાયાં છે. તે પ્રત્યયોનો નિર્દેશ કરાય છે. તે તમામ પ્રત્યયો આ સૂત્રથી સમીપ એવા ભૂતકાળ અને ભવિષ્યકાળમાં પણ થશે. જેમકે, कदा भवान् कन्यामलंकृतवान्/करिष्यते ? एषोऽस्म्यलं**करिष्णु**रिति। અહીં દર્શાવેલ इष्णु પ્રત્યય વર્ત્તમાના અંતર્ગત નથી. પરંતુ સદર્થમાં થતાં હોવાથી સૂત્રનિર્દિષ્ટ वत्નાં ગ્રહણથી આ સૂત્રનાં વિષયભૂત બને છે.

भूतवच्चाऽशंस्ये वा ૫.૪.૨

અ.અ.સૂ. : आंशस्ये धातोः भूतवत् च(सद्वत्) वा।

અર્થ : નહીં પ્રાપ્ત થયેલ અર્થને પ્રાપ્ત કરવાની ઈચ્છા તે **આશંસા.** તેનો જે વિષય તે **આશંસ્ય.** તે અર્થવાળાં ધાતુઓથી ભૂતકાળ અને વર્ત્તમાનકાળની જેમ પ્રત્યયો વિકલ્પે થાય છે.

ઉદા. (૧) **उपाध्यायश्चेद् आगमत्/एते तर्कमध्यगीष्महि** = ભૂતકાળ.
उपाध्यायश्चेद् आगच्छति/एते तर्कमधीमहि = વર્તમાન કાળ.

વિકલ્પે : उपाध्यायश्चेद् आगमिष्यति एते तर्कमध्येष्यामहे = ભવિષ્યકાળ-ભવિષ્યન્તી.

उपाध्यायश्चेद् आगन्ता/एते तर्कमध्येतास्महे = ભવિષ્યકાળ-શ્વસ્તની.

જો ઉપાધ્યાય આવશે તો આ એવા અમે તર્ક ભણીશું.

★ અહીં ઉપાધ્યાયની આવવાની ક્રિયા અને તર્કને ભણવાની ક્રિયા આ બંનેમાં આશંસા જણાય છે. અને ઉપાધ્યાય તથા તર્ક એ બંને આશંસ્ય હોવાથી આ સૂત્ર દ્વારા आ+गम् અને अधि+इ ધાતુથી ભૂતવત્ = दिव्, महि, सतवत् = तिव्, महे પ્રત્યયો થયાં છે. તેનાં **વિકલ્પ પક્ષ**માં યથાયોગ્યકાળ પ્રમાણે ભવિષ્યન્તી-स्यति, स्यामहे અને શ્વસ્તની ता, तास्महे પ્રત્યયો પણ થયાં છે.

પ્ર.ઉદા. **आशंस्य इति किम् ? उपाध्याय आगमिष्यति तर्कमध्येष्यते मैत्रः** = ઉપાધ્યાય (કાલે) આવશે અને મૈત્ર તર્ક ભણશે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ આશંસ્ય અર્થવાળાં ધાતુને વિશે થાય છે. જ્યારે અહીં આશંસ્ય જણાતું નથી. માટે આ સૂત્રથી ભૂતવત્ પ્રત્યયો વગેરે કાર્ય ન થતાં ભવિષ્યન્તી ૫.૩.૪થી માત્ર ભવિષ્યન્તી વિભક્તિ થયેલ છે.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં ભૂતવત્ એ પ્રમાણે સામાન્ય ભૂતકાળનો નિર્દેશ છે. તેથી સામાન્ય ભૂતકાળમાં વિધાન કરાયેલ અદ્યતની વિભક્તિ જ આ સૂત્રનાં કાર્યભૂત થાય છે.
યદ્યપિ હ્યસ્તની અને પરોક્ષા ભૂતકાળમાં જ કહેવાયેલાં છે. પરંતુ તેઓ અનદ્યતન અને પરોક્ષ રૂપ વિશેષ ભૂતકાળમાં કહેવાયેલાં હોવાથી **सामान्यातिदेशे विशेषस्य**

नातिदेशः ३/५ ન્યાયાનુસારે સામાન્ય ભૂતકાળનો વિષય ન બનતાં આ સૂત્રનાં કાર્ય સ્વરૂપે થતાં નથી.

(૨) પૂર્વ જણાવ્યા મુજબ અહીં પણ ભૂતવત્‌નું વિધાન હોવાથી ભૂતકાળમાં કહેવાયેલાં તમામ પ્રત્યયોનો નિર્દેશ થાય છે. જેમકે उपाध्यायश्चेद् आगतः एते तर्कोऽधीतः।

(૩) યદ્યપિ સૂત્રમાં ભૂતવત્‌નું ગ્રહણ કર્યું હોવાથી પૂર્વસૂત્રથી આવતી સદ્વત્‌ની અનુવૃત્તિ અટકી જવી જોઈએ. પરંતુ સૂત્રગત ચકાર દ્વારા **चकारो यस्मात्परस्त० २/६१** ન્યાયાનુસારે કાર્યતયા ભૂતવત્‌ને સજાતીય કાર્ય એવા સદ્વત્‌નો પૂર્વસૂત્રથી અધિકાર આવે છે.

क्षिप्रा-ऽऽशंसार्थयोर्भविष्यन्ती-सप्तम्यौ ५.४.३

અ.અ.સૂ. : क्षिप्रा-ऽऽशंसार्थयोः आशंस्ये धातोः भविष्यन्ती-सप्तम्यौ।

અર્થ : ક્ષિપ્ર અર્થવાળાં અને આશંસા અર્થવાળાં શબ્દો ઉપપદમાં હોતે છતે આશંસ્યનાં વિષયમાં વર્ત્તતાં ધાતુઓથી અનુક્રમે ભવિષ્યન્તી અને સપ્તમી વિભક્તિ થાય છે.

સ. : (૧) क्षिप्रा-ऽऽशंसार्थयोः = क्षिप्रं च आशंसा चेति क्षिप्रा-ऽऽशंसे, क्षिप्रा-ऽऽशंसेऽर्थौ ययोः ते इति क्षिप्रा-ऽऽशंसार्थौ, तयोरिति।

(૨) **भविष्यन्ती-सप्तम्यौ** = भविष्यन्ती च सप्तमी चेति।

ઉદા. (૧) उपाध्यायश्चेद् आगच्छति/आगमत्/आगमिष्यति/आगन्ता क्षिप्रम्/आशु एते सिद्धान्तमध्येष्यामहे = જો ઉપાધ્યાય આવે છે/આવ્યાં હોત/આવશે/આવતી કાલે આવશે, તો જલ્દીથી આ એવા અમે સિદ્ધાંત ભણીએ છીએ/ભણ્યાં હોત/ભણીશું.

★ અહીં વર્ત્તમાન આદિ ચારે કાળમાં આશંસ્ય અર્થમાં વર્ત્તતો ધાતુ હોવાથી અને ક્ષિપ્ર અર્થક ક્ષિપ્ર અને આશુ નામ ઉપપદમાં હોવાથી આ સૂત્રથી ભવિષ્યન્તી વિભક્તિ થઈ છે.

(૨) **उपाध्यायश्चेद् आगच्छति/आगमत्/आगमिष्यति/आगन्ता आशंसे/संभावये/युक्तोऽधीयीय** = જો ઉપાધ્યાય આવે છે/આવ્યાં હતાં/આવશે. તો ઇચ્છા છે અમે યોગ્ય ભણીએ છીએ/ભણ્યાં હોત/ભણીશું.

★ પૂર્વની જેમ અહીં પણ આશંસ્ય અર્થમાં વર્ત્તતાં अधि+इ ધાતુથી आशंसा અર્થક શબ્દ ઉપપદમાં હોતે છતે સપ્તમી વિભક્તિ થઈ છે.

વિશેષતા :

(૧) આ સૂત્રની પ્રવૃત્તિ આશંસ્ય અર્થવાળાં ધાતુને વિશે જણાવી છે જ્યાં પૂર્વસૂત્રથી ભૂતવત્ અને સદ્વત્ પ્રત્યયો વિકલ્પે થતાં હતાં. માટે આ સૂત્ર ભૂતવત્ અને સદ્વત્નાં અપવાદ સ્વરૂપે જાણવું.

(૨) આ સૂત્રમાં ક્ષિપ્રઅર્થક ઉપપદ અને આશંસા અર્થક ઉપપદમાં અનુક્રમે ભવિષ્યન્તી અને સપ્તમીનું વિધાન કર્યું છે. પરંતુ જ્યારે એક જ પ્રયોગમાં બંને ઉપપદ હોય તો સ્પર્ધે ૭.૪.૧૧૯ પરિભાષાનુસારે માત્ર સપ્તમી વિભક્તિ થશે. તેની સમજણ નીચેનાં કોષ્ટકમાં દર્શાવેલ છે.

ક્ષિપ્ર અર્થક ઉપપદ	આશંસા અર્થક ઉપપદ	આશંસ્ય અર્થ	સૂત્ર	વિભક્તિ
✓	×	✓	क्षिप्राऽशंसा०५.४.३	ભવિષ્યન્તી
×	✓	✓	क्षिप्राऽशंसा०५.४.३	સપ્તમી
✓	✓	✓	क्षिप्राऽशंसा०५.४.३	સપ્તમી
×	×	✓	भूतवच्चा०५.४.२	ભૂતવત્/સદ્વત્

सम्भावने सिद्धवत् ५.४.४

अ.अ.सू. : सम्भावने धातोः सिद्धवत्।

अर्थ : હેતુમાં શક્તિની શ્રદ્ધા રાખવી તે **संभावना**. તે વિષયમાં વસ્તુ અસિદ્ધ હોતે છતે પણ સિદ્ધની જેમ (ભૂતવત્) પ્રત્યયો થાય છે.

ઉદા. **समये चेत् प्रयत्नोऽभूत्, उदभूवन् विभूतयः** = જો અવસરે પ્રયત્ન થાય તો વિભૂતિઓ ઉત્પન્ન થાય.

★ અહીં સમય ઉપર થયેલ પ્રયત્ન રૂપ હેતુમાં વિભૂતિને ઉત્પન્ન થવા સ્વરૂપ કાર્યને કરી આપવાની શ્રદ્ધા જણાય છે. માટે આ સૂત્રથી તે બંનેનાં વિષયમાં અદ્યતની વિભક્તિ થઈ છે.

વિશેષતા :

અહીં ધ્યાનમાં લેવું કે, પાણિનિય વ્યાકરણમાં આ સૂત્રનો નિર્દેશ કર્યો નથી. તેનાં સમાધાન સ્વરૂપે ભાષ્યમાં જણાવવામાં આવ્યું છે કે, અનિષ્પન્ન એવા પણ ભાવોમાં જો નિષ્પન્નતાની સંભાવના જણાતી હોય તો ભવિષ્યકાલીન પ્રયોગ સિદ્ધ ન થતાં સિદ્ધવત્ અર્થાત્ ભૂતકાલીન પ્રયોગો થાય છે. તેથી આ સૂત્ર નિર્દેશની આવશ્યકતા રહેતી નથી. પરંતુ જો લોકવ્યવહાર વડે જ માન્ય રાખીને શાસ્ત્ર નિર્દેશ ન કરવામાં આવે તો શાસ્ત્રને નહીં જાણનારો લોક પણ યથેચ્છ વ્યવહાર કરીને સ્વ અભિપ્રાયને પ્રગટ કરશે જ. ત્યાં શાસ્ત્ર દ્વારા યથાયોગ્ય સમ્યક્પણાનો કે અસમ્યક્પણાનો નિર્દેશ કરવો યોગ્ય જ છે.

नाऽनद्यतनः प्रबन्धा-ऽऽसत्त्योः ५.४.५

अ.अ.सू. : प्रबन्ध-ऽऽसत्योः धातोः अनद्यतनः न।

अर्थ : धात्वर्थनो काळ (प्रबन्ध) अने सामीप्य (आसत्ति) जणाते छते धातुथी अनद्यतन काळमां कहेवायेलां (ह्यस्तनी, श्वस्तनीनां) प्रत्ययो थतां नथी.

स. : प्रबन्धा-ऽऽसत्योः = प्रबन्धश्च आसत्तिश्चेति प्रबन्ध-ऽऽसत्ती, तयोरिति।

उदा. (१) यावज्जीवं भृशमन्नमदात्/दास्यसि = यावज्जीव सुधी आने दान आप्युं/आ आपशे.

★ अहीं यावज्जीवं शब्द द्वारा दान आपवानी क्रियानो काळ जणाय छे. माटे आ सूत्रथी अनद्यतन विहित ह्यस्तनी अने श्वस्तनी थई नहीं.

(२) **येयं पौर्णमास्यतिक्रान्ता एतस्यां जिनमहः प्रावर्त्तिष्ट** = जे आ पूनम गई तेमां श्री जिनमहोत्सव उजवायो.
येयं पौर्णमास्यागामिन्यस्यां जिनमहः प्रवर्त्तिष्यते = जे आ पूनम आवशे तेमां श्री जिनमहोत्सव थशे.

★ अहीं इयम् शब्द द्वारा प्रवर्त्तन क्रियानुं सामीप्य जणाय छे. माटे आ सूत्रथी अनद्यतनमां विहित ह्यस्तनी अने श्वस्तनी थई नहीं.

विशेषता :

अहीं सूत्रमां मात्र अनद्यतन काळनो निर्देश कर्यो छे. परंतु अनद्यतन भूतकाळमां थती ह्यस्तनी अने अनद्यतन भविष्यकाळमां थती श्वस्तनी एम बे विभक्तिनो निषेध थाय छे.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો અનદ્યતન વિશેષભૂતકાળમાં થતી પરોક્ષા આદિ વિભક્તિનું પણ વર્જન કરે છે.

एष्यत्यवधौ देशस्या-ऽर्वाग्भागे ५.४.६

અ.અ.સૂ. : देशस्यावधौ देशस्यार्वाग्भागे एष्यति धातोः अनद्यतनः न।

અર્થ : દેશની અવધિવાચક શબ્દ ઉપપદમાં હોતે છતે દેશનાં આગળનાં ભાગમાં થનારા ભવિષ્યકાલીન ક્રિયામાં વર્ત્તતાં ધાતુથી અનદ્યતન કાળમાં વિધાન કરાયેલાં પ્રત્યયો થતાં નથી.

સ. : अर्वाग्भागे = अर्वाक् चासौ भागश्चेति अर्वाग्भागः, तस्मिन्निति।

ઉદા. योऽयमध्वा गन्तव्य आ शत्रुञ्जयात्, तस्य यदवरं वलभ्यास्तत्र द्विरोदनं भोक्ष्यामहे = શત્રુંજય સુધી જવાનાં માર્ગમાં આવેલ વલભીનાં પૂર્વનાં ભાગમાં અમે બે વાર ભાત ખાઈશું.

★ અહીં દેશનો અવધિવાચક શત્રુંજય ઉપપદમાં હોવાથી તેમજ અન્ય દેશવાચી વલભીનાં પૂર્વભાગમાં બે વાર ભાત ખાવાની ક્રિયા થવાની છે. તેને આ સૂત્રથી શ્વસ્તનીનો નિષેધ થતાં ભવિષ્યન્તી ૫.૩.૪થી ભવિષ્યન્તીનો સ્યામહે પ્રત્યય લાગેલ છે.

પ્ર.ઉદા.(૧) एष्यतीति किम्? योऽयमध्वाऽतिक्रान्त आ शत्रुञ्जयात् तस्य यदवरं वलभ्यास्तत्र युक्ता द्विरध्यैमहि = શત્રુંજય સુધીનાં જે માર્ગનું ઉલ્લંઘન કર્યું તેમાંનાં વલભીની પૂર્વ ભાગમાં ભેગા મળીને અમે બે વાર ભણ્યા.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ભવિષ્યકાલીન ક્રિયામાં વર્ત્તતાં ધાતુથી થાય છે. જ્યારે અહીં ભૂતકાળમાં વર્ત્તતો ધાતુ હોવાથી અહીં આ સૂત્રથી હ્યસ્તનીનો નિષેધ થયો નહીં.

(૨) **अवधाविति किम्? योऽयमध्वा निरवधिको गन्तव्यः, तस्य यदवरं वलभ्यास्तत्र द्विरोदनं भोक्तास्महे** = જે આ અવધિરહિત જવાનો માર્ગ છે. તેનાં વલભીની પૂર્વભાગમાં અમે બે વાર ભાત ખાઈશું.

★ આ સૂત્રની પ્રવૃત્તિ દેશનું અવધિવાચક નામ ઉપપદમાં હોતે છતે થાય છે. જ્યારે અહીં દેશનો અવધિવાચક નામ ઉપપદમાં નથી. માટે આ સૂત્રથી અનદ્યતનનો નિષેધ ન થતાં શ્વસ્તની વિભક્તિ થઈ છે.

(૩) **अर्वाग्भागिति किम्? योऽयमध्वा गन्तव्य आ शत्रुञ्जयात् तस्य यत्परं वलभ्यास्तत्र द्विरोदनं भोक्तास्महे** = જે આ શત્રુંજય સુધી જવાનો માર્ગ છે. તેનાં વલભીનાં પર ભાગમાં અમે બે વાર ભાત ખાઈશું.

★ આ સૂત્રની પ્રવૃત્તિ દેશનાં પૂર્વભાગમાં થયેલી ક્રિયા હોય તો થાય છે. જ્યારે આ ક્રિયા દેશનાં પરભાગમાં થયેલી છે. માટે આ સૂત્રથી અનદ્યતનનો નિષેધ ન થતાં શ્વસ્તની વિભક્તિ થઈ છે.

વિશેષતા :

(૧) સૂત્રગત દેશસ્ય શબ્દનો **દેહલીદીપક** ન્યાયાનુસારે પૂર્વે રહેલાં अवधौ અને પર રહેલાં अर्वाग्भागे એમ બંને પદ સાથે અન્વય કરવો.

(૨) યદ્યપિ સૂત્રમાં અનદ્યતનનો નિષેધ કર્યો હોવાથી હ્યસ્તની અને શ્વસ્તની બંને વિભક્તિનો નિષેધ થવાની પ્રાપ્તિ છે.

પરંતુ સૂત્રમાં एष्यति એ પ્રમાણે ભવિષ્યકાળનો નિર્દેશ હોવાથી અનદ્યતન ભવિષ્યમાં થનારી શ્વસ્તનીનો જ નિષેધ થાય છે.

(૩) પૂર્વસૂત્ર દ્વારા પ્રબન્ધ અને અનાસત્તિ અર્થમાં અનદ્યતન કાળ વિહિત પ્રત્યયનો નિષેધ થવાનો જ હતો. પરંતુ આ સૂત્રનાં વિષયમાં તે બે સિવાયનાં અર્થમાં પણ અનદ્યતન કાળ વિહિત પ્રત્યયનો નિષેધ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

कालस्याऽनहोरात्राणाम् ૫.૪.૭

અ.અ.સૂ. : **कालस्यावधौ कालस्यार्वाग्भागे एष्यति धातोः अनद्यतनः न, अनहोरात्राणाम्।**

અર્થ : કાળનાં અવધિવાચક શબ્દો ઉપપદમાં હોતે છતે તે કાલનાં પૂર્વનાં ભાગમાં થનારી ભવિષ્યકાલીન ક્રિયાનાં અર્થમાં વર્ત્તતાં ધાતુઓથી અનદ્યતન કાળમાં વિધાન કરાયેલાં પ્રત્યયો થતાં નથી. જો તે પૂર્વનો ભાગ દિવસ-રાત્રિ સંબંધી ન હોય તો.

ઉદા. **योऽयमागामी संवत्सरस्तस्य यदवरमाग्रहाण्यास्तत्र जिनपूजां करिष्यामः** = જે આ આગામી વર્ષ આવે છે. તેની માગસર સુદ પૂનમની આગળનાં ભાગમાં આપણે જિનેશ્વરની પૂજા કરીશું.

★ અહીં અવધિભૂત કાલવાચી संवत्सर શબ્દ ઉપપદમાં હોવાથી કાલવાચક आग्रहायणी નાં પૂર્વભાગમાં જિનપૂજા સ્વરૂપ ક્રિયા થવાની છે. તેથી તે ક્રિયાને આ સૂત્રથી અનદ્યતન કાળમાં થનારી શ્વસ્તનીનો નિષેધ થતાં ભવિષ્યન્તી ૫.૩.૪થી ભવિષ્યન્તી થઈ છે.

પ્ર.ઉદા. **अनहोरात्राणामिति किम्? योऽयं मास आगामी, तस्य योऽवरः पञ्चदशरात्रस्तत्र युक्ता द्विरध्येतास्महे** = જે આ આવતો માસ છે. તેનાં પખવાડિયાનાં પૂર્વભાગમાં અમે ભેગા થઈને બે વાર ભણીશું.

★ આ સૂત્રમાં અહોરાત્ર વાચી શબ્દનું નિમિત્ત તરીકે વર્જન હોવાથી અહીં આ સૂત્રથી અનદ્યતન કાળમાં થનારી શ્વસ્તનીનો નિષેધ થયો નહીં.

વિશેષતા :

(૧) પૂર્વસૂત્રથી આ સૂત્રનો પૃથક્ નિર્દેશ કર્યો, તેથી ઉત્તર સૂત્રમાં માત્ર कालस्य નો અધિકાર જશે. પણ देशस्य નો નહીં. અન્યથા **सन्नियोगशिष्टाना० १/३०** ન્યાયાનુસારે देशस्य નો પણ અધિકાર જતાં દેશનાં પરભાગમાં પણ વિકલ્પે અનદ્યતનકાળનો નિષેધ થાત. જે ઈષ્ટ નથી.

(૨) અહીં સૂત્રમાં अनहोरात्राणाम् એ પ્રમાણે બ.વ.નો નિર્દેશ कालस्य એ પ્રમાણે એકવચનાન્ત પદની સાથે વિશેષણ-વિશેષ્યભાવનાં ભ્રમને દૂર કરવા માટે છે. અન્યથા 'અહોરાત્રથી ભિન્ન એવું અવધિવાચી નામ ઉપપદમાં હોતે છતે...' એ પ્રમાણે સૂત્રાર્થની પ્રાપ્તિ થાત. તેથી योऽयं मास आगामी, तस्य योऽवरः पञ्चदशरात्रस्तत्र युक्ता द्विरध्येतास्महे ઇત્યાદિ રૂપ ઉદા.માં અવધિવાચી નામ અહોરાત્રથી ભિન્ન હોય અને અર્વાગ્ ભાગવાચી નામ અહોરાત્ર સંબંધી હોય તો પણ આ સૂત્રની પ્રવૃત્તિ થવાની આપત્તિ આવે. જે ઈષ્ટ નથી.

परे वा ५.४.८

अ.अ.सू. : कालस्याऽवधौ कालस्य (अनहोरात्राणां) परे एष्यति धातोः अनद्यतनः न वा, अनहोरात्राणाम्।

अर्थ : કાળનો અવધિવાચી શબ્દ ઉપપદમાં હોતે છતે તે કાળનાં પર ભાગમાં થનારી ભવિષ્યકાલીન ક્રિયાનાં અર્થમાં વર્ત્તતાં ધાતુથી અનદ્યતન કાળમાં વિહિત પ્રત્યયો વિકલ્પે થતાં નથી. જો તે પરભાગ અહોરાત્ર સંબંધી ન હોય તો.

ઉદા. आगामिनो वत्सरस्याऽऽग्रहायण्यां परस्ताद् द्विः सूत्रमध्येष्यामहे/अध्येतास्महे = આવનારા વર્ષની માગસર સુદ પૂનમ પછીનાં ભાગમાં અમે બે વાર ભણીશું.

★ અહીં અવધિભૂત કાલવાચી वत्सर શબ્દ ઉપપદમાં હોવાથી કાલવાચક आग्रहायणी નાં પરભાગમાં ભણવાની ક્રિયા થવાની છે. માટે આ સૂત્રથી વિકલ્પે અનદ્યતન કાળનો નિષેધ ન થતાં ભવિષ્યન્તી અને શ્વસ્તની થઈ છે.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, नाऽनद्यतनः०५.४.५ સૂત્રમાં પ્રબંધ અને આસત્તિ અર્થની નિમિત્તતયા વિવક્ષા છે. અને આ સૂત્રમાં કાલનાં અવધિવાચી નામ ઉપપદમાં + તે જ કાળનો પર ભાગમાં થનારી ક્રિયા નિમિત્ત તરીકે છે. જો એક જ વાક્યમાં બંને નિમિત્તની વિવક્ષા હોય તો સ્પર્ધે ૭.૪.૧૧૯ પરિભાષાનુસારે પરતયા આ સૂત્રથી વિકલ્પે અનદ્યતન કાળમાં થનારી શ્વસ્તનીનો નિષેધ થશે. જેમકે, आगामिनः संवत्सरस्याग्रहण्याः परस्तादविच्छिन्नं सूत्रमध्येष्यामहे/अध्येतास्महे।

सप्तम्यर्थे क्रियातिपत्तौ क्रियातिपत्तिः ५.४.९

अ.अ.सू. : क्रियातिपत्तौ एष्यति धातोः सप्तम्यर्थे क्रियातिपत्तिः।

अर्थ : હેતુ, ફલનાં કથન વગેરે રૂપ સામગ્રી સપ્તમી વિભક્તિનું નિમિત્ત છે. તે સપ્તમ્યર્થ કહેવાય છે. કોઈક વૈગુણ્ય (વિરોધી ગુણપણા વડે) ક્રિયાની અપરિસમાપ્તિ રૂપ અતિપતન જણાતે છતે ભવિષ્યકાલીન ક્રિયાર્થમાં વર્ત્તતાં ધાતુથી ક્રિયાતિપત્તિ વિભક્તિ થાય છે.

स. : (१) **सप्तम्यर्थे** = सप्तम्या अर्थ इति सप्तम्यर्थः तस्मिन्निति।

(२) **क्रियातिपत्तौ** = क्रियाया अतिपत्तिरिति क्रियातिपत्तिः, तस्यामिति।

ઉદા. (१) **दक्षिणेन चेद् अयास्यत् न शकटं पर्याभविष्यत्** = જો દક્ષિણ દિશાએથી ગાડું જાય તો ગાડું પરાભવ પામશે નહીં.

★ અહીં ગાડાંનું દક્ષિણ દિશામાં નહીં જઈ શકવાની સંભાવના રૂપ વિગુણ પણાથી ગાડાંનાં પરાભવનાં નિષેધ રૂપ ક્રિયાની અપરિસમાપ્તિ જણાય છે. માટે આ સૂત્રથી ક્રિયાતિપત્તિ વિભક્તિ થઈ છે. તેમજ અહીં દક્ષિણ દિશામાં ગાડાંનું ગમન હેતુ છે અને ગાડાંનો અપરાભવ ફળ હોવાથી વર્ત્સ્યતિ હેતુ૦૫.૪.૨૫થી સપ્તમીની પ્રાપ્તિ છે. માટે આ પ્રયોગ સપ્તમ્યર્થ પણ છે.

भूते ५.४.१०

अ.अ.सू. : भूते धातोः क्रियातिपत्तौ सप्तम्यर्थे क्रियातिपत्तिः।

અર્થ : ભૂતકાળ અર્થમાં વર્ત્તતાં ધાતુઓથી સપ્તમીનાં નિમિત્તમાં ક્રિયાનું અતિપતન જણાતે છતે ક્રિયાતિપત્તિ વિભક્તિ થાય છે.

ઉદા. **दृष्टो मया तव पुत्रोऽन्नार्थी चङ्क्रम्यमाणः, अपरश्चातिथ्यर्थी, यदि स तेन दृष्टोऽभविष्यदुताभोक्ष्यत अप्यभोक्ष्यत** = ખાવાની ઈચ્છાથી ફરતો એવો તારો પુત્ર મારા વડે જોવાયો. તેમજ, અતિથિને શોધવાની ઈચ્છાથી ફરતો એવો એક માણસ મારા વડે જોવાયો, જો તેના વડે તે (તારો પુત્ર) જોવાયો હોત તો તે ભોજન કરાયો હોત.

★ અહીં અપિ, उत અવ્યયનાં યોગમાં સપ્તમ્યુતા૦૫.૪.૨૧થી સપ્તમીનાં નિમિત્તની પ્રાપ્તિ હોવાથી આ પ્રયોગમાં સપ્તમ્યર્થતા જણાય છે. તેમજ નહીં જોવાવાનાં વિગુણપણાંથી ભોજન કરવાની ક્રિયાનું અતિપતન થયું છે. માટે આ સૂત્રથી બંને વાક્યોમાં ક્રિયાતિપત્તિ વિભક્તિ થઈ છે.

वोतात् प्राक् ५.४.११

અ.અ.સૂ. : उतात् प्राक् सप्तम्यर्थे क्रियातिपत्तौ भूते धातोः क्रियातिपत्तिः वा।

અર્થ : સપ્તમ્યુતા૦૫.૪.૨૧માં કહેવાશે તે उत શબ્દની પૂર્વે સપ્તમી નિમિત્તમાં ક્રિયાનું અતિપતન થયે છતે ભૂતકાલીન ક્રિયાર્થમાં વર્ત્તતાં ધાતુથી ક્રિયાતિપત્તિ વિભક્તિ વિકલ્પે થાય છે.

ઉદા. **कथं नाम संयतः सन्ननागाढे तत्रभवान् आधायकृतमसेविष्यत धिग् गर्हामहे/कथं सेवेत/कथं सेवते ?** = કેવી રીતે સંયમી છતાં પૂજ્યે આપે આગાઢ કારણ વિના આધાકર્મી સેવન કર્યું ? ધિક્કાર છે, અમે નિંદીએ છીએ.

★ અહીં कथमि૦૫.૪.૧૩ સૂત્રથી સપ્તમીની પ્રાપ્તિ હોવાથી આ પ્રયોગ સપ્તમ્યર્થ છે. તેમજ કોઈક પ્રમાદાદિ

વિગુણપણાનાં કારણે સંયમી હોવાથી આધાકર્મીનાં અસેવન રૂપ ક્રિયાનું અતિપતન જણાય છે. પરંતુ ભૂતકાલીન પ્રયોગ હોવાથી આ સૂત્રથી વિકલ્પે ક્રિયાતિપત્તિ થઈ છે.
વિકલ્પપક્ષમાં : કથમિ સપ્તમી૦૫.૪.૧૩ સૂત્રથી સપ્તમી અને વર્ત્તમાના વિભક્તિ થઈ છે.

પ્ર.ઉદા. **उतात् प्रागिति किम् ? कालो यदभोक्ष्यत भवान्** = (યોગ્ય) કાળ હતો. આપ જમ્યા હોત.

★ આ સૂત્રની પ્રવૃત્તિ સપ્તમ્યુતા૦૫.૪.૨૧ સૂત્રમાં કહેવાતાં उत શબ્દની પૂર્વેનાં સપ્તમીનાં નિમિત્તમાં પ્રવર્ત્તે છે. જ્યારે અહીં સપ્તમી યદિ ૫.૪.૩૪થી સપ્તમીની પ્રાપ્તિ છે. માટે આ સૂત્રથી વિકલ્પે ક્રિયાતિપત્તિ ન થતાં ભૂતે ૫.૪.૧૦થી નિત્ય થઈ છે.

क्षेपेऽपि-जात्वोर्वर्त्तमाना ૫.૪.૧૨

અ.અ.સૂ. : **क्षेपे अपि-जात्वोः धातोः वर्त्तमाना ।**

અર્થ : નિંદા અર્થ જણાતે છતે अपि અને जातु અવ્યય ઉપપદમાં હોય તો ધાતુથી વર્ત્તમાના વિભક્તિ થાય છે.

સ. : **अपि-जात्वोः** = अपिश्च जातुश्चेति अपि-जातू, तयोरिति।

ઉદા. (૧) **अपि तत्रभवान् जन्तून् हिनस्ति ? धिग् गर्हामहे** = શું આપ ત્યાં જંતુની હિંસા કરશો. ધિક્કાર છે. અમે નિંદા કરીએ છીએ.

(૨) **जातु तत्रभवान् भूतानि हिनस्ति ? धिग् गर्हामहे** = શું આપ ત્યાં પ્રાણીઓની હિંસા કરશો. ધિક્કાર છે. અમે નિંદા કરીએ છીએ.

★ અહીં गर्हामहे પદ દ્વારા નિંદાની ગમ્યમાનતા હોવાથી તેમજ अपि અને जातु નો યોગ થતાં આ સૂત્રથી વર્ત્તમાના વિભક્તિ થઈ છે.

વિશેષતા :

(૧) પૂર્વસૂત્રથી આવતો भूते નો અધિકાર क्रियातिपत्ति ની સાથે સંબંધિત હોવાથી અહીં તે અધિકારની નિવૃત્તિ થતાં કાળ સામાન્યમાં સૂત્ર પ્રવૃત્તિ થાય છે.

(૨) અહીં સામાન્ય કાળનો નિર્દેશ કર્યો છે. તેથી પૂર્વે જે-જે પણ ભૂતકાળ વગેરે વિશેષ કાળમાં કહેવાયલાં તમામ પ્રત્યયોનો આ સૂત્રનાં વિષયમાં બાધ થાય છે. આમ, આ સૂત્ર તમામ વિશેષ કાળમાં કરાયેલી તમામ વિભક્તિનાં અપવાદભૂત છે.

યદ્યપિ અહીં **सर्वत्रापि विशेषेण सामान्यं बाध्यते न तु सामान्येन विशेषः ૩/૬** ન્યાયાનુસારે તે-તે વિશેષકાળમાં કહેવાયેલી વિભક્તિ અથવા આ સૂત્રથી સામાન્ય કાળમાં કરાયેલી વર્ત્તમાના વિભક્તિનો બાધ થવાની પ્રાપ્તિ હતી. પરંતુ જો તે પ્રમાણે બાધ કરવામાં આવે તો આ સૂત્ર વ્યર્થ જવાની આપત્તિ આવે. તેથી, અહીં તે ન્યાયની પ્રવૃત્તિ ન કરતાં સ્પર્ધે ૭.૪.૧૧૯ પરિભાષાનુસારે પરતયા આ સૂત્રની પ્રવૃત્તિ જ ઇષ્ટ જાણવી. આ વાત આગામી સૂત્રમાં પણ જાણવી.

(૩) આ સૂત્રમાં સપ્તમી વિભક્તિનું કાર્ય સ્વરૂપે ગ્રહણ નથી. માટે સપ્તમીનાં નિમિત્તનો અભાવ થતાં ક્રિયાનાં અતિપતનમાં ક્રિયાતિપત્તિ થતી નથી.

कथमि सप्तमी च वा ५.४.१३

अ.अ.सू. : कथमि क्षेपे धातोः सप्तमी च(वर्त्तमाना) वा ।

अर्थ : कथम् अव्यय उपपदमां होते छते निंदा अर्थ जणातो होय तो धातुथी सप्तमी अने वर्त्तमाना विभक्ति विकल्पे थाय छे.

उदा. **कथं नाम तत्रभवान् मांसं भक्षयेत्/भक्षयति ? गर्हामहे अन्यायमेतद्**

विकल्पे : अबभक्षत्/अभक्षयत्/भक्षयाञ्चकार/भक्षयिता/भक्षयिष्यति = केवी रीते आप त्यां मांस खाता हता/खाओ छो/खाशो ? अमे निंदीए छीए. आ अन्याय छे.

★ अहीं गर्हामहे पद द्वारा निंदा अर्थनी गम्यमानता जणाय छे. अने कथम् अव्यय उपपदमां होवाथी आ सूत्रथी सप्तमी अने वर्त्तमाना विभक्ति थई छे. अने तेनां **विकल्पपक्षे :** यथायोग्य काळ प्रमाणे अद्यतनी, ह्यस्तनी, परोक्षा, श्वस्तनी अने भविष्यन्ती विभक्ति थई छे.

विशेषता :

(१) अत्र सप्तमीनिमित्तमस्तीति भूते क्रियातिपतने वा क्रियातिपत्तिः, - कथं नाम तत्रभवान् मांसमभक्षयिष्यत् ?/ यथाप्राप्तम् अबभक्षत् आदि.

भविष्यति तु क्रियातिपतने नित्यमेव सा - कथं नाम तत्रभवान् मांसमभक्षयिष्यत्,

अहीं सूत्रमां कार्य तरीके सप्तमीनुं विधान होवाथी आ सप्तमीनुं निमित्त छे. माटे क्रियानुं अतिपतन जणाते छते भूतकाळमां वोतात् प्राक् ५.४.११ सूत्रथी

વિકલ્પે ક્રિયાતિપત્તિ થાય છે. અને ભવિષ્યકાળમાં સપ્તમ્યર્થે૦૫.૪.૯ સૂત્રથી નિત્ય ક્રિયાતિપત્તિ થાય છે.

(૨) યદ્યપિ સૂત્રમાં સપ્તમી પદનું ગ્રહણ હોવાથી પૂર્વસૂત્રથી આવતો વર્ત્તમાના નો અધિકાર અટકી જવો જોઈએ. પરંતુ સૂત્રગત ચ કાર દ્વારા **चकारो यस्मात्० २/६१** ન્યાયાનુસારે કાર્યતયા સપ્તમી ને સજાતીય કાર્ય એવી વર્ત્તમાના નું પૂર્વસૂત્રથી ગ્રહણ કરાય છે.

किंवृत्ते सप्तमी-भविष्यन्त्यौ ૫.૪.૧૪

અ.અ.સૂ. : किंवृत्ते क्षेपे धातोः सप्तमी-भविष्यन्त्यौ ।

અર્થ : કિંવૃત્ત (किम् સર્વનામનું વિભક્ત્યન્ત તથા डतर-डतम પ્રત્યયાન્ત રૂપ) નામ ઉપપદમાં હોતે છતે નિંદા અર્થ જણાતો હોય તો ધાતુથી સપ્તમી અને ભવિષ્યન્તી વિભક્તિ થાય છે.

સ. : सप्तमी-भविष्यन्त्यौ = सप्तमी च भविष्यन्ती चेति।

ઉદા. (૧) किं तत्रभवाननृतं ब्रूयाद्/वक्ष्यति ? = શું આપ જુઠ્ઠું બોલો છો ?

(૨) **को नाम/कतरो नाम/कतमो नाम यस्मै तत्रभवाननृतं ब्रूयाद्/वक्ष्यति ?** = એવો કોણ/બેમાંથી કોણ/ઘણામાંથી કોણ ? જેની માટે આપ જુઠ્ઠું બોલ્યા ?

★ અહીં किम् સર્વનામનાં कः, कतरः વગેરે રૂપો ઉપપદમાં છે. તેમજ, तत्रभवान् થી પૂજ્ય એવા આપની સાથે अनृतम् નો અન્વય થતાં નિંદા અર્થ પણ જણાય છે. માટે આ સૂત્રથી સપ્તમી અને ભવિષ્યન્તી વિભક્તિ થઈ છે.

વિશેષતા :

(૧) અહીં સપ્તમીનું નિમિત્ત છે. તેથી ભૂતકાળમાં ક્રિયાનું અતિપતન જણાતું હોય તો વિકલ્પે ક્રિયાતિપત્તિ અને ભવિષ્યકાળમાં ક્રિયાનું અતિપતન જણાતું હોય તો નિત્ય ક્રિયાતિપત્તિ થાય છે. જેમકે, किं तत्रभवाननृतमवक्ष्यत्/ब्रूयात्/वक्ष्यति ? किं तत्रभवाननृतमवक्ष्यत् ?

(૨) આ સૂત્રનું વિધાન સર્વકાળમાં થતું હોવાથી આ સૂત્રથી થતી સપ્તમી અને ભવિષ્યન્તી વિભક્તિ સર્વ વિભક્તિનાં અપવાદ રૂપ જાણવી.

अश्रद्धा-ऽमर्षेऽन्यत्रापि ५.४.१५

અ.અ.સૂ. : अन्यत्रापि अश्रद्धा-ऽमर्षे धातोः सप्तमी-भविष्यन्त्यौ ।

અર્થ : किंवृत्त અને अकिंवृत्त પદ પણ ઉપપદમાં હોતે છતે અશ્રદ્ધા અને અમર્ષ અર્થ જણાતે છતે ધાતુથી સપ્તમી અને ભવિષ્યન્તી વિભક્તિ થાય છે.

સ. : अश्रद्धा-ऽमर्षे = न श्रद्धा इति अश्रद्धा, न मर्ष इति अमर्षः, अश्रद्धा च अमर्षश्चेति अश्रद्धाऽमर्षम्, तस्मिन्निति।

ઉદા. (૧) न श्रद्धे, न सम्भावयामि तत्रभवान् नामाऽदत्तं गृह्णीयात्/ग्रहीष्यति = મને વિશ્વાસ થતો નથી, સંભાવના કરતો નથી, કે આપે ત્યાં ખરેખર ન આપેલું ગ્રહણ કરશો/કર્યું હતું/કર્યું છે.

(૨) **न श्रद्धे किं तत्रभवान् अदत्तमाददीत/आदास्यते ?** = હું વિશ્વાસ કરતો નથી કે શું આપે ત્યાં અદત્ત લીધું ?/અદત્ત લો છો ?/અદત્ત લેશો ?

(૩) **न मर्षयामि, न क्षमे तत्रभवान् नामादत्तं गृह्णीयात्/ ग्रहीष्यति** = હું ક્ષમા નહીં કરું કે આપે ત્યાં અદત્ત લીધું/લો છો/લેશો ?

★ અહીં न श्रद्धे પદ દ્વારા અશ્રદ્ધા અને न मर्षयामि પદ દ્વારા અમર્ષ અર્થની ગમ્યમાનતા છે. તેમજ ઉદા.(૧)-(૩) અકિંવૃત્ત ઉપપદવાળાં અને ઉદા.(૨) કિંવૃત્ત ઉપપદવાળું છે. માટે સર્વકાળમાં થતાં પણ પ્રયોગમાં આ સૂત્રથી સપ્તમી અને ભવિષ્યન્તી થઈ છે.

વિશેષતા :

(૧) આ સૂત્રનું વિધાન સર્વ કાળમાં થતું હોવાથી આ સૂત્રથી થતી સપ્તમી અને ભવિષ્યન્તી વિભક્તિ સર્વ વિભક્તિનાં અપવાદ રૂપ જાણવી.

(૨) આ સૂત્રમાં પણ સપ્તમીનું નિમિત્ત છે. તેથી ભૂતકાળમાં ક્રિયાનું અતિપતન જણાતું હોય તો વિકલ્પે અને ભવિષ્યકાળમાં ક્રિયાનું અતિપતન જણાતું હોય તો નિત્ય ક્રિયાતિપત્તિ થાય છે. જેમકે, न श्रद्धे/न मर्षयामि तत्र भवानदत्तमग्रहीष्यत्/गृह्णीयात्/ग्रहीष्यति અને न श्रद्धे/न मर्षयामि तत्र भवानदत्तमग्रहीष्यत्।

(૩) અહીં સૂત્રમાં અશ્રદ્ધા અને અમર્ષ એ પ્રમાણે બે નિમિત્ત તથા સપ્તમી અને ભવિષ્યન્તી એ પ્રમાણે બે કાર્ય વિદ્યમાન છે. તે બંનેની સંખ્યા સમાન હોવા છતાં **यथासङ्ख्य० १/१०** ન્યાયની પ્રવૃત્તિ ન થાય માટે अश्रद्धाऽमर्षे એ પ્રમાણે એ.વ. અને સપ્તમી-ભવિષ્યન્ત્યૌ એ પ્રમાણે દ્વિવચન કરવા દ્વારા વચનભેદ કરેલ છે. એ પ્રમાણે ઉત્તરસૂત્રમાં પણ જાણવું.

किङ्किलाऽस्त्यर्थयोर्भविष्यन्ती ५.४.१६

अ.अ.सू. : किङ्किलाऽस्त्यर्थयोः अश्रद्धा-ऽमर्षे धातोः भविष्यन्ती।

अर्थ : किङ्किल अने अस्ति अर्थवाळो शब्द उपपदमां होते छते अश्रद्धा अने अमर्ष अर्थनी गम्यमानतामां धातुथी भविष्यन्ती विभक्ति थाय छे.

स. : किङ्किल-ऽस्त्यर्थयोः = अस्तेरर्थ इति अस्त्यर्थः, किङ्किलश्च अस्त्यर्थश्चेति किङ्किलऽस्त्यर्थौ, तयोरिति।

उदा. (१) न श्रद्धे/न मर्षयामि किङ्किल नाम तत्रभवान् परदारानुपकरिष्यते = हुं विश्वास नथी करतो/हुं सहन नहीं करतो के आपे त्यां परस्त्रीनो उपकार करो छो/कर्यो हतो/करशो ?

(२) **न श्रद्धे/न मर्षयामि अस्ति नाम/भवति नाम तत्रभवान् परदारानुपकरिष्यते** = हुं विश्वास नथी करतो/हुं सहन नहीं करतो के आपे त्यां परस्त्रीनो उपकार करो छो/कर्यो हतो/करशो ?

★ अहीं किङ्किल, अस्ति, भवति उपपदमां छे तथा, न श्रद्धे आदि पद द्वारा अश्रद्धा अने अमर्षनी गम्यमानता पण होवाथी सर्वकाळनां प्रयोगमां पण आ सूत्रथी भविष्यन्ती विभक्ति थई छे.

विशेषता :

(१) पूर्वसूत्रथी अश्रद्धा अने अमर्ष अर्थनी गम्यमानतामां सप्तमी अने भविष्यन्तीनुं विधान करेल छे. ज्यारे आ सूत्रथी ते ज अर्थमां मात्र भविष्यन्तीनुं विधान छे, तेथी आ सूत्र सप्तमीनां अपवादभूत जाणवुं.

(૨) આ સૂત્રમાં સપ્તમીનું નિમિત્ત નથી. તેથી આ સૂત્રગત પ્રયોગમાં ક્રિયાનું અતિપતન જણાતે છતે પણ ક્રિયાતિપત્તિ થતી નથી.

जातु-यद्-यदा-यदौ सप्तमी ५.४.१७

અ.અ.સૂ. : जातु-यद्-यदा-यदौ अश्रद्धा-ऽमर्षे धातोः सप्तमी।

અર્થ : જાતુ, યદ્, યદા અને યદિ ઉપપદમાં હોતે છતે અશ્રદ્ધા અને અમર્ષ અર્થની ગમ્યમાનતામાં ધાતુથી સપ્તમી વિભક્તિ થાય છે.

સ. : जातु-यद्-यदा-यदौ = जातुश्च यद् च यदा च यदि चेति जातु-यद्-यदा-यदि, तस्मिन्निति।

ઉદા. (૧) न श्रद्धे/न क्षमे जातु/यत्/यदा/यदि तत्रभवान् सुरां पिबेत् = હું વિશ્વાસ નથી કરતો/હું સહન નથી કરતો કે આપ ક્યારેય/જે/જ્યારે/જો મદિરા પીતા હતા/પીઓ છો/પીશો.

★ અહીં પૂર્વની જેમ અશ્રદ્ધા અને અમર્ષ અર્થની ગમ્યમાનતા છે. તેમજ, જાતુ વગેરે પણ ઉપપદમાં હોવાથી આ સૂત્રથી સપ્તમી વિભક્તિ થઈ છે.

વિશેષતા :

(૧) પૂર્વસૂત્રની જેમ આ સૂત્રની પણ પ્રવૃત્તિ અશ્રદ્ધા અને અમર્ષ અર્થમાં થતી હોવાથી अश्रद्धाऽमर्षे० ५.४.१५થી ભવિષ્યન્તી અને સપ્તમી થવાની જ હતી. તેનો આ સૂત્રથી બાધ થઈને આ સૂત્રથી માત્ર સપ્તમીનું વિધાન કરેલ છે. તેથી આ ભવિષ્યન્તીનું અપવાદ સૂત્ર છે.

(૨) આ સૂત્રમાં સપ્તમીનું નિમિત્ત છે. તેથી ભૂતકાળમાં ક્રિયાનાં અતિપતનમાં વિકલ્પે ક્રિયાતિપત્તિ અને ભવિષ્યકાળમાં નિત્ય ક્રિયાતિપત્તિ થાય છે. જેમકે, न श्रद्धे न क्षमे जातु तत्रभवान् सुरामपास्थत्/पिबेत् અને जातु तत्रभवान् सुरामपास्यत्।

क्षेपे च यच्च-यत्रे ५.४.१८

અ.અ.સૂ. : क्षेपे च (अश्रद्धा-ऽमर्षे) यच्च-यत्रे धातोः सप्तमी।

અર્થ : નિંદા, અશ્રદ્ધા અને અમર્ષ અર્થની ગમ્યમાનતામાં यच्च અને यत्र ઉપપદમાં હોતે છતે ધાતુથી સપ્તમી વિભક્તિ થાય છે.

સ. : यच्च-यत्रे = यच्चश्च यत्रश्चेति यच्च-यत्रम्, तस्मिन्निति।

ઉદા. (૧) धिग् गर्हामहे यच्च/यत्र तत्रभवानस्मान् आक्रोशेत् = અમે નિંદા કરીએ છીએ કે, જે/જ્યાં આપે અમારા પર આક્રોશ કર્યો/કરો છો/કરશો.

(૨) **न श्रद्धे/न क्षमे यच्च/यत्र तत्रभवान् परिवादं कथयेत्** = હું વિશ્વાસ નથી કરતો/ન ક્ષમા નહીં આપું જે/જ્યાં આપ બીજાની નિંદા કરો છો/કરી હતી/કરશો.

★ અહીં દર્શાવેલ ઉદા.માં અનુક્રમે ગર્હા અને અશ્રદ્ધા-અમર્ષ અર્થની ગમ્યમાનતા છે. તેમજ यच्च/यत्र ઉપપદની પણ ઉપસ્થિતિ છે. માટે આ સૂત્રથી સર્વકાળમાં સપ્તમી થઈ છે.

વિશેષતા :

(૧) આ સૂત્રની પ્રવૃત્તિ ક્ષેપ, અશ્રદ્ધા અને અમર્ષ એમ ત્રણેય અર્થમાં થાય છે. ક્ષેપ અર્થમાં સર્વકાળમાં આ

સૂત્રથી સપ્તમી થતી હોવાથી સર્વ વિભક્તિમાં અપવાદ રૂપ છે. અને અશ્રદ્ધા અને અમર્ષ અર્થમાં પૂર્વસૂત્રથી પ્રાપ્ત ભવિષ્યન્તીનાં અપવાદ રૂપ છે.

(૨) આ સૂત્રમાં સપ્તમીનું નિમિત્ત છે. તેથી ભૂતકાળમાં ક્રિયાનાં અતિપતનમાં વિકલ્પે ક્રિયાતિપત્તિ અને ભવિષ્યકાળમાં નિત્ય ક્રિયાતિપત્તિ થાય છે. જેમકે, धिग् गर्हामहे न श्रद्धे न क्षमे तत्रभवान् यत्र अस्मानाक्रोक्ष्यत्/आक्रोशेत् અને धिग् गर्हामहे न श्रद्धे न क्षमे यत्र तत्रभवान् परिवादं कथयिष्यत्।

(૩) યદ્યપિ સૂત્રમાં क्षेपे પદનું ગ્રહણ કર્યું હોવાથી પૂર્વસૂત્રથી આવતો अश्रद्धाऽमर्षे નો અધિકાર અટકી જવો જોઈએ. પરંતુ સૂત્રગત ચકાર દ્વારા **चकारो यस्मात्० ૨/૬૧** ન્યાયાનુસારે અર્થનિમિત્તતયા क्षेपे પદને સજાતીય અર્થનિમિત્તદર્શક अश्रद्धाऽमर्षे અધિકારનું પૂર્વસૂત્રથી અનુકર્ષણ કરાય છે.

चित्रे ૫.૪.૧૯

અ.અ.સૂ. : चित्रे यच्च-यत्रे धातोः सप्तमी।

અર્થ : આશ્ચર્ય અર્થની ગમ્યમાનતામાં यच्च અને यत्र ઉપપદમાં હોતે છતે ધાતુથી સપ્તમી વિભક્તિ થાય છે.

ઉદા. **चित्रम्/आश्चर्यं यच्च/यत्र तत्रभवान् अकल्प्यं सेवेत** = આશ્ચર્ય છે કે જ્યાં/જે આપે અકલ્પ્યનું સેવન કર્યું/કરો છો/કરશો.

★ અહીં આશ્ચર્ય અર્થની ગમ્યમાનતા હોવાથી તેમજ यच्च અને यत्र ઉપપદની ઉપસ્થિતિમાં આ સૂત્રથી સપ્તમી વિભક્તિ થઈ છે.

વિશેષતા :

(૧) આ સૂત્રની પ્રવૃત્તિ આશ્ચર્ય અર્થ જણાતો હોય તો સર્વકાળમાં થાય છે. તેથી આ સૂત્રથી થતી સપ્તમી સર્વ વિભક્તિનાં અપવાદ રૂપ જાણવી.

(૨) આ સૂત્રમાં સપ્તમીનું નિમિત્ત છે. તેથી ભૂતકાળમાં ક્રિયાનું અતિપતન હોય તો વિકલ્પે ક્રિયાતિપત્તિ અને ભવિષ્યકાળમાં ક્રિયાનું અતિપતન હોય તો નિત્ય ક્રિયાતિપત્તિ થાય છે. જેમકે, चित्रं यत्र तत्रभवानकल्प्यसेविष्यत्/सेवेत। અને चित्रं यत्र तत्रभवानकल्प्यमसेविष्यत।

शेषे भविष्यन्त्ययदौ ५.४.२०

અ.અ.સૂ. : शेषे चित्रे धातोः भविष्यन्ती, अयदौ।

અર્થ : यच्च અને यत्र સિવાયનું (शेष) ઉપપદ પર છતાં, આશ્ચર્ય અર્થની ગમ્યમાનતામાં ભવિષ્યન્તી વિભક્તિ થાય છે. જો તે यदि રૂપ ન હોય તો.

સ. : अयदौ = न यदीति अयदि, तस्मिन्निति।

ઉદા. चित्रमाश्चर्यमन्धोनाम गिरिमारोक्ष्यति = આશ્ચર્ય છે કે, આંધળો માણસ ગિરિ ઉપર ચઢે છે/ચઢ્યો હતો/ચઢશે.
અહીં સૂત્રમાં આશ્ચર્ય અર્થની ગમ્યમાનતા હોવાથી આ સૂત્રથી ભવિષ્યન્તી વિભક્તિ થઈ છે.

પ્ર.ઉદા. अयदाविति किम् ? आश्चर्यं यदि स भुञ्जीत = આશ્ચર્ય છે કે, જો તે ખાય છે/ખાતો હતો/ખાશે.

★ આ સૂત્રમાં यदि ઉપપદનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી ભવિષ્યન્તી ન થતાં પૂર્વસૂત્રથી સપ્તમી વિભક્તિ થઈ છે.

વિશેષતા :

(૧) **शेष इति किम् ? यच्च-यत्रयोः पूर्वेण सप्तम्येव** = અહીં शेषे પદનું ગ્રહણ હોવાથી यच्च અને यत्र સિવાયનાં ઉપપદ પર છતાં આ સૂત્રની પ્રવૃત્તિ કરવાની છે. તેથી यच्च અને यत्र ઉપપદમાં હોય તો પૂર્વસૂત્રથી સપ્તમી વિભક્તિ જ થાય છે.

(૨) આ સૂત્રથી થતી ભવિષ્યન્તી સર્વકાળમાં થતી હોવાથી સર્વવિભક્તિનાં અપવાદ રૂપ જાણવી.

(૩) આ સૂત્રમાં સપ્તમીનું નિમિત્ત નથી. માટે ક્રિયાનાં અતિપતનમાં પણ ક્રિયાતિપત્તિ ન થતાં આ સૂત્રથી ભવિષ્યન્તી વિભક્તિ જ થાય છે.

सप्तम्युता-ऽप्योर्बाढे ૫.૪.૨૧

અ.અ.સૂ. : बाढे उता-ऽप्योः धातोः सप्तमी।

અર્થ : બાઢ અર્થમાં વર્ત્તતાં उत અને अपि અવ્યય ઉપપદમાં હોતે છતે ધાતુથી સપ્તમી વિભક્તિ થાય છે.

સ. : उता-ऽप्योः = उतश्च अपिश्चेति उता-ऽपी, तयोरिति।

ઉદા. (૧) **उत/अपि कुर्यात्** = મજબૂત રીતે કરે છે/કર્યું/કરશે.
અહીં उत અને अपि અવ્યય બાઢ અર્થમાં વર્ત્તતાં હોવાથી ધાતુથી સર્વકાળમાં પણ આ સૂત્ર દ્વારા સપ્તમી થઈ છે.

પ્ર.ઉદા. बाढ इति किम् ?

(૧) **उत दण्डः पतिष्यति** = કદાચ દંડ પડશે.

(૨) **अपि धास्यति द्वारम्** = બારણું બંધ પણ થઈ જાય છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ બાઢ અર્થમાં વર્ત્તતાં उत અને अपि અવ્યયથી થાય છે. જ્યારે અહીં બાઢ અર્થક उत, अपि

ન હોવાથી આ સૂત્રથી સપ્તમી ન થતાં भविष्यन्ती ५.૩.४થી ભવિષ્યન્તી વિભક્તિ થઈ છે.

વિશેષતા :

(૧) આ સૂત્રથી થતી સપ્તમી સર્વ કાળમાં થતી હોવાથી સર્વ વિભક્તિનાં અપવાદ રૂપ જાણવી.

(૨) આ સૂત્રમાં સપ્તમીનું નિમિત્ત છે. અને वोतात् प्राक्‌નાં અધિકારની નિવૃત્તિ થઈ છે. તેથી આ સૂત્રથી લઈને સપ્તમી નિમિત્તવાળાં દરેક સૂત્રનાં વિષયમાં ભૂતકાળમાં કે ભવિષ્યકાળમાં ક્રિયાનું અતિપતન જણાતું હોય તો નિત્ય ક્રિયાતિપત્તિ થાય છે. જેમકે, उताऽकरिष्यत्।

सम्भावनेऽलमर्थे तदर्थानुक्तौ ५.४.२२

અ.અ.સૂ. : अलमर्थे सम्भावने तदर्थानुक्तौ धातोः सप्तमी।

અર્થ : શક્તિની સંભાવના જણાતે છતે જો अलम् અર્થક શબ્દનો પ્રયોગ ન હોય તો ધાતુથી સપ્તમી વિભક્તિ થાય છે.

સ. : (૧) **अलमर्थे** = अलमोऽर्थ इति अलमर्थः, तस्मिन्निति।

(૨) **तदर्थानुक्तौ** = तस्य अर्थ इति तदर्थः, न उक्तिरिति अनुक्तिः, तदर्थस्य अनुक्तिरिति तदर्थानुक्तिः, तस्यामिति।

ઉદા. (૧) **अपि मासमुपवसेत्** = કદાચ મહિના સુધી તે ઉપવાસ કરે.

★ અહીં મહિનાનાં ઉપવાસની શક્તિની સંભાવના જણાય છે. તેમજ अलम् આદિ તદર્થક શબ્દોનો પ્રયોગ ન હોવાથી આ સૂત્રથી સપ્તમી થઈ છે.

પ્ર.ઉદા.(૧) अलमर्थ इति किम्? निर्देशस्थायी मे चैत्रः प्रायेण यास्यति = મારી આજ્ઞાને વશ ચૈત્ર કદાચ જશે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ શક્તિની સંભાવના જણાતે છતે થાય છે. જ્યારે અહીં જવાની સંભાવના દર્શાવી છે. માટે આ સૂત્રથી સપ્તમી વિભક્તિ થઈ નહીં.

(૨) **तदर्थानुक्ताविति किम् ? शक्तश्चैत्रो धर्मं करिष्यति** = સમર્થ ચૈત્ર ધર્મ કરશે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ શક્તિ અર્થક શબ્દોનો પ્રયોગ ન હોય તો થાય છે. જ્યારે અહીં शक्त એ પ્રમાણે અલમર્થક શબ્દોનો પ્રયોગ છે. માટે આ સૂત્રથી સપ્તમી વિભક્તિ થઈ નહીં.

વિશેષતા :

(૧) આ સૂત્રથી થતી સપ્તમી સર્વકાળમાં થતી હોવાથી સર્વ વિભક્તિનાં અપવાદ રૂપ જાણવી.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, સૂત્રમાં જણાવેલ **संभावने** પદ દ્વારા લોકપ્રસિદ્ધ સામાન્ય શક્યતા અર્થ ગ્રહણ ન કરતાં શ્રદ્ધા એવો અર્થ ગ્રહણ કરવો. તેથી અશક્ય સંભાવનાનાં વિષયમાં જો શ્રદ્ધા ગમ્યમાન હોય તો પણ આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે. અહીં આશય એ છે કે, સંભાવના બે પ્રકારે છે.

(૧) **शक्य संभावना :** જેમાં કાર્ય થવાની શક્યતા હોય **ઉદા.** अपि मासमुपवसेत्।

(૨) **अशक्य संभावना :** જેમાં કાર્ય થવાની શક્યતા જ ન હોય. **ઉદા.** अपि शिरसा पर्वत्तं भिन्द्यात्।

અહીં ઉપરોક્ત બંને સંભાવનામાં જો શ્રદ્ધા ગમ્યમાન હોય તો આ સૂત્રની પ્રવૃત્તિ જાણવી.

(૩) આ સૂત્રમાં સપ્તમીનું નિમિત્ત છે. તેથી ભૂતકાળમાં અને ભવિષ્યકાળમાં ક્રિયાનું અતિપતન જણાતું હોય તો નિત્ય ક્રિયાતિપત્તિ થાય છે. જેમકે, अपि पर्वत्तं शिरसाऽभेत्स्यत्।

(૪) જ્યારે પ્રયોગમાં ક્ષેપ અને શક્તિની સંભાવના બંને અર્થ જણાતો હોય તો क्षेपेऽपि०५.४.१२थी वर्त्तमाना અને આ સૂત્રથી સપ્તમી એમ બંને વિભક્તિની પ્રાપ્તિ છે. પરંતુ પરસૂત્રતયા स्पर्धे ७.४.११९ પરિભાષાનુસારે આ સૂત્રથી વર્ત્તમાનાનો બાધ કરાય છે. જેમકે, काकिन्या हेतोरपि मातुः स्तनं छिन्द्यात् તેવી જ રીતે આશ્ચર્ય અને શક્તિની સંભાવના બંને અર્થવાળાં પ્રયોગમાં शेषे भविष्य०५.४.२०નો બાધ કરીને આ સૂત્રથી સપ્તમી થાય છે. જેમકે, चित्रमाश्चर्यमपि शिरसा पर्वत्तं भिन्द्यात्।

अयदि श्रद्धाधातौ नवा ५.४.२३

અ.અ.સૂ. : श्रद्धाधातौ अलमर्थे संभावने धातोः सप्तमी नवा, अयदि।

અર્થ : શ્રદ્ધાઅર્થક ધાતુ ઉપપદમાં હોતે છતે શક્તિને વિશે સંભાવના જણાતી હોય તો ધાતુથી સપ્તમી વિભક્તિ વિકલ્પે થાય છે. જો यद् શબ્દનો પ્રયોગ ન હોય તો.

સ. : (૧) **अयदि** = न यद् इति अयद्, तस्मिन्निति।

(૨) **श्रद्धाधातौ** = श्रद्धायाः धातुरिति श्रद्धाधातुः, तस्मिन्निति।

ઉદા. (૧) **श्रद्धे, संभावयामि भुञ्जीत भवान्/भोक्ष्यते/अभुङ्क्ते/अभुक्त** = હું શ્રદ્ધા કરું છું કે, આપ જમો છો/જમશો/જમ્યા હતા.

★ અહીં શ્રદ્ધા અર્થક શ્રદ્+ધા ધાતુ અને સમ્+ભૂ ધાતુનો પ્રયોગ છે. અને શક્તિની સંભાવના જણાતી હોવાથી આ સૂત્રથી વિકલ્પે સપ્તમી થઈ છે. તેનાં વિકલ્પ પક્ષમાં યથાયોગ્ય કાળ પ્રમાણે ભવિષ્યન્તી, હ્યસ્તની અને અદ્યતની થઈ છે.

પ્ર.ઉદા.(૧) **अयदीति किम् ? सम्भावयामि यद् भुञ्जीत भवान्** = હું સંભાવના કરું છું કે, જે આપે ખાધું હતું/આપ ખાઓ છો/આપ ખાશો.

★ આ સૂત્રમાં યદ્નાં પ્રયોગવાળાંનો નિષેધ હોવાથી આ સૂત્રથી વિકલ્પે સપ્તમી ન થતાં जातु-यद्०५.४.१७થી નિત્ય સપ્તમી થઈ છે.

(૨) **श्रद्धाधाताविति किम् ? अपि शिरसा पर्वतं भिन्द्यात्** = મસ્તકથી તે પર્વત ભેદી શકે છે/શક્યો હતો/શકશે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ શ્રદ્ધા અર્થક ધાતુ ઉપપદમાં હોય તો થાય છે. જ્યારે અહીં શ્રદ્ધા અર્થક ધાતુઓ ઉપપદમાં નથી. માટે આ સૂત્રથી વિકલ્પે સપ્તમી ન થતાં सम्भावने० ૫.૪.૨૨થી નિત્ય સપ્તમી થઈ છે.

વિશેષતા :

(૧) પૂર્વસૂત્રથી શક્તિની સંભાવના અર્થની ગમ્યમાનતામાં નિત્ય સપ્તમીની પ્રાપ્તિ હતી. તેને વિકલ્પે કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

(૨) આ સૂત્રમાં સપ્તમીનું નિમિત્ત છે. તેથી ભૂતકાળમાં અને ભવિષ્યકાળમાં ક્રિયાનું અતિપતન હોય તો નિત્ય ક્રિયાતિપત્તિ થાય છે. જેમકે, संभावयामि नाभोक्ष्यत भवान्।

सतीच्छाऽर्थात् ५.४.२४

अ.अ.सू. : सति इच्छाऽर्थात् धातोः सप्तमी नवा।

अर्थ : વર્ત્તમાનકાળ અર્થવાળાં ઇચ્છા અર્થક ધાતુઓથી સપ્તમી વિભક્તિ વિકલ્પે થાય છે.

स. : इच्छार्थात् = इच्छा अर्थो यस्य स इति इच्छार्थः, तस्मादिति।

ઉદા. इच्छेत्/इच्छति = તે ઇચ્છે છે. (इषत् इच्छायाम्-१४१९)

★ અહીં આ સૂત્રથી ઇચ્છાર્થક इष् ધાતુ વર્ત્તમાનકાળમાં વર્ત્તતો હોવાથી તેનાથી સપ્તમી વિભક્તિ કરી છે. અને તેનાં વિકલ્પમાં सति ५.२.१९ સૂત્રથી વર્ત્તમાના થઈ છે.

વિશેષતા :

(१) અહીં ધ્યાનમાં લેવું કે, ઇચ્છા અર્થવાળાં ધાતુનો યોગ અને क्षेप અર્થની गम्यमानता આ બંને નિમિત્ત જો એક જ પ્રયોગમાં હોય તો स्पर्धे ७.४.११९ પરિભાષાનુસારે પરસૂત્રતયા આ સૂત્રથી क्षेपेऽपि० ५.४.१२નો બાધ કરાય છે. અને વિકલ્પે સપ્તમી વિભક્તિ થાય છે. જેમકે, अपि संयतः सन्नकल्प्यं सेवितुमिच्छति, धिग् गर्हामहे।

(२) આ સૂત્રમાં સપ્તમીનું નિમિત્ત હોવા છતાં પણ ભૂતકાળ અને ભવિષ્યકાળમાં સૂત્રનિર્દિષ્ટ પ્રવૃત્તિ ન હોવાથી ક્રિયાનાં અતિપતનમાં પણ ક્રિયાતિપત્તિ થતી નથી.

वर्त्स्यति हेतु-फले ५.४.२५

अ.अ.सू. : हेतु-फले वर्त्स्यति धातोः सप्तमी नवा।

અર્થ : હેતુભૂત અને ફળભૂત ભવિષ્યકાળ અર્થમાં વર્ત્તતાં ધાતુઓથી સપ્તમી વિભક્તિ વિકલ્પે થાય છે.

स. : हेतु-फले = हेतुश्च फलं चेति हेतु-फलम्, तस्मिन्निति।

ઉદા. (૧) **यदि गुरून् उपासीत/उपासिष्यते शास्त्रान्तं गच्छेत्/गमिष्यति** = જો તે ગુરુની ઉપાસના કરશે તો શાસ્ત્રનાં પારને પામશે.

★ અહીં ગુરુની ઉપાસના સ્વરૂપ હેતુ અને પાર પામવા સ્વરૂપ ફળ દર્શક અનુક્રમે उप+आस् અને गम् ધાતુ ભવિષ્યકાળ અર્થમાં હોવાથી વિકલ્પે સપ્તમી વિભક્તિ થઈ છે. તેનાં વિકલ્પપક્ષે भविष्यन्ती ૫.૩.૪થી ભવિષ્યન્તી વિભક્તિ થઈ છે.

પ્ર.ઉદા. **वर्त्स्यतीति किम्? दक्षिणेन चेद् याति न शकटं पर्याभवति** = ગાડું જો દક્ષિણ માર્ગે જાય છે. તો પરાભવ પામતું નથી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ભવિષ્યકાળ અર્થમાં वर्त्ततां ધાતુથી થાય છે. જ્યારે અહીં ભવિષ્યકાળઅર્થક ધાતુ નથી. માટે આ સૂત્રથી સપ્તમી વિભક્તિ વિકલ્પે ન થતાં सति ૫.૨.૧૯થી વર્ત્તમાના થઈ છે.

વિશેષતા :

(૧) આ સૂત્રમાં પણ સપ્તમીનું નિમિત્ત છે. તેથી ભૂતકાળમાં અને ભવિષ્યકાળમાં ક્રિયાનું અતિપતન હોય તો નિત્ય ક્રિયાતિપત્તિ થાય છે. જેમકે, दक्षिणेन चेद् अयास्यन् न शकटं पर्याभविष्यत्।

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, हनिष्यतीति पलायिष्यते એવા પ્રયોગમાં પણ હેતુ-ફલ ભાવ છે. તેથી ત્યાં પણ આ સૂત્ર દ્વારા સપ્તમી થવાની પ્રાપ્તિ છે. પરંતુ ત્યાં इति શબ્દનો પ્રયોગ કર્યો હોવાથી હેતુ-ફલભાવ ઉક્ત થઈ જાય છે. અને **उक्तार्थानामप्रयोगः ૧/૨૮** ન્યાયાનુસારે અહીં સપ્તમી વિભક્તિ થતી નથી.

અન્ય મત :

(૧) કેટલાંક વ્યાકરણકારો આ સૂત્રની પ્રવૃત્તિ માત્ર ભવિષ્યકાળમાં ન કરતાં સર્વકાળમાં માને છે. તેથી તેઓનાં મતે આ સૂત્ર સર્વ વિભક્તિનાં અપવાદ રૂપ થાય છે.

कामोक्तावकच्चिति ५.४.२६

અ.અ.સૂ. : कामोक्तौ धातोः सप्तमी, अकच्चिति।

અર્થ : ઇચ્છાનું પ્રવેદન જણાતે છતે ધાતુથી સપ્તમી વિભક્તિ થાય છે. જો कच्चित् શબ્દનો પ્રયોગ ન હોય તો.

સ. : (૧) **कामोक्तौ** = कामस्य उक्तिरिति कामोक्तिः, तस्यामिति।

(૨) **अकच्चिति** = न कच्चित् इति अकच्चित्, तस्मिन्निति।

ઉદા. (૧) **कामो मे भुञ्जीत भवान्** = હું ઇચ્છું છું આપ ખાઓ છો/ખાધું હતું/ખાશો.

★ અહીં कामः પદથી કામોક્તિની ગમ્યમાનતા છે. માટે આ સૂત્રથી સપ્તમી વિભક્તિ થઈ છે.

પ્ર.ઉદા. **अकच्चितीति किम्? कच्चित् जीवति मे माता** = શું મારી માતા જીવે છે ?

★ આ સૂત્રમાં कच्चित् પ્રયોગવાળાં શબ્દનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી સપ્તમી વિભક્તિ ન થઈ. પરંતુ सति ૫.૨.૧૯થી વર્ત્તમાના થઈ છે.

વિશેષતા :

(૧) પૂર્વસૂત્રથી ચાલતો नवा નો અધિકાર અહીં વિરામ પામે છે.

(૨) આ સૂત્રથી થતી સપ્તમી સર્વકાળમાં થતી હોવાથી સર્વ વિભક્તિનાં અપવાદ રૂપ જાણવી.

(૩) આ સૂત્રમાં સપ્તમીનું નિમિત્ત છે. તેથી ભૂતકાળમાં અને ભવિષ્યકાળમાં ક્રિયાનું અતિપતન જણાતું હોય તો નિત્ય ક્રિયાતિપત્તિ થાય છે. જેમકે, કામો મે ભોક્ષ્યત ભવાન્।

ક્રિયાતિપત્તિ વિભક્તિ કરવા માટેનું સારાંશ કોષ્ટક

સપ્તમ્યર્થે૦૫.૪.૯ સૂત્રાનુસારે ક્રિયાનું અતિપતન જણાતે છતે સપ્તમીનાં નિમિત્તવાળાં સૂત્રનિર્દિષ્ટ નિમિત્તમાં ક્રિયાતિપત્તિ થાય છે. ત્યાં ભવિષ્યકાળમાં નિત્ય અને વોતાત્૦૫.૪.૧૧ સૂત્રાનુસારે ભૂતકાળમાં ઉત નિમિત્તની પૂર્વનાં સૂત્રમાં વિકલ્પે અને ઉત નિમિત્તની પછીનાં સૂત્રમાં નિત્ય થાય છે. તે સૂત્ર નીચે મુજબ છે :

ભવિષ્યકાળ	ભૂતકાળ	
કથમિ૦૫.૪.૧૩		
કિંવૃત્તે૦૫.૪.૧૪	**સપ્તમ્યુતા૦૫.૪.૨૧**	**સપ્તમ્યુતા૦૫.૪.૨૨**
અશ્રદ્ધા૦૫.૪.૧૫	**ની પૂર્વ વિકલ્પે**	**ની બાદ નિત્ય**
જાતુ-યદ્૦૫.૪.૧૭	કથમિ૦૫.૪.૧૩	સપ્તમ્યુતા૦૫.૪.૨૧
ક્ષેપે ચ૦૫.૪.૧૮	કિંવૃત્તે૦૫.૪.૧૪	વર્ત્સ્યંતિ૦૫.૪.૨૫
ચિત્રે ૫.૪.૧૯	અશ્રદ્ધાડ૦૫.૪.૧૫	કામોક્તા૦૫.૪.૨૬
સપ્તમ્યુતા૦૫.૪.૨૧	જાતુ-યદ્૦૫.૪.૧૭	
વર્ત્સ્યંતિ૦૫.૪.૨૫	ક્ષેપે ચ૦૫.૪.૧૮	
કામોક્તા૦૫.૪.૨૬	ચિત્રે ૫.૪.૧૯	

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો સપ્તમ્યુતા૦૫.૪.૨૧થી આરંભીને જ્યાં સપ્તમી વિભક્તિનું જ નિમિત્ત હોય તેવા સૂત્રમાં જ ક્રિયાતિપત્તિ માને છે. માટે તેઓનાં મતે આ સૂત્રમાં પંચમી પણ નિમિત્તતયા હોવાથી ક્રિયાતિપત્તિ થશે નહીં.

इच्छार्थे सप्तमी-पञ्चम्यौ ५.४.२७

अ.अ.सू. : इच्छार्थे कामोक्तौ धातोः सप्तमी-पञ्चम्यौ।

अर्थ : ઇચ્છા અર્થવાળાં ધાતુઓ ઉપપદમાં હોતે છતે ઇચ્છાનું પ્રવેદન જણાતું હોય તો ધાતુથી સપ્તમી અને પંચમી વિભક્તિ થાય છે.

સ. : (૧) **इच्छार्थे** = इच्छा अर्थो यस्य स इति इच्छार्थः, तस्मिन्निति।
(૨) **सप्तमी-पञ्चम्यौ** = सप्तमी च पञ्चमी चेति।

ઉદા. (૧) **इच्छामि भुञ्जीत/भुङ्क्तां भवान्** = હું ઇચ્છું છું કે, આપ જમો છો/જમ્યાં હતાં/જમશો.

★ અહીં ઇચ્છાર્થક इष् ધાતુ ઉપપદમાં છે. અને ઇચ્છાનું પ્રવેદન પણ છે. માટે આ સૂત્રથી સપ્તમી અને પંચમી વિભક્તિ થઈ છે.

વિશેષતા :

(૧) આ સૂત્રથી થતી સપ્તમી અને પંચમી વિભક્તિ સર્વકાળમાં થતી હોવાથી સર્વ વિભક્તિનાં અપવાદ રૂપ જાણવી.

(૨) અહીં પણ પૂર્વસૂત્રની જેમ જ સપ્તમીનું નિમિત્ત છે. પરંતુ ઇચ્છાર્થક ઉપપદ સહિત કામોક્તિની ગમ્યમાનતા અપેક્ષિત છે. તેથી ક્રિયાતિપતન સંભવતું નથી. માટે ક્રિયાતિપત્તિનો પ્રયોગ થશે નહીં.
યદ્યપિ સપ્તમી નિમિત્તક પૂર્વસૂત્રમાં પણ કામોક્તિની ગમ્યમાનતા અપેક્ષિત જ છે. પરંતુ ત્યાં ઇચ્છાર્થક ધાતુ ઉપપદમાં હોય તેવો કોઈ નિયમ નથી.

विधि-निमन्त्रणा-ऽऽमन्त्रणा-ऽधीष्ट-संप्रश्न-प्रार्थने ५.४.२८

અ.અ.સૂ. : विधि-निमन्त्रणा-ऽऽमन्त्रणा-ऽधीष्ट-संप्रश्न प्रार्थने धातोः सप्तमी-पञ्चम्यौ ।

અર્થ : વિધિ, નિમંત્રણ, આમંત્રણ, અધીષ્ટ, સંપ્રશ્ન અને પ્રાર્થના વિશિષ્ટ કર્ત્તા, કર્મ અને ભાવ સ્વરૂપ પ્રત્યયાર્થમાં ધાતુથી સપ્તમી અને પંચમી વિભક્તિ થાય છે.

સ. : विधि-निमन्त्रणा-ऽऽमन्त्रणा-ऽधीष्ट-संप्रश्न-प्रार्थने = विधिश्च निमन्त्रणं च आमन्त्रणं च अधीष्टं च संप्रश्नश्च प्रार्थनं चेति विधि-निमन्त्रण-ऽऽमान्त्रणाऽधीष्ट-संप्रश्न-प्रार्थनम्, तस्मिन्निति।

ઉદા. (૧) **विधि** = क्रियायां प्रेरणा = ક્રિયામાં પ્રેરણા કરવી.
कटं कुर्यात्/करोतु भवान् = આપે કટ કરવો જોઈએ.

(૨) **निमंत्रण** = प्रेरणायामेव यस्यां प्रत्याख्याने प्रत्यवाय इति = જે પ્રેરણા હોતે છતે પણ ક્રિયા કરવામાં આગ્રહ હોય તેવી પ્રેરણા.
द्विसन्ध्यमावश्यकं कुर्यात्/करोतु = ઊભયટંક આવશ્યક ક્રિયા કરવી જોઈએ.

(૩) **आमंत्रण** = यत्र प्रेरणायामेव प्रत्याख्याने कामचार इति = જે પ્રેરણા હોતે છતે પણ ક્રિયા કરવામાં ઇચ્છા મુજબ પ્રવૃત્તિ હોય તેવી પ્રેરણા.
इहासीत/आस्ताम् = આપ અહીં બેસો.

(૪) **अधीष्ट** = प्रेरणैव सत्कारपूर्विका इति = સત્કારપૂર્વકની પ્રેરણા.
व्रतं रक्षेत्/रक्षतु = તારે વ્રતની રક્ષા કરવી જોઈએ.

(૫) **संपश्न** = संप्रधारणा इति = સંપ્રધારણા, વિચારણા.
किं न खलु भोः व्याकरणमधीयीय उत सिद्धान्तमधीयीय/अध्ययै ? = શું હું વ્યાકરણ ભણું કે સિદ્ધાંત ભણું ?

(૬) **પ્રાર્થના** = याच्ञा = યાચના કરવી.

પ્રાર્થના મે व्याकरणमधीयीय/अध्ययै = હું પ્રાર્થના કરું છું કે, હું વ્યાકરણ ભણું.

વિશેષતા :

(૧) આ સૂત્રની પ્રવૃત્તિ વિધિ આદિ અર્થ વિશિષ્ટ ભાવમાં અને કર્તૃ આદિ કારકમાં થાય છે. તેથી આ સૂત્રથી થનારી સપ્તમી વિભક્તિ ભાવમાં થતાં વર્ત્તમાના આદિ વિભક્તિ અને કર્તૃ આદિ કારકમાં થતાં સર્વ કૃત્ પ્રત્યયોનાં અપવાદ રૂપ થાય છે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો સૂત્રનિર્દિષ્ટ વિધિ પદનો 'નહીં જાણેલાંને જણાવવું' એ પ્રમાણે અર્થ કરે છે.

प्रैषाऽनुज्ञाऽवसरे कृत्य-पञ्चम्यौ ५.४.२९

અ.અ.સૂ. : प्रैषाऽनुज्ञाऽवसरे कृत्य-पञ्चम्यौ ।

અર્થ : પ્રૈષા, અનુજ્ઞા અને અવસર વિશિષ્ટ કર્ત્તા, કર્મ અને ભાવ સ્વરૂપ પ્રત્યયાર્થમાં કૃત્ય પ્રત્યય અને પઞ્ચમી વિભક્તિ થાય છે.

સ. : प्रैषा-ऽनुज्ञा-ऽवसरे = प्रैषा च अनुज्ञा च अवसरश्चेति प्रैषा-ऽनुज्ञा-ऽवसरम्, तस्मिन्निति।

ઉદા. (૧) **प्रैष** = न्यत्कारपूर्विका प्रेरणा इति = પરાભવની પ્રેરણા.
भवान् हि प्रेषितो भवता खलु कटः कार्यः/कर्त्तव्यः/करणीयः/कृत्यः = તમારા વડે કટ કરવા યોગ્ય છે.

भवान् कटं करोतु→તમે જ ચટાઈ બનાવવા માટે મોકલાયેલાં છો.

(૨) **अनुज्ञा→भवान् हि अवज्ञातो भवता कटः कार्यः** = આપ જ અનુજ્ઞા કરાયેલા છો આપ જ કટને કરો.

(૩) **अवसरः→भवतो अवसरः कटकरणे भवता कटः कार्यः** = આપનો અવસર છે. આપ જ કટને કરો.

વિશેષતા :

(૧) યદ્યપિ કૃત્ય પ્રત્યયનું વિધાન તત્ સાપ્યા૦૩.૩.૨૧થી કર્મ અને ભાવમાં થતું હોવાથી સર્વ પ્રત્યયનાં અપવાદરૂપ પંચમી વડે માત્ર કર્મ અને ભાવમાં થનારાં કૃત્ય પ્રત્યયોનો બાધ થવાનો હતો. પરંતુ આ સૂત્રમાં તેમનું પુનઃ વિધાન કર્યું હોવાથી હવે (પ્રૈષ આદિ અર્થમાં) પંચમી વડે તેમનો બાધ થશે નહીં.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો અનુજ્ઞા અર્થની ગમ્યમાનતામાં માત્ર સપ્તમી વિભક્તિ જ ઇચ્છે છે. તેથી તેઓનાં મતે अतिसृष्टौ भवान् ग्रामं गच्छेत् એ પ્રમાણે જ પ્રયોગ થાય છે.

सप्तमी चोर्ध्वमौहूर्त्तिके ५.४.३०

અ.અ.સૂ. : ऊर्ध्वमौहूर्त्तिके प्रेषाऽनुज्ञाऽवसरे सप्तमी च (कृत्य-पञ्चम्यौ)।

અર્થ : પ્રૈષ, અનુજ્ઞા અને અવસર જણાતે છતે મુહૂર્ત્ત પછી થનાર ક્રિયાના અર્થમાં વર્ત્તતાં ધાતુથી સપ્તમી, પચ્ચમી અને કૃત્ય પ્રત્યયો થાય છે.

ઉદા. (૧) **भवान् हि प्रेषितो कटकरणे** =
કટ કરવામાં આપે મોકલાયેલો છે તેથી,
ऊर्ध्वं मुहूर्त्ताद् कटं कुर्यात् भवान्=મુહૂર્ત્ત પછી તમે કટને કરો.
भवता कटः कार्यः=આપના વડે કટ કરવા યોગ્ય છે.
कटं करोतु भवान्=આપ કટને કરો.

(૨) **भवान् हि अनुज्ञातो कटकरणे** =
કટ કરવામાં આપ અનુજ્ઞા અપાય છે તેથી,
ऊर्ध्वं मुहूर्त्ताद् कटं कुर्यात् भवान्=મુહૂર્ત્ત પછી તમે કટને કરો.
भवता कटः कार्यः=આપના વડે કટ કરવા યોગ્ય છે.
कटं करोतु भवान्=આપ કટને કરો.

(૩) **भवतोऽवसरः कटकरणे** =
કટ કરવામાં આપનો અવસર છે તેથી,
ऊर्ध्वं मुहूर्त्ताद् कटं कुर्यात् भवान्=મુહૂર્ત્ત પછી તમે કટ કરો.
भवता कटः कार्यः=આપના વડે કટ કરવા યોગ્ય છે.
कटं करोतु भवान्=આપ કટને કરો.

વિશેષતા :

(૧) યદ્યપિ સૂત્રમાં સપ્તમી પદનું ગ્રહણ હોવાથી પૂર્વસૂત્રથી આવતો કૃત્ય-પઞ્ચમ્યૌ નો અધિકાર અટકી જવો જોઈએ. પરંતુ સૂત્રગત ચકાર દ્વારા **चकारो यस्मात्पर० २/६१** ન્યાયાનુસારે કાર્યતયા સપ્તમી ને સજાતીય કાર્યદર્શક એવા કૃત્ય-પઞ્ચમ્યૌ અધિકારનું પૂર્વસૂત્રથી અનુકર્ષણ કરાય છે.

स्मे पञ्चमी ५.४.३१

अ.अ.सू. : स्मे ऊर्ध्वमौहुर्त्तिके प्रैषाऽनुज्ञाऽवसरे धातोः पञ्चमी।

अर्थ : स्म अव्यय ઉપપદમાં હોતે છતે જો પ્રૈષ, અનુજ્ઞા અને અવસર અર્થ જણાતો હોય તો મુહૂર્ત પછી થનારી ક્રિયાનાં અર્થમાં વર્ત્તતાં ધાતુથી પંચમી વિભક્તિ થાય છે.

ઉદા. ऊर्ध्वं मुहूर्त्ताद् भवान् कटं करोतु स्म = મુહૂર્ત્તની પછી આપ જ કટ કરો.

વિશેષતા :

(૧) પ્રૈષ વગેરે અર્થની ગમ્યમાનતામાં પૂર્વસૂત્રથી સપ્તમી, પંચમી અને કૃત્ય પ્રત્યયની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી स्मનાં યોગમાં માત્ર પંચમી કરવા આ સૂત્રનો નિર્દેશ છે. તેથી આ સૂત્ર સપ્તમી અને કૃત્ય પ્રત્યયનાં અપવાદભૂત જાણવું.

अधीष्टौ ५.४.३२

अ.अ.सू. : स्मे अधीष्टौ धातोः पञ्चमी।

અર્થ : સ્મ અવ્યય ઉપપદમાં હોતે છતે અધ્યેષણા (સત્કાર પૂર્વકની પ્રેરણા) જણાતી હોય તો ધાતુથી પંચમી વિભક્તિ થાય છે.

ઉદા. अङ्ग ! स्म विद्वन् ! अणुव्रतानि रक्ष = અરે હે વિદ્વાન ! અણુવ્રતોની રક્ષા કર.

વિશેષતા :

(૧) પૂર્વસૂત્રથી આ સૂત્રનો પૃથક્ નિર્દેશ કર્યો, તેથી ऊर्ध्वमुहूर्तात्નો અધિકાર અટકી ગયો.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, વિધિ-નિમન્ત્રણા૦૫.૪.૨૮ સૂત્રથી અધીષ્ટ અર્થમાં સપ્તમીની પ્રાપ્તિ હતી. પરંતુ સ્મ નો યોગ હોય તો આ સૂત્રથી પંચમી થાય છે. માટે આ સૂત્ર સપ્તમીનાં અપવાદભૂત જાણવું.

काल-वेला-समये तुम्वाऽवसरे ५.४.३३

અ.અ.સૂ. : काल-वेला-समये अवसरे धातोः तुम् वा।

અર્થ : કાલ, વેલા અને સમય ઉપપદમાં હોતે છતે અવસર અર્થની ગમ્યમાનતામાં ધાતુથી તુમ્ પ્રત્યય વિકલ્પે થાય છે.

સ. : काल-वेला-समये = कालश्च वेला च समयश्चेति काल-वेला-समयम्, तस्मिन्निति।

ઉદા. कालो/वेला/समयो भोक्तुम्/भोक्तव्यस्य =
જમવા માટેનો સમય.
અહીં અવસર અર્થમાં આ સૂત્રથી તુમ્ વિકલ્પે થયો છે. અને વિકલ્પપક્ષમાં प्रेषा-ऽनुज्ञा०५.४.२८ સૂત્રથી કૃત્ય પ્રત્યયતયા तव्य પ્રત્યય થયો છે.

પ્ર.ઉદા. अवसर इति किम्? कालः पचति भूतानि =
કાળ જીવોને પકાવે છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ અવસર અર્થની ગમ્યમાનતામાં થાય છે. જ્યારે અહીં અવસર અર્થ નથી. માટે આ સૂત્રથી તુમ્ વિકલ્પે ન થતાં सति ૫.૨.૧૯થી વર્ત્તમાના વિભક્તિ થઈ છે.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, ઉર્ધ્વમૌહૂર્ત્તિક ક્રિયાર્થક ધાતુ+ કાલ વગેરે ઉપપદમાં આમ, એક જ પ્રયોગમાં બંને

નિમિત્ત હોય તો સપ્તમી ચો૦૫.૪.૩૦ અને આ સૂત્ર એમ બંને સૂત્રની પ્રવૃત્તિ થવાની પ્રાપ્તિ છે. પરંતુ સ્પર્ધે ૭.૪.૧૧૯ પરિભાષાનુસારે પરતયા આ સૂત્રથી તુમ્ પ્રત્યય થાય છે. જેમકે, ઊર્ધ્વં મુહૂર્ત્તાત્ કાલો ભોક્તુમ્। તે જ પ્રમાણે ઊર્ધ્વં મુહૂર્ત્તાત્ ભોક્તું સ્મ કાલઃ આવા પ્રયોગમાં પરતયા સ્મે પઞ્ચમી ૫.૪.૩૧નો બાધ થઈને આ સૂત્રથી તુમ્ પ્રત્યય થાય છે.

सप्तमी यदि ૫.૪.૩૪

અ.અ.સૂ. : यदि काल-वेला-समये अवसरे धातोः सप्तमी।

અર્થ : યદ્ શબ્દનાં પ્રયોગમાં કાલ, વેલા અને સમય ઉપપદમાં હોતે છતે અવસર અર્થ જણાતો હોય તો સપ્તમી વિભક્તિ થાય છે.

ઉદા. (૧) **कालो यदधीयीत भवान्** = કાળ છે જેથી આપ ભણો.

(૨) **वेला यद् भुञ्जीत** = વેળા છે જેથી આપ જમો.

(૩) **समयो यत् शयीत** = સમય છે જેથી આપ ઊંઘો.

વિશેષતા :

(૧) પૂર્વસૂત્રથી અવસર અર્થની ગમ્યમાનતામાં કાલ વગેરે ઉપપદમાં હોય તો તુમ્ પ્રત્યયની પ્રાપ્તિ હતી. તેનો યદ્ શબ્દનાં પ્રયોગમાં બાધ કરી આ સૂત્રથી સપ્તમી વિભક્તિ થાય છે. માટે આ સૂત્રથી થતી સપ્તમી તુમ્નાં અપવાદરૂપ છે.

(૨) પૂર્વે બહુલમ્ ૫.૧.૨થી આવતાં બહુલમ્નાં અધિકારથી અનટ્ પ્રત્યયાન્ત પ્રયોગ પણ થાય છે. જેમકે, कालो यदध्ययनस्य, वेला यद् भोजनस्य વગેરે.

शक्ताऽर्हे कृत्याश्च ५.४.३५

अ.अ.सू. : शक्ताऽर्हे धातोः कृत्याः च(सप्तमी)।

अर्थ : शक्त अने अर्ह कर्त्ता जणाते छते धातुथी कृत्यसंज्ञक प्रत्ययो अने सप्तमी विभक्ति थाय छे.

स. : शक्ताऽर्हे = शक्तश्च अर्हश्चेति शक्तार्हम्, तस्मिन्निति।

उदा. (१) **भवान् हि शक्तः भवता खलु भारो वाह्यः/उह्येत** = आप समर्थ छो. आप वडे खरेखर भार वहन करवा योग्य छे.
भवान् भारं वहेत् = आप भारने वहन करो.

(२) **भवानेतदर्हति भवता खलु कन्या वोढव्या, उह्येत** = आप योग्य छो आप वडे कन्या वहन करवा योग्य छे.
भवान् कन्यां वहेत् = आप कन्याने वहन करो.

विशेषता :

(१) यद्यपि भाव अने कर्म अर्थमां पूर्वसूत्रथी कृत्य प्रत्ययो सिद्ध ज हतां. परंतु आ सूत्रथी थती विशेष विहित सप्तमी द्वारा शक्त अने अर्ह कर्त्तानां योगमां कृत्य प्रत्ययोनो बाध थवानो हतो. तेनो बाध न थाय माटे **कृत्याः** पदनुं ग्रहण कर्युं छे.

(२) यद्यपि आ सूत्रमां **कृत्याः** पदनुं ग्रहण कर्युं, तेथी पूर्वसूत्रथी आवतो सप्तमीनो अधिकार अटकी जाय छे. परंतु सूत्रगत चकार द्वारा **चकारो यस्मात्पर० २/६१** न्यायानुसारे कार्यतया **कृत्याः**ने सजातीय कार्यदर्शक एवा सप्तमीनां अधिकारनुं पूर्वसूत्रथी ग्रहण कराय छे. तेमज, **चानुकृष्टं० २/६२** न्यायानुसारे ते अधिकार उत्तरसूत्रमां जशे नहीं.

(૩) આ સૂત્રમાં નિમિત્ત તરીકે શક્ત અને અર્હ કર્ત્તા એમ બે અર્થનું અને કાર્ય તરીકે કૃત્યા અને સપ્તમી એમ બેનું ગ્રહણ છે. તેથી **યથાસङ्ख्य० ૧/૧૦** ન્યાયની પ્રવૃત્તિ થવાની હતી. તેની નિવૃત્તિ માટે જ સૂત્રમાં કૃત્યાः એ પ્રમાણે બ.વ. કરેલ છે.

યદ્યપિ **चानुकृष्टेन न यथासङ्ख्यम् ૨/૬૩** ન્યાયાનુસારે આ અનુક્રમની પ્રાપ્તિ થતી નથી. પરંતુ ન્યાયો અનિત્ય હોવાથી તેનાં જ્ઞાપન માટે સૂત્રમાં બ.વ. કરેલ છે. આ વાત ઉત્તરસૂત્રમાં પણ જાણવી.

णिन् चाऽऽवश्यका-ऽऽधमर्ण्ये ૫.૪.૩૬

અ.અ.સૂ. : आवश्यका-ऽऽधमर्ण्ये कर्त्तरि धातोः णिन् च (कृत्याः)।

અર્થ : આવશ્યક અને દેવાદાર કર્ત્તા વાચ્ય હોતે છતે ધાતુથી णिन् અને કૃત્ય પ્રત્યય થાય છે.

સ. : (૧) **आवश्यका-ऽऽधमर्ण्ये** = आवश्यकं च आधमर्ण्यं चेति आवश्यका-ऽऽधामर्ण्यम्, तस्मिन्निति।

ઉદા. (૧) **कारी** = અવશ્ય કરનાર.
अवश्यं करोतीति। (डुकृंग् करणे-८८८)
આ સૂત્રથી णिन्→कृ+**इन्**
नामिनोऽ०४.३.५१थी वृद्धि→**कार्**+इन्
પ્રથમા સિ વગેરે→**कारी**।

(૨) **अवश्यंहारी** = અવશ્ય હરનાર.
अवश्यं हरतीति। (हृंग् हरणे-८८५)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. અને खित्यनव्ययया० ૩.૨.૧૧૧થી अवश्य પછી म् આગમ કરવો.

(૩) **अवश्यं गेयो गीतस्य** = અવશ્ય ગીતનો ગાનારો.
(गैं शब्दे-३७)
આ સૂત્રથી **कृत्य संज्ञक** પ્રત્યયની પ્રાપ્તિ થતાં,
य एच्चाऽतः ૫.૧.૨૮થી य→गा+**य**
અને आનો ए→**गेय**
પ્રથમા સિ વગેરે→गेयः।

(૪) **शतं दायी** = સો રૂપિયા આપનાર દેવાદાર.
(डुदांग्क् दाने-११३८)

(૫) **गेयो गाथानाम्** = ઋણ તરીકે ગાથાનો ગાનાર.
(गैं शब्दे-३७)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) પૂર્વસૂત્રની જેમ જ ભાવ અને કર્મ અર્થમાં આવશ્યક અર્થ અને આધમર્ણ્ય અર્થક કર્ત્તા હોતે છતે પણ કૃત્ય પ્રત્યયો સિદ્ધ જ હતાં. પરંતુ આ સૂત્રથી થતો णिन् પ્રત્યય વિશેષ હોવાથી તેનાં દ્વારા કૃત્ય પ્રત્યયોનો બાધ થવાનો હતો. તે ન થાય માટે જ સૂત્રમાં कृत्याः નું અનુકર્ષણ કરેલ છે.

(૨) પૂર્વપ્રમાણે આ સૂત્રગત चકાર દ્વારા પ્રથમાન્ત णिन्ને સજાતીય कृत्याः નાં અધિકારનું અનુકર્ષણ થાય છે. અને તે અધિકાર ઉત્તરસૂત્રમાં જતો નથી.

(૩) અહીં ધ્યાનમાં લેવું કે, णिन् પ્રત્યય કૃત્સંજ્ઞક હોવાથી कर्त्तरि ૫.૧.૩ સૂત્રથી તેનું કર્ત્તા અર્થમાં વિધાન થાય છે. અને **साहचर्यात् सदृशस्यैव ૨/૬** ન્યાયાનુસારે સહચરિત णिन्નાં સાહચર્યથી કૃત્યનું વિધાન પણ કર્ત્તા અર્થમાં જ કરવું.

વળી ભાવ અને કર્મ અર્થમાં તો પૂર્વસૂત્રથી જ કૃત્ય સંજ્ઞક પ્રત્યયો સિદ્ધ જ હતાં.

अर्हे तृच् ५.४.३७

અ.અ.સૂ. : अर्हे कर्त्तरि धातोः तृच्।

અર્થ : યોગ્ય કર્ત્તા વાચ્ય હોતે છતે ધાતુથી તૃચ્ પ્રત્યય થાય છે.

ઉદા. (૧) भवान् कन्यायाः वोढा =
આપ કન્યાને વહન કરવા યોગ્ય છો.
(वहीं प्रापणे-९९६)
આ સૂત્રથી તૃચ્→વહ્+**તૃ**,
હો ધુટ્૦૨.૧.૮૨થી હ્નો દ્→ **વદ્**+તૃ
અધશ્ચતુર્થાત્૦૨.૧.૬૯થી તનો ધ→વદ્+**ધૃ**
તવર્ગસ્યશ્ચ૦૧.૩.૬૦થી ધ્નો દ્→વદ્+**દ્ધૃ**
સહિ-વહેરો૦૧.૩.૫૩થી દ્ધ્નો લોપ અને અનો ઓ→**વોઢા**

વિશેષતા :

પૂર્વપ્રમાણે અહીં પણ અર્હ કર્ત્તા અર્થમાં शक्ताऽर्हे०५.४.३५ સૂત્રથી થતી સપ્તમી વડે णक-तृचौ ५.१.४८ થનાર તૃચ્નો બાધ થવાનો હતો. તે ન થાય માટે સૂત્રમાં તૃચ્નું ગ્રહણ કરેલ છે.

आशिष्याशीः-पञ्चम्यौ ५.४.३८

અ.અ.સૂ. : आशिषि धातोः आशीः-पञ्चम्यौ।

અર્થ : આશીર્વાદ અર્થ વિશિષ્ટ ધાતુઓથી આશીઃ અને પંચમી વિભક્તિ થાય છે.

સ. : आशीः-पञ्चम्यौ = आशीश्च पञ्चमी चेति।

ઉદા. जीयात्/जयतात् = જય પામો.

પ્ર.ઉદા. आशिषीति किम् ? चिरं जीवति मैत्रः = મૈત્ર ઘણું જીવે છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ આશીર્વાદ વિશિષ્ટ ધાતુને વિશે થાય છે. જ્યારે અહીં આશીર્વાદ અર્થ ન હોવાથી આ સૂત્રથી आशीः અને પંચમી વિભક્તિ ન થઈ, પરંતુ सति ૫.૨.૧૯થી વર્ત્તમાના થઈ છે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો સમર્થન (અશક્ય વસ્તુ કરવાનાં ભાવ) અર્થમાં આશીર્વાદની ગમ્યમાનતા હોય તો જ પંચમી ઇચ્છે છે. જેમકે, समुद्रमपि शोषयाणि।

माङ्यद्यतनी ૫.૪.૩૯

અ.અ.સૂ. : माङि धातोः अद्यतनी ।

અર્થ : माङ् અવ્યય ઉપપદમાં હોતે છતે ધાતુથી અદ્યતની વિભક્તિ થાય છે.

ઉદા. मा कार्षीत् = તે ન કરે.

વિશેષતા :

(૧) माङ् અવ્યયનો યોગ હોતે છતે સર્વ કાળમાં આ સૂત્રથી અદ્યતની થાય છે. માટે આ અદ્યતની સર્વ વિભક્તિનાં અપવાદ રૂપ જાણવી.

सस्मे ह्यस्तनी च ૫.૪.૪૦

અ.અ.સૂ. : सस्मे धातोः ह्यस्तनी च(अद्यतनी) ।

અર્થ : स्म સહિત माङ् અવ્યય ઉપપદમાં હોતે છતે ધાતુથી હ્યસ્તની અને અદ્યતની વિભક્તિ થાય છે.

સ. : सस्मे = सह स्मेन वर्त्तते इति सस्मम्, तस्मिन्निति।

ઉદા. **मा स्म करोत्/कार्षीत्** = તે ન કરે.

વિશેષતા :

યદ્યપિ આ સૂત્રમાં હ્યસ્તનીનું ગ્રહણ કર્યું તેથી પૂર્વસૂત્રથી આવતો અદ્યતનીનો અધિકાર અટકી જાય છે. પરંતુ સૂત્રગત ચકાર દ્વારા **चकारो यस्मात्० २/६१** ન્યાયાનુસારે કાર્યતયા હ્યસ્તનીને સજાતીય કાર્યદર્શક એવા અદ્યતનીનું પૂર્વસૂત્રથી અનુકર્ષણ થાય છે.

धातोः सम्बन्धे प्रत्ययाः ५.४.४१

અ.અ.સૂ. : धातोः सम्बन्धे प्रत्ययाः ।

અર્થ : ધાત્વર્થ (ક્રિયાઓ)નો વિશેષણ-વિશેષ્યભાવ સ્વરૂપ સંબંધ હોય તો ધાતુને જે કાળમાં પ્રત્યયો વિહિત નથી, તે કાળમાં પણ પ્રત્યયો થાય છે.

ઉદા. (૧) **विश्वदृश्वाऽस्य पुत्रो भविता** =
આનો પુત્ર વિશ્વને જોનારો થશે.

★ અહીં જોવું (दृश्वा) અને થવું (भविता) બે ક્રિયાઓ છે. અને પુત્ર કર્ત્તા છે. તેમજ, તે બે ક્રિયાઓ વચ્ચે વિશેષણ-વિશેષ્યભાવ સંબંધ હોવાથી ભવિષ્યકાળમાં અવિહિત એવો क्वनिप् પ્રત્યયને આ સૂત્રથી ભૂતકાળમાં કર્યો છે.

(૨) **भाविकृत्यमासीत्** = આ કાર્ય થવાનું હતું.

★ અહીં થવું (भावि) અને હોવું (आसीत्) બે ક્રિયાઓ છે. તેમજ, તે બે ક્રિયાઓ વચ્ચે વિશેષણ-વિશેષ્યભાવ સંબંધ હોવાથી ભવિષ્યકાળમાં થનારો णिन् પ્રત્યય આ સૂત્રથી ભૂતકાળમાં થયો છે.

(૩) **गोमानासीत्** = પૂર્વે ગાયવાળો હતો.

★ અહીં મતુ પ્રત્યય વર્ત્તમાનાર્થક છે. તેમજ, गोमान्, आसीत् વચ્ચે વિશેષણ-વિશેષ્યભાવ છે. તેથી વર્ત્તમાના અર્થવાળો મતુ પ્રત્યય ભૂતકાળમાં પણ થયો છે.

વિશેષતા :

(૧) સૂત્રમાં **प्रत्ययः** એ પ્રમાણે જે બ.વ.નો નિર્દેશ કર્યો છે. તે ધાતુ સિવાયનાં અધિકારમાં પણ કહેવાયેલાં તદ્ધિત પ્રત્યયનાં વિષયમાં આ સૂત્રની પ્રવૃત્તિ કરવા માટે છે. જેમકે, गोमानासीत् અહીં તદ્ધિતનો મતુ પ્રત્યય गोऽस्ति अस्य એ પ્રમાણે तदस्याऽस्ति०७.४.१ સૂત્રથી अस्ति (વર્ત્તમાનકાળ)ની વિવક્ષામાં કહેવાય છે. અને ક્રિયા નિર્દેશક કાળ आसीत्, भविता એ પ્રમાણે ભૂતકાળ અને ભવિષ્યકાળ છે. તો પણ આ સૂત્રથી आसीत्, भविता સાથે સંબંધ ધરાવતાં મતુ પ્રત્યયનો તે-તે કાળમાં પ્રયુક્ત થાય છે.

भृशा-ऽऽभीक्ष्ण्ये हि-स्वौ यथाविधि त-ध्वमौ च तद्युष्मदि ५.४.४२

અ.અ.સૂ. : भृशा-ऽऽभीक्ष्ण्ये धातोः सम्बन्धे हि-स्वौ यथाविधि च तद्युष्मदि त-ध्वमौ ।

અર્થ : ભૃશા અને આભીક્ષ્ણ્ય વિશિષ્ટ સર્વ કાળ અર્થમાં વર્ત્તતાં ધાતુથી સર્વ વિભક્તિ અને સર્વ વચનમાં हि અને स्व પ્રત્યય થાય છે. **यथाविधि** = ધાતુનાં સંબંધમાં જે ધાતુથી જે કારકમાં हि અને स्व કરાય છે. તે જ કારક વિશિષ્ટ તે જ ધાતુનો અનુપ્રયોગ હોય તો તથા युष्मद् સંબંધી

બ.વ.નો અર્થ અભિધેય હોય તો ત-ધ્વમ્ અને હિ-સ્વ પ્રત્યયો પૂર્વ મુજબ થાય છે.

સ. : (૧) **भृशा-ऽऽभीक्ष्ण्ये** = भृशं च आभीक्ष्ण्यं चेति भृशा-ऽऽभीक्ष्ण्यम्, तस्मिन्निति।

(૨) **हि-स्वौ** = हिश्च स्वश्चेति।

(૩) **तद्युष्मदि** = तयोः सम्बन्धी युष्मद् इति तद्युष्मद्, तस्मिन्निति।

(૪) **त-ध्वमौ** = तश्च ध्वम् चेति।

ઉદા. (૧) **लुनीहि लुनीहीत्येवायं लुनातीत्यादि** =
તે ઘણું/વારંવાર લણે છે.

★ અહીં ભૃશત્વ અને આભીક્ષ્ણ્ય અર્થમાં लुनाति એ પ્રમાણે लू ધાતુનો જ અનુપ્રયોગ હોવાથી વર્ત્તમાનકાળમાં પ્રથમ પુરુષ એ.વ.માં પણ આ સૂત્રથી हि પ્રત્યય થયો છે.

(૨) **अधीष्वाधीष्वेत्येवायमधीते इत्यादि** =
તે ઘણું/વારંવાર ભણે છે.

(૩) **लुनीत लुनीतेत्येव यूयं लुनीथ/लुनीहि लुनीहीत्येव यूयं लुनीथ** = તમે વારંવાર લણો છો.

(૪) **अधीध्वमधीध्वमित्येव यूयमधीध्वे/अधीष्वाधीष्वेत्येव यूयमधीध्वे** = તે ઘણું/વારંવાર ભણે છે.
અહીં ઉદા.૨માં अधीते એ પ્રમાણે અનુપ્રયોગ હોવાથી આ સૂત્રથી વર્ત્તમાનકાળ પ્રથમ પુરુષ એ.વ.માં स्व પ્રત્યય થાય છે.
તેમજ, ઉદા.૩ અને ૪માં યુષ્મદ્ સંબંધી थ અને ध्व પ્રત્યયાન્ત અનુપ્રયોગ હોવાથી આ સૂત્રથી તે વિભક્તિનાં સ્થાને અનુક્રમે त અને हि તેમજ ध्वम् અને ध्व પ્રત્યય થયો છે.

પ્ર.ઉદા. **यथाविधीति किम् ? लुनीहि लुनीहीत्येवायं लुनाति =**
લણ, લણ એ પ્રમાણે તે ઘણું લણે છે.
लुनीहि लुनीहीत्येवायं छिनत्ति =
લણ લણ એ પ્રમાણે તે ઘણું છેદે છે.
लुनीहि लुनीहीत्येवायं लूयते =
લણ લણ એ પ્રમાણે તેનાં વડે ઘણું લણાય છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ તે જ ધાતુનો અનુપ્રયોગ હોય તો થાય છે. જ્યારે અહીં ઉદા.૧માં વચનભેદ, ઉદા.૨માં ધાતુભેદ અને ઉદા.૩માં કારકભેદ છે. માટે આ સૂત્રથી સર્વવચન-સર્વ વિભક્તિમાં હિ ન થતાં પ્રૈષા-ઽનુજ્ઞા૦૫.૪.૨૮થી પ્રૈષ આદિ અર્થમાં હિ થયેલ છે.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં ચકાર દ્વારા યુષ્મદ્ અર્થ અભિધેય હોય ત્યારે ત-ધ્વમ્ પ્રત્યયની સાથે હિ-સ્વ પ્રત્યયનો પણ સમુચ્ચય કર્યો છે.

(૨) સૂત્રમાં દર્શાવેલ હિ-સ્વનાં સાહચર્યથી ત-ધ્વમ્ પ્રત્યય પણ પંચમી વિભક્તિનાં જ ગ્રહણ કરવાં.

જિ. : અહીં સૂત્રમાં ભૃશા-આભીક્ષ્ણ્ય અર્થ અભિપ્રેત છે. તે જ અર્થમાં પૂર્વે યઙ્ પ્રત્યયનું પણ વિધાન કરાયું છે. જેથી पापच्यते ઇત્યાદિ પ્રયોગો સિદ્ધ થાય છે. ત્યાં દ્વિત્વનો નિર્દેશ કર્યો નથી. તો અહીં लुनीहि लुनीहि० એ પ્રમાણે દ્વિત્વની અપેક્ષા શા માટે ?

સમા. : યઙ્ પ્રત્યય સ્વાર્થિક છે. જે પ્રકૃતિનાં અર્થમાં ઉપાધિભૂત ભૃશ અને આભીક્ષ્ણ્ય અર્થ જણાવે છે. તેથી તેનાં દ્વારા ભૃશા-આભીક્ષ્ણ્ય અર્થ ઉક્ત થઈ જતો હોવાથી તે અર્થમાં भृशा-ऽऽभीक्ष्ण्ये ૭.૪.૭૩થી થતી દ્વિત્વની પ્રક્રિયા થતી નથી.

જ્યારે હિ-સ્વ વગેરે પ્રત્યય તો કર્ત્તરિ-કર્મણિ અને ભાવ અર્થમાં થતાં હોવાથી સ્વાર્થિક પ્રત્યયો નથી. તેથી ભૃશા અને આભીક્ષ્ણ્ય અર્થ જણાવતો ન હોવાથી ભૃશા-ઽઽભીક્ષ્ણ્યેથી થતી દ્વિત્વની અપેક્ષા રહે છે.

प्रचये नवा सामान्यार्थस्य ५.४.४३

અ.અ.સૂ. : प्रचये सामान्यार्थस्य धातोः सम्बन्धे हि-स्वौ, तद्युष्मदि च त-ध्वमौ नवा।

અર્થ : ધાતુનાં અર્થોનો સમુચ્ચય જણાતે છતે સામાન્ય અર્થવાળાં ધાતુનાં સંબંધમાં વર્ત્તતાં ધાતુઓથી હિ અને સ્વ તેમજ, બહુત્વ સંબંધી યુષ્મદ્‌નાં યોગમાં ત અને ધ્વમ્ તથા હિ અને સ્વ પ્રત્યય વિકલ્પે થાય છે.

ઉદા. (૧) **व्रीहीन् वप, लुनीहि, पुनीहि इत्येव यतते/यत्यते**
विकः व्रीहीन् वपति, लुनाति, पुनाति इत्येव यतते/यत्यते = ચોખાને વાવે છે, લણે છે, સાફ કરે છે. એ પ્રમાણે યત્ન કરે છે/યત્ન કરાય છે.
અહીં વાવવાની આદિ ક્રિયાનો સમુચ્ચય છે. તેમજ યત્ન કરવા સ્વરૂપ ધાત્વર્થની સાથે સંબંધ જણાય છે. માટે આ સૂત્રથી ત્રીજો પુરુષ એકવચનમાં પણ હિ પ્રત્યય થયો છે.

(૨) **सूत्रमधीष्व, निर्युक्तिमधीष्व, भाष्यमधीष्वेत्येवाधीते/पठ्यते**
विकः सूत्रमधीते, निर्युक्तिमधीते, भाष्यमधीते इत्येवाधीते/पठ्यते =
સૂત્ર ભણે છે, નિર્યુક્તિ ભણે છે ભાષ્ય ભણે છે એ પ્રમાણે તે ભણે છે/તેના વડે ભણાય છે.

(૩) **व्रीहीन् वपत, लुनीत, पुनीतेत्येव यतध्वे**
विकः व्रीहीन् वप, लुनीहि/पुनीहीत्येव चेष्टध्वे
व्रीहीन् वपथ, लुनीथ, पुनीथेत्येव यतध्वे =
તમે ચોખા વાવો છો, લણો છો, સાફ કરો છો એ પ્રમાણે યત્ન કરો છો.

(૪) **सूत्रमधीध्वं, निर्युक्तिमधीध्वं, भाष्यमधीध्वम् इत्येवमधीध्वे**
विकः सूत्रमधीष्व, निर्युक्तिमधीष्व, भाष्यमधीष्व इत्येवमधीध्वे
सूत्रमधीध्वे, निर्युक्तिमधीध्वे, भाष्यमधीध्वे इत्येवाधीध्वे =
તમે સૂત્ર ભણો છો, નિર્યુક્તિ ભણો છો, ભાષ્ય ભણો છો એ પ્રમાણે ભણો છો.

પ્ર.ઉદા. **सामान्यर्थस्येति किम् ? व्रीहीन् वप, लुनीहि पुनीहि इत्येव वपति/लुनाति/पुनातीति मा भूत्** = ચોખાને વાવ, લણ, સાફ કરે એ પ્રમાણે તે વાવે છે/લણે છે/સાફ કરે છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ સામાન્યાર્થવાળાં ધાતુનો સંબંધ હોતે છતે થાય છે. જ્યારે અહીં સામાન્યાર્થક ધાતુ નથી. પરંતુ અનુપ્રયોગવાળાં ધાતુઓ છે. માટે આ સૂત્રથી વિકલ્પે હિ પ્રત્યય ન થતાં પૂર્વસૂત્રથી નિત્ય હિ પ્રત્યય થયો છે.

વિશેષતા :

(૧) આ સૂત્રમાં सामान्यार्थस्य પદનું ગ્રહણ હોવાથી સામાન્યાર્થક ધાતુનાં સંબંધમાં સૂત્રપ્રવૃત્તિ થાય છે. જ્યાં યથાવિધિ ઘટી શકતી નથી. માટે આ સૂત્રમાં યથાવિધિ પદનો તેમજ भृशा-ऽऽभीक्ष्ण्ये નો પણ અધિકાર અટકી જાય છે.

निषेधेऽलं-खल्वोः क्त्वा ५.४.४४

अ.अ.सू. : निषेधे अलं-खल्वोः धातोः क्त्वा नवा।

અર્થ : નિષેધ અર્થમાં વર્ત્તતાં અલમ્ અને ખલુ અવયવ ઉપપદમાં હોતે છતે ધાતુથી क्त्वा પ્રત્યય વિકલ્પે થાય છે.

સ. : अलं-खल्वोः = अलं च खलुश्चेति अलं-खलू, तयोरिति।

ઉદા. (૧) **अलं कृत्वा** = કરવાથી સર્યું. (डुकृंग् करणे-८८८)
(૨) **खलु कृत्वा** = કરવાથી સર્યું.
વિકલ્પે : अलं रुदितेन = રડવાથી સર્યું.
અહીં ભાવમાં થતો क्त પ્રત્યય લાગેલ છે.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, खलु શબ્દનો પ્રયોગ क्त्वा પ્રત્યયાન્ત પ્રયોગોની સાથે જ થાય છે. તેથી વિકલ્પ પક્ષમાં તેનું ઉદા. આપેલ નથી.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો क्त्वा પ્રત્યયાન્ત સિવાયનાં અન્ય પ્રત્યયાન્ત પ્રયોગો क्त्वा નાં વિકલ્પમાં દર્શાવે છે. જેમકે, खलु कृतेन, खलु भोजनेन વગેરે.

पराऽवरे ५.४.४५

અ.અ.સૂ. : परा-ऽवरे धातोः क्त्वा नवा।

અર્થ : પર અને અવર અર્થ જણાતે છતે ધાતુથી क्त्वा પ્રત્યય વિકલ્પે થાય છે.

સ. : पराऽवरे = परश्च अवरश्चेति पराऽवरम्, तस्मिन्निति।

ઉદા. (૧) **अतिक्रम्य नदीं गिरिः/नद्यतिक्रमेण गिरिः** =
નદી ઓળંગીને (પાછળ) પર્વત છે.

(૨) **अप्राप्य नदीं गिरिः/नद्यप्राप्त्या गिरिः** =
નદીને નહીં પ્રાપ્ત કરીને (પહેલાં) પર્વત છે.

★ અહીં ઉદા.૧માં પર અને ઉદા.૨માં અવર અર્થ હોવાથી આ સૂત્રથી क्त्वा પ્રત્યય વિકલ્પે થયો. અને તેનાં વિકલ્પમાં ઉદા.૧માં घञ् અને ઉદા.૨માં क्ति પ્રત્યય થયેલ છે.

વિશેષતા :

અહીં ઉપરોક્ત ઉદા.માં નદી, પર્વત વચ્ચે માત્ર પરાવરત્વ અભિપ્રેત છે. અને अस्ति કે प्राप्यते જેવી અન્ય ક્રિયાઓ પણ વિદ્યમાન નથી. તેથી તુલ્યકર્તૃક ક્રિયાનો અભાવ હોવાથી આગામી प्राक्काले ૫.૪.૪૭ સૂત્રથી क्त्वा ની પ્રાપ્તિ ન હતી. તેની વિકલ્પે પ્રાપ્તિ માટે આ સૂત્રનો નિર્દેશ છે.

निमील्यादि-मेङस्तुल्यकर्तृके ૫.૪.૪૬

અ.અ.સૂ. : तुल्यकर्तृके निमील्यादि-मेङःधातोः सम्बन्धे क्त्वा नवा।

અર્થ : તુલ્ય = બીજા અર્થવાળાં ધાતુની સાથે સમાન છે કર્ત્તા જેનો એવા નિ+મીલ્ વગેરે, અને મે ધાતુથી ધાતુનો સંબંધ હોતે છતે क्त्वा પ્રત્યય વિકલ્પે થાય છે.

સ. : (૧) **निमील्यादि-मेङः** = निमीलिरादिर्येषां ते इति निमील्यादयः, निमील्यादयश्च मेङ् चेति निमील्यादि-मेङ्, तस्मादिति।

(૨) **तुल्यकर्तृके** = तुल्यः कर्त्ता यस्य स इति तुल्यकर्तृकः तस्मिन्निति।

ઉદા. (૧) **अक्षिणी निमील्य हसति** = બંને આંખો બંધ કરીને હસે છે.

★ અહીં આંખો બંધ કરવી અને હસવું આ બંને ક્રિયાનો કર્ત્તા એક જ છે. તેથી નિ+મીલ્ ધાતુને આ સૂત્રથી क्त्वा પ્રત્યય વિકલ્પે થયો છે.

(૨) **मुखं व्यादाय स्वपिति** = મુખ પહોળું કરીને ઊંઘે છે.

(૩) **अपमित्य/अपमातुं याचते** = આપવા માટે માંગે છે.

આ ઉદા.ની સમજૂતી પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **तुल्यकर्तृक इति किम्? चैत्रस्याक्षि निमीलने मैत्रो हसति** = ચૈત્ર આંખો મીંચે ત્યારે મૈત્ર હસે છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ તુલ્યકર્ત્તાવાળી ક્રિયાર્થક ધાતુને વિશે થાય છે. જ્યારે અહીં નિ+મિલ્ ધાત્વર્થક ક્રિયા તુલ્ય કર્ત્તાવાળી નથી. માટે આ સૂત્રથી क्त्वा ન થતાં अनट् થયેલ છે.

વિશેષતા :

(૧) **निमील्यादि ગણ દ્વારા ગ્રહણ કરાતાં ધાતુઓ :** નિ+મિલ્, વિ+આ+દા, પ્ર+સૃ, પ્ર+કાશ્, ભક્ષ્, અપ+મા વગેરે.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, અક્ષિણી નિમીલ્ય હસતિ પ્રયોગોમાં હસતિ વગેરે દ્વિતીય ક્રિયા હોવાથી તુલ્યકર્તૃક ક્રિયાન્તર વિદ્યમાન છે. પરંતુ નિમીલ્ય વગેરે પ્રયોગ વાચ્ય ક્રિયાઓ સમાનકાલીન જ રહેલી હોવાથી પ્રાક્કાલત્વ નથી. તેથી સમાન કાલાર્થક ક્રિયાઓમાં પણ क्त्वा કરવા માટે નિમીલ્યાદિ પદનું ગ્રહણ છે. તેમજ, મેઙ્ ધાતુ સ્વભાવથી જ વ્યતિહાર અર્થવાળો છે. તેથી અપમિત્ય યાચતે ઉદા. માં યાચનારૂપ ક્રિયા પૂર્વે થઈ રહી છે. અને પ્રતિદાન રૂપ ક્રિયા પશ્ચાત્ થઈ રહી છે. તેથી અપમિત્ય પ્રયોગમાં પ્રાક્કાલત્વ નહીં, પણ પરકાલત્વ છે.

આમ, મેઙ્ પદનું ગ્રહણ પરકાલાર્થક ક્રિયામાં क्त्वा કરવા માટે જાણવું.

યદ્યપિ એ જ ઉદા.માં પૂર્વકાલીન ક્રિયાવાચક યાચ્ ધાતુને પ્રાક્કાલે ૫.૪.૪૭થી ક્ત્વા ની પ્રાપ્તિ છે. પરંતુ આ સૂત્રથી થયેલાં ક્ત્વા પ્રત્યય દ્વારા જ યાચ્ની ક્રિયાનું પ્રાક્કાલત્વ ઉક્ત થઈ જાય છે. તેથી **उक्तार्थानामप्रयोगः १/२८** ન્યાયાનુસારે ક્ત્વા નો પ્રયોગ થશે નહીં.

प्राक्काले ૫.૪.૪૭

અ.અ.સૂ. : तुल्यकर्तृके प्राक्काले धातोः धातोः सम्बन्धे क्त्वा नवा ।

અર્થ : પરકાળવાળાં ધાતુ સાથે તુલ્ય કર્ત્તા હોતે છતે પ્રાક્કાલ અર્થમાં વર્ત્તતાં ધાતુથી ધાતુનાં સંબંધમાં ક્ત્વા પ્રત્યય વિકલ્પે થાય છે.

સ. : प्राक्काले = प्राङ् पूर्वः कालोऽस्य स इति प्राक्कालः, तस्मिन्निति।

ઉદા. (૧) **आसित्वा भुङ्क्ते/आस्यते भोक्तुम्** = બેસીને જમે છે.

★ અહીં બેસવાની ક્રિયા અને જમવાની ક્રિયા બંને તુલ્ય કર્ત્તાવાળી છે. તેથી પ્રાકકાલીન ક્રિયાર્થક आस् ધાતુને આ સૂત્રથી ક્ત્વા પ્રત્યય વિકલ્પે થયો છે. વિકલ્પપક્ષે ભાવે પ્રયોગમાં क्य પ્રત્યય લાગ્યો છે.

પ્ર.ઉદા. प्राक्काल इति किम् ? भुज्यते पीयते च =
ખવાય છે. અને પીવાય છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ પ્રાક્કાલ અર્થમાં વર્ત્તતાં ધાતુથી થાય છે. જ્યારે અહીં સમાનકાળની વિવક્ષા હોવાથી અહીં આ સૂત્રથી ક્ત્વા પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

અહીં ધ્યાનમાં લેવું કે આ સૂત્રથી પ્રાક્કાલ અર્થનાં વિષયમાત્રમાં જ ક્ત્વા પ્રત્યય નથી થતો, પરંતુ જ્યારે પ્રાક્કાલ અન્ય કોઈ

પદથી જણાતો ન હોય ત્યારે ઘોત્ય એવા પ્રાક્કાલનું क्त्वा પ્રત્યય ઘોતન કરે છે. અર્થાત્ क्त्वा પ્રત્યય પ્રાક્કાલઘોતક બને છે. તેથી 'यदनेन भुज्यते ततोऽयं पचति' જેવા પ્રયોગોમાં ततः શબ્દથી જ પ્રાક્કાલ ઘોતિત થઈ જતો હોવાથી क्त्वा પ્રત્યયનો અવકાશ રહેતો નથી. માટે તેવા પ્રયોગોમાં આ સૂત્રથી क्त्वा-પ્રત્યય થશે નહીં.

અહીંથી આગામી સૂત્રોમાં પણ 'प्राक्काले' પદનો યથાસંભવ અધિકાર જાણવો.

ख्णम् चाभीक्ष्ण्ये ५.४.४८

અ.અ.સૂ. : आभूक्ष्ण्ये तुल्यकर्तृके प्राक्काले धातोः धातोः सम्बन्धे ख्णम् च (क्त्वा)।

અર્થ : આભીક્ષ્ણ્ય એવા અર્થમાં પરક્રિયાની સાથે સમાનકર્ત્તાવાળાં પ્રાક્કાલ અર્થમાં વર્ત્તતાં ધાતુથી ધાતુનાં સંબંધમાં ख्णम् અને क्त्वा પ્રત્યય થાય છે.

ઉદા. (૧) भोजं भोजं/भुक्त्वा भुक्त्वा याति = વારંવાર જમીને જાય છે.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે પૂર્વે भृशा-ऽऽभीक्ष्ण्ये हि० ५.४.४२ સૂત્રમાં જણાવ્યા અનુસાર हि-स्व વગેરે પ્રત્યયોની જેમ જ क्त्वा અને ख्णम् પ્રત્યય પણ ભૃશા અને આભીક્ષ્ણ્ય અર્થ જણાવવાં સમર્થ થતાં નથી. તેથી ઉદાહરણગત પ્રયોગોમાં દ્વિત્વની પ્રવૃત્તિ દર્શાવી છે.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, यदयं पुनः पुनः भुक्त्वा व्रजति। જેવાં પ્રયોગોમાં पुनः पुनः શબ્દ દ્વારા જ આભીક્ષ્ણ્ય

અર્થ ઉક્ત થઈ જાય છે. તેથી અહીં ख्णम् પ્રત્યય થશે નહીં. તેથી ત્યાં भुक्त्वा એ પ્રમાણે જે क्त्वा પ્રત્યય દેખાય છે. તે પણ આ સૂત્રથી આભીક્ષ્ણ્ય અર્થમાં થયેલો ન જાણવો. પણ प्राक्काले ૫.૪.૪૭ સૂત્રથી પ્રાક્કાલીન અર્થમાં થયેલો જાણવો.

જિ. : આ સૂત્રમાં ख्णम् અને क्त्वा પ્રત્યયનો નિર્દેશ કર્યો છે. જે ख्णम् વા એ પ્રમાણે વાનો નિર્દેશ કર્યો હોત તો પણ પ્રાક્કાલતયા प्राक्काले ૫.૪.૪૭ સૂત્રથી क्त्वा સિદ્ધ જ હતો. તો પણ શા માટે चકાર દ્વારા પુનઃ क्त्वાનું અનુકર્ષણ કરી વિધાન કર્યું ?

સમા. : જો ख्णम् વા એ પ્રમાણે આ સૂત્રમાં નિર્દેશ કરવામાં આવે તો ख्णम्નાં વિકલ્પમાં માત્ર क्त्वा પ્રત્યય ન થતાં વર્ત્તમાનાદિ વિભક્તિની પ્રાપ્તિ થાય. જે ઈષ્ટ નથી. તેનું વારણ કરવા માટે સૂત્રમાં વાનો નિર્દેશ ન કરતાં चકાર દ્વારા क्त्वાનું અનુકર્ષણ કરેલ છે.

જિ. : देवदत्तः ओदनं पक्त्वा भुङ्क्ते જેવાં પ્રયોગોમાં क्त्वा પ્રત્યયનું વિધાન ભાવમાં કરવામાં આવ્યું છે. તેથી તેનાં દ્વારા કર્ત્તા ઉક્ત થતો નથી. તો પણ કર્ત્તાને પ્રથમા વિભક્તિ શા માટે કરી ?

સમા. : देवदत्तः ओदनं पक्त्वा भुङ्क्ते ઈત્યાદિ પ્રયોગમાં पक्त्वा ક્રિયા ગૌણ ક્રિયા છે. અને भुङ्क्ते એ પ્રધાન ક્રિયા છે. ત્યારે ગૌણ ક્રિયા પરક पक्त्वा ક્રિયાપદ દ્વારા ભલે કર્ત્તા અભિહિત નથી. પરંતુ મુખ્ય ક્રિયા પરક भुङ्क्ते ક્રિયાપદ દ્વારા કર્ત્તા અભિહિત થાય જ છે. તેથી પ્રધાન **शक्त्यभिधाने**

हि गुणशक्तिरभिहित्वत् प्रकाशते નિયમાનુસારે અહીં પ્રધાન ક્રિયાપદ વડે અભિહિત કર્ત્તા પણ ગૌણ શક્તિ વડે અભિહિત જ કહેવાય છે. તેથી **उक्ते कारके प्रथमा स्यात्** નિયમાનુસારે કર્ત્તાથી પ્રથમા વિભક્તિ થતાં તૃતીયા વિભક્તિનો અવકાશ રહેતો નથી.

(૩) અહીં દર્શાવેલ ख्णम् પ્રત્યયમાં ख् ઇત્નો નિર્દેશ ઉત્તરસૂત્રથી થતાં સમાસગત પ્રયોગમાં खित्यनव्ययા૦ ૩.૨.૧૧૧થી म् આગમ કરવા માટે છે.

(૪) યદ્યપિ સૂત્રમાં ख्णम्નું ગ્રહણ કર્યું હોવાથી પૂર્વસૂત્રથી આવતો क्त्वा નો અધિકાર અટકી જાય છે. પરંતુ સૂત્રગત चકાર દ્વારા **चकारो यस्मात्परस्तत्० ૨/૬૧** ન્યાયાનુસારે કાર્યતયા ख्णम्ને સજાતીય કાર્યદર્શક એવા क्त्वा પ્રત્યયનું પૂર્વસૂત્રથી ગ્રહણ થાય છે. તેમજ **चानुकृष्टं० ૨/૬૨** ન્યાયાનુસારે તે અધિકાર ઉત્તરસૂત્રમાં જશે નહીં.

पूर्वा-ऽग्रे-प्रथमे ૫.૪.૪૯

અ.અ.સૂ. : पूर्वा-ऽग्रे-प्रथमे तृल्यकर्तृके प्राक्काले धातोः सम्बन्धे धातोः ख्णम् नवा।

અર્થ : પૂર્વ, અગ્રે અને પ્રથમ નામ ઉપપદમાં હોતે છતે પરક્રિયાની સાથે સમાનકર્તાવાળાં પ્રાક્કાલ અર્થમાં વર્તતાં ધાતુથી ધાતુનાં સંબંધમાં ख्णम् પ્રત્યય વિકલ્પે થાય છે.

સ. : पूर्वा-ऽग्रे-प्रथमे = पूर्वश्च अग्रेश्च प्रथमश्चेति पूर्वा-ऽग्रे-प्रथमम्, तस्मिन्निति।

ઉદા. (૧) **पूर्वं भोजं/भुक्त्वा याति** = પહેલાં જમીને જાય છે.
(भुजंप् पालना०-१४८७)
આ સૂત્રથી ख्णम्→भुज्+**अम्**
लघोरुपा०४.३.४થી ગુણ→**भोजम्**
વિકલ્પે : જ્યારે ख्णम् ન થાય ત્યારે,
प्राक्काले ५.४.४७થી क्त्वा→भुज्+**त्वा**
चजः०२.१.८६થી ज्नो ग् વગેરે→**भुक्त्वा**।
પ્રથમા સિ વગેરે→भोजम्/भुक्त्वा।

(૨) **अग्रे भोजं/भुक्त्वा याति** = પહેલાં જમીને જાય છે.

(૩) **प्रथमं भोजं/भुक्त्वा याति** = પહેલાં જમીને જાય છે.

★ આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં તુલ્યકર્તાવાળાં પ્રાક્કાલ અર્થમાં વર્ત્તતાં ધાતુથી ધાતુનાં સંબંધમાં ख्णम्નું વિધાન કર્યું છે. જે ख्णम् चा०५.४.४८ સૂત્રથી આભીક્ષ્ણ્ય અર્થમાં સિદ્ધ હતું. તેને આભીક્ષ્ણ્ય અર્થ વિના પણ સિદ્ધ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે. તેથી પૂર્વ, અગ્રે અને પ્રથમ ઉપપદમાં હોય તો આભીક્ષ્ણ્ય અને અનાભીક્ષ્ણ્ય બંને અર્થમાં આ સૂત્રથી ख्णम् પ્રત્યય વિકલ્પે થશે.

(૨) આ સૂત્રમાં ગ્રહણ કરેલ પૂર્વ અને પ્રથમ શબ્દ કાળવાચી છે. તેથી **साहचर्यात् सदृशस्यैव २/६** ન્યાયાનુસારે તે બંનેનાં સાહચર્યથી અગ્રે શબ્દ પણ કાળવાચી જ ગ્રહણ થાય છે.

જિ. : અહીં સૂત્રમાં પૂર્વાદિ શબ્દો કાળવાચી છે. અને પૂર્વ-પર ઇત્યાદિ રૂપે સાપેક્ષ હોય છે. તેથી તે પરકાલની અપેક્ષાએ

प्राक्कालनुं सूचन करे छे. अने तेना द्वारा प्राक्काल उक्त थतो होवाथी **उक्तार्थानामप्रयोगः १/२८** न्यायानुसारे आ सूत्रथी ख्णम् आदि प्रत्ययो प्राप्त थशे नहीं. तो पूर्वं भुक्त्वा याति आदि प्रयोगोनी संगति केवी रीते थशे ?

समा. : पूर्वं भुक्त्वा याति आदि प्रयोगोमां पूर्वादि शब्दो अन्य क्रियानी अपेक्षाओ प्राक्कालमां वर्त्ते छे. पण व्रजन् क्रियानी अपेक्षाओ नहीं. अर्थात् अन्य क्रियाओनी पूर्वे भोजन करीने पछी गमन करे छे. ओ प्रमाणेनुं तात्पर्य छे. तथा, अन्यनी भोजन क्रियानी अपेक्षाओ पण अहीं प्राक्कालता वर्त्ते छे. जेमके, देवदत्त, गुरुदत्त अने जिनदत्तमां सर्वप्रथम भोजन करीने जाय छे.

आम, अहीं व्रजन् क्रियानी अपेक्षाओ भुजि क्रियानी प्राक्कालीनता पूर्वादि शब्दथी उक्त थती नथी. माटे आ सूत्र द्वारा ख्णम् आदि प्रत्यय थवामां कोई बाध आवतो नथी.

अन्यथैवं-कथममित्थमः कृगोऽनर्थकात् ५.४.५०

अ.अ.सू. : अन्यथैवं-कथमित्थमः तुल्यकर्तृके अनर्थकात् कृगः धातोः धातोः सम्बन्धे ख्णम् नवा ।

अर्थ : अन्यथा, एवम्, कथम् अने इत्थम् अव्ययथी पर तुल्य कर्त्तावाळां अनर्थक कृ धातुथी धातुनां संबंधमां ख्णम् प्रत्यय विकल्पे थाय छे.

स. : अन्यथैवं-कथमित्थमः = अन्यथा च एवं च कथं च इत्थं चेति अन्यथैवं-कथमित्थम्, तस्मादिति।

उदा. (१) अन्यथाकारम्/अन्यथा कृत्वा भुङ्क्ते =
ऊलटी रीते खाय छे.

(૨) **एवङ्कारम्/एवङ्कृत्वा भुङ्क्ते** = આ રીતે ખાય છે.

(૩) **कथङ्कारम्/कथङ्कृत्वा भुङ्क्ते** = કેવી રીતે ખાય છે.

(૪) **इत्थङ्कारम्/इत्थङ्कृत्वा भुङ्क्ते** = આ પ્રમાણે કરીને ખાય છે.

આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ ઉદા. પ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **अनर्थकादिति किम्? अन्यथा कृत्वा शिरो भुङ्क्ते** = મસ્તકને અવળું કરીને ખાય છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ અનર્થક કૃ ધાતુથી થાય છે. જ્યારે અહીં અર્થવાન્ કૃ ધાતુ છે. માટે આ સૂત્રથી ख्णम् પ્રત્યય થયો નહીં. પરંતુ પ્રાક્કાલે ૫.૪.૪૭થી क्त्वा થયો છે.

વિશેષતા :

અહીં સૂત્રમાં અનર્થક કૃ ધાતુનો નિર્દેશ કર્યો છે. તેનું તાત્પર્ય એ છે કે, કૃ ધાતુનું પૃથક્ કારમ્ અન્યથા શબ્દથી જ પ્રાપ્ત થઈ જાય છે. તે જ તેનું આનર્થક્ય છે.

यथा-तथादीर्ष्योत्तरे ૫.૪.૫૧

અ.અ.સૂ. : यथा-तथात् तुल्यकर्तृके अनर्थकात् कृगः धातोः धातोः सम्बन्धे ख्णम् नवा ईर्ष्योत्तरे ।

અર્થ : यथा અને तथा थी પર રહેલાં તુલ્યકર્ત્તાવાળાં અનર્થક કૃ ધાતુથી ધાતુનાં સંબંધમાં ख्णम् પ્રત્યય વિકલ્પે થાય છે. જો પૂછનારને ઈર્ષ્યાથી ઉત્તર અપાતો હોય તો.

સ. : (૧) **यथा-तथात्** = यथा च तथा चेति यथा-तथम्, तस्मादिति।

(૨) **ईर्ष्योत्तरे** = ईर्ष्यया उत्तरमित्ति ईर्ष्योत्तरम्, तस्मिन्निति।

ઉદા. (૧) **कथं त्वं भोक्ष्यसे ? इति पृष्टोऽसूयया तं प्रत्याह यथाकारमहं/तथाकारमहं भोक्ष्ये किं तवानेन** =
જે પ્રકારે જમું તે પ્રકારે જમું. એના વડે તારે શું ?

★ આ ઉદા.માં તું કેવી રીતે જમીશ ? એ પ્રમાણે અસૂયા વડે પૂછાયેલ પ્રશ્ન પ્રતિ ઉત્તર આપે છે કે, જે પ્રમાણે જમું તે પ્રમાણે જમું એમાં તારે શું ? તેમજ, कृ ધાતુનો કોઈ પૃથક્ અર્થ નથી. માટે આ સૂત્રથી ख्णम् પ્રત્યય વિકલ્પે થાય છે.
વિકલ્પે : यथाकृत्वा/तथाकृत्वा अहं भोक्ष्ये એ પ્રમાણે क्त्वा પ્રત્યયાન્ત પ્રયોગ થશે.

પ્ર.ઉદા. **ईर्ष्योत्तर इति किम्? यथा कृत्वाऽहं भोक्ष्ये तथा द्रक्ष्यसि** = હું જેમ કરીને જમીશ તેમ તું જોઈશ.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઈર્ષ્યાથી અપાયેલ ઉત્તરને વિશે થાય છે. જ્યારે અહીં ઈર્ષ્યાથી અપાયેલ ઉત્તર નથી. માટે આ સૂત્રથી ख्णम् ન થતાં પ્રાક્કાલે ૫.૪.૪૭થી क्त्वा કરેલ છે.

शापे व्याप्यात् ૫.૪.૫૨

અ.અ.સૂ. : **व्याप्यात् तुल्यकर्तृके कृगः धातोः धातोः सम्बन्धे ख्णम् नवा, शापे ।**

અર્થ : કર્મથી પર રહેલાં તુલ્યકર્ત્તાવાળાં कृ ધાતુથી ધાતુનાં સંબંધમાં ख्णम् પ્રત્યય વિકલ્પે થાય છે. જો આક્રોશ અર્થ ગમ્યમાન હોય તો.

ઉદા. **चोरङ्कारमाक्रोशति/चोरं कृत्वा आक्रोशति** =
ચોર-ચોર એ પ્રમાણે આક્રોશ કરે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **शाप इति किम् ? चोरं कृत्वा हेतुभिः कथयति** =
ચોર કહીને હેતુઓ વડે કહે છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ શાપ અર્થની ગમ્યમાનતામાં થાય છે. જ્યારે અહીં શાપ અર્થ નથી. માટે આ સૂત્રથી ख्णम् ન થતાં પ્રાક્કાલે ૫.૪.૪૭થી क्त्वा થાય છે.

વિશેષતા :

(૧) આ સૂત્રમાં શાપ અર્થની ગમ્યમાનતા અને व्याप्यात् એ પ્રમાણે નિમિત્તોનું ગ્રહણ હોવાથી अनर्थकात्‌ની અનુવૃત્તિ અટકી જાય છે. કારણકે સૂત્રોક્ત અવસ્થામાં અનર્થક कृ ધાતુ સંભવતો જ નથી.

स्वाद्वर्थाद् अदीर्घात् ૫.૪.૫૩

અ.અ.સૂ. : अदीर्घात् स्वाद्वर्थात् व्याप्यात् तुल्यकर्तृके कृगः धातोः धातोः सम्बन्धे ख्णम् नवा ।

અર્થ : દીર્ઘ સ્વર અન્તે ન હોય તેવા સ્વાદુ અર્થવાળાં કર્મવાચી નામથી પર રહેલ સમાન કર્ત્તાવાળાં कृ ધાતુથી ધાતુનાં સંબંધમાં ख्णम् પ્રત્યય વિકલ્પે થાય છે.

સ. : (૧) **स्वाद्वर्थात्** = स्वादुरर्थो यस्य स इति स्वाद्वर्थः, तस्मादिति।
(૨) **अदीर्घात्** = न दीर्घ इति अदीर्घः, तस्मादिति।

ઉદા. (૧) **स्वादुङ्कारं/स्वादुं कृत्वा भुङ्क्ते** =
સ્વાદિષ્ટ કરીને ખાય છે.

(૨) **मिष्टङ्कारं/मिष्टं कृत्वा भुङ्क्ते** = મીઠું કરીને ખાય છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **अदीर्घादिति किम् ? स्वाद्वीं कृत्वा यवागूं भुङ्क्ते** = રાબડીને સ્વાદિષ્ટ કરીને ખાય છે.

★ આ સૂત્રમાં દીર્ઘ સ્વરાન્ત એવા કર્મવાચી શબ્દનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી ख्णम् પ્રત્યય ન થતાં પ્રાક્કાલે ૫.૪.૪૭થી क्त्वा થયેલ છે.

विद्-दृग्भ्यः कात्स्न्र्ये णम् ૫.૪.૫૪

અ.અ.સૂ. : कात्स्न्र्ये व्याप्यात् प्राक्काले तुल्यकर्तृके विद्-दृग्भ्यः धातुभ्यः धातोः सम्बन्धे णम् नवा ।

અર્થ : સંપૂર્ણ અર્થ વિશિષ્ટ કર્મથી પર રહેલાં પ્રાક્કાલ અર્થમાં વર્ત્તતાં તુલ્યકર્ત્તાવાળાં विद् અને दृश् ધાતુથી ધાતુનાં સંબંધમાં णम् પ્રત્યય વિકલ્પે થાય છે.

સ. : विद्-दृग्भ्यः = विदश्च दृश् चेति विद्-दृशः, तेभ्य इति।

ઉદા. (૧) **अतिथिवेदं भोजयति** = જે જે અતિથિ છે તેને જમાડે છે. (विदंक् ज्ञाने-૧૦૯૯)

(૨) **कन्यादर्शं वरयति** = જે જે કન્યા જુએ છે તે સર્વેને વરે છે. (दृशृं प्रेक्षणे-૪૯૫)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **कात्स्न्र्य इति किम् ? अतिथिं विदित्वा भोजयति** = અતિથિને જાણીને ભોજન કરાવે છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ સંપૂર્ણ અર્થ વિશિષ્ટ કર્મવાચી નામથી પર થાય છે. જ્યારે અહીં કર્મ સંપૂર્ણ અર્થ વિશિષ્ટ નથી. માટે આ સૂત્રથી णम् ન થતાં પ્રાક્કાલે ૫.૪.૪૭થી क्त्वा થયેલ છે.

વિશેષતા :

આ સૂત્રમાં વિદ્-दृग्भ्यः એ પ્રમાણે બ.વ.નો નિર્દેશ વિદંક્-૧૦૯૯, વિદ્લૃંતી-૧૩૨૨, વિદિંપ્-૧૪૯૭ એમ ત્રણે વિદ્ ધાતુનાં ગ્રહણ માટે છે. અન્યથા **निरनुबन्धग्रहणेन सानुबन्धकस्य १/३२** ન્યાયાનુસારે માત્ર અદાદિ ગણનાં જ વિદ્ ધાતુનું ગ્રહણ થવાની આપત્તિ આવે.

અહીં સૂત્રમાં कात्स्न्र्ये णम् એ પ્રમાણે નિર્દેશ કર્યો હોવાથી કાત્સ્ન્ર્ય અર્થમાં णम् થાય છે. એ પ્રમાણે વિવક્ષા જાણવી. અને તેથી જ अतिथिवेदं भोजयति ઇત્યાદિ णम् પ્રત્યયથી જ કાત્સ્ન્ર્ય અર્થ ઉક્ત થઈ જતો હોવાથી **उक्तार्थानामप्रयोगः १/२८** ન્યાયાનુસારે વ્યાપ્યની પૂર્વે કાત્સ્ન્ર્ય અર્થક કોઈ પણ શબ્દનો પ્રયોગ કર્યો નથી. યદ્યપિ બ.વૃ.માં कात्स्न्र्यवतः व्याप्यात् એ પ્રમાણે વ્યાપ્યનાં વિશેષણ તરીકે કાત્સ્ન્ર્ય અર્થનો નિર્દેશ કર્યો છે. પરંતુ તે નિર્દેશ પણ સૂત્રોક્ત તાત્પર્યને જ જણાવે છે. આ વાત આગામી સૂત્રમાં પણ જાણવી.

यावतो विन्द-जीवः ५.४.५५

અ.અ.સૂ. : कात्स्न्र्ये यावतः व्याप्यात् तुल्यकर्तृके विन्द-जीवः धातोः धातोः सम्बन्धे णम् नवा।

અર્થ : સંપૂર્ણ અર્થથી વિશિષ્ટ એવા यावत् રૂપ કર્મવાચી નામથી પર રહેલાં તુલ્ય કર્ત્તાવાળાં વિદ્ અને જીવ્ ધાતુથી ધાતુનાં સંબંધમાં णम् પ્રત્યય વિકલ્પે થાય છે.

સ. : विन्द-जीवः = विन्दश्च जीवश्चेति विन्द-जीव्, तस्मादिति।

ઉદા. (૧) यावद्वेदं भुङ्क्ते = જેટલું મળે છે તેટલું બધું જમે છે. (વિદ્લૃંતી લાભે-૧૩૩૨)

(૨) **यावज्जीवमधीते** = જ્યાં સુધી જીવે છે. ત્યાં સુધી ભણે છે. (जीव प्राणधारणे-४६५)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) આ સૂત્રમાં श प्रत्ययान्त विद् धातुनुं ग्रहण होवाथी तुदादि गण संबंधी विद्लृंती-१३३२ धातुनुं ज ग्रहण थाय छे. पण अन्य अदादि गण संबंधी विदंक्-१०९९ अने रुधादि गण संबंधी विवर्दिप्-१४९७ धातुनुं नहीं.

(૨) अहीं पूर्वसूत्रथी प्राक्काले नो अधिकार आवी रह्यो छे. जेथी आ सूत्रमां पण प्रथम क्रिया पूर्वकाळ संबंधी अने द्वितीय क्रिया पश्चात्काळ संबंधी ग्रहण करवी जोईએ. જે यावद्वेदं भुङ्क्ते प्रयोगमां जणाय छे. त्यां मेळववानी क्रिया पूर्वे अने भोगववानी क्रिया पश्चात् थाय छे. परंतु जीव् धातु जीववुं अर्थमां संभवे छे. पण अन्य अर्थमां नहीं. अने जीववानी क्रिया पूर्ण थया पछी कोई क्रिया होती नथी. तेथी त्यां प्राक्कालीनता संभवती न होवा छतां पण विधान सामर्थ्यथी જ प्राक्काल प्रमाणे प्रत्ययो करवा.

चर्मोदरात् पूरेः ५.४.५६

अ.अ.सू. : चर्मोदरात् व्याप्यात् तुल्यकर्तृके पूरेः धातोः धातोः सम्बन्धे णम् नवा।

अर्थ : चर्मन् अने उदर कर्मवाची नामथी પર रहेल तुल्य कर्त्तावाळां पूर् धातुथी धातुनां संबंधमां णम् प्रत्यय विकल्पे थाय छे.

स. : चर्मोदरात् = चर्म च उदरं चेति चर्मोदरम्, तस्मादिति।

ઉદા. (૧) चर्मपूरमास्ते = चामडा ઉપર બેसे छे.
(पूरैचि आप्यायने-१२६८)

(૨) **उदरपूरं शेते** = પેટ ભરીને ઊંઘે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

જિ. : અહીં પણ પૂર્વસૂત્રથી **प्राक्काले** અર્થની પ્રાપ્તિ થઈ હોય તેવું જણાય છે. તેથી **णम्** પ્રત્યયનાં વિષયભૂત ધાતુની ક્રિયા હોય તો પૂર્વકાળમાં સંભવવી જોઈએ. જ્યારે **चर्मपूरमास्ते** ઉદા.નાં તાત્પર્યાનુસારે પહેલાં બેસવાની ક્રિયા થાય છે. પછી ચામડાને પૂરવાની ક્રિયા થાય છે. તો **पूर्** ધાતુને આ સૂત્રથી **णम्** પ્રત્યય કેવી રીતે થયો ?

સમા. : તમારી વાત સાચી છે. પરંતુ અહીં સૂત્રમાં નિર્દેશ કર્યો છે તેથી એ રીતે સમન્વય કરવો કે, કર્ત્તા પહેલાં મનમાં 'હું ચામડા ઉપર બેસું છું' એ પ્રમાણે ચામડાને પૂરવાની ક્રિયાનો વિચાર કરે છે. અને પછી બેસે છે. એ દૃષ્ટિએ પૂરવાની ક્રિયા પહેલાં આવે છે. અને બેસવાની ક્રિયા પછી થાય છે. યદ્યપિ અહીં લઘુન્યાસકાર ભગવંત જણાવે છે કે, 'ચામડાને પૂરીને બેસે છે.' એવા અર્થમાં પણ જ્યાં સુધી પૂરવાની ક્રિયા સંપન્ન નથી થતી. ત્યાં સુધી બેસવાની ક્રિયા પણ કહેવાતી નથી. માટે ત્યાં પૂરણ ક્રિયાની જ પ્રાક્કાલીનતા છે. અહીં પણ પૂર્વસૂત્રનિર્દિષ્ટ **जीव्** ધાતુમાં બતાવ્યાનુસારે વિધાન સામર્થ્યથી જ પ્રાક્કાલનાં પ્રત્યયો કરવા.
કેટલાંક વ્યાકરણકારો કોઈક વસ્તુ દ્વારા ચામડાને પૂરીને બેસે છે. એવો અર્થ કરે છે. પરંતુ તે અર્થ યોગ્ય જાણવો નહીં. કારણકે તેમાં ચામડાને પૂરવાની ક્રિયા અને બેસવાની ક્રિયાનો સંબંધ રહેતો નથી.

वृष्टिमान ऊलुक् चास्य वा ५.४.५७

अ.अ.सू. : व्याप्यात् पूरेः धातोः धातोः सम्बन्धे णम् नवा; अस्य च ऊलुक् वा, वृष्टिमाने।

अर्थ : કર્મવાચી નામથી પર રહેલ પૂર્ ધાતુથી ધાતુનાં સંબંધમાં णम् પ્રત્યય વિકલ્પે થાય છે. અને પૂર્ ધાતુનાં ઊનો લોપ વિકલ્પે થાય છે. જો વૃષ્ટિનું પ્રમાણ અર્થ જણાતો હોય તો.

ઉદા. **गोष्पदप्रं/गोष्पदपूरं वृष्टो मेघः** = ગાયનાં પગલાં પૂરાય એટલાં પ્રમાણમાં મેઘ વરસ્યો. (पूरैचि आप्यायने-१२६८)
આ સૂત્રથી णम्→गोष्पद+पूर्+**अम्**
અને ઊનો લોપ→गोष्पद**प्रम्**
विकल्पे : ઊનો લોપ ન થાય ત્યારે गोष्पदपूरम्
પ્રથમા સિ વગેરે→गोष्पदप्र**म्**/गोष्पदपूर**म्**।

विशेषता :

(१) સૂત્રમાં गृहीत अस्य પદ पूर्નાં વિશેષણતયા द्योतक છે. તેથી ઉપપદમાં આ સૂત્રથી ઊનો લોપ થશે નહીં. જેમકે, मूषकबिलपूरं वृष्टो मेघः।

चेलार्थात् क्नोपेः ५.४.५८

अ.अ.सू. : चेलार्थात् व्याप्यात् तुल्यकर्तृके क्नोपेः धातोः धातोः सम्बन्धे णम् नवा।

अर्थ : વસ્ત્રવાચી કર્મથી પર રહેલ તુલ્ય કર્ત્તાવાળાં क्नूप् ધાતુથી ધાતુનાં સંબંધમાં णम् પ્રત્યય વિકલ્પે થાય છે.

स. : चेलार्थात् = चेलं अर्थो यस्य तदिति चेलार्थम्, तस्मादिति।

ઉદા. **चेलक्नोपं वृष्टो मेघः** = વસ્ત્ર ભીનું કરાવે એટલો વરસાદ વરસ્યો. (क्नूयैङ् शब्दोऽन्दनयोः-८०२)

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ क्नूय् ધાતુથી णिग् પ્રત્યય કરી पु આગમ કરી क्नोपि થી णम् પ્રત્યય કરવો.

વિશેષતા :

(૧) સૂત્રમાં चेलार्थात् એ પ્રમાણે નિર્દેશ કર્યો હોવાથી સ્વરૂપવાચી, પર્યાયવાચી અને વિશેષવાચી એમ ત્રણેય ચેલાર્થક શબ્દોનું ગ્રહણ કરવું. જેમકે, पटिकाक्नोपम्, कम्बलक्नोपम् વગેરે.

(૨) અહીં પણ પૂર્વસૂત્રની જેમ વરસાદ વરસવાની ક્રિયા પૂર્વકાલીન છે અને વસ્ત્ર ભીનું થવાની ક્રિયા અપરકાલીન હોવાથી પ્રાક્કાલતા નથી. તો પણ વિધાન સામર્થ્યથી જ પ્રાક્કાલ પ્રમાણે પ્રત્યયો કરવા.

गात्र-पुरुषात् स्नः ५.४.५९

અ.અ.સૂ. : गात्र-पुरुषात् व्याप्यात् तुल्यकर्तृके स्नः धातोः धातोः सम्बन्धे णम् नवा, वृष्टिमाने ।

અર્થ : ગાત્ર અને પુરુષ કર્મવાચીથી પર રહેલાં તુલ્યકર્ત્તાવાળાં स्ना ધાતુથી ધાતુનાં સંબંધમાં णम् પ્રત્યય વિકલ્પે થાય છે. જો વરસાદનું પ્રમાણ અર્થ જણાતો હોય તો.

સ. : गात्र-पुरुषात् = गात्रश्च पुरुषश्चेति गात्र-पुरुषम्:, तस्मादिति।

ઉદા. (૧) **गात्रस्नायं वृष्टो मेघः** = શરીરને સ્નાન કરાવી શકે એટલો વરસાદ વરસ્યો. (ष्णांक् शौचे-१०६४)

આ સૂત્રથી णम्→गात्र+स्ना+**अम्**
आत ऐः०४.३.५३थी आ नो ऐ→गात्र+**स्नै**+अम्
एदैतोऽ०१.२.२३थी ऐ नो आय्→गात्र**स्नाय**म्
प्रथमा सि वगेरे→गात्रस्नाय**म्**।

(२) **पुरुषस्नायं वृष्टो मेघः** = પુરુષને સ્નાન કરાવી શકે એટલો મેઘ વરસ્યો.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો જ આ સૂત્ર દ્વારા સિદ્ધ પ્રયોગો સ્વીકારે છે. પરંતુ પાણિનિ વગેરે વ્યાકરણકારો સ્વીકારતાં નથી.

शुष्क-चूर्म-रूक्षात् पिषस्तस्यैव ५.४.६०

अ.अ.सू. : शुष्क-चूर्ण-रूक्षात् व्याप्यात् पिषः धातोः तस्यैव धातोः सम्बन्धे णम् नवा।

अर्थ : शुष्क, चूर्ण अने रुक्ष कर्मथी पर रहेल पिष् धातुथी ते ज धातुनां संबंधमां णम् प्रत्यय विकल्पे थाय छे.

स. : शुष्क-चूर्ण-रुक्षात् = शुष्कश्च चूर्णश्च रुक्षश्चेति शुष्क-चूर्ण-रुक्षम्, तस्मादिति।

ઉદા. (१) **शुष्कपेषं पिनष्टि** = સૂકાયેલાને ખાંડવાની ક્રિયા કરે છે. (पिष्लृंप् संचूर्णने-१४९३)

(२) **चूर्णपेषं पिनष्टि** = ચૂર્ણને પીસે છે.

(३) **रूक्षपेषं पिनष्टि** = રુક્ષને પીસે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં શુષ્ક વગેરે વ્યાપ્ય ઉપપદતયા સ્વીકારવામાં આવ્યાં છે. ત્યાં ધ્યાનમાં લેવું કે, शुष्कपेषं पिष्टः ઇત્યાદિ પ્રયોગમાં क्त વગેરે પ્રત્યય દ્વારા તે વ્યાપ્ય ઉક્ત થયે છતે પણ ઉપપદપણું રહે જ છે. તેથી આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે.

(૨) યદ્યપિ शुष्कपेषं पिनष्टि ઇત્યાદિ પ્રયોગોમાં બંને ધાતુ દ્વારા એક જ ક્રિયાનો નિર્દેશ હોવાથી પ્રાક્કાલતા અને તુલ્યકર્તૃકત્વ ઘટશે નહીં. પરંતુ સામાન્ય, વિશેષની અપેક્ષાએ એક જ ક્રિયાને જણાવનાર બે ધાતુમાં સામાન્ય અને વિશેષની વિવક્ષાએ વિશેષ ક્રિયા સામાન્ય ક્રિયાનું કર્મ બને છે. અર્થાત્ સામાન્ય એવી પિનષ્ટિ ક્રિયાનું વિશેષ એવી शुष्कपेषम् ક્રિયા કર્મ બને છે. તેથી પ્રાક્કાલે તુલ્યકર્તૃકત્વ માં બાધ આવતો નથી.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો સામાન્ય અને વિશેષની વિવક્ષા વડે એક જ ધાતુની બે ક્રિયામાં ભેદ સ્વીકારે છે. તેથી તેઓનાં મતે તુલ્યકર્તૃકત્વ અને પ્રાક્કાલતા ઘટતાં क्त्वा પ્રત્યય પણ થાય છે. જેમકે, निमूलं कषित्वा कषति।

कृग्-ग्रहोऽकृत-जीवात् ૫.૪.૬૧

અ.અ.સૂ. : अकृत-जीवात् व्याप्यात् कृग्-ग्रहः धातोः तस्यैव धातोः सम्बन्धे णम् नवा।

અર્થ : અકૃત અને જીવ રૂપ કર્મવાચીથી પર રહેલ અનુક્રમે कृ અને ग्रह् ધાતુથી તે જ ધાતુનાં સંબંધમાં णम् પ્રત્યય વિકલ્પે થાય છે.

સ. : (૧) **कृग्-ग्रहः** = कृग् च ग्रह् चेति कृग्-ग्रह, तस्मादिति।

(૨) **अकृत-जीवात्** = अकृतश्च जीवश्चेति अकृत-जीवः, तस्मादिति।

ઉદા. (૧) **अकृतकारं करोति** = ન કરેલાને કરે છે.
(डुकृंग् करणे-८८८)

(૨) **जीवग्राहं गृह्णाति** = જીવને પકડે છે.
(ग्रहीश् उपादाने-१५१७)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) આ સૂત્રમાં अकृत-जीवात् એ પ્રમાણે નિમિત્તદર્શક પદ અને कृग्-ग्रहः એ પ્રમાણે કાર્યીદર્શક પદની સંખ્યા અને વચન સમાન હોવાથી **यथासङ्ख्यमनुदेशः० १/१०** ન્યાયાનુસારે તે બંને વચ્ચે અનુક્રમની પ્રાપ્તિ થાય છે.

निमूलात् कषः ५.४.६२

અ.અ.સૂ. : **निमूलात् व्याप्यात् कषः धातोः तस्यैव धातोः सम्बन्धे णम् नवा।**

અર્થ : નિમૂલ કર્મવાચીથી પર રહેલ कष् ધાતુથી તે જ ધાતુનાં સંબંધમાં णम् પ્રત્યય વિકલ્પે થાય છે.

ઉદા. **निमूलकाषं/निमूलस्य काषं कषति** =
મૂળને છોડીને નાશ કરે છે. (कष हिंसायाम्-५०७)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

हनश्च समूलात् ५.४.६३

अ.अ.सू. : समूलात् व्याप्यात् हनः च(कषः) धातोः तस्यैव धातोः सम्बन्धे णम् नवा।

अर्थ : समूल કર્મથી પર રહેલ हन् અને कष् ધાતુથી તે જ ધાતુનાં સંબંધમાં णम् પ્રત્યય વિકલ્પે થાય છે.

ઉદા. (૧) समूलघातं हन्ति = મૂળ સહિત નાશ કરે છે.
(हनंक् हिंसा०-११००)

(૨) **समूलकाषं कषति** = મૂળ સહિત નાશ કરે છે.
(कष हिंसायाम्-५०७)

विशेषता :

(૧) સૂત્રગત समूलम् પદમાં मूलेन सह इति એ પ્રમાણે સાકલ્ય અર્થમાં વિભક્તિ૦૩.૧.૩૯થી અવ્યયીભાવ સમાસ અથવા संगतानि मूलानि अस्य इति એ પ્રમાણે બહુવ્રીહિ સમાસ પામે છે.

(૨) યદ્યપિ સૂત્રમાં हन् ધાતુનું ગ્રહણ હોવાથી પૂર્વસૂત્રથી આવતો कष् ધાતુનો અધિકાર અટકી જાય છે. પરંતુ સૂત્રગત ચકાર દ્વારા **चकारो यस्मात्पर० २/६१** ન્યાયાનુસારે ધાતુતયા हनः ને સજાતીય ધાતુ એવા कषः નું પૂર્વસૂત્રથી ગ્રહણ થાય છે. તેમજ, **चानुकृष्टं० २/६२** ન્યાયાનુસારે તેનો અધિકાર ઉત્તરસૂત્રમાં જશે નહીં.

करणेभ्यः ५.४.६४

अ.अ.सू. : करणेभ्यः हनः धातोः तस्यैव धातोः सम्बन्धे णम् नवा।

અર્થ : કરણવાચી નામથી પર રહેલ हन् ધાતુથી તે જ ધાતુનાં સંબંધમાં णम् પ્રત્યય વિકલ્પે થાય છે.

ઉદા. **पाणिघातं कुड्यमाहन्ति** = હાથથી ભીંત ઉપર પ્રહાર કરે છે.
(हनंक् हिंसा०-११००)
આ સૂત્રથી णम्→पाणि+हन्+**अम्**
ञ्णिति घात् ४.३.१००थी घात्→पाणि**घातम्**
પ્રથમા સિ વગેરે→पाणिघात**म्**।

વિશેષતા :

આ સૂત્રમાં करणेभ्यः એ પ્રમાણે બ.વ. દ્વારા વ્યાપ્તિ દર્શાવવામાં આવે છે. તેથી પર એવા हिंसार्थादे०५.४.७४ સૂત્રથી પ્રાપ્ત પ્રયોગમાં પણ કરણવાચી નામથી પર જો હિંસાર્થક हन् ધાતુ હોય તો આ સૂત્રથી णम् વિકલ્પે થશે.
યદ્યપિ બંને સૂત્રગત પ્રત્યયમાં કોઈ ભેદ નથી. પરંતુ આ સૂત્રથી થતાં णम् પ્રત્યયમાં ङस्युक्तं०५.१.४९ સૂત્રથી કરણવાચી નામથી कृत् પ્રત્યયાન્ત નામ સાથે નિત્ય સમાસ થશે. અને અનુપ્રયોગ પણ हन् ધાતુનો જ હશે. જેમકે, अस्युपघातमरीन् हन्ति। અહીં હિંસાર્થક हन् ધાતુ અને અનુપ્રયોગવાન हन् ધાતુનું કર્મ એક હોવાથી हिंसार्था०५.४.७४થી णम्નાં સ્થાને આ સૂત્રથી णम् થઈ નિત્ય સમાસ થયો છે.

स्व-स्नेहनार्थात् पुष-पिषः ५.४.६५

અ.અ.સૂ. : स्व-स्नेहनार्थात् करणात् पुष-पिषः धातोः तस्यैव धातोः सम्बन्धे णम् नवा।

અર્થ : સ્વ અર્થવાળાં અને સ્નેહન અર્થવાળાં કરણવાચી નામથી પર રહેલ અનુક્રમે पुष् અને पिष् ધાતુથી તે જ ધાતુનાં સંબંધમાં णम् પ્રત્યય વિકલ્પે થાય છે.

સ. : (૧) **स्व-स्नेहनार्थात्** = स्वश्च स्नेहनं चेति स्वस्नेहनौ, स्व-स्नेहनौ अर्थौ यस्य स इति स्व-स्नेहनार्थम्, तस्मादिति।

(૨) **पुष-पिषः** = पुषश्च पिष् चेति पुष-पिष्, तस्मादिति।

ઉદા. (૧) **स्वपोषं पुष्णाति** = પોતાનાં વડે પોષે છે.
(पुषश् पुष्टौ-૧૫૬૪)

(૨) **आत्मपोषं पुष्णाति** = પોતાનાં વડે પોષે છે.

(૩) **गोपोषं पुष्णाति** = પોતાનાં વડે પોષે છે.

(૪) **उदपेषं पिनष्टि** = પાણી વડે પીસે છે.
(पिष्लृंप् संचूर्णने-૧૪૯૩)

(૫) **क्षीरपेषं पिनष्टि** = દૂધ વડે પીસે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) આ સૂત્રમાં स्व-स्नेहनार्थात् પદમાં **द्वन्द्वात्परः प्रत्येकमभिसम्बध्यते ૩/૧૫** ન્યાયાનુસારે અર્થ પદનો અન્વય દ્વન્દ્વ સમાસનાં ઘટકીભૂત स्व અને स्नेहन બંને સાથે કરવો.

(૨) સૂત્રગત स्व-स्नेहनार्थात् નિમિત્ત દર્શક પદ અને पुष-पिषः એ પ્રમાણે કાર્યદર્શક પદની સંખ્યા અને વચન સમાન હોવાથી **यथासङ्ख्य० ૧/૧૦** ન્યાયાનુસારે તે બંને વચ્ચે અનુક્રમની પ્રાપ્તિ થાય છે.

हस्तार्थाद् ग्रह-वर्त्ति-वृतः ५.४.६६

અ.અ.સૂ. : हस्तार्थात् करणात् ग्रह-वर्ति-वृतः धातोः तस्यैव धातोः सम्बन्धे णम् नवा।

અર્થ : હસ્ત અર્થવાળાં કરણવાચી નામથી પર ગ્રહ, વર્તિ (ણ્યન્ત વૃત્) અને વૃત્ ધાતુથી તે જ ધાતુનાં સંબંધમાં णम् પ્રત્યય વિકલ્પે થાય છે.

સ. : (૧) **हस्तार्थात्** = हस्तोऽर्थो यस्य तदिति हस्तार्थम्, तस्मादिति।
(૨) **ग्रह-वर्ति-वृतः** = ग्रहश्च वर्तिश्च वृत् चेति ग्रह-वर्ति-वृत्, तस्मादिति।

ઉદા. (૧) **हस्तग्राहं गृह्णाति** = હાથ વડે ગ્રહણ કરે છે.
(ग्रहीश् उपादाने-૧૫૧૭)

(૨) **हस्तवर्त्तं वर्त्तयति** = હાથ વડે વર્ત્તાવે છે.
(वृतूङ् वर्त्तने-૧૫૫)

(૩) **पाणिवर्त्तं वर्तयति** = હાથ વડે વર્ત્તે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો અણ્યન્ત એવા વૃત્ ધાતુથી આ સૂત્રની પ્રવૃત્તિ ઇચ્છે છે.

बन्धेर्नाम्नि ५.४.६७

અ.અ.સૂ. : बन्धेः नाम्नि करणात् बन्धेः धातोः तस्यैव धातोः सम्बन्धे णम् नवा।

અર્થ : બંધનની સંજ્ઞામાં વર્ત્તતાં કરણવાચી નામથી પર રહેલ बन्ध् ધાતુથી તે જ ધાતુનાં સંબંધમાં णम् પ્રત્યય વિકલ્પે થાય છે.

ઉદા. **क्रौञ्चबन्धमबद्धः** = ક્રૌંચપક્ષીનાં આકારવાળાં બંધનથી બંધાયેલ.
(સંજ્ઞા વિશેષ) (બન્ધંશ્ બન્ધને-૧૫૫૨)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં **बन्धेः** એ પ્રમાણે એક જ પદનો નિર્દેશ કર્યો છે. પરંતુ તેના દ્વારા ધાતુરૂપ પ્રકૃતિનું ગ્રહણ કરવું. તેથી, નામનું પણ વિશેષણ જાણવું. સામાન્યતઃ એક પદ એક જ વસ્તુનો વાચક બને છે. પરંતુ શાસ્ત્રાનુસારે અન્ય સ્થાને પણ તેનો અન્વય થઈ શકે છે. તેથી સૂત્રગત બન્ધિ પદ ધાતુની પ્રકૃતિ રૂપે ગ્રહણ કરવામાં આવે ત્યારે ઇ પ્રત્યયાન્ત પદ જાણવું. અને નામનાં વિશેષણ તરીકે ગ્રહણ કરવામાં આવે ત્યારે બંધન એ પ્રમાણે અર્થનો નિર્દેશ કરવો.

आधारात् ૫.૪.૬૮

અ.અ.સૂ. : आधारात् बन्धेः धातोः तस्यैव धातोः सम्बन्धे णम् नवा ।

અર્થ : આધારવાચી નામથી પર બન્ધ ધાતુથી તે જ ધાતુનાં સંબંધમાં णम् પ્રત્યય વિકલ્પે થાય છે.

ઉદા. **चारकबन्धम्बद्धः** = કેદખાનામાં બંધાયેલ.
(બન્ધંશ્ બન્ધને-૧૫૫૨)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

આ સૂત્રમાં બહુલમ્ ૫.૧.૨થી આવતાં બહુલતાનાં કારણે ग्रामे बद्धः, हस्ते बद्धः પ્રયોગમાં આ સૂત્રથી પણ णम् પ્રત્યય થતો નથી.

कर्तुः जीव-पुरुषान्नश्-वहः ५.४.६९

અ.અ.સૂ. : जीव-पुरुषात् कर्तुः नश्-वहः धातोः तस्यैव धातोः सम्बन्धे णम् नवा।

અર્થ : જીવ અને પુરુષ રૂપ કર્ત્તાવાચી નામથી પર અનુક્રમે નશ્ અને વહ્ ધાતુથી તે જ ધાતુનાં સંબંધમાં णम् પ્રત્યય વિકલ્પે થાય છે.

સ. : (૧) **जीव-पुरुषात्** = जीवश्च पुरुषश्चेति जीव-पुरुषम्, तस्मादिति।

(૨) **नश-वहः** = नशश्च वह् चेति नश-वह्, तस्मादिति।

ઉદા. (૧) **जीवनाशं नश्यति** = જીવતો છતો નાશી જાય છે. (नशौच् अदर्शने-१२०२)

(૨) **पुरुषवाहं वहति** = પુરુષ થઈને ભાર વહન કરે છે. આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. कर्तुरिति किम्? जीवेन नश्यति = જીવ વડે નાશ પામે છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ કર્ત્તાવાચી નામથી પર રહેલ ધાતુથી થાય છે. જ્યારે અહીં જીવ કરણવાચી છે. માટે આ સૂત્રથી णम् પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

(૧) આ સૂત્રમાં जीव-पुरुषात् એ પ્રમાણે નિમિત્તદર્શક પદ અને नश्-वहः એ પ્રમાણે કાર્યીદર્શક પદ એ પ્રમાણે બંને પદની સંખ્યા અને વચન સમાન હોવાથી **यथासङ्ख्य० १/१०** ન્યાયાનુસારે તે બંને વચ્ચે અનુક્રમની પ્રાપ્તિ થાય છે.

ऊर्ध्वात् पूः-शुषः ५.४.७०

अ.अ.सू. : ऊर्ध्वात् कर्तुः पूः-शुषः धातोः तस्यैव धातोः सम्बन्धे णम् नवा।

अर्थ : ऊर्ध्व રૂપ કર્ત્તાવાચી નામથી પર રહેલ પૂ અને શુષ્ ધાતુથી તે જ ધાતુનાં સંબંધમાં णम् પ્રત્યય વિકલ્પે થાય છે.

स. : पूः-शुषः = पूश्च शुष् चेति पूःशुष्, तस्मादिति।

ઉદા. (૧) ऊर्ध्वपूरं पूर्यते = ઊભો-ઊભો પૂરે છે.
(पूरैचि आप्यायने-१२६८)

(૨) **ऊर्ध्वशोषं शुष्यति** = ઊભો-ઊભો સૂકાય છે.
(शुषंच् शोषणे-१२०८)

વિશેષતા :

આ સૂત્રમાં પૂરિ એ પ્રમાણે પૂર્ ધાતુનો નિર્દેશ ન કરતાં પૂર્ એ પ્રમાણે નિર્દેશ કર્યો છે. તેથી પૂર્ પદથી દિવાદિ ગણ સંબંધી પૂરૈચિ-૧૨૬૮ ધાતુનું ગ્રહણ થાય છે. પણ ચુરાદિ સંબંધી પુરણ્-૧૭૪૯ ધાતુનું નહીં.

व्याप्याच्चेवात् ५.४.७१

अ.अ.सू. : इवात् व्याप्यात् च (कर्तुः) धातोः तस्यैव धातोः सम्बन्धे णम् नवा।

અર્થ : ઉપમાનવાચી કર્ત્તા અને કર્મથી પર રહેલ ધાતુથી તે જ ધાતુનાં સંબંધમાં णम् પ્રત્યય વિકલ્પે થાય છે.

ઉદા. (૧) सुवर्णनिधायं निहितः = સુવર્ણની જેમ રાખેલો.
सुवर्णं इव निहितः। (डुधांग्क् धारणे-११३९)

(૨) **काकनाशं नश्यति** = કાગડાની જેમ ભાગેલો.
काकः इव नश्यति। (नशौच् अदर्शने-१२०२)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

યદ્યપિ સૂત્રમાં व्याप्यात् પદનું ગ્રહણ કર્યું તેથી પૂર્વસૂત્રથી આવતો कर्तुः નો અધિકાર અટકી જવો જોઈએ. પરંતુ સૂત્રગત ચકાર દ્વારા **चकारो यस्मात्पर० २/६१** ન્યાયાનુસારે નિમિત્તતયા व्याप्यात्ને સજાતીય નિમિત્ત એવા कर्तुः નાં અધિકારનું પૂર્વસૂત્રથી ગ્રહણ થાય છે.

उपात् किरो लवने ५.४.७२

અ.અ.સૂ. : उपात् किरः धातोः लवने धातोः सम्बन्धे णम् नवा।

અર્થ : उप ઉપસર્ગપૂર્વક कॄ ધાતુથી લવન અર્થમાં વર્ત્તતાં અન્ય ધાતુનાં સંબંધમાં णम् પ્રત્યય વિકલ્પે થાય છે.

ઉદા. उपस्कारं मद्रका लुनन्ति = મદ્રદેશનાં લોકો ફેકતાં-ફેકતાં કાપે છે. (कृत् विक्षेपे-१३३४)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. लवन इति किम्? उपकीर्य याति = વિખેરીને જાય છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ લવન અર્થમાં વર્ત્તતાં અન્ય ધાતુનાં સંબંધમાં થાય છે. જ્યારે અહીં લવનાર્થક અન્ય ધાતુ નથી. માટે આ સૂત્રથી णम् પ્રત્યય ન થતાં प्राक्काले ५.४.४७થી क्त्वा પ્રત્યય થયો છે.

વિશેષતા :

અહીં ધ્યાનમાં લેવું કે, कृ ધાતુનો લવન અર્થ પ્રાપ્ત થતો નથી. અને સૂત્રમાં લવને એ પ્રમાણે અર્થનો નિર્દેશ કર્યો છે. તેથી પૂર્વસૂત્રથી આવતો तस्यैव પદનો અધિકાર અટકી જાય છે.

दंशेस्तृतीयया ५.४.७३

અ.અ.સૂ. : तृतीयया तुल्यकर्तृके उपात् दंशेः धातोः धातोः सम्बन्धे णम् नवा ।

અર્થ : તૃતીયાન્ત નામની સાથે યોગ હોતે છતે તુલ્ય કર્ત્તાવાળાં दंश् ધાતુથી ધાતુનાં સંબંધમાં णम् પ્રત્યય વિકલ્પે થાય છે.

ઉદા. मूलकोपदंशं/मूलकेनोपदंशं भुङ्क्ते = મૂળ વડે/મૂળને કરડીને ખાય છે. (दंशं दशने-४९६)

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ સમાસ तृतीयोक्तं वा ૩.૧.૫૦ સૂત્રથી વિકલ્પે કરવો. અને વિકલ્પે क्त्वा પ્રત્યયાન્ત **मूलकेनोपदश्य भुङ्क्ते** પ્રયોગ થાય છે.

વિશેષતા :

मूलकोपदंशं भुङ्क्ते ઇત્યાદિ પ્રયોગમાં મૂલક વગેરે उप+दंश् ધાતુનાં કર્મ પણ પ્રધાન એવા भुज् ધાતુની અપેક્ષાએ કરણ રૂપે થાય છે. અને તેથી જ તેને તૃતીયા વિભક્તિ જ થાય છે. દ્વિતીયા વિભક્તિ નહીં.

અહીં ધ્યાનમાં લેવું કે, પ્રધાન ક્રિયાનો ઉપયોગ થયો હોય ત્યારે **प्रधानक्रियोपयुक्ते हि कारके गुणक्रिया न स्वानुरुपां विभक्तिमुत्पादयितुमलमप्रधानत्वादेव** નિયમાનુસારે ગૌણ ક્રિયાને

અનુરૂપ વિભક્તિઓ પ્રવર્ત્તતી નથી. પણ પ્રધાન ક્રિયાને અનુરૂપ જ વિભક્તિઓ પ્રવર્ત્તે છે. ઉદા. इष्यते ग्रामो गन्तुम्।

हिंसार्थादेकाऽप्यात् ५.४.७४

અ.અ.સૂ. : एकाप्यात् तुल्यकर्तृके हिंसार्थात् धातोः तृतीयया णम् नवा।

અર્થ : અન્ય ધાતુની સાથે એકકર્મવાળાં અને તુલ્યકર્ત્તાવાળાં હિંસાર્થક ધાતુથી તૃતીયાન્ત નામની સાથે યોગ હોતે છતે णम् પ્રત્યય વિકલ્પે થાય છે.

સ. : (૧) **हिंसार्थात्** = हिंसा अर्थो यस्य स इति हिंसार्थम्, तस्मादिति।
(૨) **एकाऽप्यात्** = एकमाप्यं यस्य स इति एकाऽप्यम्, तस्मादिति।

ઉદા. दण्डेनोपघातं/दण्डोपघातं गाः सादयति = લાકડી વડે પ્રહાર કરીને ગાયને દુઃખ આપે છે. (हनंक् हिंसा०-११००)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.
વિકલ્પે : क्त्वा પ્રત્યયાન્ત **दण्डेनोपहत्य** પ્રયોગ થાય છે.

પ્ર.ઉદા.(૧) एकाप्यादिति किम्? दण्डेनाहत्य चौरं गोपालको गाः खेटयति = દંડ વડે ચોરને હણીને ગોવાળ ગાયને ખવડાવે છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ સમાન કર્મવાળાં ધાતુથી થાય છે. જ્યારે અહીં હનન ક્રિયાનું કર્મ ચોર અને ખાદન ક્રિયાનું કર્મ ગા છે. આમ, બંને ધાતુનાં ભિન્ન કર્મ હોવાથી આ સૂત્રથી णम् પ્રત્યય થયો નહીં.

उपपीड-रुध-कर्षस्तत्सप्तम्या ५.४.७५

અ.અ.સૂ. : तत्सप्तम्या तुल्यकर्तृके उपपीड-रुध-कर्षः धातोः धातोः सम्बन्धे णम् नवा।

અર્થ : તૃતીયાન્ત અને સપ્તમ્યન્ત નામનો યોગ હોતે છતે તુલ્ય કર્ત્તાવાળાં उप+पीड्, उप+रुध् અને उप+कृष् ધાતુથી અન્ય ધાતુનાં સંબંધમાં णम् પ્રત્યય વિકલ્પે થાય છે.

સ. : उपपीड-रुध-कर्षः = पीडश्च रुधश्च कर्ष् चेति पीडरुधकर्ष्, उपात् पीड-रुध-कर्ष् इति उपपीड-रुध-कर्ष्, तस्मादिति।

ઉદા. (૧) **पार्श्वाभ्यामुपपीडं/पार्श्वोपपीडं शेते** =
બે પડખા વડે દબાવીને ઊંઘે છે. (पीडण् गहने-१६२५)

(૨) **पार्श्वयोरुपपीडं/पार्श्वोपपीडं शेते** =
બે પડખામાં દબાવીને ઊંઘે છે.

(૩) **व्रजेनोपरोधं/व्रजोपरोधं गाः स्थापयति** = વ્રજ વડે રોકીને ગાયોને સ્થાપે છે. (रुधृंपी आवरणे-१४७३)

(૪) **व्रजोपरोधं/व्रजे उपरोधं गाः स्थापयति** =
વ્રજમાં રોકીને ગાયોને સ્થાપે છે.

(૫) **पाणिनोपकर्षं/पाण्युपकर्षम् धाना गृह्णाति** =
હાથ વડે ધાણાને ગ્રહણ કરે છે. (कृषं विलेखने-५०६)

(૬) **पाणावुपकर्षं/पाण्युपकर्षं धाना गृह्णाति** =
હાથમાં ખેંચીને ધાણાને ગ્રહણ કરે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

અન્ય મત :

(૧) કેટલાંક વ્યાકરણકારો उप પૂર્વક જ पीड् ધાતુથી આ સૂત્રની પ્રવૃત્તિ ઇચ્છે છે. અન્ય ધાતુઓમાં કોઈપણ ઉપસર્ગ

પૂર્વક અને માત્ર ધાતુથી પણ સૂત્ર પ્રવૃત્તિ કરે છે. જેમકે, व्रजरोधं गाः स्थापयति, व्रजानुरोधं गाः स्थापयति।

प्रमाण-समासत्त्योः ५.४.७६

અ.અ.સૂ. : प्रमाण-समासत्त्योः तत्सप्तम्या तुल्यकर्तृके धातोः धातोः सम्बन्धे णम् नवा।

અર્થ : પ્રમાણ = લંબાઈનું માન, સમાસત્તિ = સંરંભપૂર્વકનો સન્નિકર્ષ. તે અર્થ જણાતે છતે તૃતીયાન્ત અને સપ્તમ્યન્તનાં યોગમાં તુલ્યકર્ત્તાવાળાં ધાતુથી ધાતુનાં સંબંધમાં णम् પ્રત્યય વિકલ્પે થાય છે.

સ. : प्रमाण-समासत्त्योः = प्रमाणश्च समासत्तिश्चेति प्रमाण-समासत्ती, तयोरिति।

ઉદા. (૧) **द्व्यङ्गुलेनोत्कर्षं/द्व्यङ्गुलोत्कर्षम् गण्डिकाः छिनत्ति** = બે આંગળ પ્રમાણ કરીને શેરડીને છેદે છે. (कृषं विलेखने-५०६)

(૨) **द्व्यङ्गुले उत्कर्षं/द्व्यङ्गुलोत्कर्षम् गण्डिकाः छिनत्ति** = બે આંગળ પ્રમાણ (ક્ષેત્રમાં) શેરડીને છેદે છે.

(૩) **केशैर्ग्राहं/केशग्राहं युध्यन्ते** = કેશ વડે ગ્રહણ કરીને યુદ્ધ કરે છે.

(૪) **केशेषु ग्राहं/केशग्राहं युध्यन्ते** = કેશમાં ગ્રહણ કરીને યુદ્ધ કરે છે.

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. અને વિકલ્પે क्त्वा પ્રત્યયાન્ત द्व्यङ्गुलेनोत्कृष्य જેવા પ્રયોગો કરવા.

पञ्चम्या त्वरायाम् ५.४.७७

અ.અ.સૂ. : त्वरायां पञ्चम्या तुल्यकर्तृके धातोः धातोः सम्बन्धे णम् नवा ।

અર્થ : ત્વરા અર્થ જણાતે છતે પંચમ્યન્ત નામનો યોગ હોતે છતે તુલ્યકર્ત્તાવાળાં ધાતુથી ધાતુનાં સંબંધમાં णम् પ્રત્યય વિકલ્પે થાય છે.

ઉદા. शय्याया उत्थायं/शय्योत्थायं धावति = શય્યામાંથી ઊઠીને દોડે છે. (ष्ठां गतिनिवृत्तौ-५)

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિકલ્પે : क्त्वा પ્રત્યયાન્ત शय्याया उत्थाय धावति એ પ્રમાણે પ્રયોગ થાય છે.

પ્ર.ઉદા. त्वरायामिति किम् ? आसनादुत्थाय धावति = આસન પરથી ઊઠીને દોડે છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ત્વરા અર્થ જણાતે છતે થાય છે. જ્યારે ત્વરા અર્થની ગમ્યમાનતા નથી. માટે આ સૂત્રથી णम् પ્રત્યય થયો નહીં.

द्वितीयया ५.४.७८

અ.અ.સૂ. : द्वितीयया त्वरायां तुल्यकर्तृके धातोः धातोः सम्बन्धे णम् नवा ।

અર્થ : દ્વિતીયાન્ત નામનો યોગ હોતે છતે ત્વરા અર્થ જણાતે છતે તુલ્યકર્ત્તાવાળાં ધાતુથી ધાતુનાં સંબંધમાં णम् પ્રત્યય વિકલ્પે થાય છે.

ઉદા. **लोष्टान् ग्राहं/लोष्टग्राहम् युध्यन्ते** = માટીનાં ઢેફાઓને ગ્રહણ કરીને યુદ્ધ કરે છે. (ગ્રહીશ્ ઉપાદાને-૧૫૧૭)
વિકલ્પે : लोष्टान् गृहीत्वा युध्यन्ते એ પ્રમાણે त्वा પ્રત્યયાન્ત પ્રયોગ થાય છે.

વિશેષતા :

પૂર્વસૂત્રથી આ સૂત્રનો પૃથક્ યોગ કર્યો તેથી ઉત્તરસૂત્રમાં માત્ર દ્વિતીયયા નો અધિકાર આવે છે. અન્યથા **सन्नियोगशिष्टाना० १/३०** ન્યાયાનુસારે पञ्चम्या નો અધિકાર પણ ઉત્તરસૂત્રમાં જવાની આપત્તિ આવે.

स्वाङ्गेनाऽध्रुवेण ५.४.७९

અ.અ.સૂ. : अध्रुवेण स्वाङ्गेन द्वितीयया तुल्यकर्तृके धातोः धातोः सम्बन्धे णम् नवा।

અર્થ : જે અંગ છેદાયે ભેદાયે છતે પણ પ્રાણી મરે નહીં તે અધ્રુવ-સ્વાંગ કહેવાય છે. દ્વિતીયાન્ત એવા અધ્રુવસ્વાંગવાચક નામનાં યોગમાં તુલ્યકર્ત્તાવાળાં ધાતુથી ધાતુનાં સંબંધમાં णम् પ્રત્યય વિકલ્પે થાય છે.

સ. : अध्रुवेण = न ध्रुवमिति अध्रुवम्, तेनेति।

ઉદા. **भ्रुवौ विक्षेपं/भ्रुविक्षेपं जल्पति** = ભવાં ચઢાવીને બોલે છે.
વિકલ્પે : भ्रुवौ विक्षिप्य जल्पति એ પ્રમાણે क्त्वा પ્રત્યયાન્ત પ્રયોગ થાય છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા.(૧) स्वाङ्गेनेति किम्? कफमुन्मूल्य जल्पति =
કફ કાઢીને બોલે છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ સ્વાંગવાચી નામથી પર થાય છે. જ્યારે અહીં સ્વાંગવાચી નામ નથી. માટે આ સૂત્રથી णम् પ્રત્યય થયો નહીં.

(૨) **अध्रुवेणेति किम् ? शिरः उत्क्षिप्य जल्पति =** માથું કાપીને બોલે છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ અધ્રુવ એવા સ્વાંગવાચી નામથી પર થાય છે. જ્યારે અહીં शिरस् અંગ અધ્રુવ નથી. માટે આ સૂત્રથી णम् પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

(૧) **अविकारोऽद्रवं मूर्त्तं प्राणिस्थं स्वाङ्गमुच्यते ।**
च्युतं च प्राणिनस्तन्निभं च प्रतिमादिषु ॥

અર્થ : જે વિકાર રૂપે ન હોય, દ્રવરૂપે ન હોય, મૂર્ત હોય અને પ્રાણીમાં રહેલું સ્વાંગ કહેવાય છે. તે પ્રાણીમાંથી છૂટું પડેલું હોય અથવા તેનાં સમાન પ્રતિમા વગેરેમાં હોય તો પણ સ્વાંગ કહેવાય છે.

परिक्लेश्येन ५.४.८०

અ.અ.સૂ. : परिक्लेश्येन द्वितीयया स्वाङ्गेन तुल्यकर्तृके धातोः धातोः सम्बन्धे णम् नवा ।

અર્થ : ચારે બાજુથી પીડા પામતાં સ્વાંગવાચક દ્વિતીયાન્ત નામનાં યોગમાં તુલ્યકર્ત્તાવાળાં ધાતુથી ધાતુનાં સંબંધમાં णम् પ્રત્યય વિકલ્પે થાય છે.

ઉદા. उरांसि प्रतिपेषं/उरः प्रतिपेषं युध्यन्ते = છાતીને ચારે બાજુથી દબાવીને લડે છે.

વિકલ્પે : उरांसि प्रतिपिष्य युध्यन्ते એ પ્રમાણે क्त्वा પ્રત્યયાન્ત પ્રયોગ થાય છે.

विश-पत-पद-स्कन्दो वीप्सा-ऽऽभीक्ष्ण्ये ५.४.८१

અ.અ.સૂ. : द्वितीयया तुल्यकर्तृके विश-पत-पद-स्कन्दः धातोः वीप्सा-ऽऽभीक्ष्ण्ये धातोः सम्बन्धे णम् नवा।

અર્થ : દ્વિતીયાન્ત નામનો યોગ હોતે છતે તુલ્ય કર્ત્તાવાળાં વિશ્, પત્, પદ્ અને સ્કન્દ્ ધાતુથી વીપ્સા અને આભીક્ષ્ણ્ય અર્થ જણાતે છતે ધાતુનાં સંબંધમાં णम् પ્રત્યય વિકલ્પે થાય છે.

સ. : (૧) विश-पत-पद-स्कन्दः = विशश्च पतश्च पदश्च स्कन्द् चेति विश-पत-पद-स्कन्द्, तस्मादिति।

ઉદા. (૧) गेहं गेहमनुप्रवेशं/गेहानुप्रवेशमास्ते = ઘરે-ઘરે પ્રવેશ કરીને બેસે છે.

અહીં વીપ્સાની ગમ્યમાનતા હોવાથી આ સૂત્રથી णम् પ્રત્યય વિકલ્પે થયો છે. તેમજ, तृतीयोक्तं वा ૩.૧.૫૦થી વિકલ્પે સમાસ અને જ્યારે સમાસ ન થાય ત્યારે वीप्सायाम् ૭.૪.૮૦થી દ્વિરુક્તિ થઈ છે. તેમજ વિકલ્પ પક્ષે : क्त्वा પ્રત્યયાન્ત गेहं गेहमनुप्रविश्य आस्ते પ્રયોગ પણ થાય છે.

(૨) गेहमनुप्रवेशंमनुप्रवेशं/गेहानुप्रवेशमास्ते = ઘરમાં વારંવાર પ્રવેશ કરીને બેસે છે.

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ દ્વિરુક્તિ भृशा० ૭.૪.૭૩થી કરવી. **વિકલ્પે :** गेहमनुप्रविश्यानुप्रविश्य आस्ते પ્રયોગ થાય છે.

(૩) **गेहं गेहमनुप्रपातं/गेहानुप्रपातमास्ते** =
ઘેર-ઘેર જઈને બેસે છે. (पत्लृ गतौ-९६२)

(૪) **गेहमनुप्रपातमनुप्रपात/गेहानुप्रपातमास्ते** =
વારંવાર ઘેર જઈને બેસે છે.

(૫) **गेहं गेहमनुप्रपादं/गेहानुप्रपादमास्ते** =
ઘેર-ઘેર જઈને બેસે છે. (पदिंच् गतौ-१२५७)

(૬) **गेहमनुप्रपादमनुप्रपादं/गेहानुप्रपादमास्ते** =
ઘેર જઈને વારંવાર બેસે છે.

(૭) **गेहं गेहमवस्कन्दं/गेहावस्कन्दमास्ते** =
ઘેર-ઘેર જઈને છાપો મારીને બેસે છે.
(स्कन्दृं गति-शोषणयोः-३१९)

(૮) **गेहमवस्कन्दमवस्कन्दं/गेहावस्कन्दमास्ते** =
ઘેર જઈને વારંવાર છાપો મારીને બેસે છે.
આ ઉદા.ની સાધનિકા તેમજ વિકલ્પ પ્રયોગ પૂર્વપ્રમાણે જાણવા.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, લ.વૃ.માં દર્શાવેલ गेहानुप्रवेशमास्ते જેવા ઉદા.માં વીપ્સા અને આભીક્ષ્ણ્ય સમાસ દ્વારા શબ્દ શક્તિનાં સ્વભાવથી જ ઉક્ત થઈ જાય છે. તેથી **उक्तार्थानामप्रयोगः १/२८** ન્યાયાનુસારે તે અર્થમાં वीप्सायाम् ७.४.८० વગેરે સૂત્ર દ્વારા દ્વિરુક્તિ થતી નથી.

જિ. : આ સૂત્રથી આભીક્ષ્ણ્ય અર્થની ગમ્યમાનતામાં णम् પ્રત્યયનું વિધાન કર્યું છે. જે ख्णम् चा०५.४.४८ સૂત્રથી સિદ્ધ જ

હતું. તો પણ આ સૂત્રમાં પુનઃ આભીક્ષ્ણ્યે પદનું ગ્રહણ શા માટે કર્યું ?

